પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

## ॥ ૬૫ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रूपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

# નવકારમંત્ર એ સાત રીતે સિદ્ધમંત્ર છે




દૃષ્ટિસિદ્ધ : સમ્યગ્દર્શનની શુદ્ધિ.
દાનસિદ્ધ : સુરક્ષાનું અભેદ્ય કવચ.
જ્ઞાનસિદ્ધ : જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષયકર.
યોગસિદ્ધ : મન - વચન - કાયયોગ નિગ્રહકર.
તીર્થસિદ્ધ : અંતર વગરની આંતરતીર્થયાત્રા કરાવનાર.
સંકલ્પસિદ્ધ : 'શિવમસ્તુ સર્વ જગતઃ ।' સંકલ્પ સિદ્ધિકર.
તત્ત્વસિદ્ધ : કાળપારકે આત્મદર્શનની અનુભૂતિ કરાવનાર.

---

પ્રવચનો : ૧૪.૦૨.૨૦૨૧ દિને
'ગુરુ ગ્રંથ બહુમાન પર્વ' દરમ્યાન
ગ્રંથ ૫૦ના અર્પણ અવસરે, આરાધના ધામ.

પ્રવચનકાર : પૂ. પં.વજ્રસેનવિજયજી ગણિવર્ય
પૂ. આ.હેમપ્રભસૂરિજી મ.સા. તથા
અન્ય ૪ શ્રમણ ભગવંતો

---

આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ
આપને અધ્યાત્મભર્યા ૬ પ્રવચનો સાંભળવા મળશે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥૬૫॥



## પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

☐ **HASTAKSHAR NU AKSHAY PATRA**

Personal Diaries comprising of Divine everyday thoughts, musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

☐ **VOLUME - 65**

Year 2022 / સંવત્ ૨૦૭૮
350 Copies / 224 Pages
For Private Circulation only.

☐ **PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

☐ **SPONSOR**

Shri C. K. Mehta
Vadodara | Mumbai

☐ **ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

☐ **eBOOKS AVAILABLE AT**

www.bhadrankar.com
www.navkarday.com
Amazon Kindle
Telegram : HastaksharNuAkshayPatra

☐ **ખાસ વિજ્ઞપ્તિ**

આ ગ્રંથશ્રેણીનાં જે જે ગ્રંથોના વાંચન પશ્ચાત્
જે ગ્રંથોની આપને આવશ્યકતા ન હોય, તે દરેક ગ્રંથો
ઉપર લખેલાં સરનામે અમોને જરૂરથી પરત મોકલશોજી,
જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



**અનુપ્રેક્ષાઓના**
**તેજથી ઝળાંહળાં**
**આપણું જીવન!**



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર, અ-ક્ષય બની રહ્યાં છે. ૬૪-૬૪ ભાગ પછી પણ યાત્રા અવિરતપણે હજુ ચાલુ જ છે. 'નમસ્કાર મહામંત્ર અખંડ-અનંત છે,' તેની જેમ આ વૉલ્યુમોમાં મહામંત્ર અને આત્માનું જ ચિંતન છે, તેથી આ અક્ષયપાત્રોમાંની અનુપ્રેક્ષાઓનું તેજ પણ અનંત સમય પર્યંત પ્રકાશિત જ રહેશે.

પરમ પૂજ્ય દાદા ગુરૂમહારાજના આત્મા અંગેના જે ચિંતનો છે, તે કેટલાં તો ઉચ્ચ ભાવનાં છે, તેમાંથી થોડું લખાણ જો જોઈએ તો: 'કાંચળીના ત્યાગથી જેમ સર્પનો નાશ નથી, તેમ દેહના ત્યાગથી આત્માનો નાશ થતો નથી. આત્માનુભવ એ જ મોક્ષનું પ્રધાન સાધન છે. 'આત્મા શાંત સુધારસનો કુંડ, જ્ઞાનાદિ ગુણરત્નોની ખાણ, અનંત સમૃદ્ધિનો ભંડાર તથા શિવમંદિરનું સોપાન છે,' એ રીતે વિચારી પરપરિણતિને છોડી આત્મપરિણતિમાં રમણ કરવું, એ જ પરમાર્થ છે. શુદ્ધ સ્વરૂપમાં અત્યંત સ્થિરોપયોગ થવાથી અતિશય નિર્મળતા પ્રાપ્ત થાય છે, તે નિર્મળતામાં લીન બનવાથી નિર્વિકલ્પ રસાસ્વાદનો અનુભવ થાય છે.

ચેતન દ્રવ્ય સાધર્મ્યતા, તેણે કરી એક સ્વરૂપ;
ભેદભાવ ઈણ મેં નહીં, એહવો ચેતન ભૂપ.'

પરમાત્માના નિર્મળ ગુણ-પર્યાયનું ચિન્તન કરવાથી જ્યારે ઉપયોગ નિર્મળ બને, ત્યારે નિજસ્વરૂપનું ફરી સ્થિરતાપૂર્વક ધ્યાન કરવું. મૂળ ચેતનદ્રવ્યની સમાનતા હોવાથી સર્વ જીવોનું સ્વરૂપ એકસરખું છે - **Similarity of Substance.**

અરિહંત પરમાત્માનું ધ્યાન એ જ આત્માનું ધ્યાન છે અને એ જ પરમનિધાન છે. આત્મચિન્તન એ જ પરમ જ્ઞાન છે, પરમ ધ્યાન છે, પરમ જ્યોતિ છે, પરમ બ્રહ્મને પ્રગટ કરવાનું પરમ સાધન છે, માટે વારંવાર સ્વરૂપધ્યાનમાં તન્મય બનવું જોઈએ. નિર્મળ સ્ફટિક જેવો આત્માનો શુદ્ધ સ્વભાવ એ જ નિશ્ચયથી વાસ્તવિક ધર્મ છે, અહિંસાદિ તેનાં સાધન છે, તે વ્યવહારધર્મ છે. પરમેષ્ઠિ સ્મરણ આદિ પણ નિશ્ચયધર્મનાં હેતુ હોવાથી વ્યવહારથી ધર્મ કહેવાય છે. નિશ્ચયધર્મ એ સાધ્ય અને વ્યવહારધર્મ એ સાધન છે. આત્માના સહજ સ્વરૂપના દર્શનથી જન્મ-મરણના દુઃખો મટી જાય છે. આપણું સહજ સ્વરૂપ આપણી જ પાસે છે, આપણા આત્મમંદિરમાં અમૂલ્ય નિધાન રહેલું છે, તેથી પરની આશા કે યાચના કરવાની જરૂર નથી. નિજસ્વરૂપને જાણ્યાં વિના જીવ સંસારમાં ભમે છે. જે નિજસ્વરૂપને જાણી લે, તે ભવસાગરનો પાર પામે. આત્માનું શુદ્ધ સ્વરૂપ પૂર્ણ છે.'

પૂજ્ય સાહેબજી તેઓની એક રોજનીશીમાં લખે છે કેઃ 'ગુણબહુમાનપૂર્વકની ભક્તિ સકલ કલ્યાણકારિણી છે. ભક્તિની માત્ર બાહ્યક્રિયા અથવા માત્ર દેખાડા માટેનું પ્રભુનામસ્મરણ તે ભક્તિ નથી, કિન્તુ પ્રભુના ગુણોના ખ્યાલથી ઉપજતાં બહુમાનપૂર્વક કરાતી ભક્તિ જ કલ્યાણકારિણી છે! પ્રભુની કૃપા જેમ અહૈતુકી છે, તેમ ભક્તિ પણ નિષ્કામ જ જોઈએ! ભક્તિમાં નીચેથી ઉપર જવાનું છે, કરૂણામાં ઉપરથી નીચે જવાનું છે, મૈત્રીમાં વ્યાપક બનવાનું છે અને માધ્યસ્થમાં સ્થિર રહેવાનું છે!' પ્રેમ, આદર, શ્રદ્ધા અને ગુરૂ ઉપરના અનુરાગ અને ભક્તિ સહ આવા આત્મભાવના ચિંતનો દ્વારા આત્મા સાથે અનુપ્રેક્ષા કરીને સૌ આત્મભાવમાં મગ્ન બનીએ.

એવી જ નિષ્કામ ભક્તિપૂર્વક આ અપાર-અખૂટ ખજાનાને પ્રસ્તુત કરવામાં આ પ્રકાશનના પ્રથમ ભાગથી જ અર્થસારથિ તરીકે અમારા વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**નું પ્રશસ્ત વિરલ યોગદાન છે, તેમ જ તેમનાં ભાણેજી અને રાજકોટના અમારા સુશ્રાવકરત્ન શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**નાં જૂથનો દિન-રાતનો અનહદ પરિશ્રમ છે. તે સૌને અભિનંદન!

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# જીવનની સમગ્ર રૂપાંતરણકારી મંગલ ક્ષણો એટલે...



કોઈ મને પૂછે કેઃ 'તમારા જીવનની સર્વોત્તમ દુર્લભ, સમગ્ર રૂપાંતરણ કરી દે, તેવી મંગલ ક્ષણો કઈ?' તો હવે ત્વરિત કહી શકું કેઃ 'દર મહિને આવતાં આ હસ્તાક્ષરોથી મઢિત અક્ષયપાત્રોના પાનાંઓનો સ્પર્શ - તેમાં રહેલ અનુપ્રેક્ષાઓનો આંતરસ્પર્શ, જેના શબ્દે શબ્દમાં પરમની અનુભૂતિનો પારસસ્પર્શ થાય છે તે ક્ષણો, કેમકે તે શબ્દોમાં અનહદ સાથેની ગોઠડી છે - ગોષ્ઠિ છે, જે મુજમાં સંવેદનોની પરાકાષ્ઠા સર્જી શકે છે! આ 'જ્ઞાનગઠરિયા' એક વિશિષ્ટ વિચારક્રાંતિ સર્જી શકે છે મારી અંદર, કેમકે તેમાં પૂજ્ય ગુરૂમહારાજની સ્વયંને થયેલી અનુભૂતિઓનો મેળાવો છે!

બહુમૂલ્ય હીરાથી મઢેલી વીણાના સુવર્ણથી બનેલાં તારમાંથી જે સૂરો નીકળે, તેથી પણ અનેકગણાં વધુ મૂલ્યવાન સ્વર-વ્યંજનોથી મઢેલી હસ્તાક્ષરની આ સુવર્ણવીણા છે, જેમાંથી નીકળતાં પ્રત્યેક સૂરની આંગળી પકડીને મુક્તિપથે આગળ વધવાની યાત્રા થાય તેમ છે! નવી પેઢીએ પોતાના વર્ચ્યુઅલ વર્લ્ડમાં 'ઈન્ફિનિટી'નું પ્રતિક તો હવે જોયું-ઓળખ્યું, કિન્તુ ૯૦ વર્ષ પૂર્વેથી આલેખાતી આવતી આ અક્ષરયાત્રા તો રીઅલ વર્લ્ડમાં પણ ઈન્ફિનિટી યા અનંતની શાશ્વતી સાથે કનેક્ટ કરાવી દે છે.

આ મહામૂલા અપૂર્વ સર્જનનો ભાગ બની માંગલ્યની ક્ષણોને વહેંચવા મળે છે... તે માટે યુનિવર્સે કરેલી આ યોજનાનો તથા ગુરૂમહારાજની કૃપાધારાનો હાર્દિક આભાર!

વડોદરા/મુંબઈ

સી. કે. મહેતા












નમો ભગવતિ ! હે સરસ્વતિ !
વન્દે તવ પદયુગલમ્ ।
વિદ્યાં બુદ્ધિં વિતનુ ભારતિ,
ચિત્તં કારય મમ વિમલમ્ ॥

સં. ૧૯૫૯, માગસર સુદ ૩, તા: ૨૦/૧૦/૧૯૦૨, બુધવાર




પંન્યાસ પદવી - સં. ૨૦૦૭, પાલીતાણા.

પૂ.પરમગુરુદેવ આચાર્યપુંગવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ગણિ પદવી સવારે ૮ વાગે.

પંન્યાસ પદ મહા સુદ ૧૨, રવિવારે બપોરે ૧૨.૧૧ કલાકે

સ્થિર વૃષભ લગ્ન અને મીન નવમાંશના સમયે:

સૂર્યોદય બાદ કલાક ૫ અને મિનિટ ૧ (સ્ટેન્ડ).

આ મંગલ મુહૂર્ત મોકલનાર લીમડીથી

પૂ.પં. પ્રવર શ્રી કાંતિવિજયજી ગણિવર લખે છે કે:

તેરસને દિને રવિયોગ તથા પુષ્યનક્ષત્ર હોવાથી દિનશુદ્ધિ બળવાન છે. બારસે દિનશુદ્ધિ તેટલી સારી નથી પરંતુ કુંડલીની દૃષ્ટિએ તેરસ કરતાં પણ બારસ વધુ સારી છે.

બારસમાં દિનશુદ્ધિનો જે સામાન્ય દોષ છે, તે લગ્નકુંડલીમાં ગુરુ, શુક્ર અને ચંદ્રની બળવત્તા હોવાથી તે સામાન્ય દોષ કશા જ ગણત્રીનો નથી.

જ્યારે આનંદાદિમાંથી સારો 'ઉપયોગ' મળવો કઠણ છે.
એટલે જ્યારની વિશુદ્ધિનો દોષ
એક તો સાવ નાનો છે અને
આ રીતે જન્મલગ્નની કુંડલીના જબર ગુરુના કારણે
તે દોષ મૃતપ્રાયઃ થઈ જાય છે.
એટલે ખૂબ જ ઉલ્લાસપૂર્વક બંને
પદવીઓ કરી શકવામાં કોઈ જાતનો વાંધો નથી જ.

મહા સુદી ૧૨, રવિવાર, તા. ૧૮ ૨/૫૧

સ્થળ : સિદ્ધક્ષેત્ર તળાટી,
જૈન સોસાયટી - મંદિરના કમ્પાઉન્ડમાં.
પૂ. આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી,
પૂ. આચાર્યદેવ વિજયરામસૂરીશ્વરજી,
પૂ. આચાર્યદેવ વિજયભુવનતિલકસૂરીશ્વરજી,
વિજયયશોદેવસૂરીશ્વરજી, ઉ. શ્રી ધર્મવિજયજી ગણિવર,
પં. શ્રી મેરુવિજયજી ગણિવર, પં. શ્રી કૈવલ્યવિજયજી,
પં. શ્રી સુમતિવિજયજી, પં. શ્રી ભક્તિવિજયજી,
પં. શ્રી માનવિજયજી આદિ આશરે ઠા. - ૯૦ ઉપરાંત
શ્રી ચતુર્વિધ સંઘની હાજરીમાં પદપ્રદાનની ક્રિયા થઈ.

તે શુભ પ્રસંગની સ્મૃતિ માટે
નીચેના અભિગ્રહો ગ્રહણ કરવા ઉત્કંઠા થઈ છે,
તેનો ભાર માસ માટે અભ્યાસ થયાં બાદ
યાવજ્જીવીત કરવાની ભાવના વર્તે છે:

(૧) રોજ એક કલાક આગમ વાંચન.

(૨) આગમ વાંચન પૂર્ણ થાય,
ત્યાં સુધી કોઈપણ વડીલની છાંયામાં જ રહેવું.

(3) કોઈ એકની હાજરી સિવાય વિજાતીય વાર્તાલાપનો ત્યાગ.

(૪) સાધુ અથવા ગૃહસ્થ - કોઈપણ વ્યક્તિ પ્રત્યે ઉગ્ર
આક્રોશયુક્ત વચન બોલાય, તો બીજે દિવસે ઉપવાસ.

(૫) કામ - માયા - લોભનિવારણ માટે દ્રષ્ટિદેહ નિગ્રહ.

(૬) ક્રોધના દોષનિવારણ માટે વાગ્દેહ નિગ્રહ.

(૭) માન - મદ - અહં આદિ સર્વ દુષ્ટ દોષ નિવારણ માટે
કોઈ વડીલની છત્રછાંયા - રક્ષણનો અંગીકાર.

(૮) ઘ્રાણ - શ્રોત્ર આદિના નિગ્રહ માટે
પ્રતિક્ષણે આગમનો સ્વાધ્યાય અને શુભ ધ્યાન.

(૯) આવશ્યક - પ્રતિલેખન વગેરે
સર્વ ક્રિયા સંપૂર્ણ વિધિયુક્ત અને શુદ્ધપણે કરવી.

(૧૦) શક્ય હોય, ત્યાં સુધી રોજ એક ભિક્ષા.

# પ્રવ્રજ્યાપાલનના નિયમોનું સંક્ષિપ્ત ટાંચણ

## જ્ઞાનાચાર

(૧) રોજ નવી પાંચ ગાથા લખવી.

(૨) લખેલી ગાથાનો પાઠ કરવો.

શિયાળો - ૮૦૦, ચોમાસું - ૫૦૦, ઉનાળો - ૩૦૦ ગાથા.

(૩) રોજ એક બાંધી નોકારવાળી તો ગણવી જ.

## દર્શનાચાર

(1) રોજ એક દહેરે તો અચૂક જવું જ.

ત્યાં દેવવંદન અગર ચૈત્યવંદન પણ કરવું જ.

(2) અષ્ટમી - ચતુર્દશીએ ગામના બધાં દહેરાં જુહારવાં.

(3) રોજ ગુરુવંદન કરવું જ, ઉપરાંત

અષ્ટમી - ચતુર્દશીએ ગામના બધા જ મુનિરાજને વાંદવા.

## ચારિત્રાચાર

(૧) ઈર્યાસમિતિ પાળવા માટે રસ્તામાં વાત કરું નહિ.

(૨) ખુલ્લાં મુખે પ્રાયઃ ક્યારેય બોલું નહિ અને

પડિલેહણ, પ્રતિક્રમણ કે ગોચરી વખતે બોલું જ નહિ.

(3) નિર્દોષ આહાર તથા પાણી મળે,

ત્યાં સુધી દોષિત ગોચરી કે પાણી લઉં નહિ.

(૪) પૂંજ્યા - પ્રમાર્જ્યા વિના વસ્તુ લઉં - મૂકું નહિ.

(૫) ઉપયોગપૂર્વક વસ્તુને પરઠવું.

'અણુજાણહ જસ્સુગ્ગહો' તથા 3 વાર વોસિરે વોસિરે કરું.

(૬) મન - વચન - કાયાને વશ રાખું અર્થાત્

મન રાગાકુળ થવા દઉં નહિ.

(૭) વચન ક્રોધાકુળ થવા દઉં નહિ અને

(૮) કાયાને ઉન્માદવશ થવા દઉં નહિ.

<u>પંચમહાવ્રતની પાલના માટેની સજાગતા અર્થે...</u>

(૧) પહેલાં મહાવ્રતે પ્રમાદના યોગે

જીવની વિરાધના થવા દઉં નહિ (જતના કરું).

(૨) બીજા મહાવ્રતે ક્રોધ - લોભ - ભય

અથવા તો હાસ્યથી ભાષા - કોઈને જુઠું બોલું નહિ.

(3) ત્રીજા મહાવ્રતે ગુરુને દેખાડ્યાં વિના વાપરું નહિ,

બીજાની વસ્તુ રજા વગર લઉં નહિ.

(૪) ચોથા મહાવ્રતે એકલા સ્ત્રી સાથે વાર્તાલાપ કે

એકલા સ્ત્રીઓને અધ્યયન કરાવું નહિ.

(૫) પાંચમાં મહાવ્રતે એક વર્ષ ચાલે તેથી અધિક -

પાત્રા - કાચલા વગેરે ઉપધિ પંદરથી અધિક રાખું નહિ.

(૬) ચાર પ્રકારના આહારની લેશમાત્ર સંનિધિ ન રાખું.

રોગાદિ કારણે દવા વગેરેની જતના.

## તપાચાર

પ્રત્યેક માસે પાંચ તિથિ જઘન્યથી એકાસણ કરું,
મધ્યમથી આયંબિલ કરું, ઉત્કૃષ્ટથી ઉપવાસ કરું.
રોજ ત્રણથી અધિક મિઠાઈ વાપરું નહિ.
રોજ ગોચરીનો અભિગ્રહ ધારણ કરું.

## વીર્યાચાર

રોજ દરેક વખતે પરઠવવાની જગ્યા જાતે જોઉં.
માત્રાની કુંડી હાથે જ પરઠવું.
સાધુને રોજેરોજ પાઠ આપું.
રોજેરોજ નવપદનું ધ્યાન અચૂકપણે ધરું.
રોજ સાધુને ગોચરી આપ્યાં પછી જ વાપરું.
સાધુને રોજ હિતશિક્ષા આપું.
રોજ પ્રતિક્રમણ માંડલામાં જ કરું.
રોજ પ્રતિક્રમણ તથા કાયોત્સર્ગ ઉભાં ઉભાં જ કરું.
રોજ સ્થાપનાચાર્યનું પડિલેહણ કરું.
રોજ બે વાર રજોહરણ બાંધું.
વસતીમાં પેસતાં - નીકળતાં આવસ્સહી - નિસીહી તથા
ગામમાં પેસતાં - નીકળતાં પગ પ્રમાર્જવાનું ભૂલું નહિ.
ઇચ્છાકાર - મિચ્છાકાર સામાચારી પાળું.

## ૪૨ ગુણવત્તા

(૧) સંપૂર્ણ ઈન્દ્રિયત્વ (૨) મનુષ્યત્વ (3) આર્યક્ષેત્ર
(૪) જાતિ (૫) કુલ (૬) જિનધર્મ (૭) જિનસ્મરણ સેવા
(૮) સુગુરુપાદ પર્યુપાસના (૯) સ્વાધ્યાય - વૈયાવૃત્ય
(૧૦) શુદ્ધ બોધ (૧૧) સુગુરુ સાથે સમાગમ (૧૨) ઉપશમ
(૧૩) દયાળુતા (૧૪) દાક્ષિણ્યસ્વરૂપ (૧૫) સમ્યક્ત્વનિશ્ચલતા
(૧૬) વ્રતોનું પરિપાલન (૧૭) સામાયિકપણું (૧૮) પઠન
(૧૯) ગુણગ્રહ (૨૦) વિનય (૨૧) ઉત્સર્ગ (૨૨) અપવાદ
(૨૩) વ્યવહાર નિપુણતા (૨૪) નિશ્ચય
(૨૫) મન - વચન તથા કાયાની શુદ્ધિ
(૨૬) વિકાર વગરનું યૌવન (૨૭) જિનશાસનનો રાગ
(૨૮) પરોપકારિત્વ (૨૯) ધ્યાનમાં નિષ્કંપત્વ
(૩૦) પરનિંદાનો પૂર્ણ પરિહાર (૩૧) આત્મગુણની અપ્રશંસા
(૩૨) સંવેગ (૩૩) નિર્વેદ (૩૪) નિર્મલ શાસ્ત્રાભ્યાસ
(૩૫) દાનોલ્લાસ (૩૬) વિવેક સંવાસ
(૩૭) ચતુર્ગતિદુઃખ સંત્રાસ (૩૮) દુષ્કૃતગર્હા
(૩૯) સુકૃતાનુમોદન (૪૦) પ્રાયશ્ચિત્તતપસ્વરૂપ
(૪૧) શુક્લ ધ્યાન (૪૨) નમસ્કાર.

ह्रीं ॐ ह्रैं अर्हं ह्रैं ह्रैं अर्हं ह्रैं ॐ ह्रीं

## કોનું કોને શેનું દાન પ્રશસ્ત ગણાય છે?

(૧) વીર પ્રભુનું વસ્ત્રદાન (૨) ધન સાર્થવાહનું ઘૃતદાન
(૩) શાંતિનાથપ્રભુનું અભયદાન (૪) ભરતનું ભિક્ષાદાન
(૫) શાલિભદ્રનું ભિક્ષાદાન (૬) સંપ્રતિરાજાનું ભક્તિદાન
(૭) વિક્રમનું કીર્તિદાન (૮) તીર્થંકરોનું સાંવત્સરિક દાન
(૯) શ્રેયાંસનું ઇક્ષુરસદાન (૧૦) ચંદનબાળાનું બાકુળાનું દાન
(૧૧) સર્વે અરિહંત ભગવંતોના પારણાનું દાન
(૧૨) સાત ક્ષેત્રોમાં કરેલું + અનુકંપાદિકમાં આપેલું દાન.

## કોનું શીલ પ્રશસ્ત ગણાય છે?

(૧) નેમ - રાજુલનું શીલ (૨) સીતા તથા સુભદ્રાનું શીલ
(૩) કલાવતી - શીલવતી (૪) સુલસા તથા રેવતીનું શીલ
(૫) સ્થૂલભદ્ર - સુદર્શન (૬) જંબૂકુમાર - વજ્રસ્વામી
(૭) સુંદરી - સુનંદા (૮) ચિલ્લણા તથા મનોરમાનું શીલ
(૯) અંજના તથા મૃગાવતી (૧૦) અચ્ચંકારી ભટ્ટાનું શીલ.

## કોનું તપ પ્રશસ્ત ગણાય છે?

(૧) યુગાદિપ્રભુ વીરનું તપ (૨) બાહુબલી તથા ગૌતમ
(૩) સનત્કુમાર, દૃઢપ્રહારી (૪) નંદિષેણ - હરિકેશી બળ
(૫) ઢંઢણઋષિ, અર્જુનમાળી (૬) ધન્ના કાકંદી તથા ધન્નો
(૭) જંઘાચારણ - વિદ્યાચારણ (૮) વિષ્ણુકુમાર, બલભદ્ર
(૯) ચિલાતીપુત્ર તથા ચંડકૌશિક (૧૦) રામ - પાંડવનું તપ.

## કોના ભવ પ્રશસ્ત ગણાય છે?

(૧) પ્રસન્નચંદ્ર, ભરતના ભવ (૨) કપિલ તથા કુરગડુ
(૩) મૃગાવતી - મરુદેવા (૪) માસતુસ તથા ૧૫૦૦ તાપસ
(૫) દુર્ગતા નારી અને દર્દુરાંક દેવ
(૬) ચંડરૂદ્ર આચાર્ય અને તેમના શિષ્યો
(૭) ઉપવાસી સાધુ અને ફળચારી શ્રાવકના ભવ
(૮) અર્ણિકાપુત્ર આચાર્ય અને પુષ્પચૂલા સાધ્વીના ભવ.

## શુદ્ધ સંયમપાલનને અપાયેલી ઉપમાઓ

(૧) પોતાની બે ભુજાથી સમુદ્ર તરવો.
(૨) સ્વાદરહિત વેળુનો કોળીયો કરવો.
(૩) તરવારની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવું.
(૪) અગ્નિની ભયંકર શિખાનું પાન કરવું.
(૫) સૂક્ષ્મ પવનને કોથળામાં ભરવો.
(૬) ગંગાના ધસમસતાં પ્રવાહની સામે પૂર જવું.
(૭) ત્રાજવાથી મેરૂ પર્વતને તોળવો.
(૮) ચતુરંગ સૈન્યને એકાકીપણે જીતવું.
(૯) રાધાવેધને સાધવો.
(૧૦) ત્રણ ભુવનના વિજયની પતાકા ગ્રહણ કરવા.
(૧૧) મીણના દાંતે લોઢાના ચણા ચાવવા.

## શુદ્ધ સંયમપાલન એટલે શું?

(૧) પ્રાણાતિપાત વિરતિ : સમ શત્રુ - મિત્ર ભાવે.

(૨) અનલિક ભાષણ : અપ્રમત્તતાએ.

(૩) અદત્તનું વર્જન : દંતશોધન માત્ર.

(૪) અબ્રહ્મ નિરોધ : મન - વચન - કાયાએ.

(૫) નિર્મમતા : વસ્ત્ર - પાત્ર - ઉપકરણો ઉપર.

(૬) રાત્રિભોજનનો ત્યાગ : ચારે આહારનો.

(૭) શુદ્ધ પિંડગ્રહણ : એષણાના દોષરહિત -
ઉદ્ગમ - ૧૬ અને ઉત્પાદના - ૧૬.

(૮) મિતકાલ ભોજન : સંયોજનાદિ પાંચ દોષરહિત.

(૯) પંચ સમિતિ (૧૦) ત્રણ ગુપ્તિ (૧૧) ૨૫ ભાવના

(૧૨) બાહ્ય તથા અભ્યંતર તપ (૧૩) પ્રતિમા - માસિકાદિ

(૧૪) અભિગ્રહો - દ્રવ્યાદિ (૧૫) અસ્નાન (૧૬) ભૂમિશયન

(૧૭) કેશલોચ (૧૮) નિષ્પ્રતિકર્મશરીરતા

(૧૯) સર્વ કાલ ગુરુનું આજ્ઞાકરણ

(૨૦) ક્ષુધાદિ પરિષહસહન

(૨૧) દિવ્યાદિ ઉપસર્ગનો વિજય (૨૨) લબ્ધાલબ્ધ વૃત્તિ

(૨૩) ૧૮૦૦૦ શીલાંગવહન

(૨૪) આગમોનું અધ્યયન (૨૫) ગુરુકુલવાસ સેવન.

## મુનિઓને થોડી હિતશિક્ષા

(૧) નિર્જરાના કામીએ માર્ગને વિષે એક દૃષ્ટિ આપવા છતાં અશુદ્ધ ચરણકરણ થાય, તો ય શુદ્ધ માર્ગને પ્રરૂપવો.

(૨) દર્શનશાસ્ત્રના અભ્યાસથી અરસલીન ચરણ માર્ગપ્રભાવનામાં ઉદ્યમી અતુલ ફળ પામે છે ચરણ ક્રિયામાત્રમગ્નમતિ જીવ તેમ પામતો નથી.

ચરણકરણપ્પહાણા સસમય - પરસમય - મુક્કવાવારા ।
ચરણકરણસ્સ સાર - ણિચ્છય સુદ્ધં ણ યાણંતિ ॥

(3) દ્રવ્ય - ગુણ - પર્યાય વડે આત્માને જાણવો તે જ્ઞાન, સદ્દહવો તે દર્શન, આત્માનું અનુષ્ઠાન તે ચારિત્ર.

(૪) એ રીતે રત્નત્રયપણાંને પામે, ત્યારે નિર્વિકલ્પ લબ્ધ રૂપ નિધાન પ્રાપ્ત થાય છે અને સમભાવથી સામાયિક પદની પ્રવૃત્તિ પરિશુદ્ધ થાય છે.

(૫) પવનથી જેમ કલ્લોલ, તેમ વિકલ્પથી પરપરિણામ થાય છે. પવનની લહેરી વિના સ્થિર સાગર સમાન સ્થિર નિર્વિકલ્પ વૃત્તિ થાય છે.

(૬) નિમિત્તથી પ્રવર્તતા આગંતુક વિકલ્પમાં કર્તૃત્વાદિનું અભિમાન - એ સ્વભાવથી પ્રસરતાં કર્મોને લાવે છે.

(૭) રાગદ્વેષ વડે જેની મતિ અસ્ત થઈ છે, તે સ્નેહથી

આલિંગિત શરીર એમ રહેલું, તેમ કર્મસંબંધે લેપાય છે.

पश्यन्नाटकमात्मा, तदनादि द्रव्यभावकर्मकृतम् ।
अन्तर्दृशा स्वभावान्न चलति भगवानुदासीनः ॥

(૮) નિશ્ચયબુદ્ધિ ચાલી જાય અને વ્યવહારબુદ્ધિ જાગ્રત થાય તો પણ સૂતેલો મૃગપતિ એમ મૃગ બનતો નથી, તેમ આત્મા આત્મા જ રહે છે.

(૯) આત્મા (જ્ઞાની) પરભાવનો કર્તા, કારયિતા અથવા અનુમોદયિતા થતો નથી. સ્વપરિણામોનો કર્તા અને ભોક્તા તે થાય છે.

(૧૦) પરભાવના કર્તૃભૂત થતાં વિના, વાણી અને કાયામાં અભેદ અધ્યવસાય કરતાં સ્વભાવના ભાનના વિસ્તારની ભૂમિનું પરાઙ્મુખપણું ધારણ કરે છે.

(૧૧) 'હું દેહ નથી - મન નથી - વાણી નથી અને તેનું કારણ પણ નથી. હું કેવળ જ્ઞાયકભાવસ્વરૂપ છું' આવો બોધ એ સ્વભાવભાનની ભૂમિ છે.

(૧૨) હે પુરુષ! તું જ તારો મિત્ર છે, તો બહારના મિત્રને શા માટે ઇચ્છે છે? ઉભો થા તથા મિથ્યાભાવને છોડી દે.

(૧૩) સૂત્રે કરેલા એ વગેરે ઉપદેશોથી આત્મબોધનું ભાન કરાવનાર મનનાત્મક મોક્ષમાર્ગનું મુખ્યપણું સિદ્ધ થાય છે.

(૨૪) પરથી ભિન્ન એવા જ્ઞાનમાં પરિણત થઈને જીવ પરમાત્માથી અભિન્ન, વિભાવથી નિર્મુક્ત અને સ્વરૂપમાં પ્રકાશવાળો થાય છે.

(૨૫) કર્મનો વિનાશ ઇચ્છિત છે. જેને પરમાત્મભાવમાં પોતાની બુદ્ધિ લાગે છે, તેને વાદળછાયા સમયે સૂર્ય હોવા છતાં વાદળરહિત વાતાવરણની જેમ તે પ્રકાશિત કરે છે.

(૨૬) આત્મસ્વભાવને જોનાર સ્વેચ્છાથી આવતાં કર્મ અને પાપના ભારથી લેપાતો નથી. અવશિષ્ટને ઉપદ્રવ જાણે છે.

(૨૭) ભોગને માયાજાળની જેમ મિથ્યા જાણનાર તેને તરી જાય છે અને સત્ય સમજનાર મોહજાળમાં ખૂંચી જાય છે - ઉભય ભ્રષ્ટ થઈને તે દુઃખી થાય છે.

(૨૮) આક્ષેપક જ્ઞાનથી ભોગને વિષે લિપ્તમતિ થતો નથી, પરન્તુ પોતાના અંતઃકરણના ધ્યાનને પ્રતિબંધક એવા સર્વ તત્ત્વનો નાશ કરવાને ઉદ્યુક્ત થાય છે.

(૨૯) ભાવનાપ્રધાન આત્માઓનું મનઃસ્થૈર્ય હંમેશ માટે અમુક ભૌતિકનું રહેવું છે, તેથી આરાધનાની અલ્પતાનો ભય રાખવાનું બિલકુલ કારણ નથી. ચિત્તસ્વાસ્થ્ય નંદવાય, ત્યારે તેના કારણોનું બુદ્ધિપૂર્વક પૃથક્કરણ કરવું અને આપણો સદુદ્યમ જારી રાખીને તેવા ફેરલાક કારણોને ભવિતવ્યતા ઉપર છોડી દેવા, એથી સમાહિતતા બને છે.

'શાસનનું ધ્રુવ [illegible] ભવિજનના હિત માટે છે'
એવું આશ્વાસન રાખવું જોઈએ છે. કેટલીક બાબત
શાસ્ત્રની વિરુદ્ધ ચાલતાં વાતાવરણના પ્રતિકાર કરતાં
અપ્રતિકારમાં જ શાસનહિત સમાયેલું હોય છે. સ્વહિતના
સ્થાને શાસનહિત આવે, તો ગૂંચનો ઉકેલ સહજ છે,
એથી વાત વ્યાપક ગૂંચો માટે જ એટલી જ મહત્ત્વની છે.
પ્રતિપક્ષ ભાવના ન હોય, તો પણ વિધિયુક્ત ભાવના
રાગાદિ દોષોના નાશમાં કારણભૂત થઈ શકે. બન્ને
ભાવનાઓ અભ્યાસને અવલંબીને રહેલી છે, એમ
અન્વય વ્યતિરેક - બંને જ સાધ્યસિદ્ધિનું સાધન છે તેમ.

બંને રીતે સરખું આવશ્યક છે.

અર્હં પદ પરમેષ્ઠિનું વાચક છે.

ગૃહસ્થને એકલા પ્રણવનો જાપ નિષિદ્ધ છે.
સાધુને એકાગ્ર મનથી એકલાં પ્રણવનો જાપ છ મહિના
સુધી પ્રતિદિન નિયમપૂર્વક કરવામાં આવે, તો ચિત્તની
શુદ્ધિ થઈને તત્ત્વસાક્ષાત્કારની યોગ્યતા પ્રાપ્ત થાય છે.
શ્રદ્ધા, સત્કાર, એકાગ્રતાદિ સહિત જાપ જ ફળીભૂત થાય.
ૐ ભગવાનનું પવિત્ર નામ છે, તેને કોઈપણ મંત્રના
પ્રારંભમાં જોડીને જાપ કરવાથી મંત્રની શક્તિ વધે છે.

ૐ ભગવાનને જપ કરવાનો સર્વત્ર શિષ્ટાચાર છે,
એથી મંત્રમાં સદ્ગુરુનું આધાન થાય છે.
'નમઃ' શબ્દ એ વિનયનું ભાન છે અને મંત્રની આદિમાં
ૐકારની જગ્યાએ પ્રાચીન મંત્રોમાં તેનો જ પ્રયોગ મળે છે.
પ્રાણાયામ કરતી વખતે પૂરક કરતાં કુંભકના સમયની
માત્રા ૪ ગણી અને રેચકની માત્રા બમણી કરવાની નોંધ છે.

૨ પૂરક = ૧ રેચક, ૨ રેચક = ૧ કુંભક.

પૂરકની ભાવના સોઽહં,
રેચકની ભાવના 'જગન્મિથ્યા - બ્રહ્મ સત્યમ્' અને
કુંભકની ભાવના સ્થિરીકરણ ભાવવ.

આત્મબળ સામે માત્ર સંખ્યાબળ કાંઈ જ નહિ.
ઘેંટાઓ ત્રીસ કરોડ છતાં એક ભાગથી દબાય છે.
અસંખ્ય ઘેંટા માત્ર એક વાઘને જોઈને નાસે છે.
ઘેટાંને પોતાની પામરતાનું ભાન છે અને
વાઘને પોતાની શક્તિનું ભાન છે, એ એનું આત્મબળ.
આધુનિક કેળવણીનું વલણ આત્માને ભૂલાવવાનું છે.
આત્મબળની વાત કાલ્પનિક કે આકાશકુસુમવત્ લાગે
અને રોજ ક્ષીણ પામતાં શરીરબળની ઉપર નજર કરે,
એ શું મંદતાની પરાકાષ્ઠા નહિ?

કુપદ સંખ્યાના ભવની ચિંતા કાંઈ જ નહિ.
આત્મભાન વિનાનું બાળું ભવ ફોગટ છે - નિરર્થક છે.
આત્મભાન એટલે 'હું શાશ્વત આત્મા છું' એવો
વિશ્વાસ, એવું જ્ઞાન અને એવા અંતિમ પર્યંત દૃઢતા.

ધર્મ એટલે...

(૧) આત્મા, તેના ગુણ - તેનો સ્વભાવ.

(૨) સ્વાભાવિક જ્ઞાનાદિ ગુણો, તેનો વિકાસ, તેનો સંપૂર્ણ વિકાસ અને પ્રાંતે મોક્ષ.

(૩) મોક્ષને અનુકૂળ ગુણોનો વિકાસ, તેના સાધનો : રત્નત્રય, પંચાચાર, દશવિધ ધર્મ વગેરે.

(૪) પંચાચાર જીવનમાં ઉતારવાના પ્રત્યક્ષરૂપ ધર્મક્રિયાઓ.

(૫) ક્રિયાને ઉપયોગી બાહ્ય સાધનો, ધર્મના ઉપકરણો વગેરે.

(૬) મોક્ષાનુકૂળ પ્રવૃત્તિઓનું સંચાલન, તેને ચલાવનાર સંસ્થાઓ, સંપ્રદાયો, પેટા સંપ્રદાયો, પંથો - મતો વગેરે.

0 क्षि - पीत वर्ण - जानौ।
प - स्फटिक वर्ण - नाभौ।
ॐ - रक्त वर्ण - हृदये।
स्वा - नील वर्ण - मुखे।
हा - मृगमद वर्ण - ललाटे।

## સંગ્રહમાં અનુવાદ કરાવવા લાયક ગ્રન્થો

(૧) ઉત્તરાધ્યયન (૨) સૂત્રકૃતાંગ - બીજો શ્રુતસ્કંધ - પુણ્ડરીક અધ્યયન - ક્રિયાસ્થાન અધ્યયન (૩) યોગશાસ્ત્ર પ્રકાશ : ૧ - ૪ - ૮ તથા ૧૨ (૪) આનંદઘન પદસંગ્રહ.

## ખાસ અધ્યયન કરવા જેવા દુર્લભ ગ્રન્થો

(૧) ન્યાયસૂત્ર - ભાષ્ય - વાર્તિક - તાત્પર્ય ટીકા.

(૨) સ્યાદ્વાદરત્નાકર (૩) મુક્તાવલી - પ્રભા - રામરૂદ્રી

(૪) દિનકરી - રામરૂદ્રી - વ્યાપ્તિ - પંચક ઉપરાંત સિદ્ધાંત લક્ષણ - અવચ્છેદ (દિનકરી ખાસ કરવા જેવી છે).

ગંગેશ ઉપાધ્યાય લિખિત 'ન્યાય ચિંતામણિ'ના પ્રકરણોઃ

કલ્પ નિરૂક્તિ - વ્યધિકરણધર્માવચ્છિન્નાભાવ પ્રકરણ - સામાન્ય નિરૂક્તિ - પક્ષતા - બોધ - ટીકા - જાગદીશી.

રઘુનાથ તર્કશિરોમણિના ચિંતામણિ ગ્રન્થના ૪ વિભાગઃ

પ્રત્યક્ષ - અનુમાન - ઉપમાન તથા શાબ્દ.

તે પૈકી અનુમાન ચિન્તામણિના વ્યાપ્તિપંચક વગેરે જે પ્રકરણો છે, ખાસ એ જ પરીક્ષામાં ભણાય છે, તેમાં પદાર્થોની ચર્ચા નથી, પરંતુ બધા લક્ષણોની જ ચર્ચા છે. બહુ સૂક્ષ્મ હોવાથી બુદ્ધિને સૂક્ષ્મ કરવાનું કાર્ય કરે છે.

(૫) 'સ્યાદ્વાદ કલ્પલતા'માં પદાર્થોને આશ્રીને ચર્ચામાં પ્રત્યક્ષ ચિંતામણિનું અધ્યયન સાક્ષાત ઉપયોગી છે.

ચાર ભાવના    ૐ    શિરોહી, પોષ સુદી ૧૪

મૈત્રી = સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ - નિર્વૈરતા.
પ્રમોદ = અન્યની ઉન્નતિ જોઈ આનંદની વૃત્તિ - ઔદાર્ય.
કારુણ્ય = દીનદુઃખી જોઈ અનુકંપાની વૃત્તિ, દયા - દાક્ષિણ્ય.
માધ્યસ્થ્ય = વિપરીત માનસ ધરાવનારાઓ પ્રત્યે
ઉદાસીનતા - અનુમોદન નહિ, તેમ તિરસ્કાર પણ નહિ.
ચારે ભાવનાનો સંક્ષેપ મૈત્રીભાવનામાં થઈ શકે છે.

ઊંડે ઊંડે જ્યાં મિત્રતાની ભાવના નથી,
ત્યાં પ્રમોદ ઉપજી શકતો નથી, કરુણા સ્ફુરતી નથી
તથા માધ્યસ્થભાવ પણ અનુભવી શકાતો નથી.

મૈત્રીભાવનાનું મૂળ સમાનતા છે.

'જેવો હું, તેવા બધા. મને સુખ ગમે, બધાને ય તેમ જ.
મને જીવન પ્રિય, બધાને પણ તેમ જ. તો બધાને
કેમ મારી શકાય, ધિક્કારી શકાય અથવા પીડી શકાય?'
પરપીડાની મનોવૃત્તિ - એ મૈત્રીભાવનાનું ચિહ્ન નથી.
હિંસાદિ સર્વ ૧૮ પાપો એ મૈત્રીની ભાવનાનાં
મૂળ સિદ્ધાંતથી વિરુદ્ધ પ્રવૃત્તિરૂપ છે.
મૈત્રીભાવથી ક્ષમા વિકસે છે, નમ્રતા વધે છે,
સરલતા આવે છે અને સંતોષ પણ અનુભવાય છે.

જો બધા જ ભિન્ન છે, તો કોના ઉપર - શા માટે ક્રોધ?

જ્યાં ભિન્નતા વર્તે છે, ત્યાં જુદાઈની ભાવનાથી
ઉત્પન્ન થતાં ક્રોધાદિ ભાવો ટકતાં નથી.

એને કોઈ કરતાં કોઈ જાતનો તરફથી ભય રહેતો નથી.
ધર્મધ્યાનની સિદ્ધિ માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓ
પ્રભુસ્વરૂપ છે. ધ્યાનનું મુખ્ય સાધન કાયોત્સર્ગ છે.
તેનાથી શ્રદ્ધા નિર્મળ બને છે, મેધા તીક્ષ્ણ થાય છે,
ધૃતિ વધે છે, ધારણા તીવ્ર થાય છે અને
અનુપ્રેક્ષા અને તત્ત્વચિન્તનની શક્તિ પ્રબળ બને છે,
જેને પરિણામે સાધક સુખપૂર્વક ધ્યાન કરી શકે છે.

કાયોત્સર્ગનું સાધન સ્વાધ્યાય છે.

ક્રમ, અનુભવ અને સિદ્ધાન્ત વિનાનું સાહિત્યવાંચન
હિતકારક નહિ પણ હાનિકારક છે, માટે સૂત્ર-અર્થની
વાંચના તર્ક તથા વિતર્કપૂર્વક પૃચ્છના, તેનું પુનઃ પુનઃ
પરાવર્તન, તેથી સ્થિર થયેલાં જ્ઞાન ઉપર ગહન ચિંતન
અને સમજાયેલાં રહસ્યોનું બીજાને વિધિપૂર્વક દાન.

સ્વાધ્યાયનું સાધન મંત્રજાપ છે.

તે મૌખિક, ઉપાંશુ, માનસિક અને અજપાજાપ રૂપ
ચાર પ્રકારે છે. મુખથી ઉચ્ચારણ થાય, તે વૈખરી.

કંઠગત ભાષા તે મધ્યમા, હૃદયગત તે પશ્યંતિ અને
નાભિગત તે પરાવાણી ઇત્યાદિ છે.

જપનું સાધન આસન તથા સ્થાન છે.

આસન સ્થિર જોઈએ તથા સ્થાન પવિત્ર જોઈએ.

ચિત્તના વિક્ષેપને શમાવવા માટે
સ્થાન અને આસનસિદ્ધિની ખાસ આવશ્યકતા છે.

પરમાં મારાપણાંની બુદ્ધિ તે મિથ્યાત્વ, કિન્તુ પરમાં પરપણાંની બુદ્ધિ અને સ્વમાં સ્વત્વબુદ્ધિ, તે સમ્યક્ત્વ - સમતાભાવનો પરમ હેતુ છે. નાભિગત પરાવાણીથી થતાં અજપાજપમાં જપનો પ્રયત્ન કર્યા વિના પણ અખંડ જપ ચાલતો જ હોય છે, તેથી શરીરના સર્વ રોમેરોમમાં પ્રભુનું - ઇષ્ટદેવનું રટણ ચાલી રહ્યું હોય છે. આ જાપ વિષયવિકારોનો સંપૂર્ણ નાશ કરનારો છે.

o

All human relationships
may be sublimated through the
mindful practise of Bhakti Yoga.
Yoga is the science of religion. It is
the rational of all worship, prayers,
forms, ceremonies and miracles.

## મોક્ષ માટે ત્રણ નાથનું ચિન્તન આવશ્યક

પ્રથમ નાથ : દેવ, દ્વિતીય નાથ : ગુરુ, તૃતીય નાથ : આત્મા.

### નીચેની પંક્તિનો સુંદર ગૂઢાર્થ

'ત્રણમાં નહીં, તેરમાં નહિ, તે છપ્પનના મેળમાં નહિ.'

ત્રણ એટલે : જ્ઞાન - દર્શન - ચારિત્ર.

તેર એટલે : સમ્યક્ત્વ સહિત ૧૨ વ્રત.

છપ્પન એટલે : માર્ગાનુસારીના ૩૫ + શ્રાવકના ૨૧ ગુણ.
(મનુષ્યગતિ સિવાય જાણે અતિથિસંવિભાગ વ્રત નથી.)

જેમ સ્મશાનનો અગ્નિ અને ચંડાળનું પાણી વર્જ્ય છે,
તેમ આચારહીન જ્ઞાનીનું વચન પણ વર્જ્ય છે.

### સંસારઅટવાનો પાર પામવા માટે

ઊંટની જગ્યાએ કાયા છે, જેના અઢારે અંગ વાંકા છે.

સન્માન અને પ્રેમને સૌ કોઈ ચાહે છે, પરન્તુ કાયા રૂપી શીશામાં સદ્ગુણ - સદ્વ્યવહાર - સદ્ચારિત્ર રૂપી અત્તર નહિ હોય, તો કોઈ તેને ચાહવાનું નથી. અત્તરને બદલે પાણીથી ભરેલો શીશો હોય, તો તેના પર કોઈને આદર થતો નથી. અગરબત્તી પોતાને બાળીને ય બીજાને સુગંધ આપે છે, ભસ્મીભૂત થઈને વાતાવરણને સુગંધિત કરતાં શીખવે છે: જીવન પરમાર્થ - પરોપકાર અને બીજાનું ભલું કરવા માટે જ છે.

## બુદ્ધિ અને શ્રદ્ધા

અનંત અને અપરિમેય આત્મતત્ત્વને પરિમિત બુદ્ધિ
કેમ માપી શકાય ? તે માટે બુદ્ધિ પર એવી શ્રદ્ધા જ
કામ લાગે. શ્રદ્ધા એ માનવજીવનનો આધારસ્થંભ છે.
દૃશ્ય જગતનું ક્ષણભંગુર સ્વરૂપ સમજાઈ જાય તો
શ્રદ્ધા અગાધ બનીને આત્માના અનંત સ્વરૂપમાં
વાસ કરે છે અને જીવન રસમય બનાવે છે. - ટોલ્સટોય

ગળપણ, પ્રેમ કે કામની વ્યાખ્યા વર્ણવી ન શકાય,
તેમ શ્રદ્ધા પણ શબ્દાતીત રહે છે.

અતીન્દ્રિય પદાર્થોની વ્યાખ્યા, અર્થવિસ્તાર, લક્ષણ-લક્ષિતનું
નિરૂપણ, અર્થનિયમન ત્રણેય આ શબ્દાર્થ શક્ય નથી.
આત્મા - પરમાત્માને 'નેતિ' વડે વર્ણવાય છે.
વ્યાખ્યા શબ્દો વડે બને, દરેક શબ્દને પાછી વ્યાખ્યા છે.
મનુષ્ય - પ્રાણ - બ્રહ્મ... એમ ઊંડા જતાં જતાં
અશેષ પરમતત્ત્વ સુધી જવું પડે છે.
વિદ્વાનો વાદમાં એ જ કસરતો અનેક રટે છે.
શુભાશય વિનાનો વિતંડાવાદ પણ તેથી જ નિષિદ્ધ છે.

સર્વં ન્યાય્યં યુક્તિમત્ત્વાત્,
માત્રાં મદીયાનુદ્ગૃહ્ણતાં, વદતાં કિં નુ દુર્ઘટમ્ ।

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

'આપ કોણ છો?' એ પ્રશ્ન
સર્વતો અનુસ્યૂત એક તત્ત્વ હોય, તો ઘટે નહિ.
અનેક હોય તો પણ એક ભૂમિકા વિના પ્રશ્ન ન ઘટે.
એટલે જ જ્ઞાનપ્રાપ્તિમાં શ્રદ્ધા મુખ્ય છે.
સર્વજ્ઞવચન ઉપરની શ્રદ્ધા મુખ્ય છે, તેથી જ મનુષ્યની
સાબિત, પરિભાષા અને ભિન્ન ભિન્ન બુદ્ધિના તર્કો
અપ્રમાણ - અશ્રદ્ધેય છે, છતાં વ્યવહાર કે વિજ્ઞાનમાં
વ્યાખ્યા મહત્ત્વની અને ઉપયોગી વસ્તુ છે.
એ ફેરા મળતાં પ્રકારાદિ જ વ્યવહાર ચાલે છે, પછી
તે વ્યાખ્યા આછી - પાતળી - કાચી કે પાકી ભલે હોય!
સંઘ કે સમાજમાં ઘણું ખરું તાત્ત્વિક ઝઘડા કે મતભેદો
શબ્દોના અર્થ સમજવાના જ મતભેદો હોય છે, જેમ કે:
positive અર્થ: પરમેશ્વર, સર્વ વિશ્વના કારણરૂપ,
સર્વવ્યાપક અધિષ્ઠાન, વિશ્વની ત્રિગુણાત્મક શક્તિ,
વિશ્વના ન્યાયી, દયાળુ અને આધારરૂપ પિતા અને
negative અર્થ: નિર્ગુણ, નિરાકાર, નિષ્ક્રિય, નિર્વિકલ્પ.
વળી રૂઢિ, પ્રતિક્રમણાદિની જેમ અહિંસા, સદ્ગુણ અને
વ્યંજનાદિ પણ શબ્દના અર્થો થાય છે: તપસ્યા, લોકો
રૂઢિઓ તથા સ્વતંત્રતા, સત્યાગ્રહ, પંચશીલ પ્રતિક્રમણાદિ.

વ્યાખ્યાવિધાનમાં જે મુખ્ય વસ્તુ : જાતિ અને વિશેષતા.
જાતિની વ્યાખ્યા કરતી વખતે તેનાથી વિશાળ જાતિનું
નિરૂપણ કરવું પડે છે અને એ રીતે સર્વ શબ્દો અંતે

'अंततो गत्वा ब्रह्मरूप परा जाति ।'

એવા એક જ તત્ત્વના વાચક છે.

સમસ્ત વિશ્વ ૐકારનું વ્યાખ્યાન છે અને
આ એક જ શબ્દનું પૂર્ણ સાધન મુક્તિને આપે છે.
શબ્દ આકાશના ગુણરૂપે તેમ જ સર્વ શબ્દાર્થો પણ
પદાર્થોના બીજરૂપે સર્વવ્યાપી અને અનંત છે તથા
તેના પરિણામના વિશિષ્ટ રૂપમાં પણ શબ્દ સર્વવ્યાપી છે,
એમ રોજીંદો પણ આજે કરી રહ્યો છે.

विषयभेदेन फलभेदोपपत्तेर्बहुल - कल्पपादपादौ
प्रतीतमेतत् । અર્થાત્ : વિષયભેદે ફળનો ભેદ ઘટે જ છે,
બાવળ અને કલ્પવૃક્ષમાં આ વસ્તુનો અનુભવ છે જ.
એક બીજાને, બીજો ત્રીજાને તથા ત્રીજો ચોથાને કરે, એમ
વિષવર્તુળ ફેલાય છે. કોઈને વિષે ખરાબ કરવાથી નથી એ
સુધરતો, નથી આપણને ફાયદો થતો કે જેને કરીએ તેને
ય ફાયદો થવાનો નથી. કોઈની નિંદા કરવી, એના કરતાં
કોઈકના પ્રત્યે કરુણા અનુભવવી, એ એને તેમ જ

પોતાને માટે કરેલું બધું ફાયદાકારક છે,
એનો ખ્યાલ આવશે, તો નિંદા કરવાનો મોહ ટળી જશે.
દુર્બુદ્ધિ હોય ત્યાં ચૂપ રહેવું, ગુણ હોય ત્યાં પ્રસાર કરવો,
નિરર્થક કાંઈ ન બોલવું. એથી બીજાને નુકસાન થતું અટકશે
તથા બીજી વૃત્તિમાંથી સંતોષ મેળવવાની
આપણી ખરાબ આદતમાંથી પણ મુક્તિ મળશે.
આદતને બદલવાનો આધાર આપણા મૂલ્યો ઉપર છે.
માનસિક શાંતિને મહત્ત્વની ગણીશું, તો કોઈની ઉપર
ગુસ્સો નહિ કરવાની અને ગમે તેવા સંજોગોમાં પણ
મગજ નહિ ગુમાવવાની પ્રતિજ્ઞાનું પાલન કરી શકીશું.
3 દોષ - સામાજિક અનિષ્ટ છે : ગુસ્સો - અસત્ય - નિંદા.
દાનધર્મ, દેવદર્શન તથા ક્રિયાકર્મ - એ મહદંશે અંગત છે.
કયો અવગુણ કયો રોગ લાવે? કયા પુરુષાર્થને રોકે?
હિંસક માનવ ઉદ્વેગજનક હોય,
તેવા જીવને તનરોગ (પંગુત્વ, કુષ્ઠિત્વ, કુબ્જિત્વ) આવે,
તે ધર્મપુરુષાર્થ સાધવામાં પાછો પડે.
અસત્યવાદી માનવ અવિશ્વસનીય હોય,
તેવા જીવને મન્મનત્વ, કાહલત્વ, મૂકત્વ - મુખરોગ થાય,
તે મોક્ષપુરુષાર્થ સાધવામાં પાછો પડે.

ચોરી કરનાર માનવ અદર્શનીય હોય,
તેવા જીવને દારિદ્ર્ય, દૌર્ભાગ્ય, દાસ્યપણું - ધનહાનિ થાય,
તે અર્થપુરૂષાર્થ સાધવામાં પાછો પડે.
જાર કે અવ્રતી માનવ અનભિગમનીય હોય,
તેવાને નપુંસકત્વ, તિર્યક્ત્વ, દૌર્ભાગ્ય - ઇંદ્રિયરોગ થાય,
તે કામપુરૂષાર્થથી અળગો થવામાં પાછો પડે.
અસંતોષી માનવ અશમનીય હોય,
તેવા જીવને પશુત્વ, અવિવેકીત્વ વડે - મનોરોગ થાય,
તે તો સર્વ પુરૂષાર્થ સાધવામાં પાછો પડે.
ત્રણ પર્ષદા એટલે...
જાણગ (હંસ), અજાણગ (મયૂર) અને દુર્વિદગ્ધ (ગ્રામિલ્લ).
આપણે નિંદક - પાતકી અને ક્રૂરદૃષ્ટિ ઉપાસક ન થવું.
તદુપરાંત બાળકના સ્વભાવ, ટેવ અને વર્તન વિષે
મુખથી, મુખની રેખાઓથી, દૃષ્ટિથી, દૃષ્ટિના અણસારાથી
કે ઉચ્છૃંખલતાભર્યા વર્તનથી આપણે નિર્ણય ન બાંધવા,
કારણ કે કોઈપણ મનુષ્ય પોતાના કોઈપણ વર્તનને માટે
એકલો જ જવાબદાર નથી, કિન્તુ તેનું બાળપણ, કુટુંબ,
સંસ્કાર, શિક્ષણ, પરિસ્થિતિ, સંયોગ પણ જવાબદાર છે.
બાળકનું કામ, તેના પાલનનો ઉદ્દેશ, એના સ્વભાવનું ઊંડું
તત્વ સમજવું રહ્યું છે, નિર્ણય બાંધવામાં અન્યાયનો ભય છે.

# લેખનકલા - Art of writing

(૧) <u>વિશદતા</u> : આ કલામાં ત્રણ વસ્તુ સમાવિષ્ટ છે:
(a) વિચારની સ્પષ્ટતા (b) ચલણી ભાષા, idioms,
રૂઢિપ્રયોગો - કહેવતો - ઘન ઉપમાઓનો ઉપયોગ તથા
(c) નિરાકાર વિચારોની સાકાર મૂર્તિઓ રચવાની કલા,
મનના તખ્તાની ઉપર અર્થનું ચિત્ર ઉપસાવવાની કલા
તથા સાદું અને સ્પષ્ટ લખાણ યાને
અમૂર્ત નહિ પણ મૂર્ત, ગોળ ગોળ કે અસંદિગ્ધ નહિ.

(૨) <u>ચોક્કસાઈ</u>: લેખનમાં અનેક અર્થ ન નીકળવા જોઈએ
અહિ એક જ ચોક્કસ અર્થ નીકળવો જરૂરી છે.

(3) <u>ઝવેરી શબ્દ પસંદગી</u> ટાળવા અહિ
બુદ્ધિને શાંતિને બદલે સંતોષ-સમાધાન મળે તેમ કરવું.

(૪) <u>વાક્યશુદ્ધિનું</u> અભાવ દૂર કરવાનો પૂરો યત્ન કરવો.

(૫) <u>સચોટતા - લક્ષ્યવેધકતા</u> : લેખન કાર્ય કરતી વખતે
ભાષાનું તીર ધાર્યા નિશાન ઉપર જ લાગવું જોઈએ.

(૬) <u>વિષયાનુવર્તી ભાષા</u> કેળવવા : તત્ત્વજ્ઞાનમાં ગંભીર,
વિજ્ઞાનમાં પારિભાષિક તથા કથાનકમાં સરલ જોઈએ.

(૭) <u>સમજાવવાની શક્તિ - શબ્દ ગોઠવણી</u>:
લેખક તો એક શબ્દસેનાપતિ જેવો હોય છે.

(૮) રસસાતત્ય: ભોજનમાં રસ મુખ્ય, સ્વાદવિનોદ ગૌણ છે.
(૯) સ્વાભાવિકતા: ભોજનમાં આડંબરશૂન્યતા આવશ્યક છે.
(૧૦) શબ્દોની કરકસરતા, સૂચકતા, વિવિધતા, ધારાવાહિતા, કોમળતા તથા તાલમયતા ખૂબ જરૂરી છે.

કેવા પુરુષોમાં સાત્વિક પુરુષ ઉત્તમ છે?

सात्विकः सुकृती दानी, राजसो विषयी भ्रमी,
तामसः - पातकी - लोभी, सात्विकोऽमीषु सत्तमः ॥

અર્થઃ સાત્વિક, સુકૃતી, દાની, રાજસિક, વિષયી, ભ્રમી, તામસિક, પાપી, લોભી - આટલાં પુરુષોમાં સાત્વિક ઉત્તમ છે.

क्षमाशस्त्रं करे यस्य, दुर्जनः किं करिष्यति ।
अतृणे पतितो वह्निः, स्वयमेव उपशाम्यति ॥

અર્થઃ જેના હાથમાં ક્ષમા રૂપી શસ્ત્ર છે, તેને દુર્જન શું કરશે? ઘાસ વગરની જગ્યામાં અગ્નિ જાતે જ શાંત થાય છે.

પ્રભુ ભજ લે મેરા દિલ રાજી...

આઠ પહોરે કી સાઠ જ ઘડીયાં, દો ઘડીયાં જિન સાજ;
દાન-પુન્ય કછુ ધર્મ કર લે, મોહ-માયા કું તાજ...
આનંદઘન કહે સમજ સમજ લે, આખર ખોવેગા લાજ.

૦ કુંભે બાંધ્યું જળ રહે, કુંભ વિના જળ ન રહેય;
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન રહેય.

## યોગની વિભૂતિઓનાં નામ - શારીરિક

(૧) અંતર્ધાન (૨) પરકાય પ્રવેશ (૩) આકાશગમન
(૪) હસ્તિબલ (૫) રૂપ લાવણ્ય સંપત (૬) કાય સંપત
(૭) ક્ષુત્પિપાસા નિવૃત્તિ (૮) અણિમા-લઘિમાદિ સિદ્ધિ.

## યોગની વિભૂતિઓનાં નામ - માનસિક

(૧) અતીત - અનાગત જ્ઞાન (૨) સર્વભૂતરૂત જ્ઞાન
(૩) પરચિત્ત જ્ઞાન (૪) પૂર્વજાતિ જ્ઞાન
(૫) ભુવન જ્ઞાન (૬) તારાવ્યૂહ જ્ઞાન
(૭) કાયવ્યૂહ જ્ઞાન (૮) સિદ્ધ દર્શન આદિ જ્ઞાન.

## સમ્યગ્જ્ઞાનની લબ્ધિનાં નામ - વૈજ્ઞાનિક

(૧) અવધિ જ્ઞાન (૩) જાતિસ્મરણ જ્ઞાન
(૨) મનઃપર્યવ જ્ઞાન (૪) પૂર્વ જ્ઞાન.

## સમ્યગ્જ્ઞાનની લબ્ધિનાં નામ - શારીરિક

(૧) શાપાનુગ્રહ લબ્ધિ (૨) આમર્ષોષધિ લબ્ધિ
(૩) શ્લેષ્મૌષધિ લબ્ધિ (૪) સર્વૌષધિ લબ્ધિ
(૫) આકાશગામી લબ્ધિ (૬) ચારણ લબ્ધિ
(૭) વૈક્રિય લબ્ધિ (૮) આહારક લબ્ધિ.

યોગઃ કર્મસુ કૌશલમ્ । કર્મ એવા કરવાં કે કર્મબંધ ન થાય, કાર્ય એકાગ્ર ચિત્તે કરવાં કે જેથી સિદ્ધિ થાય.

‘યોગ’ એટલે સંસારસાગર પાર થવાની યુક્તિ-અનુભવ.
યોગનું ધ્યેય છે : તુરીય અવસ્થામાં પરમાનંદની સ્થિતિ.

યોગની ત્રણ રીતિઓ

(૧) એક તત્ત્વની દૃઢ ભાવના (૨) મનની શાંતિ
(3) પ્રાણોના સ્પન્દનનો નિરોધ.

ત્રણમાંથી એકની સિદ્ધિ દ્વારા ત્રણેની સિદ્ધિ થાય છે.
પ્રાણનિરોધ કરતાં મનને શાંત કરવું, એના કરતાં
એક તત્ત્વની ભાવના ઉત્તરોત્તર અધિક સરલ છે.

‘સાંખ્યયોગ’ એટલે...

પુરુષનું અસ્તિત્વ અને પ્રકૃતિનું અસ્તિત્વ ભાવવું તે.

‘વેદાંતયોગ’ એટલે...

મહાવાક્યોની ભાવના કરવી, પુરુષનું એકત્વ ભાવવું તે.

‘રાજયોગ’ એટલે...

ચિત્તની એકાગ્રતા દ્વારા મોક્ષને સાધવો તે.

યોગાદિ વિચારો અને ચેતનાની શુદ્ધિ

યોગ સાધવાથી નિત્ય - શુદ્ધ - બુદ્ધ - મુક્ત અને
આનંદસ્વરૂપ્યુક્ત ઈશ્વર સાથે આપણી ચેતના થાય છે.
સર્વ વિચારોની ઉત્પત્તિનું મૂળ આત્મા છે.
સત્તામાં રહેલ શક્તિઓ વિચારો વડે બહાર આવે છે.

<u>વિચારમાં કંપન</u>

કલ્પનાશક્તિ - Imagination.

એકાગ્રશક્તિ - concentration.

ઇચ્છાશક્તિ - Will power.

આ 3 શક્તિ પર વિચારની ગતિના પ્રવાહનો આધાર છે.

વિચારો કરનારમાં પરસ્પર વિષમતા કે ન્યૂન-અધિકતા દેખાય છે, તે સત્તાશક્તિની ન્યૂનતાને લઈને નહિ પણ સાધનની અપૂર્ણતાને લઈને છે. પૂર્ણ સાધનો મેળવી પ્રયત્ન કરનાર વિજયી નિવડે જ છે.

<u>પ્રણવ મંત્રની સાધના શા માટે?</u>

आलोकेनोपलम्भेन मुनित्वेन च साधितः ।

रत्नत्रयमयो ध्येयः प्रणवः सर्वसिद्धये ॥ <u>અર્હતિ:</u>

આ લોક, ઉપલભ્ભ અને મુનિત્વ, એ ત્રણેથી સાધિત રત્નત્રયમય પ્રણવ મંત્રને સર્વ સિદ્ધિ માટે ધ્યાવવો.

<u>હાથની અધિષ્ઠાયિકા પંચાંગુલી દેવી</u> છે.

૫ મહાતીર્થ આપણી ૫ આંગળીઓમાં જ છે:

તર્જનીમાં શત્રુંજય, મધ્યમામાં ઉજ્જયંત, અનામિકામાં અર્બુદગિરિ, કનિષ્ઠિકામાં સમ્મેતશિખરજી અને અંગુઠામાં અષ્ટાપદ મહાતીર્થ સમાવિષ્ટ છે.

કોઈપણ મંત્રજાપ કરતાં પાંચે તીર્થની યાત્રા થાય છે.

## अर्पितानर्पितसिद्धेः । ५-३१

અર્પિત એટલે વિશેષ, અનર્પિત એટલે સામાન્ય.
જે ધર્મની અપેક્ષા કરવામાં આવે, તે વિશેષ ગણાય છે,
જેની અપેક્ષા કરવામાં આવતી નથી, તે સામાન્ય ગણાય છે.
અનર્પિતનો સમાવેશ સંગ્રહનયમાં થાય છે અને
અર્પિત ધર્મનો સમાવેશ વ્યવહારનય વગેરેમાં થાય છે.

उज्जुसुअस्स एगे अणुवउत्ते
एगं दव्वावस्सयं पुहत्तं नेच्छइ । અર્થ: અનુપયુક્ત
દ્રવ્ય આવશ્યક ઋજુસૂત્રનયના મતે જુદું નથી ઈચ્છતાં.

### દ્રવ્યાંશ ૩ પ્રકારે

(૧) વર્તમાન પર્યાયના આધારભૂત દ્રવ્યાંશ.
(૨) પૂર્વાપર પરિણામ સાધારણ ઊર્ધ્વતા સામાન્ય દ્રવ્યાંશ.
(3) સાદૃશ્ય અસ્તિત્વરૂપ તિર્યક્ સામાન્ય દ્રવ્યાંશ.

શબ્દની પાછળ અર્થ, અર્થની પાછળ ભાવ,
ભાવની પાછળ રહસ્ય, રહસ્યની પાછળ ઉદ્દેશ,
ઉદ્દેશની પાછળ નિત્ય સત્ય, આકૃતિની પાછળ પ્રકૃતિ,
પ્રકૃતિની પાછળ કર્તા, કર્તાની પાછળ કામ,
કામની પાછળ અકામ અને પ્રાંતે
અકામની પાછળ અસંગ - સર્વપ્રકાશક છે.

## એક શાંતરસમાં સર્વ રસ

(૧) શ્રેષ્ઠ અને પ્રેષ્ઠ અંતરાત્મા અને પરમાત્મા ઉપર પરમ પ્રેમ રાખવો, એ મહાકામ યા 'મહાશૃંગાર' રસ છે.

(૨) સંસારની વિડંબનાઓમાં 'ઉપહાસ' રસ છે.

(૩) મોહાંધકારમાં ભટકતાં દીનજનો ઉપર 'કરૂણા' રસ છે.

(૪) આત્માના ષડ્રિપુઓ ઉપર 'ક્રોધ' રસ છે.

(૫) કષાયો - વિષયોને પરાસ્ત કરવાનો નહિ, દીન - હીનજનોને સહાયતા કરવા 'ઉત્સાહ' રસ છે.

(૬) આંતરારિષડ્રિપુ વિવશ ન કરે, તેનો 'ભય' રસ છે.

(૭) ઇંદ્રિયવિષયો - હાડમાંસના શરીર પર 'જુગુપ્સા' રસ છે.

(૮) ક્રીડાત્મક લીલાસ્વરૂપ અહિં આ અગાધ - અનન્ત જગતનું નિર્માણ કરવાવાળા પરમાત્માની અદ્ભુત આત્માની માયાશક્તિ પરમ મહા 'વિસ્મય' રસ છે.

આમ આઠે રસ નિર્દ્વન્દ્વ શાંતરસના રસનમાં અંતર્ભૂત છે.
ક્ષોભ, સંરંભ, સંવેગ, આવેગ, ઉદ્વેગ, આવેશ, જોશાદિનો અનુભવરસ નહિ, એ અનુભવનું સ્મરણ, રસન, રસ છે.
भावस्मरणं रसः। अहं क्रोधवानस्मि, अहं रसिकवान्,
भक्तिवान्, बलवान्, रूपवान्, अहमस्मि,
એ જ રસનું સારતત્ત્વ છે - રસ સામાન્ય છે.

'સિદ્ધહૈમકોશ'માં કહ્યું છે કે:
સમ્યક્ત્વેન પરોક્ષાનુભવ સાધનમાગમઃ। સમ્યક્ના બળ દ્વારા પરોક્ષ પદાર્થોના અનુભવનું જે સાધન, તે આગમ.

જ્ઞાનપ્રાપ્તિના 3 ઉપાયો: ધ્યાન - વિદ્યા અને વિનય છે.

તેમાં છેલ્લો ઉપાય શ્રેષ્ઠ છે. વિનયધર્મ લોહચુંબક સમ છે, તેથી જ્ઞાનના ગુણો આપમેળે ખેંચાઈને આવે છે.

ભક્તિનું ફળ જ્ઞાન અને વૈરાગ્ય છે.

જ્ઞાની અને વિરક્તની ભક્તિ જ્ઞાન - વૈરાગ્ય લાવે છે.

ઈર્ષામાં જીવો પ્રત્યે વિરોધ હોય, ત્યાં શુદ્ધ પરમાત્મામાં નિરોધ થઈ શકતો નથી.

નિરોધ માટે નિર્વૈરતા અને નિર્વાસનતા જોઈએ.

વાસના જાય, એટલે આપોઆપ નિરોધ થાય.

મન, વાસના અને અધ્યાસ મરવાથી મુક્તિ મળે છે.

નૈગમનય એ જીવને ઈશ્વરનો અંશ અને સંગ્રહનય એ જીવને ઈશ્વરનું સ્વરૂપ માને છે.

દેહાધ્યાસ છૂટી જાય, તો બ્રહ્માકાર વૃત્તિ થાય.

જ્ઞાનની વાતો નહિ પણ અનુભવ કરવાનો હોય છે.

વાણી એ વિચારની ભાષા, કલા એ હૃદયની, આચાર એ જીવનની તથા સંગીત એ ભાવનાની ભાષા છે.

## તપમીમાંસા : નવતત્ત્વ ગાથા - ૫

નાણં ચ દંસણં ચેવ ચરિત્તં ચ તવો તહા।
વીરિયં ઉવઓગો ય, એયં જીવસ્સ લક્ખણં॥

### તપ : દ્રવ્ય અને ભાવ

૧૨ પ્રકારનો તપ એટલે નિર્જરાતત્ત્વ.

ઇચ્છાનિરોધ તે તપ - નિશ્ચય તપ.

તાપયતિ અષ્ટ પ્રકારં કર્મ ઇતિ તપઃ। અર્થાત્ઃ
આઠ પ્રકારના કર્મને તપાવે છે, માટે 'તપ' કહેવાય છે.

તાપ્યન્તે રસાદિધાતવઃ કર્માણિ વા અનેનેતિ તપઃ।
રસ રુધિર માંસ મેદ અસ્થિ મજ્જા શુક્રાદિ ધાતુઓને યા
આઠ પ્રકારના કર્મોને તપાવે - બાળે, તે તપ.

મોહનીય તથા અંતરાય કર્મના એક સાથે ક્ષયોપશમથી વીર્યલબ્ધિ પ્રગટે અને ક્ષયથી સંપૂર્ણ પ્રગટે. બાર ભેદમાંથી કોઈપણ એક ભેદવાળો તપ જીવમાત્રને હોય છે તથા જીવ સિવાય અન્ય દ્રવ્યમાં તે હોતો નથી.

કર્મથી છૂટવા, સ્વરૂપ તરફ જવા આત્માનો બળપૂર્વક પ્રયત્ન, તે તપવીર્ય - કરણવીર્ય - લબ્ધિવીર્ય - યોગ - ઉત્સાહ - બળ - પરાક્રમ - શક્તિ - વીર્ય.

જીવમાત્રને અવિરતિચારિત્ર હોય.

चरन्ति अनिन्दितमनेन, अष्टविधकर्मचयरिक्तीकरणाद्
वा चयते गम्यते अनेन निर्वृतौ इतिचारित्रम् ।

<u>અર્થ</u> : જેના વડે અનિંદિત આચરણ કરે છે અથવા આઠ પ્રકારના કર્મના સમૂહને ખાલી કરવાથી નિર્વૃત્તિ અર્થાત્ મોક્ષમાં જેના દ્વારા જવાય, તે ચારિત્ર છે.

વિશેષ ધર્મ જાણવાની શક્તિ તે જ્ઞાન,
સામાન્ય ધર્મ જાણવાની શક્તિ તે દર્શન.
તે બન્ને શક્તિઓનો વ્યાપાર - વપરાશ તે ઉપયોગ.

<u>લક્ષણ</u> : ગાયનું સાસ્ના - ગળાની ગોળી, શૃંગિત્વ,
કપિલ વર્ણ, ગડુ દોષથી રહિત.
<u>અવ્યાપ્તિ</u>: અમુક ભાગમાં વ્યાપ્ત, સર્વ ભાગમાં નહિ.
<u>અતિવ્યાપ્તિ</u>: સર્વ ભાગ + અન્ય પદાર્થમાં પણ વ્યાપ્ત.
<u>અસંભવ</u>: એક શફવત્ત્વમ્ - એક ખુરવાળાપણું,
પૂર્ણગત, બિન્દુગત મનુષ્યવત્ ચરિતા.
મર્યાદાવ્યસ્થાદિ ગમન સમયે પણ
દિવસ - રાત્રિનો વિભાગવત્ ચારિત્ર.
આચારના ગ્રહણાદિમાં પ્રવર્તતું વીર્ય.
સત્તાથી અનંત - વ્યક્તતામાં અલ્પ.
નિગોદને સત્તાગત, સિદ્ધને પ્રગટપણે.

## વીશ સ્થાનક તપવિધિ - પ્રભાવ

કર્મ તપાવે ચીકણાં, ભાવમંગલ તપ જાણ;
પચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણખાણ.

સમતા સહિત તપ નિકાચિત કર્મનો પણ ક્ષય કરે છે.
અગ્નિ વડે સુવર્ણ, તેમ તપ વડે જીવશુદ્ધિ થાય છે.
તપથી દ્રવ્ય - ભાવલક્ષ્મી મળે, ભવસંતતિનો ક્ષય,
રોગનું નિર્મૂલન, કર્મનો અંત, વિઘ્નોનો વિનાશ,
ઇંદ્રિયોનું દમન, ઇષ્ટની સિદ્ધિ, દેવોનું આકર્ષણ,
કામવિકારનો નાશ તથા મંગળની પરંપરા સર્જાય છે.
પ્રથમ જિનેશ્વરે વર્ષ પર્યંત ઉપવાસ કર્યા અને
ચરમ જિનેશ્વરે છ માસ પર્યંત ઉપવાસ કર્યા.
જે સાધ્ય દૂર, દુરારાધ્ય અને દેવોને પણ દુર્લભ હોય,
તે તપ વડે સાધ્ય થાય. તપનો પ્રભાવ અચિન્ત્ય છે.
શ્રીપાળરાજાને કોઢ રોગનો નાશ - કાયા કંચનવર્ણી થઈ.
દૃઢપ્રહારી, ચિલાતી પુત્ર, દ્વારિકામાં દ્વૈપાયનને બાર વર્ષ
આયંબિલ કર્યા, ઉપસર્ગ અટક્યાં. ચિત્તરૂપી કરંડીયો,
ઇંદ્રિયોરૂપી વિવર, વાંછારૂપ પવનનું ભક્ષણ, તેથી રાગાદિ
રૂપ ભુજંગ વધે. તેને ભૂખ્યા રાખવાથી નાશ પામે છે
તથા અનનુભૂત અને અતિઅદ્ભુત સુખ પ્રગટે છે.

તપમાં મંદતા એટલે ઉપસર્ગોની સ્થૂળતા.

કુગ્રહોની પીડા, દુર્નિમિત્તાદિક દોષોનો ક્ષય તથા
શુભ સંપદાઓની પ્રાપ્તિ - એ તપમંગળના ફળ છે.
અઠ્ઠમના પ્રભાવે માગધ - વરદામ - પ્રભાસ
ગંગા - સિંધુ - અધિષ્ઠાયક દેવો - ચક્રવર્તીને વશ થાય છે.
હરિકેશી બળને દેવો સેવે છે.

તપથી દેવતાઓ પણ દાસ થાય.

સર્વ મંગળમાં પહેલું મંગળ, કર્મ નિકાચિત ટાળે,
ક્ષમા સહિત જે આહારનિરીહતા, આતમઋદ્ધિ નિહાળે,
તે ભવ મુક્તિ ભાખી જિનવર... તપ પદને પૂજીએ...
ધર્માસ્તિકાયાદિને રોધ, મિથ્યાત્વાદિને છેદ તથા
જ્ઞાનાદિને ઉદ્દેશ રૂપે થતી પ્રવચન - દ્વાદશાંગીની શ્રદ્ધા
એ જ 'સમ્યગ્દર્શન' કહેવાય છે.

મોક્ષને લગતો એક પ્રશ્ન

કેવળજ્ઞાન સમયે રત્નત્રયની પૂર્ણતા છતાં મોક્ષ કેમ નહિ?

ઉત્તર: શુક્લધ્યાનના ચોથા પાયારૂપ તપનો અભાવ.

એથી સમયે નિકાચિત કર્મનો ક્ષય તપથી જ થાય.
દ્વિતીય અપૂર્વકરણ નિકાચિતનો ક્ષય કરનાર છે.
નિકાચિતને ખપાવ્યા વિના કેવળજ્ઞાન કે મોક્ષ થાય નહિ.

યથાખ્યાત ચારિત્ર પણ ઘાતિના ક્ષય વિના સંભવે નહિ.
'ચારિત્ર' શબ્દ સર્વસંવરની પરાકાષ્ઠાસૂચક પણ છે.
ચારિત્રના ભેદોમાં તપ આવે છે.
'સંયમ' શબ્દના અર્થે તપ જુદું આવે છે, જ્યારે
'ચારિત્ર' શબ્દના અર્થે તપ અર્થે આવે છે.
ભાવપ્રત્યાખ્યાન સમ્યક્ચારિત્રરૂપ છે. - પ્રત્યાખ્યાનાવરણ
અશુભ પ્રવૃત્તિ અને પરિણતિનો રોધ તે સંયમ.
પ્રતિલેખનાદિ દશ પ્રકારની ઓઘ સામાચારી તથા
ઇચ્છામિચ્છાદિક દશ પ્રકારની ચક્રવાલ સામાચારી સહિત
હિંસાદિકના ત્યાગરૂપ સંયમ કે ચારિત્ર
ભોગરહિતપણાંને લઈને સિદ્ધમાં હોતું નથી.
'સર્વ કર્મનો ક્ષય કરવાને માટે તપ જેવો
કોઈપણ ઉપકારી સાધન સંસારભરમાં નથી.'
તપ એ લંઘન નથી, અંતરાયનો ઉદય નથી,
પુદ્ગલાનંદી, ઇંદ્રિયારામી, આહારાદિના કીડા,
નહિ ખવાયેલ દ્રાક્ષ ખાટી છે - દુઃખરૂપ છે, એમ માની
તપથી દૂર રહે છે. તપમાં વચમાં આવવું એ અંતરાય.
ભોગોપભોગની અભિલાષા છતાં તેનાં સાધનો ન મળે તો,
કર્મબંધથી બચવાની બુદ્ધિ ન હોય, તો જ અંતરાય ગણાય.

મોક્ષના સાધન તરીકે તપ અત્યંત ઉપયોગી જાણી,
ઉપદેશક કે શ્રોતા કોઈને અંતરાયનો ઉદય નથી.
નવા કર્મોના રોકાણ અને જુના કર્મોના ક્ષય માટેનો
ઉપદેશ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ છે, ઔદયિક નહિ,
તેમ ન માનવું, તે હઠ છે - કદાગ્રહ છે.
ઉપદેશકને અંતરાયનો બંધ નથી, શ્રોતાને ઉદય નથી.
તેમ ન માને તો બ્રહ્મચર્યનો ઉપદેશ પણ ન અપાય.
તપમાં એમ રસનેન્દ્રિયના ભોગનો ત્યાગ, તેમ
બ્રહ્મચર્યમાં સ્પર્શનેન્દ્રિયના ભોગનો ત્યાગ છે.
એમ મોહકર્મના ઉદયે સેવાતું અશુભ કર્મથી બચવા
માટે વર્જવું જરૂરી છે, તેમ મોહના ઉદયથી થતી પાંચે
ઇંદ્રિયોની આસક્તિ આદિ અશુભ પરિણતિને રોકવા
માટે પ્રબળતર સાધન તપ અને તેનો ઉપદેશ છે.
મંદ સત્ત્વવાળાને ચલચિત્તતા બધા પ્રતિજ્ઞામાં રહે,
તેમ તપમાં પણ સંભવે.
તે બાદર કષાયના ઉદય સુધી સંભવિત છે.
અતિચાર, વિષય અનાદિનું સ્થાન,
બ્રહ્મચર્ય બંધનનું સ્થાન અને
અનુગ્રહબુદ્ધિ, શાસ્ત્ર અને યુક્તિ - એ ઉપાય છે.

અબ્રહ્મસેવન અનંત કર્મબંધનનો હેતુ છે અને
બ્રહ્મચર્યપાલન અવ્યાબાધ સુખનો હેતુ છે.
આચારાદિની આસક્તિ નિમિત્તે જેમ
તપના ઉપદેશ - આદર ઉપર અરૂચિ થાય છે,
તેમ બૌદ્ધદર્શનમાં તપને દુઃખરૂપ મનાય છે.
જેમને તીવ્ર તપ ઉપર અરૂચિ છે, તેવા અશ્વઘોષ રચિત
'બુદ્ધ ચરિત્ર'માં તેમનું કઠોર વિરોધીપણું દર્શાય છે.
શાસ્ત્ર અને રુક્મણાદિ ઇષ્ટસિદ્ધિનું સાધન તપ છે.
ધન, શિલ્પ, વિદ્યા, કળા કે બ્રાહ્મણ્ય - કષ્ટ વિના જેમ
શક્ય નથી, તેમ લૌકિક કે લોકોત્તર કોઈ પદાર્થ નથી,
કે જે કષ્ટ કે આયાસ વિના સિદ્ધ થાય.
તપતાપ માટે પણ તે જ જરૂરી છે.
પ્રસિદ્ધ થતાં આનંદની અભાવ કષ્ટ કાંઈ જ નથી,
તેથી તે સુખ કે આનંદનું સાધન પણ કષ્ટ નહિ.
કૈવલ્ય કે મોક્ષનું સાધન તે દુઃખ નહિ, સુખ જ મનાય.
જ્યાં ઉત્સાહ, ત્યાં મહાકષ્ટનું વેદન પણ
દુઃખરૂપ નહિ, કિન્તુ સુખરૂપ મનાય છે.
બેઠીયા મજુરને, મૂર્ખ વેપારીને, વિદ્યાર્થીને ઉત્સાહ નથી,
તેથી પોતપોતાની ક્રિયાને એ સર્વે દુઃખરૂપ માને છે.

કર્મક્ષય, કૈવલ્ય કે અવ્યાબાધ પદની પ્રાપ્તિની ઘેલછા વગરના ઉત્સાહ વિનાનો જ તપસ્વી દુઃખરૂપ લાગે.
કાયપીડા એ પીડા નહિ પણ ચિત્તપીડા એ જ પીડા.
તપ ક્ષાયોપશમિક, શમરસથી ઓતપ્રોત, કર્મક્ષય આદિના સાધનભૂત, ચિત્તમાં યથાસ્થિતપણે પરિણમે છે, તેઓને સ્વપ્ને પણ તપ દુઃખરૂપ લાગતો નથી. દુઃખ એટલે અશાતાનો ઉદય, તપમોહનીયનો ક્ષયોપશમ - આત્મગુણ.
દુઃખથી વિહ્વળતા, તપથી શૂરવીરતા - શૌર્યતાનું શિખર.

દુઃખ આર્તરૂપે વેદાય = આર્ત તથા રૌદ્ર ધ્યાન.
તપ ધર્મની ધગશરૂપે વેદાય = ધર્મ તથા શુક્લ ધ્યાન.
દુઃખ નહિ ઇચ્છેલાં બાહ્ય અનિષ્ટ સંયોગોને આભારી, તપ એ મળેલાં, મળતાં, પરાણે અપાતાં પદાર્થોનો પણ પરિત્યાગ કરવાની પ્રતિજ્ઞા અને તેના પાલનરૂપ છે.

## કેવા તપને કષ્ટ ન કહેવાય ?

જે તપથી શ્રોત્રાદિ ઇંદ્રિયોને હાનિ - નુકસાન ન થાય,
જે કરવાથી મન સાથે નિરપેક્ષ બને,
આર્ત - રૌદ્રમાં ન પ્રવેશે, જે કરવાથી મોક્ષ સાધ્ય માટે પ્રતિદિન કરાતાં સ્વાધ્યાય - ધ્યાન - પ્રતિક્રમણાદિ યોગોની હાનિ થાય નહિ, તેને કષ્ટ કોઈ કહે નહિ.

એક બાજુ દુ:ખરૂપ કાર્ય પણ પરિણામે જો સુખનો અવધિ હોય, તો તે દુ:ખ ન કહેવાય. આત્માને લાગેલાં કર્મો શોધનારું તપ અંતરાયરૂપ - દુ:ખરૂપ છે નહિ. જે વસ્તુના ઘણાં ભેદો હોય છે, તેમાં ઘણાં ય નકલી અને એક જ સાચો હોય, તો ય ભોળી લોકની જેમ સૌ નકલી ન ગણાય - કાં તો સૌને સાચા કે સૌને નકલી ન ઠરાવાય, શહેરી મનુષ્ય જંગલ કે સાગરમાંથી ખોળી કાઢે છે, તેમ સૂક્ષ્મ બુદ્ધિ અને શ્રેષ્ઠ સમજવાળા જીવો ય સત્ય સાધન કે સત્ય ધર્મની ગવેષણા કરી શકે છે. ધર્માર્થી પ્રાણીમાત્રને સૂક્ષ્મ બુદ્ધિની અતિ જરૂર છે. ધર્મ પરભવને આત્મશ્રેય કે સર્વ જગતના કલ્યાણ માટે છે. બાપ - દાદાની પ્રણાલિકા અને સગાંસંબંધીઓનું અનુકરણ,

'જ્ઞાતિ એ જ ધર્મ' વગેરે માન્યતાઓ

આત્માને, સગાં - સંબંધીઓને, વંશવારસોને ડૂબાવે છે.

વિષનો કીડો વિષમાં જન્મે અને તેમાં જ મરે,

તેને નિર્વિષ પદાર્થ અરૂચિકર બને.

જિંદગીમાં માત્ર ધન માટે કષ્ટ સહન કરે છે, તે સૂક્ષ્મ બુદ્ધિ અને તેના ઉપયોગના અભાવનું જ ફળ છે. માન્યતા, અભ્યાસ અને અનુકરણ અસર કરનારું છે.

ક્રોધ - માન - માયા આદિ તથા સંશયાદિ બાધક પ્રકૃતિ
મુખ્ય માર્ગનો વિરોધ કરાવનાર થાય છે.
દર્શનાંતરો - મતાંતરોની ઉત્પત્તિમાં હેતુ -
તપ કષ્ટપ્રધાન, તેમ લોભાદિક પણ બાધક ગણાય છે.
ધર્મો તરીકે બધા ધર્મોને જ ધર્મ ન મનાય.
વીતરાગતાસ્વરૂપ આત્માની પ્રગટ દશા માટે
જ્ઞાનાદિ પાંચે આચારોમાં પ્રવૃત્તિ, તે 'અધ્યાત્મ' છે.
શાસ્ત્ર અને શબ્દાર્થ દૃષ્ટિએ
દ્રવ્ય - ગુણ - પર્યાયની વાતો, તે અધ્યાત્મ નથી.
માત્ર દર્શન, પૂજન, સ્નાત્ર મહોત્સવ, પ્રતિષ્ઠા અથવા
જિર્ણોદ્ધારો, યાત્રાઓ, સંઘો કાઢવા, તે અધ્યાત્મ નથી.
મતિ એને જરા અનુમોદન કે પ્રશંસા પણ કરતી નથી.
ઉપધાન, ઉદ્યાપન, સાધર્મિક વાત્સલ્ય, પ્રવેશ મહોત્સવ
આદિ શાસનની ઉન્નતિ તથા સંઘભક્તિના કાર્યો છે,
તેમાં અરૂચિ રાખીને ટીકા ન કરવી. સામાયિક, પૌષધ,
વ્રત - નિયમ, તપ - જપ, પચ્ચક્ખાણ, ત્યાગ દૂર રાખવા,
એ સ્વમતની કસોટી છે, ખસેડવા એ સાધ્યબિન્દુ છે.
શાસ્ત્રોમાં અનંતી બાબતની વાત આદર તથા બહુમાન
માટે કરી છે, પરન્તુ અનાદર યા અરૂચિ માટે કરી નથી.

ધન - ધાન્યાદિ, સ્ત્રી - પુત્રાદિ, શરીર - સ્વજન આદિ
મેળવ્યાં - ભોગવ્યાં, પાપના પોટલાં ભરીને છોડ્યાં.
નરક - નિગોદ આદિ ગતિ ન મળે, તે માટે
તે સર્વ પાપને ત્રિવિધે - ત્રિવિધે વોસિરાવવા જોઈએ.
આત્મકલ્યાણ કે સદ્‌ગતિ માટે નહીં, નરક - નિગોદાદિના
નિવારણ માટે તો કરી જ. માનપૂજા, રાજા - મહારાજા -
ઇંદ્ર - ચક્રવર્તિપણાં આદિ માટે પણ - ભાવનાના
વચનથી છોડાવવા જેવી બીજી કોઈ ઉન્માર્ગ નથી.
મોક્ષની ઇચ્છા - મોક્ષનો આશય એ બીજ,
આત્મારૂપ ક્ષેત્ર અને ક્રિયારૂપ વરસાદ.
મોક્ષનું સ્વરૂપ જાણી, તેની શ્રદ્ધા કરી, તેની સુંદરતા
હૃદયમાં ભાવી, તે પ્રાપ્ત કરવાની ઇચ્છાપૂર્વક ક્રિયા કે
ચારિત્રનો આદર કરવો, તે નિષ્ફળ જતો નથી.
બીજ વિના વરસાદ ધાન્ય નહિ, તો ઘાસ તો આપે જ.
ક્રિયાની વ્યર્થતા નહિ પણ ક્રિયાની સાર્થકતા
મોક્ષની ઇચ્છારૂપી બીજ, તે રૂપ કારણનો અભાવ.
'પ્રશમરતિ'માં કહ્યું છે કે:
રત્નત્રયની જઘન્ય આરાધના આઠ ભવની અંદર મોક્ષ
અપાવે, ઉત્કૃષ્ટપણે તે જ ભવે તથા મધ્યમ ત્રીજે ભવે.

દાન આદિ થાય ધનવ્યયથી, શીલ આદિ થાય
દેહના દમનથી, તપ આદિ થાય વિશિષ્ટ દેહદમનથી.
તપ કરવાના ઉદ્દેશ સમજીએ કે
સમજુ કરવાવાળાઓના પરિચયથી આત્મકલ્યાણ માટે,
સદ્ગતિ કે સ્વર્ગાદિ સુખાર્થે તપ કરનારની ટીકા કરનાર
એવો અંતરાય ઉપાર્જે, એ જન્માંતરમાં તપના મહિમાનું
સમજણ, અસમજણ કે અનુમોદન પણ ન મળે. જો ગુણ
ઉપર દ્વેષ, માત્સર્ય અથવા નિહ્નવ, તે ગુણ મળે નહિ,
કારણ કે તેનો અર્થ એવો થાય કે:
તપ ઉપર દ્વેષ નહિ પણ તેને કરનાર ઉપર દ્વેષ છે.
લંઘન ક્રિયા એ આરાધન ક્રિયા છે, કિન્તુ
તપ કરવાની બુદ્ધિ કે ઇચ્છા વિના ખાવાની જ બુદ્ધિ
અને ઇચ્છા છતાં ભૂખ્યું રહેવું પડે, તે લાંઘણ ક્રિયા,
તેનાથી પણ અકામ નિર્જરા જરૂર થાય.
અકામ નિર્જરા બાલતપ થઈ દેવાયુબંધના હેતુ છે.
એ પરંપરાએ ધર્મપ્રાપ્તિના સંયોગો મેળવી આપનાર
અને સકામ નિર્જરાના પ્રસંગ લાવી આપનાર છે.
પર્વતિથિનો ખ્યાલ નહિ, ચોવીસે ય કલાક જાનવરની
જેમ ચરવાં, ભક્ષ્યાભક્ષ્ય કે પેયાપેયનો વિભાગ નહિ,

અવિરતિ, મિથ્યાદૃષ્ટિપણું, ભોગોપભોગમાં સ્વચ્છંદતા,
દુર્ગતિ આપે - સદ્ગતિનો અભાવ કરે અને
ત્યાગના તિરસ્કારપૂર્વક ભોગોપભોગની રસિકતા
કોઈપણ જીવને ક્યારેપણ કાળે ફાયદો કરનાર નથી જ.
મોક્ષનું પ્રબળ સાધન અને આત્મકલ્યાણનો હેતુ એવા
તપસ્યાને 'લંઘન ક્રિયા'ના નામે નહિ ઉડાવતાં,
તેમાં પ્રવર્તવું અને પ્રવર્તાવવું - એ જ હિતકર છે.

## તપશ્ચર્યા - એક મહાન સદ્ગુણ

સંસારમાં ભટકાવનાર કર્મ છે. તેનો ક્ષય કરવા માટે
શાસ્ત્રોક્ત જે કોઈ ક્રિયા થાય, તે જ્ઞાનયુક્ત જ છે.
ચારિત્ર તથા તપગુણમાં કટિબદ્ધ રહેનાર જીવોને જ
પરચિત્તને જણાવનાર અવધિજ્ઞાન આદિ જ્ઞાનો હોય.
ખાનપાન, ગાનતાન, વિષયકષાયમાં ગુલતાન ન રહેવું.
તીર્થંકરો - ગણધરો - ચક્રવર્તીઓ - બળદેવો -
સુંદરી આદિ ૧૬ સતીઓ - બાહુબલિ આદિ મુનિઓ
તપગુણમાં કટિબદ્ધ રહેનાર જીવો હોય છે - હતાં.
જ્ઞાનીને તપની જરૂર હોય છે.
આત્મા અને કર્મના સંયોગને જાણનાર હોય,
તે જ સાચો જ્ઞાની છે.

૩ કે ૪ જ્ઞાનવાળા, તે જ ભવમાં મોક્ષે જવાવાળા, રત્નત્રયની અત્યંત શુદ્ધ દશા ઉપર રહેલાં, દેવેન્દ્રો અને નરેન્દ્રોથી પૂજિત અરિહંતભગવંતોને પણ જો તપની જરૂર પડે છે, તો ભલા સામાન્યજનોને કેમ નહિ? તપસ્યા કરવા નહિ ટેવાયેલાંને તપદશા આકરી પડે. મનના દુષ્પ્રણિધાન માત્રથી સામાયિકને નહિ કરવાનું કહેનાર આત્મા સન્માર્ગના ઈર્ષ્યાખોર છે.

'આવશ્યક નિર્યુક્તિ'માં કહ્યું છે કે:

તપનું પચ્ચક્ખાણ એકવિધ એકવિધ.

આહારાદિકના ત્યાગ બતાવનાર કે આહારાદિને લાવનાર - દેનાર દરેક વૈયાવચ્ચ કરનારો ગણાય છે. એકવિધ એકવિધ ભાંગાને પણ સંવરસ્વરૂપ માનેલ છે. પચ્ચક્ખાણ ગ્રહણની બુદ્ધિથી ધર્મના ગ્રહણની આવશ્યકતા છે.

'પારણાંદિકની ચિંતા કરીએ, તો અતિચાર લાગે, તેથી તપ ન કરવું' એમ વિચારવું, તે વિપરીત શ્રદ્ધા છે - વિરુદ્ધ પ્રરૂપણા છે.

અતિચારને આગળ કરીને તપ જેવા મહાન વ્રતને ન કરવાનો ઉપદેશ, તે ઉત્સૂત્રપ્રરૂપણા છે. કોઈપણ તપનું પચ્ચક્ખાણ એ તો ઉત્તરગુણ રૂપ છે.

જિનકલ્પી સ્થવિરકલ્પના મુનિઓ કે શ્રાવકોને માત્ર મનથી
લાગેલાં અતિચારોનું પ્રાયશ્ચિત્ત માત્ર મિચ્છામિ દુક્કડં છે,
તેઓને કાયાથી થયેલાં વ્રતોના અતિચારમાં
૨૮ ઉપવાસ સુધીનું પ્રાયશ્ચિત્ત છે. ગુરુલાઘવનું જ્ઞાન ન
હોય, તેને ધર્મનું જ્ઞાન કે શ્રદ્ધા છે, એમ કેમ કહેવાય?
અધ્યાત્મ દશાનું યથાસ્થિત વર્ણન તો કેવળજ્ઞાની પણ
ન કરી શકે. ક્રોધાદિ અને પુરુષ વેદાદિના ઉદયે તે
કર્મ ખપે છે પણ નવા - ચીકણાં કર્મ બંધાય છે,
નરકાદિમાં જવું પડે છે, માટે તેનો રોધ કરવો રહ્યો.
તીર્થંકર નામકર્મ અને આહારક નામકર્મ સ્થવિરકલ્પના
કર્મનો ઉદય અશુભ છે. નિર્જરા કરતાં બંધ સંખ્યાત,
અસંખ્યાત, અનંતગણાં અધિક કરાવે છે.
કર્મની અકામ નિર્જરાથી પણ સમ્યગ્દર્શન ભોગવટો
વધારે અને કર્મબંધ અલ્પ થાય છે. સમ્યગ્દર્શન વિના
દીર્ઘ સ્થિતિ ખપી, તો તે વિના બાકીની કેમ ખપે નહિ?
મંત્રસિદ્ધિ કે વિદ્યાગ્રહણમાં પુરશ્ચર્યા મુખ્ય છે.
વસ્ત્રનો ઘણો મેલ માત્ર પાણીના સંયોગથી જ દૂર થાય,
અને શેષ માટે ક્ષારાદિકની જરૂર છે, તેમ અહીં પણ
સમ્યગ્દર્શનરૂપી ક્ષાર સહિત તપરૂપી જળની જરૂર છે.
તપ એ મહાસાધન છે.

સમ્યગ્દર્શનને રોકનાર મિથ્યાત્વમોહનીય કર્મ જ નહિ,
પરંતુ જ્ઞાનાવરણીયાદિ છે, કર્મોની દીર્ઘ સ્થિતિ પણ છે.

સમ્યગ્દર્શન - સમ્યગ્જ્ઞાન મેળવવા

પ્રામાણિકતા, ઈમાનદારી, સત્યવચનીતા ઉપરાંત
સુબુદ્ધિ અને પ્રામાણિકતા એક જ કાળે હોવા જરૂરી છે.
ભાન કરાવનું જ્ઞાન - મિથ્યાદર્શન પટલ ભાન કરાય.

દર્શન વિશ્વાસકારક છે, જ્ઞાન પ્રકાશકારક છે,
તપ નિર્જરાકારક છે તથા ચારિત્ર અવરોધકારક છે.

દર્શન - જ્ઞાન નિર્જરાના કારણ નહિ, કાર્ય છે (સંવર).
સ્વચ્છ દીપક પુષ્પમાળાને પ્રકાશે, ભાવતો નથી (આશ્રવ),
કંટકાદિને દૂર કરતો નથી, જણાવવા પૂરતો જ ઉપયોગી છે,
હેયપણું અથવા ઉપાદેયપણું જણાવવા પૂરતો જ છે,
કર્મોને તોડવા કે રોકવાનું સામર્થ્ય તેમાં નથી, તે તો
૧૨ પ્રકારની તપશ્ચર્યા જ છે - નિર્જરાના ભેદ તરીકે.

જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કર્મ ખપાવે,
તેમાં કારણ જ્ઞાન નહિ પણ ગુપ્તિ છે.

અહીં યોગોથી થતાં પ્રાણાતિપાતાદિ આશ્રવમય
અશુભ વ્યાપારને રોકે, તો જ સંયમ - સંવર. ગુપ્તિરૂપ
સંયમનું સામર્થ્ય કર્મના ક્ષયમાં પ્રબળ નિમિત્ત છે.

વિશિષ્ટ વાક્યોના વિધાન કે નિષેધ -
વિશેષણની સાથે સંબંધ રાખે છે.
સંયમને નિર્જરાના ભેદોમાં કેમ નહિ?
ઉમાસ્વાતિના મતે સંવર તપનું ફળ છે,
ભગવતી સૂત્રના મતે સંયમ તપનું કારણ છે.
પ્રત્યાખ્યાનથી તૃષ્ણાનો છેદ, તૃષ્ણાછેદથી અનુપમ શાંતિ,
અનુપમ શાંતિથી અપૂર્વ નિર્જરા, તેથી અપૂર્વ પ્રત્યાખ્યાન.
ઉપચાર કાર્યનો કારણમાં - ત્રણ રત્ન ઉપરાંત અન્ય
સાધનની જરૂર, તે તપ, તેનાથી ચિરભવોના સંચિત
નિધત્ત તથા નિકાચિત કર્મોનો ક્ષય થઈને
અવ્યાબાધ સુખસ્વરૂપ મોક્ષસુખની શીઘ્ર પ્રાપ્ત થાય છે.
કર્મનો બંધ રાગ-દ્વેષના તારતમ્ય ઉપર આધાર રાખે છે.
રસના આદિનું દુર્જયપણું તપ આડે આવે છે.
રાગ-દ્વેષના કારણોમાં મુખ્ય ભાગ શરીર ભજવે છે.
શાસ્ત્રદૃષ્ટિ : તંદુલમત્સ્ય આહારસંજ્ઞાથી
અગાધ - અનંત કષ્ટો ભોગવે છે.
લોકદૃષ્ટિ : પેટનો ખાડો પૂરવા
પાપ - હિંસા - જૂઠ આદિ આચરે છે.
આશ્રવોમાં અબ્રહ્મ - મૈથુન પશુક્રિયા છે.

તપ કરવામાં તલ્લીન બનનારને
સરસ - નીરસ, સુરભિ - દુરભિ, મિષ્ટ - કટુ,
સ્નિગ્ધ - રૂક્ષ, આદિ રાગ-દ્વેષ હોતાં નથી.

આયંબિલ - નીવિ - એકાસણા - ઉપવાસની ટેવવાળા જ સમભાવ રાખી શકે છે. ટેવ વિનાનાને ખોરાક ઉપર, ભોજન ઉપર, પીરસનાર - રાંધનાર ઉપર તીવ્ર - અશુભ ધ્યાન થાય છે. તેથી અપૂર્ણ લાગણી જ ઉઠે છે અને આખો વખત ક્રોધિત ધમધમે છે. તપસ્વીઓને આહાર આદિનો સંયોગ ન થાય, તો ય પેટ બળ્યું લાગતું નથી. 'પેટ બાળ્યું, તેણે ગામ બાળ્યું' એ ક્રોધિનું વચન છે. તપસ્વીઓને સ્નિગ્ધ વખતે રૂક્ષ, મિષ્ટ વખતે અમિષ્ટ, સંસ્કૃત વખતે અસંસ્કૃત લેવામાં પણ સંકોચ નહિ, કિન્તુ તત્પરતા રહે છે. આહાર વિનાય તેઓની બુદ્ધિ પવિત્ર, હૃદય શુદ્ધ, મન શાંત રહી શકે છે તથા તેઓ
મહિનાઓ સુધી શુભ ધ્યાનમગ્ન રહી શકે છે.

મહિનાઓ સુધી મિઠાઈઓવાળા આહારની છાયાંએ પણ ન જવું, છતાં સતત શુભ ધ્યાનની સરિતામાં સ્નાન કરવાનું સૌભાગ્ય તપસ્વી સજ્જનોને જ સાંપડેલું હોય છે. તપની ટેવ વગરનાને સરસ આહાર મળે, તો પણ તેની થોડી ન્યૂનતાને અંશ પણ સહન ન કરી શકે.

તપની ટેવ વગરનાને ભાગુ શાક ભજ્યાનો ભડકો હોય છે.
તપઆરાધકને તપશ્ચર્યામાં તરબોળતા – અનશનમાં આદરતા.
ઇન્દ્રિયોની આસક્તિના અસીમ અગ્નિકુંડમાં આત્માને
ટીપેલાંને રસનાને જીતવારૂપી અમૃતનું ગ્રહણ સ્વપ્ને
પણ ન હોય. અન્ય ઇંદ્રિયોને પોષનાર રસનેન્દ્રિય છે.
સર્વ ઇંદ્રિયોનું દમન ઇષ્ટ હોય, તે જ રસનાને દમે.
રસનાને જીતવા, તે જ સર્વને જીતવા બરાબર છે.
અન્ય ઇંદ્રિયોની અતૃપ્તિ મનને બાળે, શરીરને નહિ.
ચામડાની ઝુંપડીના ઘાસ જેવી આગનો ભડકો ભભકી
ઉઠે છે. તપરૂપી મહાતીર્થમાં તરબોળ થયેલાં તારકાત્માને
શરીરની કૃશતા, જ્વર, ક્ષીણતા, ઉલટીની શંકાદિ ગણ્યું નહિ.
અન્ય ઇંદ્રિયોના વિકારોની વૃદ્ધિ એમ રસનાથી થાય,
તેમ માનસિક વિકલ્પોનો રાફડો પણ રસનાથી જ છે.

પરબ્રહ્મનું પરમ કારણ, આત્માના સ્વરૂપ
બ્રહ્મચર્ય માટે તે સમર્થ થઈ શકાતો નહિ.

ઇંદ્રિય અને માનસિક વિકારો બ્રહ્મના પ્રતિપક્ષ છે.
મિઠાઈઓ જરૂર છોડવા. મન સાધ્યું, તેણે સઘળું સાધ્યું.

મનને જીતવાના ઉપાયો

ઇંદ્રિયોનો જય, રસનાનો વિજય, દુર્ધર બ્રહ્મચર્ય.

દેવ - દાનવ - ગાંધર્વ - યક્ષ - રાક્ષસ - કિન્નર - સુર - અસુર - મનુજથી નમસ્કરણીય તપશ્ચર્યાયુક્ત મહાત્મા છે. વાનર સમ ચપળ મનમાં મનની શુદ્ધિ જ અવિદ્યમાન એવા ગૃહસ્થનો સમુદાય પણ ક્ષણવાર, ક્ષણમાત્રમાં તથા તત્ક્ષણ પ્રગટ થાય છે, તે મોહમલ્લને મચ્છરની માફક મસળી નાશ કરી શકે છે. ઘૃતાદિ વિગઈઓ રૂપ રસમય પદાર્થો બ્રહ્મચારીઓએ વગર કારણે ઉપયોગમાં લેવા જ નહિ. જો તે પદાર્થો ખાવામાં આવે, તો તે ખાનારને વિગઈઓના તે રસો મોહનું દેદીપ્યમાનપણું કરનાર છે. સાધુઓ દુર્ગતિથી ડરેલાં છે. સ્ત્રીપુત્ર - ધનધાન્ય - આરંભ - પરિગ્રહ - વિષય - કષાયના ત્યાગરૂપ સાધુપણું છે.

દુર્ગતિના ડર વિના સાધુપણું લેવાય જ નહિ.

તેથી સાધુ પણ જો વિગઈથી બનેલાં પદાર્થોને ખાય છે, તો વિકાર આ મોહ ઉદય કરવાનો સ્વભાવ છે જેનો, એવા વિગઈઓ વિકાર કરે, જે બળાત્કારે દુર્ગતિએ લઈ જાય છે. વિગઈ રસનેન્દ્રિયની આસક્તિ કરનાર છે.

આસક્તિથી રસ, રસથી વિકાર, વિકારથી દુર્ગતિ.

ઈંદ્રિયો મનના દલાલ - ઈન્દ્રિયવિકાર મનના દલાલ છે.

રસના જીતવાથી બ્રહ્મચર્ય - બ્રહ્મચર્યથી મનોગુપ્તિ.

તપસ્યાદિ લઈને તે ભગવાનની છદ્મસ્થતાદિ લઈ જનારા છે.
સ્વાતંત્ર્યપણે જીતવું મુશ્કેલ, મૂળ કારણને જીતવાદિ સહેલ.
એકના જયે અનેકનો જય. મૂર્છાદિ રૂપ મોહનો ઉદય.
જીવનું પ્રથમ કાર્ય આહારપર્યાપ્તિએ પર્યાપ્તો.
વિગ્રહ ગતિમાં બે ત્રણ સમય, સમુદ્ઘાતમાં ત્રણ સમય,
શૈલેશી - અયોગી અવસ્થાએ પાંચ હ્રસ્વાક્ષર સમય.
ઉપયોગે ત્રણ સંજ્ઞા, પ્રવૃત્તિએ આહારસંજ્ઞા.
શરીર એ પાપ અને કર્મનું કેદખાનું છે.
શરીર-ઇંદ્રિય-વિષયની ઇચ્છા નહિ, એકમાત્ર આહારની.
તૈજસના તાપથી તરફડાટ. ઓજઆહારમાંથી મળ થાય,
રસ ન થાય. મળભાગો નહિ પણ રસભાગો બંધાયો છે.
શરીર એ સંકટ છે, સંકડામણ - કુસામણ છે, શરીર એ
જીવન-મરણના સ્થાનરૂપ છે. શરીરધારણ એ જીવનું
જીવન અને શરીરવિયોગ એ જીવનું મરણ. સમ્યગ્
દર્શનના આદરની જેમ રસનાને જીતાવનાર તપનો પણ
આદર કરવો જોઈએ. કર્મની નિર્જરા કરવામાં સમાન ગણવું.
સાત્ત્વિક પુદ્ગલોથી ઇંદ્રિયો અનુચિંતવ.
પાંચે ઇંદ્રિયો જ્ઞાન દેનારી નહિ, પરન્તુ
જીવનાં અનંત જ્ઞાનમાં અંતરાય કરનારી છે.

અસ્ત્રવીદીના હાથમાં ભાલાને બદલે સોય,
દેપાલના પરવાળા ચિત્રકારને પિંછીના બદલે બે વાળ,
સેંકડો ગાઉ જઈ શકનાર કાસદને ભલી ઊંટના બદલે
બકરાની સવારી. દેખવામાં સાધન - પરમાર્થે બાધન.
અનંત શક્તિને નિયંત્રિત કરનાર અણાહારી, અશરીરી,
અનંત અગોચર, અતીન્દ્રિય, નિર્વિકલ્પી, અજર, અજ,
અલખ, ઈંદ્રિયો ઇંદ્રજાળ સમ મોહક દેખાવવાનું કારણ.
અનંતર શરીર-પરંપર આહાર. શક્ય - અશક્ય, પ્રાપ્ત
- અપ્રાપ્ત, સાપાય - નિરૂપાય હોય તો પણ બિલાડીનો
જાતિસ્વભાવ ઉંદર તરફ જ તાકવાનો. વાયુના વમળમાં
પડેલું તૃણ, પાણીના સરોવરમાં પડેલો કાંકરો અને તેથી
ઉત્પન્ન થયેલ મોજું અંતે પાણીના છેડે જ આવે.
જડ- ચેતનાદિ ભાગને ભાળી ચૈતન્યની ચઢતી કરવા
અનાહારપદના ઉદ્દેશથી આહારત્યાગાદિ તપસ્યા આદરવી.
ઉપદેશમાળા, પુષ્પમાળા, ભવભાવના, આચારપ્રદીપ,
તપ આચાર, ભગવતીસૂત્રમાં સ્કંધક, મેઘકુમાર,
અંતગડ - અનુત્તરોવવાઈમાં દમયંતી અને ચંદ્રકુમારની
વાતોમાં કહ્યું છે કે અભ્યંતર તપનો ઉત્પાદ, ટકાવ કે
વૃદ્ધિ - એ બાહ્ય તપ ઉપર આધાર રાખે છે.

તપધર્મને અંગે ઉત્તરાધ્યયન સૂત્ર, આવશ્યક નિર્યુક્તિ,
શ્રી તત્ત્વાર્થ સૂત્ર, વિશેષાવશ્યક ભાષ્ય, ધર્મબિન્દુ,
દશવૈકાલિક સૂત્ર ઉપરાંત ચૂલિકા, શ્રી કલ્પસૂત્ર તથા
નવ તત્ત્વાદિમાં અનેક શાસ્ત્રપાઠો આપેલાં છે.

તપ એ ઉપાર્જન કરવાનું નહિ, કિન્તુ
કર્મશુદ્ધિ માટે નિમિત્ત કરવાનું છે.

તપ એ ગુણદ્રવ્ય નહિ, કિન્તુ ધર્મદ્રવ્ય છે.

અનશન વગેરે બાહ્ય તપો આહારના નિષેધ, સંક્ષેપ કે
શોધન માટે છે તથા શરીર - ઇંદ્રિય વગેરેના પીડન,
સંલીનતારૂપ છે, તે પુદ્ગલની સાથે સંબંધ ધરાવે છે.

બાહ્યકર્મ એ પુદ્ગલકર્મની પ્રવૃત્તિ છે.

યોગોની સ્થિરતા અને શુભતાને ઉદ્દેશીને થતો અભ્યંતર
તપ પણ પુદ્ગલની અપેક્ષા રાખે છે. વ્રતાદિમાં લાગેલાં
અને વ્રતાદિને ધારણ કરનાર પ્રત્યે વિનય - ભક્તિ
તપ પણ પુદ્ગલાપેક્ષ છે.

જેવું લક્ષણ તપ, ત્યાં તપ અનાહારી પણ લેવાનો છે.
કર્મક્ષય માટે કરાતાં બાહ્ય-અભ્યંતર તપ ભિન્ન ન છે.
ઉત્તરાધ્યયન - તત્ત્વાર્થ સૂત્ર પણ મુક્તિ પામેલાં અને
પામવાના ઉપાદાનનું સ્વરૂપ છે, તેથી તપને મૂક્યું નથી.

કયા દેવીએ કયું તપ કરી દેવીપણું પ્રાપ્ત કર્યું ?

રોહિણી : કનકાવલિ, રત્નાવલિ, મુક્તાવલિ.

સંજા : સિંહનિષ્ક્રીડિત.

મંદપુણ્યિકા : ભોજન, પાંચમ તિથિ તથા
અરિહંતાદિ પદોની આરાધના.

સર્વસંપદા : યવ મધ્ય - વજ્ર મધ્ય.

સૌભાગ્યા : ચંદ્ર પ્રતિમા.

શ્રુતદેવી : પ્રકીર્ણક તપ - પંચાશક.

શાંતિદેવી : સ્વર્ગ સુંદર.

કાલી : નિરૂજ શેખર, પરમ ભૂષણ.

સિદ્ધાયિકા : આયતિ જનક - સૌભાગ્ય તથા
તેમણે કલ્પવૃક્ષ નામના તપ કર્યાં હતાં.

અષ્ટક તથા પંચાશકમાં કહ્યું છે કે :
ભવ્યોને હિતકારક પ્રકીર્ણક તપ છે.
જેઓ વ્યુત્પન્ન બુદ્ધિવાળા નથી,
તેઓ સૌને પણ તપમાં જોડવા માટે.
પ્રથમ સ્થાની અપેક્ષાએ અવ્યુત્પન્ન મતિવાળાને
પ્રકીર્ણક તપ અત્યંત હિતકારી છે, તેમ અનુક્રમે
માર્ગાનુસારી - ભાવશુદ્ધિ - ચારિત્ર અને મોક્ષ મળે છે.

પાલીતાણા, મોટાવાળાની ધર્મશાળા

## ઉપાધ્યાયશ્રી યશોવિજયજીકૃત 'પંચપરમેષ્ઠિ ગીતા'ની

## 'શ્રી અરિહંત ગુણવર્ણન'ની

કુલ ગાથા ૧૩૨ - તેની ૩૪ ગાથામાંથી સાર્થ દુહો (૧):

પ્રણમિએ પ્રેમસ્યું વિશ્વત્રાતા, સમરિએ શારદા સુકવિમાતા;
પંચપરમેષ્ઠિ ગુણ થુણણ કીજે, ગુણરયણ ભંડાર સુપરિં ભરીજે.

અર્થ: વિશ્વરક્ષક શ્રી જિનેશ્વર દેવને પ્રેમથી પ્રણમીએ. સુકવિઓની માતા શ્રી શારદાદેવીને સમરીએ. પરમેષ્ઠિ-ગુણસ્તવન કરી ગુણરત્નભંડારને ઉત્તમ રીતિએ ભરીએ...૧

ચાલ (૨): અરિહંત ગુણરયણ આગર, ગુણસાગર વિખ્યાત,
સુરઘરથી ચવિ ઉપજે, ચઉદ સુપન લહે માત;
નાણ ત્રિહું જ્યું અલંકરિયા, સૂરય વિરહિત મોહ;
જનમે તવ જનપદ હુઓ, સકલ સુભિક્ખ બહુ પ્રેમ. ...૨

અર્થ: ગુણરત્નની ખાણ અને ગુણના સાગર પરમ વિખ્યાત એવા શ્રી અરિહંત, જે દેવવિમાનથી ચ્યવી માતાની કુક્ષિમાં ઉપજે, તે વખતે માતા ચૌદ મહાસ્વપ્નોને જુએ, વિરહીથી મોહ સૂર્ય, તેમ ત્રણ જ્ઞાને (મતિ, શ્રુત, અવધિ) અલંકૃત ભગવાન જ્યારે જન્મે, ત્યારે દેશમાં સર્વત્ર સુકાળ થાય અને લોકોમાં પરસ્પર બહુ પ્રેમ વધે.

દુહો (3): દશ દિશા તવ હોએ પ્રગટ જ્યોતિ,
નરકમાં પણ હોએ ઝિણ ઉદ્યોતિ;
વાય વાએ સુરભિ શીત મંદ,
ભૂમિ પણ માનું પામે આનંદ.

અર્થ: જન્મ વખતે દશે દિશાએ પ્રગટ પ્રકાશ થાય
અને નરકમાં પણ ક્ષણવાર ઉદ્યોત થાય.
વાયુ પણ સુગંધી, શીતલ અને મંદ-મંદ વાય તથા
ભૂમિ પણ જાણે આનંદ-આનંદ પામે. ...3

ચાલિ (4) દિશિકુમરિ કરે ઓચ્છવ, આસન કંપે ઇંદ;
સુઘોષે રે ઘંટ વિમાનની, આવે મિલી સુરવૃંદ;
પંચરૂપ કરિ હરિ સુર, ગિરિશિખરે લેઈ જાય;
ન્હવરાવે પ્રભુ ભગતેં, ક્ષીરસમુદ્ર જલ લાય.

અર્થ: ભગવાનના જન્મ સમયે આસન કંપ થવાથી
દિશિકુમરીઓ તથા ઇંદ્રો ઉત્સવ કરે.
સુધર્મ વિમાનના ઘંટના રણકારથી દેવોના વૃંદો એકત્ર
મળીને આવે, તે વખતે સુધર્મ ઇંદ્ર પાંચ રૂપ કરીને
ભગવાનને મેરૂ પર્વતના શિખર ઉપર લઈ જાય
અને કળશાઓમાં ક્ષીરસમુદ્રના જળ લાવીને
મહાભક્તિપૂર્વક પ્રભુનો સ્નાત્ર મહોત્સવ કરે. ...4

દુહો (૫): સ્નાત્ર કરતાં જગતગુરુ શરીરે,
સકલ દેવે વિમલ કલશ નીરે;
આપણાં કર્મમલ દૂર કીધાં,
તેણે તે વિબુધ ગ્રન્થે પ્રસિદ્ધા.

અર્થ: અહો જગતના ગુરુ એવા ભગવાનના શરીરે સઘળાં દેવો કલશોના નિર્મળ જળથી સ્નાત્ર કરે અને તે વિષે પોતાના આત્મા ઉપરના કર્મમલને દૂર કરે, તે જ કારણથી સર્વ દેવો શાસ્ત્રોમાં 'વિબુધ' તરીકેની પ્રસિદ્ધિને પામ્યાં છે. ...૫

ઢાલ (૬): હ્વવરાવી પ્રભુ મેહલે રે, જનની પાસે દેવ;
અમૃત ઠવે રે અંગુઠડે, બાલ પીવે અહિ ટેવ,
હંસ - ક્રૌંચ - સારસ થઈ, કાને કરે રસ નાદ,
બાલક થઈ ભેલાં રમે, પૂરે બાલ્ય સવાદ.

અર્થ: સ્નાત્ર કરીને દેવો પ્રભુને માતા પાસે મૂકે અને ભગવાનના અંગુઠે અમૃતનું સ્થાપન કરે. એ અમૃતને બાલપ્રભુ બાલ્યાવસ્થાના સ્વભાવે પીએ. બાલ્યાવસ્થાના બાળ સ્વાદ પૂરવા માટે દેવો બાલક થઈને પ્રભુની સાથે રમે તથા હંસ પક્ષી, ક્રૌંચ પક્ષી અને સારસ પક્ષીનાં રૂપો કરીને પ્રભુના કાનમાં વિવિધ પ્રકારના નાદ કરે. ...૬

દુહો (૭): બાલતા અતિક્રમે તદ્રૂપ ભાવે,
ઉચિત સ્થિતિ ભોગ સંપત્તિ પાવે;
દ્રષ્ટિ કાંતાઈ જો શુદ્ધ જોવે,
ભોગ પિણ નિર્જરા હેતુ હોવે.

અર્થ: બાલ્યાવસ્થાનું ઉલ્લંઘન કરી પ્રભુ તદ્રૂપભાવને પામે, ત્યારે તે અવસ્થાને ઉચિત એવા સૌ ભોગોને 'ઉચિત સ્થિતિ' માનીને ભોગવે. છઠ્ઠી 'કાંતા' નામની શુદ્ધ દ્રષ્ટિથી વિચાર કરતાં જ્ઞાનીને સર્વ ભોગ પણ નિર્જરા એટલે કે કર્મક્ષયના હેતુરૂપ બને. ...૭

'યોગદ્રષ્ટિ' સજ્ઝાય, ઢાળ ૬, ગાથા - ૭માં કહ્યું છે કે:

'એહવે જ્ઞાને રે વિઘન નિવારણો,
ભોગ નહિ ભવ હેત;
નવિ ગુણ - દોષ, ન વિષય સ્વરૂપથી,
મન ગુણ - અવગુણ ખેત...
ધન ધન શાસન શ્રી જિનવર તણું.'

અર્થ: વિષયોમાં દોષદ્રષ્ટિવાળા આક્ષેપક જ્ઞાનવંતને ભોગ પણ ભવના હેતુ બનતાં નથી. વિષયો સ્વરૂપથી ગુણ કે દોષના કારણ નથી. ગુણ-દોષનું વાસ્તવિક ક્ષેત્ર મનુષ્યનું મન છે.

ચાલિ (૮): પરણી તરુણી મન હરણી, ઘરણી તે સોભાગ,
શીલા ગર્વ અભાવ, ઘર રહેતાં વૈરાગ;
ભોગ સાધન જબ છંડે, મંડે વ્રતશું પ્રીતિ,
તબ અવસર વિરાજે, વૈરાગી પ્રભુ નીતિ.

અર્થ: ઉત્તમ ભાગ્યયોગે મનહરણી તરુણીને પ્રભુ પરણે અને ઘરવાસની શીલાના ગર્વરહિત સદા ભગવાન વૈરાગ્યભાવથી ઘરમાં રહે. પ્રભુ વ્રત ઉપર પ્રીતિ કરીને ભોગનાં સાધનોને છોડવા તૈયાર થાય, ત્યારે પ્રભુનો એ વૈરાગ્ય અવસરમાં દીપી નીકળે (ઘરવાસમાં પણ પ્રભુ અંતરથી તો વિરાગી જ હોય છે પણ એ વૈરાગ્ય અવસરમાં ત્યારે જ દેખાય, જ્યારે પ્રભુ ભોગસાધનોને છોડીને વ્રત અંગીકાર કરવા તૈયાર થાય છે). ...૮

દુહો (૯): દેવ લોકાંતિક સમય આવી,
લેઈ વ્રત સ્વામી તીરથ પ્રભાવી;
ઉગ્ર તપ - જપ કરી કર્મ ગાલે,
કેવલ લેઈ નિજ ગુણ સંભાલે.

અર્થ: દીક્ષાસમયે ૯ લોકાંતિક દેવો 'પ્રભુ તીર્થ પ્રવર્તાવો' વિનંતિ કરે. તીર્થપ્રભાવક સ્વામી 'નમો તિત્થસ્સ |' કરી વ્રત ધારી ઉગ્ર તપ - જપ કરી ઘાતિકર્મને ગાળી નાંખી કેવળજ્ઞાનરૂપ આત્મગુણને સંભાળે - પ્રાપ્ત કરે. ...૯

ચાલ (૧૦): ચઉત્રીસ અતિશય રાજતાગાજતા ગુણ પાંત્રીસ;
વચન ગુણમહિમ માહિ, પ્રાતિહાર્ય આઠ ઈસ;
મૂલાતિશય જે ચ્યાર, તે ચાર ભુવન ઉપગાર;
કરણ દુઃખ ગુણ વરણ, ભવતારણ અવતાર.

અર્થ: કેવલ થયાં બાદ પ્રભુ ૩૪ અતિશયોથી શોભે છે, વચનના ૩૫ ગુણોથી ગાજે છે. પ્રભુની વચન ગુણરૂપી મહિમાઓની ખાણ સમાન હોય છે. પ્રભુને ૮ પ્રાતિહાર્યની પૂજા પ્રાપ્ત થાય છે. પ્રભુના ૪ શ્રેષ્ઠ મૂળ અતિશયો ત્રણે ભુવનને ઉપકાર કરનારા હોય છે. પ્રભુનો અવતાર પ્રાણીઓના દુઃખસમૂહના નિવારણનું કારણ તથા ભવ્ય જીવોને અશુભ સંસારથી પાર ઉતારનાર હોય છે. ...૧૦

દુહો (૧૧): દેહ અદ્ભુત રુચિર રૂપ ગંધ,
રોગ મલ સ્વેદનો નહિ સંબંધ;
શ્વાસ અતિ સુરભિ ગોખીર ધવલ,
રુધિર ને માંસ અહાનિશ અમલ.

અર્થ: (હવે પ્રભુના ૪ મૂલાતિશય) (૧) પ્રભુનું શરીર અદ્ભુત, દેહનું રૂપ - ગંધ મનોહર હોય છે. (૨) દેહમાં રોગ, મલ કે પ્રસ્વેદ (પરસેવા)નો સંબંધ હોતો નથી. (૩) શ્વાસ અતિ સુગંધી હોય છે. (૪) શરીરના રુધિર - માંસ ગાયના દૂધ સમ સ્વચ્છ - ધવલ - દુર્ગંધ વિના હોય. ...૧૧

ચાલિ (૨૨): કરે ઈ ભવસ્થિતિ પ્રભુ તણી લોકોત્તર ચમત્કાર,
ચર્મચક્ષુ ગોચર નહિ, જે આહાર - નિહાર;
અતિશય એહ જ સહજના, ચાર ધરે જિનરાય,
હવે કહિએ ઈગ્યાર જે, હોઈ ગએ ઘનઘાય.

અર્થ: પ્રભુની ભવસ્થિતિ લોકોત્તર ચમત્કાર કરનારી છે, કેમકે પ્રભુના આહાર - નિહાર (મલમૂત્ર) ચર્મચક્ષુના વિષય નથી. આમ જિનવર સહજ એટલે જન્મજાત ૪ અતિશયો ધારણ કરે છે. હવે ૧૧ અતિશયો કહીએ છીએ કે જે ઘનઘાતિ કર્મનો નાશ થવાથી પ્રગટ થાય છે. ...૨૨

ઢાળ (૨૩): ક્ષેત્ર એક જોજન મેં ઉચ્છાહિં,
દેવ - નર - તિરિય બહુ કોડિમાંહિ;
જોજન ગામિણી વાણી ભાસે,
નર - તિરિય - સુર સુણે નિત ઉલ્લાસે.

અર્થ: (૧) પ્રભુના અતિશયથી એક જોજન પ્રમાણ ક્ષેત્રમાં કોડોગમે દેવો, મનુષ્યો અને તિર્યંચો સમાઈ જાય છે.
(૨) શ્રી જિનેશ્વર ભગવંત એક જોજન પ્રમાણ સુધી ફેલાઈ જનારી વાણી વડે ધર્મને કહે છે અને તે વાણીને સર્વ મનુષ્યો ઉપરાંત તિર્યંચો અને દેવો ઉલ્લાસપૂર્વક સાંભળે છે. ...૨૩

ચાલિ (૨૪): જોજન શત એકમાંહિ, જિહાં જિનવર વિચરંત;
ઈતિ, મારિ, દુરભિક્ષ, વિરોધ, વિઆધિ ન હુંત;
સ્વ પર ચક્ર - અતિવૃષ્ટિ, અવૃષ્ટિ ભયાદિક જેહ;
તે સવિ દૂરિ પલાયે, જિમ દવ વરસત મેહ.

અર્થ: જ્યાં જિનેશ્વર ભગવંત વિચરે છે, ત્યાં એકસો જોજનથી અધિક ક્ષેત્રમાં. (૩) ઈતિ એટલે ધાન્યના ઉપદ્રવો. (૪) મારિ એટલે મરકી (પ્લેગ). (૫) દુર્ભિક્ષ એટલે દુષ્કાળ. (૬) વિરોધ એટલે પરસ્પર વૈર. (૭) વિઆધિ એટલે રોગો, જ્વરાદિ વ્યાધિઓ. (૮) સ્વપર ચક્ર એટલે સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રના ઉપદ્રવો. (૯) અતિવૃષ્ટિ એટલે અધિક વરસાદ. (૧૦) અવૃષ્ટિ એટલે વરસાદનો અભાવ એટલે દુકાળ વિગેરે સૌ ભયો પલાયન કરી જાય છે, જેમ વરસતાં વરસાદથી જંગલનો અગ્નિ શમી જાય, તેમ શમી જાય છે. ...૨૪

દુહો (૨૫): તરણિ મંડલ પરે તેજ તાજે,
પૂંઠિ ભામંડલ વિપુલ રાજે;
સુરકૃત અતિશય એહ ભણિયે, એક ઉણાં હવે વીસ કહીએ.

અર્થ: (૧૧) ભગવંતના મસ્તકની પાછળ સૂર્યના મંડલ જેવું અતિ તેજસ્વી અને વિસ્તીર્ણ ભામંડલ અર્થાત્ તેજનું મંડલ શોભે છે. હવે એક ન્યૂન વીસ એટલે ૧૯ દેવકૃત અતિશયોને કહીએ છીએ. ...૨૫

ચાલ (૧૬) : ધર્મચક્ર શુચિ ચામર વપ્રત્રય વિસ્તાર,
છત્રત્રય સિંહાસન દુંદુભિનાદ ઉદાર;
રત્નમય ધ્વજ ઊંચો, ચૈત્ય દ્રુમ સોહંત,
કનક કમલ પગલાં ઠવે, ચઉમુહ ધર્મ કહંત.

અર્થ: (૧) પ્રભુની આગળ ધર્મચક્ર ચાલે. (૨) પ્રભુને બે બાજુ શ્વેત ચામર વીંઝાય. (૩) પ્રભુના સમવસરણમાં વિશાળ ત્રણ ગઢ હોય. (૪) પ્રભુમસ્તક ઉપર ઉપરાઉપરી ત્રણ છત્ર દેવતાઓ રચે. (૫) પ્રભુને બેસવા સુવર્ણનું સિંહાસન દેવતાઓ રચે. (૬) ભગવાન જ્યાં વિચરે, ત્યાં દેવતાઓ આકાશમાં ઉચ્ચ સ્વરે દુંદુભિનાદ કરે. (૭) પ્રભુ આગળ એક હજાર યોજન ઊંચો રત્નજડિત ધ્વજ ચાલે. (૮) સમવસરણભૂમિમાં પ્રભુના શરીરથી ૧૨ ગણું ઊંચું હોય, સુશોભિત અશોકવૃક્ષ દેવતાઓ રચે. (૯) વિહાર સમયે ૯ સુવર્ણના કમલ ઉપર અનુક્રમે સ્વ પદ સ્થાપન કરીને શ્રી જિનેશ્વર ભગવંત ચાલે. (૧૦) અતિ વિશાળ સમવસરણની પૂર્વ દિશા સન્મુખ પ્રભુ બિરાજમાન થાય અને બાકીની ત્રણ દિશાએ દેવલોકના સૌ દેવો ભગવાનના પ્રતિબિંબને સ્થાપે.

એ રીતે ચતુર્મુખે પ્રભુ ધર્મદેશનાને કરે.

દુહો (૨૭): વાયુ અનુકૂલ સુખકર વાયે,
કંટકા ઊંધે મુખ સકલ થાયે;
સ્વામી જબહિ વ્રતયોગ સાધે,
કેશ - નખ - રોમ તબહિ ન વાધે.

અર્થ: (૧૧) સુખકારક અનુકૂળ વાયુ વાય. (૧૨) સર્વત્ર કાંટા અધોમુખ થાય. (૧૩) પ્રભુજી જ્યારે દીક્ષા અંગીકાર કરે અને મુક્તિમાર્ગની સાધના શરૂ કરે, ત્યારથી મસ્તકના વાળ, હાથ - પગના નખ તથા શરીરના રોમરાજિ હોય, તેટલાં અવસ્થિત રહે (વધે નહિ). ...૨૭

ચાલિ (૨૮): કોડિ ગમે સુર સેવે, પંખી પ્રદક્ષિણા દંતિ,
ઋતુ અનુકૂલ કુસુમભર, ગંધોદક વરસંતિ;
વિષય સર્વ શબ્દાદિક, નવિ હોવે પ્રતિકૂલ,
તરુ પણ આવિ શિર નામે, જિનવરને અનુકૂલ.

અર્થ: (૧૪) જઘન્યથી એક ક્રોડની સંખ્યામાં દેવો પ્રભુની સેવામાં હાજર રહે. (૧૫) પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા આપે. (૧૬) છએ ઋતુ પોતપોતાના પુષ્પોથી ભરપૂર - અનુકૂળ રહે. (૧૭) દેવતાઓ સુગંધી જળની વૃષ્ટિ કરે. (૧૮) ઇંદ્રિયોના શબ્દાદિક પાંચે વિષય પ્રતિકૂળતાનો ત્યાગ કરે તથા (૧૯) પ્રભુને સઘળાં વૃક્ષો શિર નમાવી અનુકૂળતા જતાવે.
...૨૮

દુહો (૧૯): હવે કહું જે પાંત્રીસ વાણી,
ગુણ સકલ ગુણ તણા જેહ ખાણી;
પ્રથમ ગુણ જેહ સંસ્કારવંત,
ઉદાત્ત ગુણ અપર સહિ સુણો સંત.

અર્થ: હવે પ્રભુની વાણીના પાંત્રીસ (૩૫) ગુણ કહું છું, જે ગુણો સકલ ગુણોની ખાણ રૂપ છે. તેમાં...

(૧) વાણીનો પહેલો ગુણ સંસ્કારવંત એટલે વ્યાકરણ આદિ ભાષાશાસ્ત્રના નિયમોથી યુક્ત હોય.
(૨) બીજો ગુણ ઉદાત્ત એટલે ઉચ્ચ સ્વરે બોલાતી હોય, જેને સૌ ઉત્તમ શ્રોતાઓ એકસરખી રીતે સાંભળે. ...૧૯

ચાલ (૨૦): શબ્દ ગંભીરપણું જિહાં વલી ઉપચારોપેત,
અનુનાદિત્વ સરલતા ઉપનીત રાગ સમેત;
શબ્દાતિશય એ સાત, અર્થાતિશય હવે બોધ,
મહાર્થતા અવ્યાહત શિષ્ટપણું ગુણ હોય.

અર્થ: (૩) મેઘ જેવા ગંભીર શબ્દવાલી. (૪) ઉપચારોપેત એટલે ઉપચાર સહિત (શહેરી જેવી, ગામડીયા જેવી નહિ) (૫) અનુનાદિત્વ એટલે પડઘાને પાડનારી. (૬) સરલ સહેલી અને (૭) ઉપનીત રાગયુક્ત એટલે માલકૌંસાદિ રાગોથી સહિત, એ ૭ અતિશયો શબ્દની અપેક્ષાએ છે.

હવે અર્થના અપેક્ષાએ જે અતિશયો છે, તે જાણો:
(૮) મહાર્થતા અને મોટા અર્થ, વિસ્તૃત કે અભિધેયવાળી.
(૯) અવ્યાહત એટલે કે પૂર્વાપર વિરોધ વિનાની વાણી.
(૧૦) શિષ્ટપણું એટલે વક્તાની શિષ્ટતાસૂચક, શાસનના અભિમત સિદ્ધાંતને કહેનારી વાણી પ્રભુની છે. ...૨૦

<u>દુહો (૨૧)</u>: ગુણ અસંદિગ્ધ વિગતોત્તરત્વ,
જનહૃદયગામિ ગુણ મધુરત્વ;
પૂર્વ અપરાર્થ સાકાંક્ષ ભાવ,
નિત્ય પ્રસ્તાવ ઉચિત સ્વભાવ.

<u>અર્થ</u>: (૧૧) અસંદિગ્ધ ગુણવાળા એટલે જેમાં સંદેહ ન જન્મે તેવા. (૧૨) વિગતોત્તરત્વ એટલે પરના દૂષણરહિત. (૧૩) જનહૃદયગામિ એટલે લોકના હૃદયને ખેંચનારી અને મધુરતા ગુણવાળા. (૧૪) પૂર્વાપર અર્થની સાપેક્ષતાવાળી. (૧૫) પ્રસ્તાવ ઉચિત એટલે પ્રસંગને યોગ્ય, દેશકાળને નહિ ઉલ્લંઘનારી એવા ભગવાનની વાણી છે. ...૨૧

<u>ચાલ (૨૨)</u>: તત્ત્વનિષ્ઠ અપ્રકીર્ણપ્રસૃત નિજ શ્લાઘા,
અન્ય નિંદરહિત અભિજાત મધુર અને સ્નિગ્ધ;
(તે) ધન્ય મર્મ ન વીંધે, ઉદાર ત્રિવર્ગ પ્રતિબદ્ધ,
કારકાદિ અવિપર્યય વિભ્રમરહિત સુબદ્ધ.

અર્થ: (૧૬) તત્ત્વનિષ્ઠ એટલે વિવક્ષિત વસ્તુસ્વરૂપને અનુસરનારી વાણી. (૧૭) અપ્રકીર્ણપ્રસૃત એટલે સુસંબંધ (અસંબંધ અધિકાર અને અતિ વિસ્તાર વિનાની). (૧૮) પોતાની પ્રશંસા અને અન્યની નિન્દાથી રહિત. (૧૯) અભિજાત એટલે વક્તા અને પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરતી. (૨૦) ઘી-ગોળની જેમ અતિસ્નિગ્ધ અને અતિમધુર. (૨૧) ઇન્દ્ય એટલે પ્રશસ્ય. ઉપર્યુક્ત ગુણો હોવાથી ઇન્દ્યવાદને પાત્ર. (૨૨) પરના મર્મને ન વીંધનારી એટલે પારકાના દોષોને - છિદ્રોને ઉઘાડા નહિ પાડનારી. (૨૩) ઉદાર એટલે મહાન વિષયને કહેનારી જિનવરવાણી. (૨૪) ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ અને કામ - એ ત્રણ વર્ગથી અથવા એ પુરુષાર્થ વડે પ્રતિબદ્ધ. (૨૫) કારકાદિ અવિપર્યસ્ત એટલે કારક, કાળ, વચન, લિંગ વગેરેના વ્યત્યયવાળા વચનદોષરહિત. (૨૬) વિભ્રમરહિત એટલે વક્તાના માનસિક દોષો ચિત્તવિક્ષેપાદિથી રહિત. ...૨૨

દુહો (23): ચિત્રકર અદ્ભુતાનતિ વિલંબ,
જાતિ સુવિચિત્ર સુશ્લિષ્ટ બિંબ;
સત્ય પર વર્ણ પદ વાક્ય શુદ્ધ,
નહિ ય વિચ્છેદ ખેદે ન રુદ્ધ.

અર્થ: (૨૭) ચિત્રકર એટલે શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી પ્રભુવાણી. (૨૮) અદ્ભુત. (૨૯) અનતિવિલંબ એટલે અતિવિલંબથી રહિતપણે. (૩૦) જાતિ સુવિચિત્ર એટલે અનેક જાતિની વિચિત્રતાઓવાળી, વિવિધ વર્ણનીય વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી. (૩૧) સુવિશેષ લિંગ એટલે કે અન્ય મનુષ્યોના વચનોની અપેક્ષાએ વિશેષતાવાળી. (૩૨) સત્વ પર એટલે સાહસતાવાળી. (૩૩) વર્ણ-પદ-વાક્ય શુદ્ધ એટલે વર્ણ, પદ અને વાક્યની પૃથક્તાવાળી. (૩૪) વિચ્છેદ વિભ્રમની એટલે વિવક્ષિત અર્થની સમ્યક્ સિદ્ધિ ન થાય, ત્યાં સુધી અવિચ્છિન્ન ધારાવાળી. (૩૫) ખેદ ન કરે એટલે વિના પરિશ્રમે બોલાતી વાણી. ... ૨૩

ચાલિ (૨૪): ઈમ પાંત્રીસ ગુણે કરી, વાણી વદે અરિહંત;
સર્વ આયુ જો કોઈ સુણે, તો નહીં ભૂખ ન ભ્રાંત;
રોગ શોગ ન જાગે, લાગે મધુર અત્યંત;
ઈહાં આવશ્યક ભાખ્યો, 'ત્રિઠિ' દાસી દૃષ્ટાંત.

(જુઓ - આવશ્યક સૂત્ર, વિભાગ ૧, ગા. ૫૭૯, પૃ. ૨૩૭)

અર્થ: એ રીતે પાંત્રીસ ગુણોએ કરી અલંકૃત વાણી અરિહંતો વદે-બોલે છે, તેને જો કોઈ સર્વ આયુષ્ય

પર્યંત સાંભળે, તો તેને ભૂખ અથવા થાક લાગે નહીં, રોગ - શોક જાગે નહીં તથા તે અત્યંત મધુર લાગે.

આ માટે આવશ્યક સૂત્રમાં 'ચિઠિ' દાસીનું દૃષ્ટાંત છે.

એક વચ્છીયાની 'ચિઠિ' નામે બુઢ્ઢી દાસી એક દિવસે સવારે કાષ્ઠ લેવા જંગલમાં ગઈ. ભૂખ - તરસથી પીડિત મધ્યાહ્ન સમયે પાછી આવી. વચ્છીયાએ 'ઘણાં થોડા કાષ્ઠ લાવી' એમ કહીને ભૂખી અને તરસી એવા તેણીને ફરી મોકલી. કાષ્ઠનો ભારો લઈને પાછલા પહોરે તે પાછી ફરી. જેઠ મહિનાનો દિવસ હતો. પાછા ફરતાં રસ્તામાં ભારામાંથી એક કાષ્ઠ નીચે પડ્યું. તેને લેવા માટે તે નીચી નમી, તે વખતે પ્રભુ તીર્થંકર યોજનવ્યાપિ સ્વર દ્વારા ધર્મદેશના આપી રહ્યાં છે, તે શબ્દને સાંભળતી એવી તે સ્થવિરા (ડોસી) તેવા જ રીતે નમેલાં શરીરવાળી દેશના સાંભળવા લાગી. ગરમી, ભૂખ, તરસ, પરિશ્રમને ભૂલી ગઈ. સૂર્યાસ્ત સમયે ભગવાન ધર્મ કહીને ઉઠી ગયાં પછી સ્થવિરા વચ્છીયાના ઘરે પરત ગઈ. આ રીતે શ્રોતા સર્વ આયુષ્ય સુધી ભગવાન પાસે રહે અને ભગવાન જો સતત ધર્મને કહે તો પણ થાક લાગે નહિ તથા ટાઢ, તડકો, ભૂખ, તરસ, પરિશ્રમ તથા ભય જણાય નહિ. ...૨૪

દુહો (૨૫): દેવદુંદુભિ કુસુમવૃષ્ટિ છત્ર,
દિવ્ય ધ્વનિ ચામર આસન પવિત્ર;
ભવ્ય ભામંડલ દ્રુમ અશોક,
પ્રાતિહાર્ય હરે આઠ શોક.

અર્થ: કેવલજ્ઞાન થયે પ્રભુ જે ૮ પ્રાતિહાર્યોથી પૂજાય છે, તેના નામ : (૧) દેવદુંદુભિ (૨) પુષ્પવૃષ્ટિ (૩) ત્રણ છત્ર (૪) દિવ્ય ધ્વનિ (૫) ચામર જોડ (૬) પવિત્ર સિંહાસન (૭) ભવ્ય ભામંડલ (૮) અશોકવૃક્ષ. આ આઠ પ્રાતિહાર્યો જગતજીવોના દરેક પ્રકારના શોકને હરનાર છે. ...૨૫

ચાલ (૨૬): રાગાદિક જે અપાય તે, વિલય ગયા સવિ દોષ,
ઉદય જ્ઞાન દિવાકર, જય જય હુઓ જગ ઘોષ;
વચણી કુમતિ કૃપાણ, ત્રિભુવન જન ઉપકાર,
પામે જન જે વ્યાપક, મૂલાતિશય ચઉ સાર.

અર્થ: (૧) રાગાદિક જે અપાય એટલે કષ્ટકારી દોષ, તે સૌ દોષોના વિલય થઈ જવાથી અપાયાપગમાતિશય.

(૨) જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી જ્ઞાનાતિશય, જેનાથી જગતમાં 'જય' 'જય' શબ્દની ઉદ્ઘોષણા થઈ. (૩) કુમતિને કાપવા માટે કૃપાણ સમાન પ્રભુની વચણી તે વચનાતિશય. (૪) ત્રણ ભુવનના ઉત્તમ જીવો તરફથી

ભગવાનનો મૂળોપચાર તે મૂળાતિશય છે. આ રીતિએ ભગવાનના મૂળ ચાર અતિશયો જણાવ્યા છે. ...૨૬

દુહો (૨૭): મહા માહણ મહા ગોપ નાહ,
મહા નિર્યામક મહા સત્થવાહ;
બિરૂદ મહાકવિ તણું જે ધરંત,
તેહના ગુણ ગાઉં કુણ અનંત?

અર્થ: (૧) મહામાહણ એટલે 'સૌ જીવ કોઈપણ જીવની હિંસા કરો નહિ!' એવો અખંડ ઉપદેશ આપનાર.
(૨) મહાગોપ એટલે મહાગોવાળ.
ભવ્ય જીવોરૂપી ગાયોને નિર્વિઘ્ને મોક્ષપુર પહોંચાડનાર.
જરા-મરણાદિ રોગ હરીને નિર્વાણ સુખને પમાડનાર.
(૩) નાહ એટલે નાથ, યોગક્ષેમકર. (૪) મહાનિર્યામક યાને ભવસમુદ્રનો પાર પમાડનાર, નિપુણ નિર્યામક, મિથ્યાત્વ રૂપી પ્રતિકૂળ વાયુને બચાવ લઈ સમ્યક્ત્વરૂપી અનુકૂળ વાયુના યોગે ભવ્ય જીવોરૂપી નાવડીઓને યથાવસ્થિત જ્ઞાનરૂપી કર્ણધાર વડે ભવસમુદ્રનું ઉલ્લંઘન કરાવીને મોક્ષ બંદરે પહોંચાડનાર. (૫) મહાસત્થવાહ એટલે મોટાં સાર્થવાહ, ભવ્યજીવો રૂપી સર્વ મુસાફરોને ધર્મકથા રૂપી ઉદ્‌ઘોષણા દ્વારા એ સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગ રૂપી

સ્વરૂપ અને ચરમાર્ગે, ઈપ્સિતપુર એવા મુક્તિનગરીમાં લઈ જનાર. (૬) મહાકવિ અરિહંત મહાન ધર્મોપદેશક. એવા મહાજિનેશ્વરોને ઓળખાણ કરનાર એવા અરિહંત પ્રભુના અનંત ગુણોને કોણ ગણી શકે? કોઈ જ નહિ. ...૨૭

ચાલિ(૨૮): પુષ્ક મહાતરૂ ફૂલ દલ, નિર્મલ ગુણ તે અન્ય,
અન્ય તે ક્ષાયિક સંપત્તિ, ઉપકારે કરી ધન્ય;
ક્ષીર નીર સુવિવેક જિમ, અનુભવ હંસ કરેઈ,
અનુભવ વૃત્તિ રે રાચે, અરિહંત ધ્યાન ધરેઈ.

અર્થ: પુષ્કરદ્રુમ મહાવૃક્ષના ફૂલ, પત્ર, કુંપળ આદિ ગુણ તે જુદા છે અને અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય આદિ ક્ષાયિકભાવની સંપત્તિ તે જુદી છે. એ બંને વડે પ્રભુ ઉપકાર કરી ધન્ય બને છે. આમ પ્રભુની પુષ્કર અને ક્ષાયિક સંપત્તિનો વિવેક કરીને હંસ જેમ ક્ષીરનીરને જુદા કરે, તેમ અનુભવરૂપી હંસ વડે પ્રભુના ઔદયિક અને ક્ષાયિકભાવને જુદા પાડી જે અરિહંત પ્રભુનું ધ્યાન ધરે છે, તે અનુભવવૃત્તિએ રાચે છે અને અનુક્રમે પોતાના આત્માના ક્ષાયિકભાવોને પ્રગટાવનાર બને છે. દ્રવ્ય-ગુણ તથા પર્યાય વડે પરમાત્મતુલ્ય આત્મભાવના ધ્યાનથી પરમાત્મસ્વરૂપને પામે છે. ...૨૮

દુહો (૨૯): બુદ્ધ અરિહંત ભગવંત ત્રાતા,
વિશ્વવિભુ શંભુ શંકર વિધાતા;
પરમ પરમેષ્ઠિ જગદીશ નેતા,
જિન જગનાહ ઘનમોહ જેતા.

અર્થ: હવે અરિહંત પ્રભુના પર્યાયવાચક નામો કહે છે:
(૧) બુદ્ધ = કેવલી (૨) અરિહંત = કર્મશત્રુને હણનારા
(૩) ભગવંત = ઐશ્વર્યયુક્ત (૪) ત્રાતા = ૩ લોકના બંધુ
(૫) વિશ્વવિભુ = વિશ્વસ્વામી (૬) શંભુ = સુખસ્થાન
(૭) શંકર = કલ્યાણકર (૮) વિધાતા = મોક્ષમાર્ગ રચનાર
(૯) પરમ = સર્વોત્કૃષ્ટ (૧૦) પરમેષ્ઠિ = પરમ પદે રહેલાં
(૧૧) જગદીશ = જગના ઈશ (૧૨) નેતા = ભવ્ય જીવોના નાથ
(૧૩) જિન = રાગાદિ દોષો જિતનારા (૧૪) જગનાહ = ભવ્ય
જીવોના નાથ (૧૫) ઘનમોહજેતા = ગાઢ મોહ જિતનારા. ...૨૯

ચાલિ (૩૦): મૃત્યુંજય વિષહરણ જગતારણ ઈશાન,
મહાદેવ મહાવ્રતધર મહાઈશ્વર મહાજ્ઞાન;
વિશ્વલોચન ધ્રુવધારક પાલક પુરુષ પુરાણ,
બ્રહ્મ પ્રજાપતિ શૂલપતિ ચતુરાનન જગત્રાણ.

અર્થ: (૧૬) મૃત્યુંજય = મૃત્યુને જિતનારા.
(૧૭) વિષહરણ = મોહવિષનો નાશ કરનારા.

(૧૮) જગતારક = અહો જગતને તારનારા.
(૧૯) ઈશાન = ત્રિભુવનના માલિક (૨૦) મહાદેવ = સર્વ દેવોમાં મહાન (૨૧) મહાવ્રતધર = મોટા વ્રતોના ધારક (૨૨) મહાઈશ્વર = મોટા ઈશ્વર (૨૩) મહારાજ = મોટા અથવા ઉપશમભાવને ધારણ કરનારા (૨૪) વિશ્વકર્મા = વિશ્વના કલ્યાણના આદિ કારણ (૨૫) ધ્રુવધારક = ધ્રુવ અથવા આત્મસ્વરૂપના ધારક (૨૬) પાલક = સર્વ જીવ લોકને પાળનારા (૨૭) પુરુષ પુરાણ = પુરાણપુરુષ ધર્મની આદિ કરનારા ઋષભાદિ આદિ પુરુષ (૨૮) બ્રહ્મ = બ્રહ્મ-સ્વરૂપ (૨૯) પ્રજાપતિ = સૌ પ્રાણીના રક્ષક (૩૦) શુભમતિ = ઉત્તમમતિવાળા (૩૧) ચતુરાનન = ચાર મુખે ધર્મદેશના દેનારા (૩૨) જગભાનુ = જગતને વિષે વ્યાપેલા અજ્ઞાન -અંધકારને દૂર કરવા માટે સૂર્ય સમાન પ્રભુ. ...30

દુહો (૩૧): ભદ્ર ભવ અંતકર શાંત આનંદ,
કમળ કવિ સાત્વિક પ્રીતિકંદ;
જગપિતામહ મહાનંદદાયી,
સ્થવિર પદ્માશ્રિત પ્રભુ અમાયી.

અર્થ: (૩૩) ભદ્ર = કલ્યાણસ્વરૂપ.
(૩૪) ભવ અંતકર = સંસારનો અંત લાવનાર.

(૩૫) શત આનંદ = સેંકડો જીવોને આનંદ આપનાર યા સેંકડો આનંદ અનુભવનાર (૩૬) કમન = કમનીય, મનોહર (૩૭) કવિ = કાવ્યમય વચનોથી ઉપદેશ આપનાર (૩૮) સાત્ત્વિક = સત્ત્વગુણની પ્રધાનતાવાળા (૩૯) પ્રીતિકંદ = પ્રીતિને ઉત્પન્ન કરવા માટે કંદ યા મૂળ સમાન (૪૦) જગપિતામહ = જગતના પિતાના પિતા, જગતપાલક જે ધર્મ, તે જગતનો પિતા છે, તે ધર્મને અર્થાત્ કહેનારા તીર્થંકર ધર્મના પણ પિતા છો, તેથી પિતામહ છો (૪૧) મહાનંદદાયી = મહાનંદ એટલે મોક્ષ, તેને આપનારા (૪૨) સ્થવિર = આત્મસ્વરૂપમાં સ્થિર (૪૩) પદ્માશ્રય = બાહ્યાભ્યંતર લક્ષ્મીના આશ્રયસ્થાન (૪૪) પ્રભુ = સમર્થ (૪૫) અમાયી = માયાના સર્વ લેશથી પણ રહિત. ...૩૧

ચાલ (૩૨): વિષ્ણુ જિષ્ણુ હરિ અચ્યુત પુરુષોત્તમ શ્રીકંત,
વિશ્વંભર ધરણીધર નરક તણો કરે અંત;
ઋષિકેશ બલિસૂદન ગોવર્ધનધર ધીર,
વિશ્વરૂપ વનમાલી જલશય કુહરશરીર.

અર્થ: (૪૬) વિષ્ણુ = સર્વવ્યાપી (જ્ઞાન વડે) (૪૭) જિષ્ણુ = વિષયકષાયને જીતનારા (૪૮) હરિ = પાપને, ભવ્ય જીવોના મળને હરનારા (૪૯) અચ્યુત = સ્વસ્વરૂપચ્યુત ન થનારા.

(૫૦) પુરુષોત્તમ = સૌ પુરુષોને વિષે ઉત્તમ (૫૧) શ્રીકંત = કુવલયાલરૂપ લક્ષ્મીના પતિ (૫૨) વિશ્વંભર = વિશ્વને પાલન કરનારા (૫૩) ધરણીધર = મહાન પર્વતની જેમ નિષ્પ્રકંપ (૫૪) નરકનો અંત કરનાર = આરાધક આત્માની નરકગતિનો છેદ કરનાર (૫૫) હૃષિકેશ = ઇંદ્રિયોના સ્વામી, ઇંદ્રિયોને વશ કરનારા (૫૬) બલિસૂદન = પાપ રૂપી દૈત્યનો નાશ કરનારા (૫૭) ગોવર્ધનધર = ગો એટલે ઇંદ્રિયો, તેને વર્ધન એટલે પુષ્ટ કરનાર એવું જે મન, તેને ધરનારા - વશ કરનાર (૫૮) ધીર = કુવલયાલ રૂપ બુદ્ધિ શોભનારા અથવા નિશ્ચલ (૫૯) વિશ્વરૂપ = સર્વ વસ્તુઓને જાણનારા (૬૦) વનમાળી = અનેક સેવકોના સમૂહથી શોભતા (૬૧) જલશાય = ઉપશમરસમાં સ્નેહે ઝીલનારા (૬૨) પુણ્યશરીર = પવિત્ર શરીરવાળા. ...32

દુહો (33) : આર્ય શાસ્તા સુગત વીતરાગ,
અભયદાતા નષ્ટાગત અનાગ;
નામ ઇત્યાદિ અવદાત જાસ,
તેહ પ્રભુ પ્રણમતાં હિયો ઉલ્લાસ.

અર્થ: (૬૩) આર્ય = શ્રેષ્ઠ (૬૪) શાસ્તા = શાસન કરનારા (૬૫) સુગત = સુંદર જ્ઞાનવાળા (૬૬) વીતરાગ = દ્વેષ નષ્ટા

મોહરહિત (૬૭) અભયદાતા = જીવોને અભય આપનારા (૬૮) તથાગત = વસ્તુ જે સ્વરૂપે છે, તે સ્વરૂપે તેને જાણનારા (૬૯) અનાગા = સુંદર, સૌમ્ય, શાંત ઇત્યાદિ નિર્મળ નામો જેમના છે, તે અરિહંત પ્રભુને પ્રણમતાં, નમન કરતાં ઉલ્લાસ આપો, આત્મવીર્યોલ્લાસ વધો. ...33

<u>ચાલિ (૩૪)</u>: નમસ્કાર અરિહંતને, વાસિત જેહનું ચિત્ત;
ધન્ય તેહ કૃત પુણ્ય તેહ, જીવિત તાસ પવિત્ત.
આર્તધ્યાન તસ નવિ હુએ, નવિ હુએ દુરગતિ વાસ;
ભવક્ષય કરતાં રે સમરતાં, લહીએ સુકૃત ઉલ્લાસ.

<u>અર્થ</u>: શ્રી અરિહંત પરમાત્માના નમસ્કારથી જેનું ચિત્ત વાસિત છે, જેના ચિત્તમાં અરિહંતનો નમસ્કાર નિરંતર વસે છે, તે પુરુષ ધન્ય છે - કૃતપુણ્ય છે, તેનું જીવિતવ્ય (જીવતર) પવિત્ર છે. તેને આર્તધ્યાન થતું નથી. તેનો દુર્ગતિમાં ક્યારેય વાસ થતો નથી, તે સંસાર ક્ષય કરે છે. અરિહંતના નમસ્કારનું સ્મરણ કરતાં જીવને સુકૃતનો ઉલ્લાસ વધે છે, જીવનું પુણ્ય વૃદ્ધિને પામે છે. ...34

○

<u>અહીં ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વાચક કૃત 'પંચપરમેષ્ઠિ ગીતા'માં રહેલ શ્રી અરિહંત ગુણવર્ણન પૂર્ણ થાય છે.</u>

## ષડ્દર્શનનો સમુચ્ચય કરી નીપજેલાં પ્રધાન પરિણામો

### પ્રમાણશાસ્ત્રની મર્યાદા

(૧) ઇંદ્રિયાધિપત્ય : ચાર્વાક.

(૨) અનિન્દ્રિયાધિપત્ય : વિજ્ઞાનવાદ, શૂન્યવાદ, શાંકરવેદાંત.

(3) ઉભયાધિપત્ય : જૈન, સાંખ્ય, યોગ, મીમાંસા, ન્યાય, વૈશે.

(૪) આગમાધિપત્ય : પૂર્વમીમાંસક.

(૫) પ્રમાણોપપ્લવ : ચાર્વાક, જ્ઞાનના સૌ સાધન વિપ્રલંભક છે.

### પ્રમેયનો વિચાર

અપરિવર્તિષ્ણુ એ વાસ્તવવાદી છે,

બ્રહ્મવાદી અને શૂન્યવાદી એ પરિવર્તિષ્ણુ છે.

(૧) આરંભવાદ : ન્યાય તથા વૈશેષિક.

(૨) પરિણામવાદ : (A) પ્રધાનપરિણામવાદ = સાંખ્યયોગ, ચરક,

(B) બ્રહ્મપરિણામવાદ = પ્રાચીન વેદાન્તી વલ્લભાચાર્ય.

(3) પ્રતીત્ય સમુત્પાદવાદ : બૌદ્ધ.

(૪) વિવર્તવાદ : (A) નિત્ય બ્રહ્મ વિવર્ત - શાંકર વેદાંતી.

(B) ક્ષણિક વિજ્ઞાન વિવર્ત - વિજ્ઞાનવાદી, શૂન્યવાદી.

### તત્ત્વદૃષ્ટિ

વાસ્તવવાદી : ચાર્વાક, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા, બૌદ્ધ, સાંખ્ય, યોગ, વૈભાષિક, સૌત્રાન્તિક, વેદાંતી વગેરે.

અવાસ્તવવાદી: સત્કે વ્યવહારિક - સાંવૃત્તિક છે અને પારમાર્થિક એ વાસ્તવિક છે.

લૌકિક પ્રમાણગમ્ય, વસ્તુપ્રકાશમાત્ર અવાસ્તવિક છે.

વિધિમુખ - એવંવાદી છે તથા નિષેધમુખ - અનેવંવાદી છે.

સત્તાની માત્રામાં અંતર છે, પ્રકારના કે ગુણમાં નહિ.

નિર્વચનીય ભાવો પણ યથાર્થ છે અને

સૂક્ષ્મતમ ભાવો અનિર્વચનીય પણ છે.

જૈનદૃષ્ટિની અપરિવર્તિષ્ણુતા

મહાયાન: વિજ્ઞાનવાદી, શૂન્યવાદી: પરાર્થસિદ્ધિ.

હીનયાન: વૈભાષિક, સૌત્રાન્તિક: સ્વાર્થસિદ્ધિ.

બૌદ્ધોમાં મહાયાન અને વેદાંતમાં શંકર શાખાએ વાસ્તવવાદિત્વને અવાસ્તવવાદિત્વમાં પરિવર્તિત કર્યો.

શંકર વેદાંતમાંથી દૃષ્ટિવાદ - સૃષ્ટિવાદાદિ નીકળ્યાં.

વિશ્લેષણ ક્રિયાની પરાકાષ્ઠામાંથી આ વાદો નીકળ્યાં છે.

અદ્વૈત વિશ્લેષણકારી નાગાર્જુન

અદ્વૈત સમન્વયકર્તા - શંકર, આચાર્ય.

જૈનદર્શન પર્યાયોને વાસ્તવિક માનવા છતાં ય દ્રવ્યને અવાસ્તવિક માનતું નથી, એ જ રીતે એક સત્તત્ત્વને વાસ્તવિક માનવા છતાં પર્યાયોની વાસ્તવિકતાનો તે પરિત્યાગ પણ કરતું નથી.

## સત્કરજ્ઞાન અને યથાર્થજ્ઞાન

(૧) સત્કરજ્ઞાનનો સંભવ હોય તો તે ઇંદ્રિયો દ્વારા જ છે. અનુમાન - શબ્દાદિ પ્રમાણોનું પ્રામાણ્ય ઇંદ્રિય પ્રત્યક્ષના સંવાદ ઉપર અવલંબેલું છે. ઇંદ્રિય પ્રત્યક્ષથી અબાધિત કોઈપણ જ્ઞાનવ્યાપાર પ્રમાણ છે.

(૨) યથાર્થજ્ઞાનનો સંભવ વિશુદ્ધ ચિત્ત દ્વારા જ છે. ઇન્દ્રિયો જ્ઞાન કરાવવામાં પંગુ અને ધોખાબાજ છે. ધ્યાનશુદ્ધ સાત્ત્વિક ચિત્તથી બાધિત કોઈપણ જ્ઞાન પ્રમાણ બની શકતું નથી, લોકોમાં ભલે પ્રમાણ મનાય.

(૩) ઇન્દ્રિયોની મદદથી કે મદદ વિના મન કે આત્માથી પણ યથાર્થ જ્ઞાન થઈ શકે, એવું સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, વૈભાષિક, સૌત્રાન્તિક, મીમાંસક વગેરે માને છે. ન્યાય-વૈશેષિક ઈશ્વર, આત્માથી પણ જ્ઞાન માને છે. સાંખ્યયોગ આત્માનું સ્વતંત્ર પ્રમાણ સામર્થ્ય માનતાં નથી, માત્ર મન અને અંતઃકરણની જ શક્તિ માને છે.

## કયા દર્શનને કેવું વિશ્વ દેખાયું છે ?

(૧) દ્રશ્ય વિશ્વ - પ્રમેય, ચાર્વાક.

(૨) અનિન્દ્રિય પ્રમાણવાદીને અનેક પ્રકારે વિસ્તીર્ણ અકલિત સ્થૂલ - સૂક્ષ્મ, ઉભયરૂપ વિશ્વ દેખાયું.

(૧) જડ - ચેતન, ઉભય (૨) કેવળ ચેતન - વેદાંત
(૩) કેવળ જડ - પાશ્ચાત્ય.

Imp ભારત ચૈતન્યવાદી છે, તે આ અપેક્ષાએ.
બધાં જ દર્શનો સ્થૂળ - સૂક્ષ્મ ચૈતન્યને માને છે, જડને નહિ માનનાર પણ ચૈતન્યને તો માને જ છે, તેથી જ પુનર્જન્મ, કર્મવાદ, બંધ - મોક્ષાદિ આધ્યાત્મલક્ષી ધાર્મિક ભાવવાળું ભારતવર્ષ છે, એ વિષયમાં બધા એકમત છે.

સ્થૂળ અને સૂક્ષ્મનો સંબંધ અથવા
કાર્ય - કારણભાવ બતાવનાર ચાર પ્રકારના વાદ

(૧) આરંભવાદ : અસત્કાર્યવાદ.
પરસ્પરભિન્ન અનંત કારણ. કાર્ય - કારણનો અત્યંત ભેદ.
નિત્ય - અનિત્ય અપરિણામી કારણ.

(૨) પરિણામવાદ : સત્કાર્યવાદ.
એક જ મૂળ કારણનો સ્વીકાર. કાર્ય - કારણનો અભેદ.
નિત્ય - અનિત્ય પરિણામી કારણ.

(૩) પ્રતીત્ય સમુત્પાદવાદ : અસત્કાર્યવાદ. કાર્ય - કારણનો અત્યંત ભેદ. નિત્ય કે પરિણામી કારણનો અસ્વીકાર.

(૪) વિવર્તવાદ : માયિક કાર્યવાદ. એક પારમાર્થિક સત્યનો સ્વીકાર, જે ઉત્પાદક પણ નહિ, પરિણામી પણ નહિ.

સ્થૂલ અથવા સૂક્ષ્મ ભાસમાન જગતની ઉત્પત્તિ કે
પરિણામ માનવાનો વિવર્તવાદીઓને નિષેધ છે.
સ્થૂલ જગતનું કાલ્પનિક અસ્તિત્વ - માયિકભાસમાત્ર.

ન્યાય તથા વૈશેષિક - અસત્ કાર્યવાદ

(૧) કારણ નિત્ય અને અપરિણામી (૨) કાર્ય સાવધિ, ભિન્ન અને (3) પરસ્પર ભિન્ન - અનંત કારણો.

સાંખ્ય તથા યોગ - સત્ કાર્યવાદ

(૧) નિત્ય કે અનિત્ય કારણપરિણામી
(૨) કાર્ય કારણનો અભેદ (3) એક જ મૂલ કારણ.

બૌદ્ધ - પ્રતીત્ય સમુત્પાદવાદ

કાર્યકારણનો ભેદ, નિત્ય કે પરિણામીકારણનો અસ્વીકાર.

વેદાંત - માયિકવાદ

સ્થૂલ જગતની ઉત્પત્તિ કે પરિણામનો અસ્વીકાર.
તટસ્થ પારમાર્થિક સત્ય.

(૧) આરંભવાદ : સૂક્ષ્મભૂત કે સૂક્ષ્મ ચૈતન્યતત્ત્વ અનાદિનિધન - અપરિણામી છે, માત્ર તેના ગુણધર્મોમાં પરાવર્તન થાય છે. ધર્મોથી ધર્મી અથવા ગુણથી અલગ છે. સ્થૂલભૂતોનો સૌ સૂક્ષ્મભૂતો સાથે ઉપાદાનોપાદેય ભાવ-સંબંધ છે પણ સ્થૂલભૂતોનો ચૈતન્યતત્ત્વની સાથે કેવલ સંયોગાદિ સંબંધ છે.

(૨) પ્રધાન પરિણામવાદ : ચૈતન્યતત્ત્વ નિર્ધર્મક અને અપરિણામી છે. જડતત્ત્વ સ્વયંપરિણામી અને એક છે. ગુણ કે ધર્મો નહિ પણ દ્રવ્ય પોતે પરિણામ પામે છે.

(3) કાળ પરિણામવાદ : ચૈતન્યતત્ત્વ અકિંચિત્કર નહિ પણ સક્રિય માનવું જોઈએ અને એક જ માનવું જોઈએ. જડતત્ત્વનો ઇન્કાર : જડ - ચૈતન્યમય સ્થૂલ વિશ્વનો આવિર્ભાવ - તિરોભાવ એક જ કાળતત્ત્વમાં ઘટે છે. સૂક્ષ્મતત્ત્વ એક ચૈતન્ય સ્વયંપરિણામી અને એથી જ અનાદિ જડ - ચૈતન્ય એવા બે પરિણામ પ્રવાહ.

(૪) પ્રતીત્ય સમુત્પાદવાદ : જડ (રૂપ) / ચૈતન્ય (નામ) } પરમાણુ પુંજ

કેવળ ગુણધર્મો જ માન્ય, કિન્તુ સ્થાયીરૂપ એવા પરમાણુદ્રવ્યો અમાન્ય. અતિસૂક્ષ્મ અને અવિભાજ્ય છે, માટે પરમાણુરૂપ છે, પરન્તુ દ્રવ્યરૂપ નહિ. ગુણધર્મશૂન્ય ચૈતન્યતત્ત્વ જેમ અનુપયોગી છે, તેમ ગુણધર્મોના ઉત્પાદ-નાશ ઉપરાંત તેના આધારરૂપ સ્થાયી દ્રવ્યની કલ્પના પણ નિરર્થક છે. સૂક્ષ્મજડ અને સૂક્ષ્મચૈતન્ય તત્ત્વની ધારા એકબીજાથી ભિન્ન હોવા છતાં એકબીજાની અસરથી મુક્ત નહિ. પૂર્વ પરિણામ ક્ષણના અસ્તિત્વ માત્રથી

નિરાધાર ઉત્તર પરિણામ રૂપે ઉત્પન્ન થઈ જાય છે.

(૫) વિવર્તવાદ : મિથ્યાકૃતિ - કલ્પિત વિધાન.

સ્થૂલ વિશ્વ ભાસ યા કલ્પનામાત્ર છે, જે માયા અથવા વાસનાજનિત છે. બાહ્ય-આંતરિક કે સ્થૂલ-સૂક્ષ્મ અલગ અલગ કે આંતરિત નથી. વિશ્વ અખંડ - અવિભાજ્ય છે.

હ્રસ્વત્વ - દીર્ઘત્વ, દૂરત્વ - સમીપત્વ અથવા બાહ્યત્વ - આંતરત્વ કેવળ કાલ્પનિક છે. સ્થૂલ વિશ્વ કાલ્પનિક યા પ્રાતિભાસિક સત્ય છે, પારમાર્થિક વિશ્વ વિશુદ્ધ ધ્યાનગમ્ય છે, પ્રાકૃત મનુષ્યો દ્વારા ગ્રાહ્ય નથી.

બે પ્રકારની દૃષ્ટિ

(૧) સામાન્યગામિની દૃષ્ટિ : સમાનતાદર્શક - અભેદદર્શક છે. સમાનતાની પ્રાથમિક ભૂમિકાથી આગળ એકતાની તાત્ત્વિક ભૂમિકાએ પહોંચી એકમાત્ર 'સત્' ઉપર ઠરે કે સ્થિર થાય છે. ભેદો વ્યાવહારિક, અપારમાર્થિક યા બાધિત છે. કાલકૃત ભેદ = બાલાંકુરાદિ, દેશકૃત ભેદ = ઘટપટાદિ
તથા દ્રવ્યગત ભેદ = પ્રકૃતિપુરુષાદિ.

(૨) વિશેષગામિની દૃષ્ટિ : તે અસમાનતાદર્શક દૃષ્ટિ છે. એકતા જ નહિ, કિન્તુ સમાનતા પણ કૃત્રિમ લાગે છે. તે એમ માને છે કે વિશ્વ અનેકતામાં ભિન્ન તથા

અત્યંત ભિન્ન એવા ભેદોનો પુંજમાત્ર છે.
વાસ્તવિક અસ્તિત્વ કે સમાનત્વ નહિ.
સમગ્ર દેશકાલવ્યાપી પ્રકૃતિ કે કાલવ્યાપી પરમાણુ નહિ.
સમગ્ર દેશકાલવ્યાપી તથા દેશકાલવિનિર્મુક્ત સત્તત્ત્વ
બ્રહ્માદ્વૈતને, સર્વ ભેદો અને તેના ગ્રાહક પ્રમાણોને મિથ્યા
બતાવ્યાં અને સત્તત્ત્વ વાણી તથા તર્કને અગોચર-
અનુભવગમ્ય બતાવ્યું. વિશ્લેષગામિની દૃષ્ટિએ કેવલ દેશ
- કાલ ભેદથી જ ભિન્ન નહિ પણ સ્વરૂપથી ય ભિન્ન
એવા અનંત ભેદોના વાદ સ્થાપિત કર્યાં. બૌદ્ધો સર્વ
અભેદો અને તેના ગ્રાહક પ્રમાણોને મિથ્યા કહ્યા અને
અંતિમ ભેદોને વાણી તથા તર્કની પ્રવૃત્તિથી શૂન્ય કરી,
અનુભવગમ્ય જ બતાવ્યું. અભેદ માનનારો આ પ્રકૃતિને
કાલિકનિત્યતા તથા પુરુષને દૈશિકવ્યાપકતા બતાવી.
બન્ને દૃષ્ટિઓ તે માન્ય રાખીને સ્વરૂપથી
જડ અને ચેતન દ્રવ્યોની અધિક સંખ્યા બતાવી.
પરમાણુ પુરુષાદિ - અભેદદૃષ્ટિમાંથી સત્કાર્યવાદ આવ્યો
તથા ભેદદૃષ્ટિમાંથી અસત્કાર્યવાદ આવ્યો.
કાર્ય-કારણ, ધર્મ-ધર્મી, ગુણ-ગુણી, આધાર-આધેયાદિ.
કૂટસ્થતા = કાલિકનિત્યતા. વિભુતા = દૈશિકવ્યાપકતા.

નિરંશ - અંશપુંજ, અખંડવાદ - નિરંશવાદ,
અનિર્વચનીયત્વવાદ - નિર્વચનીયત્વવાદ,
હેતુવાદ - આગમવાદ, દૈવવાદ - પુરૂષવાદ,
શબ્દનય - અર્થનય, ભેદ - અભેદ,
કર્મવાદ - કાળવાદ, ભક્તિવાદ - આચારવાદ.

## જૈન પ્રમાણશાસ્ત્રની વિશિષ્ટતા

(૧) અનેકાન્તવાદ (૨) પ્રમાણના બે જ વિભાગ: પ્રત્યક્ષ તથા પરોક્ષ (3) પ્રત્યક્ષ - તાત્ત્વિક, ઇન્દ્રિયપ્રત્યક્ષ નહિ પણ આત્મપ્રત્યક્ષ (૪) ઇન્દ્રિય વ્યાપારનો ક્રમ અવગ્રહાદિ (૫) પરોક્ષના પ્રકારમાંથી એક પણનો અસ્વીકાર. વ્યવહાર ચલાવવાને સમર્થ. સ્મૃતિપ્રત્યભિજ્ઞાનાદિમાંથી કોઈનું પણ ન માનવું, તેમ નહિ. ઉલ્ટું કોઈમાંથી એકનો ઇન્કાર કરવા જતાં બધાનો પણ થઈ જતો ઇન્કાર.
(૬) હેતુનું રૂપ એક જ તાત્ત્વિક રૂપ, અન્યથાનુપપત્તિ.
(૭) અવયવોના પ્રયોગની વ્યવસ્થા એકથી માંડી દસ સુધી.
(૮) કથામાંથી જલ્પવિતંડાદિનો અપલાપ.
(૯) જય તથા પરાજયની વ્યવસ્થા, સ્વપક્ષ - અસિદ્ધિ.
(૧૦) પ્રમેય અને પ્રમાતાનું સ્વરૂપ અનેકાન્તાત્મક છે. સામાન્યવિશેષ - નિત્યાનિત્ય. (૧૧) સર્વજ્ઞત્વ સમર્થન.

શ્રી હેમચંદ્રસૂરિજી રચિત શબ્દાનુશાસન, છન્દોનુશાસન,
કાવ્યાનુશાસન, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્રાદિ સ્તોત્રો,
ત્રિષષ્ટિશલાકા પુરુષ, પ્રમાણમીમાંસાદિ આજે પણ મળે છે.

વિક્રમ સં. ૮૦૨માં અણહિલ્લ નામના જૈન ગોવાળીઆએ પસંદ કરેલ પ્રદેશ, ઉપર ચાવડા વંશના વનરાજ ચાવડાએ અણહિલપુર પાટણ નગર સ્થાપન કર્યું. ત્યાં કલિકાલ સ. હેમચંદ્રસૂરિનો સં. ૧૧૪૫ની કાર્તિક પૂર્ણિમાએ જન્મ થયો.

દીક્ષા સં. ૧૧૫૪માં, આચાર્ય પદ સં. ૧૧૬૬માં.

ચંગદેવમાંથી સોમચંદ્ર અને સોમચંદ્રમાંથી હેમચંદ્ર બન્યાં.
સ્વર્ગવાસ સં. ૧૨૨૯માં. કુમુદચંદ્રવાદ સં. ૧૧૮૧માં થયો.

પ્રમાણ: સામાન્ય વિચાર - પ્રમાકરણં પ્રમાણમ્ ।

(૧) નૈયાયિકો કહે છે: કરણ સન્નિકર્ષ અને જ્ઞાન છે.
(૨) બૌદ્ધો કરણના સ્થાને સારૂપ્ય કે યોગ્યતાને માને છે.
(3) જૈનો કહે છે: સ્વપરાવભાસિ જ્ઞાન કરણ છે.

અવભાસની જરૂરત વ્યવસાય. અવિસંવાદિ - સંશય વગેરે સમારોપથી રહિત. અનધિગતાર્થ અપૂર્વાર્થબોધક.

## પ્રમાણ સંપ્લવ

અજ્ઞાતાર્થપ્રકાશ - અનધિગતાર્થગ્રાહી શબ્દ મૂકવાથી બૌદ્ધોએ આ પ્રમાણ સંપ્લવનો નિષેધ કર્યો છે.

પદાર્થ ક્ષણસ્થાયી હોવાથી એક અર્થમાં
બે જ્ઞાનોને પ્રવૃત્ત થવાનો અવસર જ નથી.
બૌદ્ધોના મતે પદાર્થજ્ઞાનમાં કારણ છે.

પદાર્થ - પ્રમેય બે પ્રકારના છે:

વિશેષ - સ્વલક્ષણ ક્ષણ. સામાન્ય - અન્યાપોહ રૂપ.
વિશેષને જાણનાર પ્રત્યક્ષ જ્ઞાન તથા
સામાન્યને જાણનાર અનુમાનાદિ વિકલ્પ જ્ઞાન.

વિષય દ્વૈવિધ્યથી પ્રમાણ દ્વૈવિધ્ય છે. વિજાતીય પ્રમાણની એક સ્વનિયત વિષયથી ભિન્ન પ્રમેયમાં પ્રવૃત્તિ નથી થઈ શકતી, તેમ સજાતીય પ્રમાણાન્તરનો પણ સંપ્લવ થઈ શકતો નથી, કારણ કે દ્વિતીય ક્ષણમાં તે પદાર્થ રહેતો જ નથી. જૈનો પદાર્થને એકાંત ક્ષણિક પણ નથી માનતાં, વિષય દ્વૈવિધ્ય પણ નથી માનતાં. તેઓ સર્વ પ્રમાણોનો વિષય સામાન્ય વિશેષાત્મક અર્થ માને છે. જૈનોના મતે પ્રમાણ સંપ્લવની જરૂર અનિશ્ચિતાંશના નિશ્ચયમાં અને નિશ્ચિતાંશના વિશેષ ઉપયોગમાં છે અથવા વસ્તુ અનંત ધર્મવાળી છે, અમુક જ્ઞાન વડે વસ્તુના અમુક અંશોનો નિશ્ચય થવા છતાં પણ અગૃહીત અંશોને જાણવાને માટે પ્રમાણાન્તરને અવકાશ છે.

## જ્ઞાનના સ્વપર સંવેદનવાદ

(૧) મીમાંસક : પરોક્ષ જ્ઞાનવાદ.

(૨) નૈયાયિક : જ્ઞાનાન્તર વેદ્યજ્ઞાનવાદ.

(3) સાંખ્ય: પ્રકૃતિ પરિણામિજ્ઞાનનું પુરૂષ વડે સંચેતન.

(૪) બૌદ્ધ : સાકાર સ્વસંવેદન જ્ઞાનવાદ.

(૫) જૈન : નિરાકાર સ્વસંવેદન જ્ઞાનવાદ.

## પ્રત્યક્ષના ત્રણ ભેદ

(૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ - અવગ્રહાદિ.

(૨) અનિન્દ્રિય પ્રત્યક્ષ - સ્મૃતિસંજ્ઞાદિ શબ્દયોજના.

(3) અતીન્દ્રિય પ્રત્યક્ષ - કેવલાદિ.

## પ્રત્યક્ષના લક્ષણ

વિશદ - અધિક વિશેષ પ્રતિભાસ.

સાકાર - નિરાકાર નિર્વિકલ્પકનો નિરાસ કરવા.

અંજસા - પરમાર્થરૂપથી વિશદ છે, સંવ્યવહારરૂપથી નહિ.

પ્રત્યક્ષના વિષયભૂત દ્રવ્ય - સ્વલક્ષણ.

વિકલ્પના વિષયભૂત વિકલ્પ - સામાન્ય.

આરોપરૂપ અભિલાપ્યાભાસ કરીને પ્રવૃત્તિ કરવાથી સ્વલક્ષણ જ પ્રાપ્ત થાય છે. વિકલ્પજ્ઞાન સ્વયં તો વિશદ નથી, પરન્તુ સંવ્યવહારથી વિશદ છે.

## પ્રત્યક્ષની ઉત્પત્તિનો ક્રમ

(૧) સન્નિકર્ષ : ઇન્દ્રિય અને અર્થનો યોગ્ય દેશાવસ્થાનરૂપ સંબંધ (૨) નિર્વિકલ્પક : સામાન્યાવલોકન (૩) સવિકલ્પક જ્ઞાન : અવગ્રહ (૪) વિશેષ જિજ્ઞાસા : ઈહા (૫) વિશેષ નિશ્ચય : અવાય (૬) સંસ્કાર : ધારણા.

## વૈશેષિક

ઈહાને પ્રયત્ન નામનો ગુણ, ધારણાને ભાવના સંસ્કાર ગુણ કહે છે પણ જ્ઞાનથી પૃથક્ સ્વતંત્ર ગુણરૂપ નથી. જ્ઞાનનો સાધકતમાંશ પ્રમાણ તથા પ્રમાત્વાંશ ફળ છે. એ રીતે અવગ્રહાદિ પ્રમાણરૂપ અને ફળરૂપ પણ છે. પૂર્વ પૂર્વ જ્ઞાન પ્રમાણ, ઉત્તરોત્તર જ્ઞાન ફળ.

## મુખ્ય પ્રત્યક્ષ

(૧) ઇંદ્રિય અને મનની સહાય વિના (૨) વ્યવસાયાત્મક (૩) સમસ્ત પદાર્થોને વિષય કરનાર (૪) અક્રમ અવ્યવહિત - અલૌકિક (૫) વિશદ - સ્પષ્ટ અને (૬) અસાધારણ.

## મોક્ષમાર્ગ અથવા ધર્મનો સાક્ષાત્કાર

(૧) ધર્મસત્તામાં અંતિમ પ્રમાણ વેદ, મીમાંસક - શબરકુમારિલ

'ચોદના લક્ષણોऽર્થો ધર્મઃ ।'

પુરુષમાં અતીન્દ્રિયાર્થ વિષયક જ્ઞાન સંભવિત નથી.

વીર અપૌરૂષેય છે, કારણ કે પુરૂષમાં રાગદ્વેષાદિની શંકાને સ્થાન છે, ધર્મવિષયક સર્વજ્ઞતાનો નિષેધ છે પણ ધર્મ સિવાય સંસારના સમસ્ત અર્થોને જાણનાર સર્વજ્ઞને માનવામાં હરકત નથી.

ધર્મનું જ્ઞાન વેદ સિવાય બીજા કોઈ પ્રમાણથી શક્ય નથી. ધર્મ સિવાય બીજા બધાં પદાર્થો યથાસંભવ અનુમાનાદિ પ્રમાણો દ્વારા જાણી શકાય છે.

બૌદ્ધો ધર્મનો - ચાર આર્ય સત્યોનો સાક્ષાત્કાર માને છે. બીજા વસ્તુઓનો સાક્ષાત્કાર કોઈને પણ માનતાં નથી. (૧) સંસાર દુઃખમય છે. (૨) દુઃખનું કારણ તૃષ્ણાનો સમુદય છે. (૩) દુઃખનો નાશ તૃષ્ણાનો નિરોધ યા ત્યાગ અને એ જ મોક્ષમાર્ગ - ઉપાય છે. (૪) મોક્ષ અવશ્ય છે. બુદ્ધ પુરૂષને ધર્મનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર થાય છે, તેથી ધર્મના વિષયમાં બુદ્ધ જ પ્રમાણ છે. સંસારના સમસ્ત પદાર્થોનો કોઈ પુરૂષને સાક્ષાત્કાર છે કે નહિ, તે જાણવું નિરર્થક છે. ઇષ્ટતત્ત્વ - ધર્મ - મોક્ષનો ઉપાય તેને કોઈ જાણે છે કે નહિ? તે જ જાણવું જરૂરી છે. સંસારના કીડા - મંકોડાનું જ્ઞાન મોક્ષના માર્ગમાં અનુપયોગી છે. સર્વજ્ઞતાનો વિરોધ નહિ કરતાં નિરર્થક સમજાવે છે.

ધર્મમાર્ગના સાક્ષાત્કારનો ઉપાય = જ્ઞાનપ્રવાહથી દોષોનો અત્યંત ઉચ્છેદ - તેનું સાધન નૈરાત્મ્યાદિ ભાવના છે.

કુમારિલ : ધર્મજ્ઞતાનો સાક્ષાત્કાર થઈ શકતો નથી.

ધર્મકીર્તિ : ધર્મજ્ઞતાનો સાક્ષાત્કાર અવશ્ય થઈ શકે છે. ધર્મજ્ઞતાની સાથે ભોગોની ઇચ્છા હોય, તો વીતરાગતા બાદ થોડાં જ પ્રયત્નથી સર્વજ્ઞતા ય પ્રાપ્ત થઈ શકે છે. શક્તિરૂપ સર્વજ્ઞતા સર્વ વીતરાગમાં હોય છે. ઇચ્છા થાય, ત્યારે સઘળી વસ્તુ અનાયાસથી જાણી શકે છે.

યોગ વૈશેષિક સર્વજ્ઞતાને અણિમા આદિ ઐશ્વર્યની જેમ ઐશ્વર્ય યા વિભૂતિ માને છે, જે સર્વ વીતરાગોને અવશ્ય પ્રાપ્તવ્ય નથી. જે તેની સાધના કરે, તેને પ્રાપ્ત થાય.

જૈનો પહેલેથી જ ત્રિકાલ - ત્રિલોકવર્તી સમસ્ત જ્ઞેયોનું પ્રત્યક્ષ દર્શનસ્વરૂપ - સર્વજ્ઞત્વ માને છે.

જે એગં જાણઇ સે સવ્વં જાણઇ ।

સૂક્ષ્માન્તરિતદૂરવર્તી પદાર્થો પ્રત્યક્ષ - અનુમેય છે માટે. જ્ઞાન આત્માનો સ્વભાવ છે, ધર્મજ્ઞતા અને સર્વજ્ઞતા એ જુદી ચીજ નથી. ધર્મજ્ઞતા પૂર્ણ સર્વજ્ઞતાના ગર્ભમાં નિહિત છે. જ્ઞાન અપ્રાપ્યકારી છે. આવરણના ક્ષય પછી સમસ્ત અર્થોને પૂર્ણરૂપે કેમ જાણી ન શકે?

સત્ય સ્વપ્નદર્શન ઇંદ્રિયાદિની સહાયતા વિના ભાવિ રાજ્યલાભાદિનું જેમ યથાર્થ સ્પષ્ટ જ્ઞાન કરાવે છે, તેમ સર્વજ્ઞનું જ્ઞાન પણ ભાવિ પદાર્થોનું સંવાદક + વિશદ છે. જ્ઞાન અથવા ઈક્ષણિકાદિ વિદ્યા અતીન્દ્રિય પદાર્થોનું સ્પષ્ટ ભાન કરાવે, તેમ અતીન્દ્રિય જ્ઞાન સ્પષ્ટ પ્રતિભાસક છે.

(૧) વક્તૃત્વ હેતુ બાધક નહિ.

જ્ઞાનવૃદ્ધિમાં વક્તૃત્વનો હ્રાસ નહિ, વક્તૃત્વમાં વિવક્ષાની ય જરૂર નહિ. વિવક્ષા + વક્તૃત્વને અવિનાભાવ નહિ, મન્દબુદ્ધિને વિવક્ષા છે, પરન્તુ વચન નહિ અને સુષુપ્ત્યાદિમાં વચન છે પણ વિવક્ષા નહિ. વચનપ્રવૃત્તિમાં વિવક્ષા નહિ પણ ચૈતન્ય અને ઇન્દ્રિયપટુતા હેતુ છે.

(૨) પુરુષત્વ હેતુ પણ બાધક નહિ.

શુદ્ધ નિર્દોષ વીતરાગ પુરુષ સર્વજ્ઞ હોવામાં બાધ નહિ. એમની વક્તા અને પુરુષ હોવા છતાં વીતરાગ છે.

(3) અનુપલમ્ભ હેતુ પણ બાધક નહિ.

સ્વાનુપલમ્ભ અનૈકાન્તિક છે - સર્વાનુપલમ્ભ અસિદ્ધ છે.

(૪) ઇતરેતરાશ્રય પણ બાધક નહિ.

બીજાંકુરની જેમ સર્વજ્ઞ અને આગમની પરંપરા પણ અનાદિ છે, તેમાં ઇતરેતરાશ્રય દોષ સંભવતો જ નહિ.

(૫) 'ગુણની શક્તિઓ મર્યાદિત છે' એમ પણ ન કહેવું.
બુદ્ધિના તારતમ્યથી તેના પ્રકર્ષની સિદ્ધિ થાય છે.
મલિન સુવર્ણ નિર્મળ સુવર્ણની હયાતિમાં પ્રમાણ છે.
(૬) રાગ કે દુઃખને જાણવામાત્રથી રાગી-દુઃખી બનાતું
નથી. સ્વયં તદ્રૂપ પરિણમનથી જ રાગી-દ્વેષી બનાય છે.
મદિરાના રસના જ્ઞાનમાત્રથી જાણનાર મદ્યપાયી ઠરતો નથી.

રાગના કારણભૂત મોહનીયાદિ કર્મ
સર્વજ્ઞમાં અત્યંત વિચ્છિન્ન થયાં છે, તેથી
રાગ કે દુઃખને જાણવામાત્રથી રાગી-દ્વેષી બનાતું નથી.

(૭) એમ પણ નહિ કે સાધક-બાધક પ્રમાણોના અભાવે
સર્વજ્ઞની હયાતિ સંદિગ્ધ બનવી જોઈએ.

સર્વજ્ઞના અભાવની સિદ્ધિ પણ સર્વજ્ઞ વિના ન થાય.
સાધક પ્રમાણ દીર્ઘકાળ-નિરંતર અને સત્કારપૂર્વક
રત્નત્રયના પ્રકર્ષનું આસેવન છે. આવરણનો વિલય
થવાથી જ્ઞાનસ્વરૂપ આત્મા સર્વજ્ઞપણાને પામે છે.

(૮) પાપ આદિ તત્ત્વોની સિદ્ધિ

જીવ-અજીવ, એ બે મૂળભૂત તત્ત્વ માનવા જ જોઈએ.
જીવ અને અજીવના અનાદિકાલીન સંબંધથી જ
દુઃખાદિની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે.

એમ કરુણાવાન અને કરુણાપાત્ર જીવ વિના કરુણા અસંભવિત છે, તેમ ભાવના તથા બંધ - મોક્ષ પણ અનુસ્યૂત આત્મતત્ત્વ વિના ઘટે નહિ. દુઃખ વગેરેનો અનુભવ કરવાવાળું આત્મતત્ત્વ અને દુઃખાદિનો અનુભવ કરાવનાર અજીવ સંબંધ પણ માનવો જ જોઈએ.

જીવ - અજીવ તત્ત્વ માન્યા વિના

ક્ષણિકાદિ આત્મતત્ત્વથી નિર્વાહ થઈ શકે નહિ.

દુઃખ - બંધ - સમુદય - આશ્રવ.

નિરોધ = સંવર - નિર્જરા, મોક્ષ = સર્વ કર્મક્ષય.

(૯) <u>બુદ્ધ અસત્વાદી છે, કારણકે...</u>

(1) તેઓ સદ્ આત્માનો છેદ કરે છે.

(2) અસદ્‌ના નિરોધનો ઉપદેશ કરે છે.

(3) અસદ્‌ને મેળવવા યત્ન કરવાનો ઉપદેશ આપે છે.

(4) અસદ્‌ના કારણો તથા હિંસાનો ય ઉપદેશ આપે છે.

(૧૦) <u>જ્ઞાનની સ્વસંવેદનતા સિદ્ધિ</u>

(1) અર્થને પ્રકાશે છે, માટે પ્રદીપવત્ પ્રકાશક છે.

(2) અર્થ પ્રતીતિસ્વરૂપ છે, માટે પ્રકાશક છે.

(3) જ્ઞાન - અજ્ઞાન - સંશય આદિનો નિરાસ કરે છે, માટે પ્રકાશક છે.

(4) જ્ઞાન આત્મબોધ પ્રતિ અનપેક્ષિત પરવ્યાપાર છે, ગોચરાન્તરગ્રાહિ જ્ઞાન પ્રબન્ધના સંતાનની જેમ.

(5) જ્ઞાન પોતાના પ્રકાશ માટે સ્વ અવાન્તર જાતીય જ્ઞાનની અપેક્ષા રાખતું નથી, વસ્તુ છે માટે.

(6) જ્ઞાનપ્રકાશ સ્વભાવ-અસંદિગ્ધ સ્વભાવ છે, માટે.

(7) પ્રકાશ સ્વભાવ છે, જોયો છે માટે.

(8) પ્રકાશ જ્ઞપ્તિક્રિયાનો કર્તા છે માટે.

પ્રકાશ સ્વભાવ છે, પરન્તુ પ્રકાશ્ય સ્વભાવવાળો નથી.

(૧૧) પ્રકાશ સ્વભાવવાળાને આવરણ કેમ? સૂર્યચંદ્રાદિને રજની દ્વાર અથવા અભ્રપટલાદિની જેમ આત્માને કર્મરજ કે કર્મમલ દ્વારા આવરણ છે. પ્રબલ પવનની જેમ ધ્યાનભાવનાના બળથી આવરણનો વિલય પણ થાય છે.

(૧૨) અનાદિ આવરણનો પણ વિલય છે. કાંચનમલની જેમ. પ્રતિપક્ષભૂત રત્નત્રયના આસેવન તથા અભ્યાસ વડે ક્ષાર મૃત્પુટપાકાદિની જેમ.

(૧૩) અમૂર્તને આવરણ કેમ? મદિરામદન કોદ્રવાદિ વડે અમૂર્ત ચૈતન્યશક્તિને આવરણ થઈ પ્રત્યક્ષસિદ્ધ છે.

(૧૪) प्रज्ञायाः अतिशयः क्वाचिद्विश्रान्तः
अतिशयत्वात् परिमाणातिशयवत् ॥ (પરિશિષ્ટ-૨)

(९५) सूक्ष्मान्तरितदूरार्थाः कस्यचित् प्रत्यक्षाः, प्रमेयत्वात्, घटवत्। અર્થ: સૂક્ષ્મ, અંતરિત અને દૂર રહેલાં પદાર્થો કોઈકને પ્રત્યક્ષ થાય જ છે, કેમકે ઘટની જેમ પ્રમેય છે.

(९६) प्रत्यक्षानुमानसिद्धसंवादं शास्त्रमेवातीन्द्रियार्थ-दर्शिसद्भावे प्रमाणम्। स एव हि शास्त्रस्य विषयः स्याद्वादः स एव प्रत्यक्षादेरपीति संवादः। અર્થ: પ્રત્યક્ષ અને અનુમાનથી સિદ્ધ સંવાદવાળું શાસ્ત્ર જ અતીન્દ્રિય પદાર્થોને જણાવનાર તથા તેના અસ્તિત્વમાં પ્રમાણભૂત છે, કેમકે જે શાસ્ત્રનો વિષય સ્યાદ્વાદ હોય, તે જ પ્રત્યક્ષાદિનો પણ વિષય બને. એ જ સંવાદ છે.

(९७) योगि प्रत्यक्षतोऽपि कैवल्यसिद्धिः। ज्योतिर्ज्ञानाविसंवादादन्यथाऽनुपपत्तेश्च। અર્થ: યોગી પ્રત્યક્ષથી પણ કેવળજ્ઞાનની સિદ્ધિ થાય છે. જો એમ ન માનીએ, તો જ્યોતિષ સંબંધી સ્પષ્ટ જ્ઞાન ઘટશે નહિ. આગમ પણ બાધક નથી. સર્વજ્ઞોપજ્ઞ-અપૌરૂષેય છે માટે.

### બૌદ્ધ પરમ્પરાનુસાર મનની વ્યાખ્યા

મન વિજ્ઞાનાત્મક છે અને તે ઉત્તરવર્તી વિજ્ઞાનોનું સમનન્તર કારણ પૂર્વવર્તી વિજ્ઞાન છે. ઇન્દ્રિયજ્ઞાનની અનન્તર ઉત્પન્ન થવાવાળું વિશદ જ્ઞાન

જે જે ઇન્દ્રિયજ્ઞાનથી ગ્રાહ્ય અર્થના અનન્તરભાવિ દ્વિતીય ક્ષણને જાણે છે, તેને 'માનસ પ્રત્યક્ષ' કહે છે. ઇંદ્રિયથી ગ્રાહ્ય અર્થના દ્વિતીય ક્ષણને જાણનાર માનસ વિજ્ઞાન છે.

અવાય = ગ્રહણ - વિધિપ્રધાનતા.

અપાય = ત્યાગ - વ્યાવૃત્તિપ્રધાનતા.

વિશેષાવશ્યકભાષ્યરૂપ નિર્યુક્તિ બોધક બને છે, તેથી અવાય તથા અપાય - એ બંને પદ્ધતિ માન્ય છે.

<u>વિશ્વસ્વરૂપવિષયક માન્યતા</u>

(૧) કેવળ નિત્યવાદ - વેદાંતી, અનિત્યત્વ - આભાસિક.

(૨) કેવળ અનિત્યવાદ - બૌદ્ધ.

(3) પરિણામી નિત્યવાદ - સાંખ્યયોગ, ચેતનભિન્ન જગતાદિ.

(૪) નિત્યાનિત્ય ઉભયવાદ - ન્યાય તથા વૈશેષિક.

કેટલાંક પદાર્થ નિત્ય - કેટલાંક પદાર્થ અનિત્ય.

(૫) નિત્યાનિત્યાત્મકવાદ - જૈનદર્શન.

<u>સત્ત્વની વ્યાખ્યાઓ</u>

(૧) સત્તાયોગ રૂપ સત્ત્વ - ન્યાય.

(૨) પ્રમાણવિષયત્વ રૂપ સત્ત્વ - સાંખ્ય.

(૩) અર્થક્રિયાકારિત્વ રૂપ સત્ત્વ - બૌદ્ધ.

(૪) ત્રિકાલાબાધિત્વ રૂપ સત્ત્વ - જૈન.

(૫) દ્રવ્ય - પદ્ધતિ રૂપ સત્ત્વ - વેદાંતી.

## 'દ્રવ્ય' શબ્દના અર્થ

દ્રુ = વૃક્ષ અને ય = વિકાર.

વૃક્ષ અથવા કાષ્ઠનો વિકાર અથવા અવયવ.

વૃક્ષરૂપ - કાષ્ઠરૂપ, દ્રવ્યધન - અનેક ઉપકાર યોગ્યત્વ,

અનેક અવસ્થાઓની પ્રાપ્તિને યોગ્ય.

દ્રુ = ગત્યર્થક - પ્રાપ્ત્યર્થક છે. દ્રવ્ય = ભવ્ય - યોગ્ય.

ભવ્ય અર્થના રૂપાન્તર છે. દ્રવ્ય - પૌદ્ગલિક પદાર્થો.

गुणकर्माधार द्रव्यम् । or गुणसमुदाय गुणसन्द्राव ।

દ્રવ્યત્વ = ધ્રુવભાવ = શાશ્વતતા.

ઉત્પાદ - વિનાશ = આવિર્ભાવ - તિરોભાવ ધર્મ.

## પ્રત્યેક વાદની સત્યતાની કસોટી

બન્ધ - મોક્ષવ્યવસ્થા, કર્મફલનું કર્તૃત્વ અને ભોક્તૃત્વ.

પ્રમેય નિરૂપણ - વસ્તુમાં બે પ્રકારનું અસ્તિત્વ છે:

(૧) સ્વરૂપાસ્તિત્વ (૨) સાદૃશ્યાસ્તિત્વ.

દ્રવ્ય, ધ્રૌવ્ય, અન્વય, ઊર્ધ્વતા સામાન્ય, સન્તાન, સત્.

પર્યાયદૃષ્ટિએ ઉત્પાદ - વ્યય અને ગુણદૃષ્ટિએ ધ્રૌવ્ય.

સહભાવી અંશ ગુણ તથા ક્રમભાવી અંશ પર્યાય.

અસાંકર્યનો નિયામક દ્રવ્યાંશ છે. સંતાન - પંક્તિ અને

સેના - વનાદિથી વિલક્ષણ ધ્રૌવ્ય યા ઊર્ધ્વતા સામાન્ય છે.

એકત્વ પ્રાતિભાસિક નથી તે ગ્રાહ્ય છે.

# દ્રવ્ય - ગુણ - પર્યાયની પંક્તિઓ

(૧) સજાતીય - વિજાતીય ઉભયથી વ્યાવૃત્ત કરાવનાર સ્વરૂપાસ્તિત્વ છે. (૨) ભિન્ન સત્તાવાળાઓમાં અનુગત વ્યવહાર કરાવનાર સાદૃશ્યાસ્તિત્વ છે. (૩) એક દ્રવ્યના પૂર્વોત્તર પર્યાયોમાં વ્યાવૃત્ત પ્રત્યય કરાવનાર પર્યાયરૂપ વિશેષ છે. (૪) ભિન્ન દ્રવ્યોમાં વિલક્ષણ પ્રત્યય કરાવનાર ગુણરૂપ વિશેષ છે. (૫) ભિન્નકાળમાં સમાન પ્રત્યય કરાવનાર ઉર્ધ્વતા સામાન્ય છે. (૬) ભિન્ન દેશોમાં સમાન પ્રત્યય કરાવનાર તિર્યક્ સામાન્ય છે.

(૭) એક પદાર્થમાં ભેદની પ્રતીતિ કરાવનાર પર્યાયરૂપ વિશેષ છે તથા (૮) ભિન્ન ભિન્ન પદાર્થમાં ભેદની પ્રતીતિ કરાવનાર ગુણરૂપ વિશેષ છે.

એક પુરુષ એક પંક્તિમાંથી નીકળી બીજી પંક્તિમાં જઈ શકે છે પરંતુ કોઈપણ પર્યાય બીજા સજાતીય કે વિજાતીય દ્રવ્યના પર્યાયમાં સંક્રાંત થઈ શકતા નથી અને પોતાના દ્રવ્યમાં પણ પોતાના ક્રમને છોડીને આગળ પાછળ થઈ શકતા નથી. દશ ભિન્નસત્તાક પુરુષોમાં પંક્તિ નામની કોઈ સ્વતંત્ર વસ્તુ નથી, તો ય પંક્તિનો વ્યવહાર થાય છે - તેથી કલ્પિત વ્યવહાર

દ્રવ્યના પર્યાયોની પરંપરામાં નહિ પણ અનુસ્યુત છે.
સ્વરૂપાસ્તિત્વને છોડયાં વિના પર્યાયોનું
પરિણમન માનેલું છે, તે સ્વરૂપાસ્તિત્વ એજ ધ્રૌવ્ય છે.
સાદૃશ્યાસ્તિત્વ પણ એક, નિત્ય અને
નિરંશ નહિ પણ તેને વિલક્ષણ છે.
ક્ષણિકમાં અન્વિતરૂપ નહિ, નિત્યમાં ઉત્પાદ-વ્યય નહિ.
ક્ષણિક તથા નિત્ય - એકેક ઉભયાત્મક વસ્તુમાં જ
ક્રમયૌગપદ્ય અને અનેક શક્તિઓનો સંભવ છે.

<u>વિભ્રમવાદ નિરાસ</u>

સ્વપ્નાદિ વિભ્રમની જેમ સમસ્ત જ્ઞાન વિભ્રમ છે. સ્વપ્ન,
મૃગતૃષ્ણિકા, ઇન્દ્રજાળ, જાદુ, ગંધર્વનગર પ્રતિભાસરૂપ છે,
કિન્તુ વાસ્તવિક સત્તાસ્વરૂપ નહિ.
'ગ્રાહ્ય-ગ્રાહકાકાર ભ્રાંત છે' વાક્ય વિભ્રમરૂપ છે કે સત્ય?

<u>સંવેદના દ્વૈતવાદ નિરાસ</u>

અનાદિકાલીન વિકલ્પવાસના વિચિત્ર પરિપાકથી
જ્ઞાન જ અનેકાકાર અર્થરૂપે પ્રતિભાસિત થાય છે.
ઘટાદિ પદાર્થને પ્રાતિભાસિકી સત્તા છે, પારમાર્થિકી નહિ.
પ્રમાણ - પ્રમેયાદિ ભેદો કલ્પિત છે. ઇન્દ્રજાળ દૃષ્ટ તથા
બાહ્ય સત્પદાર્થનો ભેદ આબાળ - ગોપાલાંગના પ્રસિદ્ધ છે.

## દ્વૈત - અદ્વૈત વિષયક થોડાં પ્રશ્નો - થોડી સમજણ

(૧) જેમ બાહ્ય સત્ય પદાર્થોથી આકાંક્ષાઓ તૃપ્ત થાય છે, તેમ ઇન્દ્રજાલ દૃષ્ટથી ક્યાં થાય છે?

(૨) ચિત્તપ્રભાસના પ્રકટ પદાર્થોમાં મૂર્તત્વ - સ્થૂલત્વ સંપ્રતિઘત્વાદિ ધર્મ કેમ સંભવે?

(3) વિષયાભાવથી મતે નહિ પણ લક્ષણાદિ કેમ થાય છે?

(૪) પરપ્રતિપાદન માટે વચન છે કે નહિ?

(૫) ગ્રાહ્ય - ગ્રાહકભાવ, બાહ્ય - બાધકભાવ ઇત્યાદિ અદ્વૈતના બાધક છે.

(૬) સહોપલંભ નિયમ અસિદ્ધ છે. જ્ઞાન અંતરંગ તથા જ્ઞાનાકાર છે, જ્યારે અર્થ બાહ્ય દેશમાં જડરૂપ છે.

(૭) સંસારનો સમસ્ત વ્યવહાર બાહ્ય પદાર્થોથી ચાલે છે, માત્ર જ્ઞાનથી નહિ.

(૮) એક પરમાણુનો અન્ય પરમાણુઓથી અવયવ - અવયવીઓમાં એક જ દેશે સંયોગ રહે છે કે સર્વ દેશે? પરસ્પર સ્નિગ્ધતા - રૂક્ષતાના કારણે તથા કથંચિત્ તાદાત્મ્ય સંબંધના કારણે પરમાણુઓનો સ્કંધ બને છે તથા અવયવ અને અવયવીની એકતા બને છે.

## <u>પરમાણુ સંચયવાદ નિરાસ</u>

સૌત્રાન્તિક બાહ્યાર્થને ક્ષણિક પરમાણુરૂપ માને છે. પરમાણુ પુંજ સ્થૂલરૂપે દેખાય છે. પરમાણુ અચાક્ષુષ છે, તો પરમાણુ પુંજરૂપ સ્કંધ પણ ચાક્ષુષ કેમ બને? અતીન્દ્રિય જ રહે.

## <u>ભિન્ન અવયવીવાદ નિરાસ</u>

નૈયાયિકવાદ અવયવોને અવયવીથી ભિન્ન માને છે.
અવયવી સમવાય સંબંધથી અવયવોમાં રહે છે.

(૧) અવયવી નિરંશ અને નિત્ય છે.

(૨) અવયવી ભિન્ન દેખાતાં નથી.

(3) અવયવીનું વજન વધવું જોઈએ.

(૪) અવયવીનું અસ્તિત્વ પ્રતિભાસિત ન થવું જોઈએ.

પ્રતીતિને અનુસારે અવયવોથી અવયવીને કથંચિત ભિન્ન તથા 'અવયવી અવયવરૂપ જ છે' એમ માનવા જોઈએ.

સર્પ સીધો - વાંકો - ગોળ તથા ગુંચળાવાળો, એમ પ્રત્યેક અવસ્થાઓમાં સાપ એક જ છે, તેમ ઉત્પન્ન - વિનાશ થવાવાળા પર્યાયોમાં દ્રવ્ય એક જ છે. અભિન્ન પ્રતિભાસથી વસ્તુ એક છે, વિરુદ્ધ ધર્મોના અધ્યાસથી અનેક છે. સ્થૂલ અંશથી પ્રત્યક્ષ, સૂક્ષ્મ અંશથી અપ્રત્યક્ષ. દ્રવ્યપર્યાયાત્મક વસ્તુ જ પ્રમાણનો વિષય છે.

## સામાન્ય

નૈયાયિકો નિત્ય - એક - સર્વગત સામાન્યને માને છે અને તે દ્રવ્ય - ગુણ - કર્મમાં સમવાય સંબંધથી રહે છે.

બૌદ્ધ ધર્મીઓ સામાન્યને વસ્તુરૂપ નહિ માનતાં અન્યાપોહરૂપ કે અતદ્વ્યાવૃત્તિરૂપ માને છે.

જૈનદર્શની સદૃશ પરિણામને સામાન્ય કહે છે.

તે અનેકાનુગત નહિ પણ વ્યક્તિસ્વરૂપ છે, વ્યક્તિની જેમ અનિત્ય અને અસર્વગત છે.

## નિત્ય સામાન્ય નિરાસ

(૧) સામાન્ય - વિશેષ સમવાય જેમ સ્વતઃ સત્ છે, તેમ દ્રવ્ય - ગુણ - કર્મ પણ સ્વતઃ સત્ છે.

(૨) પ્રત્યેક વ્યક્તિમાં અંશશઃ અને અખણ્ડરૂપથી રહે છે, તો તેને સાંશત્વ અને અનિત્યત્વ પ્રાપ્ત થાય છે.

(3) દ્રવ્યાદિથી અતિરિક્ત સામાન્ય નહિ માનતાં સદૃશ પરિણામ રૂપ સામાન્ય માનવું જોઈએ.

## અન્યાપોહ નિરાસ

વિભિન્ન વસ્તુઓમાં અભેદબુદ્ધિ પ્રતિભાસિત છે. વિધ્યાત્મક ધર્મ નહિ પણ અતદ્વ્યાવૃત્તિરૂપ છે, જેમકે: જે વ્યક્તિઓમાં 'અમનુષ્યવ્યાવૃત્તિ' પ્રાપ્ત થાય છે, તેમાં 'મનુષ્ય' 'મનુષ્ય' એ વ્યવહાર કરાય છે.

ચક્ષુરૂપ આલોકાદિ પદાર્થ પરસ્પર ભિન્ન હોવા છતાં 'અરૂપજ્ઞાનજનન વ્યાવૃત્તિ' હોવાના કારણે 'રૂપજ્ઞાનજનક' રૂપ વ્યવહારમાં કારણ થાય છે, એ જ રીતે 'અતત્કાર્યકારણ વ્યાવૃત્તિ'થી પણ અનુગત વ્યવહાર થાય. <u>પ્રશ્ન</u>: ગોત્વાદિ વસ્તુભૂત સામાન્યને માન્યા વિના પણ કેમ સદૃશ વ્યવહાર થઈ જાય છે?

<u>ઉત્તર</u>

સદૃશ પરિણામરૂપ વિધ્યાત્મક સામાન્યને માન્યા વિના અપોહનો નિયમ જ થઈ શકતો નથી. બુદ્ધિ સમાન ધર્મોની અપેક્ષાએ અનુગત વ્યવહાર કરે છે તથા વિલક્ષણ ધર્મોની અપેક્ષાએ વિસદૃશ વ્યવહાર-

એ સમાન ધર્મ વિધ્યાત્મક છે - નિષેધાત્મક નથી. બૌદ્ધો અપરાપર ક્ષણોમાં સાદૃશ્યતાના કારણે જ એકત્વનું ભાન માને છે. જેમ શુક્તિકા અને રજતમાં સદૃશતાના કારણે જ ભ્રમોત્પત્તિનો સ્વીકાર કરે છે, તેમ અનુગત વ્યવહાર પણ સદૃશ પરિણામને જ આધીન માનવો.

અગોવ્યાવૃત્તિ શાબલેય બાહુલેયમાં ગૌ ગૌ એવો અનુગત વ્યવહાર કરાવે છે, તો અશ્વમાં કેમ નહિ? અશ્વથી ગાય જેટલી ભિન્ન શાબલેય બાહુલેય ગાય નથી.

શાબ્દભેદ ભાવભેદમાં કોઈ એકનું સાદૃશ્ય છે,
જે અભેદમાં નથી. વિજાતીયથી ભિન્ન પાડનાર સાતત્યા-
વૃત્તિથી ભિન્ન સજાતીયમાં ભેદ પાડનાર ભાવ વસ્તુ
માનવી જ જોઈએ અને તે જ સદૃશ પરિણામ છે.

(૧) સદૃશ પરિણામરૂપ તિર્યક્ સામાન્ય.

(૨) એક દ્રવ્યરૂપ ઊર્ધ્વતા સામાન્ય.

(૩) ભિન્ન દ્રવ્યોમાં ભેદવ્યવહારનું પ્રયોજન - વિશેષ.

(૪) એક દ્રવ્યના બે પર્યાયમાં ભેદવ્યવહાર કરાવનાર.

ભૂતચૈતન્યવાદ નિરાસ

'જલબુદ્બુદવજ્જીવાઃ ।' 'મદશક્તિવદ્વિજ્ઞાનમ્ ।'

(૧) જાતિસ્મરણ.

(૨) ભૂત - પિશાચાદિ દ્વારા સત્ય કથન.

(૩) સ્તનપાનાભિલાષા.

(૪) જ્ઞાન એ શરીરનો નહિ પણ મનનો ધર્મ છે.

(૫) બાળનું જ્ઞાન થઈ શકતું નથી.

(૬) શરીરના વિકાસ મુજબ બુદ્ધિમાં વિકાસ થતો નથી.
વિકાસ એટલે કે બળની નિર્બળતા.

(૭) સુખ - દુઃખાદિ ઇંદ્રિયોના ધર્મ નથી.

(૮) ગમનશક્તિ અને જ્ઞાનશક્તિ ભૂતોનો ધર્મ નથી.

## 'ગુણ' કોને કહેવાય?

અનેક ધર્માત્મક અર્થનું અખંડરૂપ ગ્રહણ એનું શક્ય છે,
કિન્તુ કથન કોઈ ખાસ એક જ ધર્મથી થઈ શકે છે.
એ વ્યવહાર માટે ભેદરૂપથી વિવક્ષિત ધર્મને 'ગુણ' કહે છે.

ગુણ એ દ્રવ્યનું જ પરિણમન છે,
તે સ્વતંત્ર પદાર્થ નહિ અને સ્વયં નિર્ગુણ છે.
અમુક ગુણ અમુક આત્માનો જ છે, એમાં
નિયામક તરીકે કથંચિત્ તાદાત્મ્ય સિવાય બીજું શું છે?
એક ગંધ, બે રૂપાદિ નૈયાયિકો કેવી રીતે કહી શકશે?
ગુણ નિર્ગુણ છે, આશ્રયભૂત દ્રવ્યની સંખ્યાનો એકાર્થ
સમવાય છે, માટે રૂપાદિમાં ઉપચાર કરીને નિર્વાહ કરશો,
તો એક દ્રવ્યમાં રૂપાદિ ઘણાં ગુણ છે, એ પ્રયોગ જ
અસંભવ થશે, કેમકે રૂપાદિ બહુ ગુણોના આશ્રયભૂત
દ્રવ્યમાં તો એકત્વ સંખ્યા છે - બહુત્વ સંખ્યા નહિ.
ધર્મ આશ્રયભૂત ધર્મીની અપેક્ષાએ ધર્મ છે પણ
પોતાનામાં રહેવાવાળા અન્ય ધર્મોની અપેક્ષાએ ધર્મી
પણ થઈ જાય છે. રૂપ તથા ગુણ આશ્રયભૂત ઘટની
અપેક્ષાએ યદ્યપિ ધર્મ છે, પરન્તુ પોતાનામાં રહેલ
એકત્વ - પ્રમેયત્વાદિ ધર્મોની અપેક્ષાએ એ ધર્મી છે.

એ રીતે ધર્મ - ધર્મીભાવ અનિયત હોવાથી જૈનમતમાં એક ગંધ-બે દ્રવ્ય આદિ પ્રયોગ સુખપૂર્વક ઘટી શકે છે.

## ક્યો વાદી શું જુએ છે?

શૂન્યવાદી : શૂન્યવાદનું જ્ઞાન છે કે નહિ?

અદ્વૈતવાદી : અદ્વૈત પ્રતિપાદક વચન છે કે નહિ?

પરમાણુપુંજવાદી : ચાક્ષુષ સ્કંધ છે કે નહિ?

ભિન્નાવયવિવાદી : વજન વધે છે કે નહિ?

નિત્ય સામાન્યવાદી : સત્તાસામાન્ય વિના પણ સામાન્યાદિ સત્ છે કે નહિ?

અન્યાપોહવાદી : વિજાતીયથી વ્યાવૃત્તિની જેમ સજાતીયથી પણ વ્યાવૃત્તિ થાય છે કે નહિ?

ભૂતચૈતન્યવાદી : ચૈતન્ય એ ભૂતનો ધર્મ કે કાર્ય હોય, તો ભૂતના વિકારથી ચૈતન્યનો વિકાર થાય છે કે નહિ?

## 'અનુમાન' એટલે શું?

અવિનાભાવ સાધનથી સાધ્યનું જ્ઞાન તે અનુમાન છે.

અનુમિતિનું કરણ તે અનુમાન.

પરામર્શજ્ઞાન : ધૂમ અગ્નિથી વ્યાપ્ત છે અને પર્વતમાં છે.

## 'સાધન' એટલે...

સાધ્યની સાથે જેનો અવિનાભાવ નિશ્ચિત હોય તે.

અવિનાભાવનું ગ્રહણ તર્ક - પ્રમાણ દ્વારા થાય છે
અને તે ઉપલંભ - અનુપલંભથી ઉત્પન્ન થાય છે.
બૌદ્ધો ત્રિરૂપહેતુ માને છે.
અવિનાભાવના પરિચાયક અવિનાભાવનું ગ્રહણ
તાદાત્મ્ય તદુત્પત્તિ સંબંધથી માને છે.
સ્વભાવહેતુમાં તાદાત્મ્ય સંબંધ, કાર્યહેતુમાં તદુત્પત્તિ
સંબંધ અને અનુપલબ્ધિહેતુમાં યથાસંભવ બંને સંબંધ
અવિનાભાવના પ્રયોજક છે, એમ માને છે.
તે ઉપરાંત કારણ પૂર્વચર - ઉત્તરચર - સહચરાદિ
હેતુ પણ સ્વનિયત સાધ્યનું અનુમાન કરાવે છે.
સ્વભાવ (પૂર્વચર), કાર્ય (ઉત્તરચર), કારણ (સહચર).

કારણ - નિમિત્ત કારણ

કારણનું સામર્થ્ય અપ્રતિહત હોય અને અન્ય કારણોની
વિકલતા ન હોય, ત્યાં કારણથી કાર્યનું અનુમાન થાય.
સહચર કારણ : (૧) આગલો દેખીને પાછલો ભાગ.
(૨) ત્રાજવાનું એક પલ્લું નીચું દેખીને બીજું ઊંચું.
(૩) રસ ચાખીને રૂપનું (૪) સાસ્ના (ગોદડી) દેખી ગાયનું.
અનુપલબ્ધિ : દૃશ્યાનુપલબ્ધિ અભાવની સાધક છે.
(યોગ્યાનુપલબ્ધિ)

પ્રમાણથી પ્રમેયનો સદ્ભાવ જણાય છે, કિન્તુ
પ્રમાણની અપ્રવૃત્તિથી પ્રમેયનો અભાવ મનાય નહિ. એથી
વિપ્રકૃષ્ટ પદાર્થોમાં અનુપલબ્ધિ સંશય હેતુ હોવાથી
અભાવની સાધિકા નથી. ઉપલબ્ધિના સઘળા
કારણો મળવા છતાં ઉપલબ્ધિ ન થાય, અર્થાત્:
સૂક્ષ્મ નથી - દૂર નથી - અંતરિત નથી, છતાં ન દેખાય,
તો તેનો અભાવ માનવો જોઈએ.
જે વસ્તુ જે જે પ્રમાણોથી જણાય છે, તે વસ્તુ તે તે
પ્રમાણોની નિવૃત્તિથી અભાવ તરીકે સિદ્ધ થાય છે.

## હેતુના ત્રણ રૂપ

પક્ષસત્ત્વ, સપક્ષસત્ત્વ તથા વિપક્ષાસત્ત્વ.
તે ત્રણમાંથી માત્ર વિપક્ષાસત્ત્વ અન્યથાનુપપત્તિ-
રૂપ જ એક રૂપ અવ્યભિચરિત છે.
સપક્ષ વિના અંતર્વ્યાપ્તિથી પક્ષ સાધ્ય સિદ્ધ થાય છે,
પક્ષ વિના પૂર્વચરાદિ હેતુઓથી પક્ષ સાધ્યસિદ્ધિ થાય.
હેત્વાભાસ: કેવળ એક 'અસિદ્ધ' જ છે.
અન્યથાનુપપન્નત્વ જેનું સિદ્ધ નથી, તે 'અસિદ્ધ' હેતુ છે.
અન્યથાનુપપન્નત્વનો અભાવ અનેક રીતે થાય છે:
(૧) વિરુદ્ધ (૨) અસિદ્ધ (૩) અસંદિગ્ધ (૪) અકિંચિત્કર.

# બૌદ્ધ ધર્મની માન્યતાઓ

અસિદ્ધ = પક્ષમાં નહિ રહેનારો.

વિરૂદ્ધ = વિપક્ષમાં જ રહેનારો.

અનૈકાન્તિક = વિપક્ષમાં પણ રહેનારો.

અકિંચિત્કર = સિદ્ધ સાધ્યમાં પ્રયુક્ત.

અન્યથાનુપપત્તિરહિત ત્રિલક્ષણ સાધન હેતુ અકિંચિત્કર છે.

અતીત - કાલાત્યયાપદિષ્ટ અકિંચિત્કરમાં અને

પ્રકરણસમ - વિરૂદ્ધ હેત્વાભાસમાં સમાઈ જાય છે.

## અનુમાનનાં ભેદ

ન્યાય = પૂર્વવત્ - વત = સાંખ્ય.

શેષવત્ - અવીત, સામાન્યતોદૃષ્ટ - વીત.

વૈશેષિક = કાર્ય - કારણ સંયોગીસમવાયિ વિરોધી.

જૈન = અન્યથાનુપપત્તિ લિંગજ.

કથાના ભેદ : વાદ = વીતરાગકથા - તત્ત્વનિર્ણય.

જલ્પ તથા વિતંડા = વિજિગીષુ કથા.

પક્ષ પ્રતિપક્ષ / સ્વપક્ષ સાધન તથા પરપક્ષ દૂષણ

તર્ક પ્રમાણ છલ જાતિ નિગ્રહસ્થાન.

વાદનું પ્રયોજન તત્ત્વનિર્ણય અને

જલ્પ - વિતંડાનું પ્રયોજન તત્ત્વસંરક્ષણ.

## સમર્થ વચનવાદ

વાદી - પ્રતિવાદી તથા સભ્ય - સભાપતિની સામે
સ્વપક્ષસાધન તથા પરપક્ષદૂષણ = વચનવાદ છે.

## જય - પરાજય

વિપ્રતિપત્તિ તથા અપ્રતિપત્તિ = ૨૨ નિગ્રહસ્થાન.

## સ્વપક્ષસિદ્ધિ તથા પરપક્ષ નિરાકરણ

જાતિ - અસદુત્તર, અનન્ત - ૨૪.
સાધર્મ્ય સમાદિ જાતિઓ અનંત છે.
આગમ આપ્તોક્ત છે, હેતુવાદરૂપ આગમ યુક્તિસિદ્ધ છે.
એ અંશમાં પ્રમાણ છે, માટે અહેતુવાદ આગમ પણ પ્રમાણ છે.

## શબ્દનું અર્થવાચકત્વ

શબ્દ એ અર્થનો વાચક નહિ, વિવક્ષાનો સૂચકમાત્ર છે.
શબ્દનો વાચ્ય અર્થ નહિ પણ બુદ્ધિકલ્પિત અન્યાપોહ રૂપ સામાન્ય છે. સદૃશ ધર્મોની અપેક્ષાએ શબ્દનો અર્થમાં સંકેત થઈ શકે છે. તત્સદૃશ અન્ય શબ્દથી વ્યવહારકાળમાં અર્થબોધ થઈ શકે છે. એક ઘટ શબ્દનો એક ઘટ અર્થમાં સંકેત ગ્રહણ કર્યા બાદ યાવદ્ ઘટોમાં તત્સદૃશ યાવત્ ઘટ શબ્દોની પ્રવૃત્તિ થઈ શકે. સંકેત કેવળ સામાન્ય કે કેવળ વિશેષમાં ન થાય.

સામાન્ય વિશેષાત્મક સદેશ ધર્મ વિશિષ્ટ શબ્દ અને
અર્થ વ્યક્તિમાં સંકેત ગ્રહણ થાય છે. સંકેત ગ્રહણ
બાદ શબ્દાર્થનું સ્મરણ કરીને વ્યવહાર થાય છે.

સ્મૃતિમાં અવિસંવાદપ્રયુક્ત પ્રમાણતા રહેલી છે.

અક્ષરજ્ઞાન સ્પષ્ટ છે, શબ્દજ્ઞાન અસ્પષ્ટ છે.

સ્પષ્ટતા - અસ્પષ્ટતા વિષય ભેદપ્રયુક્ત નથી, પરંતુ
આવરણ - ક્ષયોપશમાદિ સામગ્રી પ્રયુક્ત છે.

એક જ વૃક્ષને દૂરવર્તી પુરુષ અસ્પષ્ટ જુએ છે અને
સમીપવર્તી પુરુષ સ્પષ્ટ દેખે છે. અવિનાભાવ સંબંધિત
અર્થને બોધ કરાવવાવાળું અનુમાન અસ્પષ્ટ છતાં ય
જેમ અવિસંવાદી છે, તેમ વાચ્ય-વાચક સંબંધિત અર્થનું
જ્ઞાન કરાવનાર શબ્દબોધ પણ પ્રમાણ છે.

આપ્તના શબ્દ વાક્યાર્થમાં પ્રમાણ છે.

પ્રમાણમાં સત્યત્વવ્યવસ્થા, અર્થપ્રાપ્તિના કારણે થાય છે.

શબ્દ અર્થનો વાચક જરૂર છે, કિન્તુ
તે વિવક્ષાનો વાચક છે, ભ્રમ નહિ.

પ્રમાણતા કારણ તો ગુણોને આધીન છે.

શબ્દનું કારણ વક્તા છે.

વક્તાની નિર્દોષિતા વચનની નિર્દોષિતાને સિદ્ધ કરે છે.

શબ્દનો અર્થ એ જ્ઞાનનો વિષય છે, કારણ નહિ.

જ્ઞાનના કારણો

(૧) સમનન્તર પ્રત્યય - પૂર્વજ્ઞાન.
(૨) અધિપતિ પ્રત્યય - ઇન્દ્રિયો.
(૩) આલંબન પ્રત્યય - અર્થ.
(૪) સહકારિ પ્રત્યય - આલોકાદિ.

મિથ્યાજ્ઞાનનાં કારણો

(૧) ઇન્દ્રિયગત દોષ - તિમિરાદિ.
(૨) વિષયગત દોષ - આશુભ્રમણાદિ.
(૩) દેશગત દોષ - નૌકાદિ.
(૪) આત્મગત દોષ - વાતપિત્તાદિ.

પ્રધાન પરિણામવાદ

પ્રકૃતિ : સત્ત્વ - રજ - તમસ્‌ની સામ્યાવસ્થા.
પ્રકૃતિથી મહત્ તત્ત્વ (બુદ્ધિ) : સંકલ્પાત્મક.
બુદ્ધિથી અહંકાર - અહંત્વ - મમત્વ : ચિંતાત્મક.

સાત્ત્વિક - રાજસ - તામસ અહંકાર

સાત્ત્વિક અહંકારથી મન અને જ્ઞાનેન્દ્રિયો.
રાજસ અહંકારથી કર્મેન્દ્રિય અને તેના અધિષ્ઠાયક.
તામસ અહંકારથી પંચતન્માત્રા આદિ

શબ્દ તન્માત્રાથી આકાશ, આકાશથી સ્પર્શ તન્માત્રા,
સ્પર્શ તન્માત્રાથી વાયુ, વાયુથી રૂપ તન્માત્રા,
રૂપ તન્માત્રાથી તેજ, અગ્નિથી રસ તન્માત્રા,
રસ તન્માત્રાથી જલ, જલથી ગંધ તન્માત્રા અને
ગંધ તન્માત્રાથી પૃથ્વી. એમ પંચ તન્માત્રા છે.

o आकारैरिङ्गितै गत्या चेष्टया भाषणेन च ।
नेत्रवक्त्रविकारैश्च गृह्यतेऽन्तर्गतं मनः ॥ અર્થાત્: મુખના હાવભાવ, શરીરની ચાલ, વિવિધ ચેષ્ટાઓ તથા બોલવા દ્વારા, મુખ તથા આંખના વિકારો દ્વારા (શરીરની) અંદર રહેલું મન જણાય છે.

## સાંખ્ય મતની માન્યતાઓ

સમગ્ર ભેદોની અંતર્ગત એક અનુગામક સત્તાના સ્વરૂપનો વિચાર કરવામાં આવે, ત્યારે એક માત્ર સત્ જ છે - તે જ સદ્ અદ્વૈત છે. ગુણપર્યાયકૃત ભેદો કે જે પરસ્પર વ્યાવૃત્ત છે, તેમાં વિભાજિત થાય, ત્યારે તે જ વિશ્વ એક સત્‌રૂપ મટીને અનેક સત્‌રૂપ પ્રતીત થાય. સત્ બે પ્રકારે: જડ-ચેતન.
જડ બે પ્રકારે: રૂપી - અરૂપી.
ચેતન બે પ્રકારે: સંસારી અને સિદ્ધ.

## શ્રાવકધર્મ - વીશ વીશી

(૧) અધિકાર વિંશિકા (૨) અનાદિ વિંશિકા
(૩) કુલનીતિધર્મ વિંશિકા (૪) ચરમપરિવર્ત વિંશિકા
(૫) બીજાદિ વિંશિકા (૬) સદ્ધર્મ વિંશિકા
(૭) દાન વિંશિકા (૮) પૂજાવિધિ વિંશિકા
(૯) શ્રાવકધર્મ વિંશિકા (૧૦) શ્રાવકપ્રતિમા વિંશિકા
(૧૧) યતિધર્મ વિંશિકા (૧૨) શિક્ષા વિંશિકા
(૧૩) ભિક્ષા વિંશિકા (૧૪) તદન્તરાય શુદ્ધિ લિંગ વિંશિકા
(૧૫) આલોચના વિંશિકા (૧૬) પ્રાયશ્ચિત્ત વિંશિકા
(૧૭) યોગવિધાન વિંશિકા (૧૮) કેવલજ્ઞાન વિંશિકા
(૧૯) સિદ્ધવિભક્તિ વિંશિકા (૨૦) સિદ્ધસુખ વિંશિકા.

## ૧૯ પંચાશક

(૧) શ્રાવકધર્મ (૨) જિનદીક્ષા (૩) ચૈત્યવંદના
(૪) પૂજાવિધિ (૫) પ્રત્યાખ્યાન વિધિ (૬) સ્તવવિધિ
(૭) જિનભવન કારણ વિધાન (૮) પ્રતિષ્ઠાવિધિ
(૯) યાત્રાવિધિ (૧૦) શ્રાવકપ્રતિમાવિધિ (૧૧) સાધુધર્મ
(૧૨) સામાચારી (૧૩) પિંડ વિશુદ્ધિ (૧૪) શીલાંગાનિ
(૧૫) આલોચનાવિધિ (૧૬) પ્રાયશ્ચિત્તવિધિ
(૧૭) સ્થિતાદિકલ્પ (૧૮) સાધુ પ્રતિમા (૧૯) તપોવિધિ.

જિનદીક્ષા એટલે કેશાપનયન - ક્રોધાદ્યપનયન.
દીક્ષા એ દ્રવ્ય તથા ભાવના મુંડન સ્વરૂપ છે.
સર્વવિરતિ દીક્ષા શિરોમુંડનરૂપ છે.
तस्मादस्य विषवत्तृष्णा प्रभवत्कुष्ठैर्न देहिसंदोहे ।
अस्याचिर्न धर्मपथ्येन च पापा क्रोधादिकंडूतिः ॥ (પરિશિષ્ટ-3)

દીક્ષાનો કાળાદિ સામાન્ય અધિકારિતા

(૧) ચરમ પુદ્ગલાવર્ત (૨) નિર્મળ સ્વભાવ -
યથાપ્રવૃત્તાદિકરણ વડે અપચાત દીર્ઘકર્મસ્થિતિક તથા
(3) વિશુદ્ધમાન (સંક્લિશ્યમાન નહિ).

દીક્ષાનો કાળાદિ વિશેષ અધિકારિતા

(૧) દીક્ષાનો રાગ (૨) લોકવિરુદ્ધનો ત્યાગ
(3) સુંદર ગુરુનો યોગ.

નિસર્ગ - તથાવિધકર્મક્ષયોપશમ, અધિગમ - દર્શન શ્રવણ.
સંસારસમુદ્રતરણ નાવાતુલ્ય આ દીક્ષા હું ક્યારે પામીશ?
સાંસારિક ફલથી નિરપેક્ષ - નિરપેક્ષા.
અવ્યવચ્છિન્ન શુદ્ધાવસાન - સાનુબંધા.
શ્રદ્ધાથી વિઘ્નાભાવ, વિઘ્નાભાવથી ચિત્તાહ્લાદ.
લોકવિરુદ્ધ, સર્વની નિંદાનો ત્યાગ, એમાં
ગુણસમૃદ્ધની નિંદાનો વિશેષ ત્યાગ.

ઋજુ - અવ્યુત્પન્નમતિની ધર્મક્રિયાની હાંસી.

ધૂર્તૈ: વિડંબિતા એતે - જનપૂજનીયની ટીકા.

જનપૂજનીય = રાજા, અમાત્ય, શ્રેષ્ઠિ, તદ્રુપ વગેરે.

બહુજનવિરૂદ્ધ સંગ, લોકાચાર લંઘન.

ઉલ્બણ ભોગ - દેશકાલ - વિભવ - વયાવસ્થાદ્યનુચિત.

દાન તપ સેવનાદિ પ્રકટપણે - અગાંભીરપણે.

રાજાદિ તરફથી સાધુવ્યસનમાં તોષ.

છતી શક્તિએ અપ્રતિકાર. પિશુનતાદિ હેયાનિ સપરિહાર્યા.

પ્રત્યાખ્યેયાનિ પ્રત્યાખ્યાન પરિહાર્યા.

સુંદર સ્વપ્નસૂચિત ગર્ભયોગ

ઉદકાદિ તારણ, અચલાદિ રોહણ તથા વ્યાલાદિ રક્ષણ.

તીર્થંકરોની દીક્ષાવિધિમાં કયા દેવો શું કરે ?

વાયુકુમાર - પ્રમાર્જના, મેઘકુમાર - સુગંધોદકવૃષ્ટિ,

ઋતુદેવતા - પંચવર્ણપુષ્પ વૃષ્ટિ, અગ્નિકુમાર - ધૂપઘટિકા,

ભવનપતિ - જ્યોતિષ - વૈમાનિક દેવો દ્વારા અનુક્રમે

મણિ - કંચન - રૂપ્ય વર્ણવાળા પ્રાકારત્રય.

વ્યંતર દેવો દ્વારા તોરણ, ચૈત્યતરૂ, સિંહાસન, છત્ર, ચક્ર,

ધ્વજ, ચામર, કમલ સ્થાપના ભુવનગુરૂ જગત્પિતામહની.

પ્રથમ પ્રાકારે: ૧૨ પર્ષદા : ગણધરાદિ મુનિવૃષભો,

વૈમાનિક દેવીઓ તથા સાધ્વીઓ.

ભવનપતિ - વ્યંતર - જ્યોતિષી દેવોઓ,
ભવનપતિ દેવી, વૈમાનિક દેવો અને નર - નારીઓ.
દ્વિતીય પ્રાકારે: અહિ - નકુલાદિ. તૃતીય પ્રાકારે: દેવયાન
આદિ કરિ મકર કેસરિ કલાપિ કલહંસાદિ.

## ભુવનગુરૂના ગુણો

સમસ્ત વસ્તુ સ્તોમવિષયવિજ્ઞાયકત્વ,
રાગાદિ વૈરિવિદારકત્વ, નિખિલનાકિનિકાયકલિતનમ્રત્વ,
સદ્ભૂત પદાર્થ પ્રકાશ શક્તિયોગ્યાદિત્વ,
શિવસુખપ્રદાયક નાયકત્વ, દાનાદિ ગુણ સામર્થ્યાત્વઃ
અક્ષિસ્થગન પુષ્પદાન પુષ્પપાત, આગતિગતિવિજ્ઞાન,
દીક્ષા આરાધન - વિરાધનવિજ્ઞાન, શુભાશુભગતિવિજ્ઞાન,
શુભાશુભસંસૂચક શબ્દવિજ્ઞાન, દીપચંદ્રતારકાદીનાં જ્વલનં।

## ૧૨ પ્રકારના સિદ્ધ

(૧) અર્થસિદ્ધ - મમ્મણ (૨) કામસિદ્ધ - શાલિભદ્ર
(૩) કર્મસિદ્ધ (૪) શિલ્પસિદ્ધ (૫) વિદ્યાસિદ્ધ - સત્યકી
(૬) મંત્રસિદ્ધ - ધાતુવેદી (૭) આગમસિદ્ધ - શ્રુતધર
(૮) યોગસિદ્ધ - ગણધર (૯) યાત્રાસિદ્ધ
(૧૦) અભિપ્રાયસિદ્ધ - અભયકુમાર
(૧૧) તપસિદ્ધ - દૃઢપ્રહારી (૧૨) કર્મક્ષયસિદ્ધ - સિદ્ધાત્મા.

# મોક્ષમાં શું છે? મોક્ષમાં શેનો અભાવ છે?

મોક્ષમાં ગીત નૃત્ય વિલાસ શૃંગાર હાસ્ય કુતૂહલ અને
ઇન્દ્રિયના અભાવથી ભૌતિક સુખનો અભાવ છે અને
પ્રશમ સુખ છે. મોક્ષમાં શરીર અને મનના અભાવથી
દુ:ખનો (દોષાવરણનો) અભાવ છે.

કાળની અનંતતા, જીવની અનંતતા,
સિદ્ધોના જીવોની અનંતતા - જ્યોતની અંદર જ્યોત.
જીવની વ્યાપકતા - શરીરપ્રમાણતા.
પ્રારંભની અસંગતતા - અનાદિ ભવ.

(૧) ઇંદ્રિયસુખ એ દુ:ખનું મૂળ છે,
દુ:ખનો પ્રતિકૂળ પ્રતિકાર એ સુખ છે.
(૨) મોક્ષમાં શરીર અને મનના અભાવે
વ્યાધિ અને આધિનો અભાવ છે.
દોષોના નાશથી થતું પ્રશમનું સુખ -
તેનો પ્રકર્ષ જ્યાં છે, તે મોક્ષ.

o

*Blessed is the pure in heart for there is the Kingdom of Heaven.*

o મન લોભી - મન લાલચુ, મન ચંચલ - મન ચોર;
મન કે મત મત ચાલિયે, પલક પલક મન ઔર.

## કોને નમસ્કાર કરી શકાય ?

भव-बीजांकुरजलदा-रागाद्या-क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरोजिनो वा नमस्तस्मै ॥१॥

સમજૂતિ: સંસારના બીજ-અંકુરને પાણી પાનારાં રાગ વગેરે જેના ક્ષય થઈ ગયા છે, તે બ્રહ્મા હો, વિષ્ણુ હો, હરિ હો કે જિન હો, તેને નમસ્કાર છે.

o स जयति परमात्मा केवलज्ञानमूर्तिः ;
दलितनिखिलकर्मा शाश्वतानंदमग्नः ।
हृदयकमलमंतर्यः सदा लीयमानो,
वितरति च मुमुक्षोर्मोक्षलक्ष्मीं प्रसन्नः ॥ (परिशिष्ट-४)

o

Happiness is the essential nature of man. man is unhappy when there is mind. mind is but flow of thoughts. Thoughts are born of desires. When a desires is fulfilled, thought - flow ceases and without flow of thoughts, mind is not. Then man is happy & this happiness lasts till the sprouting up of the next desire.

ऽ ह्रीँ

વરલી, કા. વદ-૬

આપ્તમીમાંસા, કર્તા : સમન્તભદ્ર

(૧) સદૈકાન્તવાદી - સાંખ્ય
(૨) અસદૈકાન્તવાદી (શૂન્યવાદ) - માધ્યમિક
(૩) સવદ્વિ.ઉભયવાદી - વૈશેષિક
(૪) અવાચ્યૈકાંતવાદી વસ્તુવાચ્યાગોચરઃ। - બૌદ્ધ.

અષ્ટશતી ભાષ્ય, કર્તા : અકલંક

(૫) સદવક્તવ્ય અનિર્વચનીયવાદ - શાંકર
(૬) અસદવક્તવ્ય અન્યાપોહવાદ - બૌદ્ધ
(૭) સદસદવક્તવ્ય પદાર્થવાદ - યોગ નૈયાયિક.

○

વસ્તુના સમસ્ત ગુણોમાં કાળ, આત્મા, અર્થ, ગુણદેશ, સંસર્ગ, સંબંધ, ઉપકાર અને શબ્દની અપેક્ષાએ અભેદવિવક્ષા માનીને એક ધર્મને પણ અનંત ધર્માત્મક વસ્તુનો પ્રતિપાદક કહી શકાય છે. એ રીતે વિવક્ષાવશથી પ્રમાણવાક્ય અને નયવાક્યમાં કોઈ જ અંતર નથી.
પૂર્ણદર્શી = અનેકાન્તવાદી તથા અપૂર્ણદર્શી = એકાંતવાદી.

સત્યને જાણવું કષ્ટસાધ્ય છે, કિન્તુ
સત્યને પ્રકાશિત કરવું, એથી પણ વધુ કષ્ટસાધ્ય છે.

એક જ વસ્તુમાં અસ્તિ - નાસ્તિ, નિત્ય - અનિત્ય, એક - અનેક આદિ વિરોધી કહેવાતાં ધર્મોનો સ્વીકાર કરવો જોઈએ, કારણકે સત્ય અનેકાંતરૂપ છે, તેથી તે તે ભિન્ન ભિન્ન અંશોનો સુંદર રૂપમાં સમન્વય કરવો, એ કાર્ય ઘણું ઘણું કઠિન બને છે. વળી શબ્દ એક સમયમાં એક જ ધર્મનું આંશિક વ્યાખ્યાન કરી શકે છે.

સત્યને પ્રગટ કરવાના એકના એક
સાધનની નિર્બળતાનો ય અનુભવ કરવાવાળા પ્રજ્ઞાદર્શી પુરુષોએ આ સ્યાદ્વાદ સિદ્ધાંતનો આવિષ્કાર કર્યો છે.

શબ્દની પ્રવૃત્તિ વક્તાને આધીન છે.

વક્તા વસ્તુના અનેક ધર્મોમાંથી
કોઈ એક જ ધર્મની મુખ્યતાથી વચનપ્રયોગ કરે છે.
વિવક્ષિત ધર્મની મુખ્યતા - શેષધર્મની ગૌણતા રહે છે,

તેથી ગૌણ ધર્મોનો દ્યોતક 'સ્યાત્' શબ્દ
સમસ્ત વાક્યોની સાથે ગુપ્તપણે સંબંધિત રહે છે.

શ્રુત, ઉપદેશ યા વાક્ય ત્રણ પ્રકારના હોય છે:
સ્યાદ્વાદ, નય અને મિથ્યા.

સંપૂર્ણાર્થ વિનિશ્ચાયી સ્યાદ્વાદ શ્રુત છે.
પ્રમાણ અને નયની વ્યવસ્થા સાપેક્ષ છે.

## પ્રમાણના બે ભેદ છે : સ્વાર્થ અને પરાર્થ.

### મતિજ્ઞાન સ્વાર્થપ્રમાણ છે.

ઇંદ્રિય-મનની સહાયતાથી જે જ્ઞાન થાય, તે મતિજ્ઞાન. યથાર્થમાં કોઈપણ ઇંદ્રિયજન્ય જ્ઞાન પૂર્ણ વસ્તુને વિષય કરતું નથી. ચક્ષુ રૂપ દ્વારા, રસના રસ દ્વારા, ઘ્રાણ ગન્ધ દ્વારા વસ્તુને જાણે છે, છતાં જૈનદર્શનમાં આ બધા જ્ઞાનોને પ્રમાણ અર્થાત્ અનેક ધર્માત્મક વસ્તુના ગ્રાહી કહ્યાં છે, એનું કારણ જ્ઞાતાની દૃષ્ટિ છે. એક ધર્મને જાણવા છતાં જાણનારની દૃષ્ટિ અન્ય સૌ ધર્મો પ્રતિ ઉદાસીન હોતી નથી. બુદ્ધિમાન જ્ઞાતા જાણે જ છે કે ઇંદ્રિયોમાં એટલી શક્તિ નથી કે એક સમયમાં વસ્તુના અનેક ધર્મોનું જ્ઞાન કરાવી શકે. ઇંદ્રિયોની આ અશક્તિને ન જાણનાર ઇંદ્રિય જે ધર્મનો બોધ કરાવે, તે ધર્મને પૂર્ણ વસ્તુ સમજી લે, તો તે જ્ઞાન અપ્રમાણ છે. ઇંદ્રિયોની જેમ શબ્દ પણ એક સમયમાં અનેક ધર્મોનો બોધ કરાવી શકતો નથી, તેથી વક્તા કોઈ એક ધર્મનું અવલંબન લઈને જ વચન-વ્યવહાર કરે છે. વક્તા એક ધર્મ દ્વારા પૂર્ણ વસ્તુનો બોધ કરાવવા ઇચ્છે, તો તેનું વાક્ય 'પ્રમાણવાક્ય' અને

એક ધર્મનો બોધ કરાવવા ઇચ્છે અને શેષ ધર્મો પ્રતિ ઉદાસીન રહે, તો તેનું વાક્ય 'નયવાક્ય' કહેવાય છે.
જ્ઞાતા જ્યારે શબ્દો દ્વારા બીજાઓ ઉપર પોતાનું જ્ઞાન પ્રગટ કરવા તત્પર થાય છે, ત્યારે તેનું તે શબ્દાધાન અક્ષરરૂપ જ્ઞાન 'સ્વાર્થશ્રુત પ્રમાણ' કહેવાય છે અને
જ્ઞાતા જે વચન બોલે છે,
તે વચનને 'પરાર્થશ્રુત પ્રમાણ' કહેવાય છે.

શ્રુતપ્રમાણના ભેદને જ 'નય' કહે છે.

'સત્' શબ્દ કેવળ અસ્તિત્વ ધર્મને કહે છે.
'દ્રવ્ય' શબ્દ કેવળ દ્રવ્યત્વ ધર્મને કહે છે. 'ઘટ પટ' આદિ શબ્દ ઘટપટત્વ ધર્મોને કહે છે, શેષ ધર્મો પ્રત્યે મૂક છે.
સત્ત્વ - દ્રવ્યત્વ ધર્મો સંગ્રહનયના વિષય છે અને
ઘટત્વ - પટત્વાદિ વ્યવહારનયના વિષય છે.

વિશ્વના સ્વરૂપ સંબંધી ત્રણ માન્યતાઓ:

(૧) પ્રકૃતિવાદી : બાહ્ય વિશ્વ અજન્ય છે, પરન્તુ આવિર્ભાવ તિરોભાવરૂપ છે, દૂધમાંથી માખણનો આવિર્ભાવ થાય છે.
કાષ્ઠમાંથી વહ્નિનો પણ માત્ર આવિર્ભાવ છે.
સમસ્ત વિશ્વ તેના સૂક્ષ્મ કારણમાં અસ્તિત્વ ધરાવે છે, તે કારણને અવ્યક્ત, પ્રધાન અથવા પ્રકૃતિ કહે છે.

(2) <u>પરમાણુવાદી</u> : બાહ્ય વિશ્વ કોઈ એક કારણથી નહિ પણ સ્વભાવથી જ ભિન્ન એવા અનેક કારણોમાંથી ઉત્પન્ન થયું છે અને તે કારણોમાંથી પણ વિશ્વ દૂધમાં માખણની જેમ છૂપાયેલું નહિ પણ વિભિન્ન કાચકંડોના સંયોગથી જેમ એક નવીન ગાડી તૈયાર થાય છે, તેમ મૂળ કારણોના સંશ્લેષણ - વિશ્લેષણથી બાહ્ય વિશ્વ તદ્દન નવીન ઉત્પન્ન થયું છે. આત્મતત્ત્વ - આંતરિક જગત સંબંધી પહેલાં અને બાબત સમાન માન્યતા ધરાવે છે. અહં નામનું આત્મતત્ત્વ અનાદિ છે, તે કોઈનું પરિણામ નથી કે ન કોઈ કારણમાંથી ઉત્પન્ન થયું છે. જે રીતે તે આત્મતત્ત્વ અનાદિ છે, તે રીતે દિશા અને કાળ - બંને દૃષ્ટિથી અનંત છે - દેશભેદથી ભિન્ન ભિન્ન છે, વાસ્તવિક રીતિએ એક નથી.

(3) <u>બ્રહ્મવાદી</u> : બાહ્ય વિશ્વ અને આંતરિક જીવજગત બંને કોઈ એક અખંડ સત્તત્ત્વનું પરિણામ છે અને મૂળમાં બાહ્ય યા આંતરિક જગતની પ્રકૃતિ અથવા તો કારણમાં ગુણધર્મ પ્રકારનો ભેદ નથી.

<u>વિશ્વના સ્વરૂપ સંબંધી જૈન માન્યતા</u>

પરમાણુવાદની ભૂમિકા ઉપર પ્રકૃતિવાદના પરિણામની માન્યતા તરફ જૈનમતનો ઝુકાવ છે.

સર્વ પરમાણુ એકસમાન પ્રકૃતિના છે, ભિન્ન ભિન્ન પ્રકારના નહિ. જૈનદર્શન પરમાણુઓથી સતત કાર્યની ઉત્પત્તિ નહિ પણ પ્રકૃતિવાદીની જેમ આવિર્ભાવ - તિરોભાવ માને છે. પરમાણુપુંજમાંથી બાહ્યવિશ્વ તો પોતાની મેળે જ પરિણમે છે અને કેટલાક વસ્તુઓ તલમાંથી તેલની જેમ આવિર્ભૂત થાય છે. ઘણી વસ્તુઓ એવી પણ છે કે જે પોતાના જડ કારણોમાંથી ઉત્પન્ન પણ થાય અને તે ઉત્પત્તિમાં પુરુષપ્રયત્નની અપેક્ષા રાખે છે. જે વસ્તુઓ પુરુષ પ્રયત્નની અપેક્ષા રાખે, તે તદ્દન નવીન ઉત્પન્ન થાય છે.

જેમ કોઈ સુથાર કાષ્ઠના ટૂકડાઓમાંથી ઘોડો બનાવે છે, ત્યારે તે ઘોડો કાષ્ઠમાં છૂપાયેલો નહોતો, કિન્તુ સંયોગથી નવીન તૈયાર થાય છે. તેને બનાવનાર સુથારની બુદ્ધિમાં પ્રથમ તે કલ્પનારૂપે હોય છે અને કાષ્ઠખંડો દ્વારા મૂર્તરૂપ ધારણ કરે છે.

સુથાર ઇચ્છે તો ઘોડાને બદલે ગાય કે ગાડી પણ બનાવે. તલમાંથી તેલ જ નીકળે, ઘી કે માખણ નહિ.

આ રીતે જૈનમત પરમાણુવાદી હોવા છતાં એક બાજુ પરિણામ અને આવિર્ભાવ માનનાર પ્રકૃતિવાદી સાથે તથા

ઘણું ઘણું કાર્ય કર્યું
ઉત્પત્તિના વિષયમાં પરમાણુવાદી સાથે મળે છે. આત્મતત્વના વિષયમાં દેહભેદથી ભિન્ન આત્મા માનવા છતાં દેહાદેહિથી અવ્યાપક અને પરિણામનિત્ય, કિન્તુ કૂટસ્થ નિત્ય નહિ. જેમ બાહ્યવિશ્વ પરિણામનશીલ છે, તેમ આત્મા પણ પરિણામી હોવાથી સતત પરિવર્તનશીલ અને સંકોચ-વિસ્તારશીલ હોવાથી દેહપ્રમાણ પણ છે.

જૈનમતના તમામ ફિરકાઓ આગમવચનોના ઉપર અવલંબિત છે, કિન્તુ તત્વચિન્તન એક જ છે. માનવીય તત્વચિન્તનના સમગ્ર ઇતિહાસમાં આ એક જ દૃષ્ટાંત છે કે આટલા બધા લાંબા સમયનો ઇતિહાસ ધરાવવા છતાં તત્વચિન્તનના પ્રવાહમાં એકસરખી અખંડિતતા જળવાઈ રહી છે.

તત્વજ્ઞાન કેવળ જગત, જીવ અને ઈશ્વરના સ્વરૂપ-ચિન્તનથી પૂર્ણ થતું નથી. તે આચરણનો પ્રશ્ન પણ પોતાના પ્રદેશમાં લે છે. પ્રત્યેક તત્વજ્ઞાન જીવનના શોધનની મીમાંસા ધરાવે છે. ગ્રીકના તત્વચિન્તનની શરૂઆત કેવળ વિશ્વના સ્વરૂપસંબંધી પ્રશ્નોથી થાય છે અને આગળ જતાં ખ્રિસ્તીધર્મ સાથે સંબંધ થતાં

તેમાં જીવનશોધનનો પ્રશ્ન સમાવેશ પામ્યો. રોમન કેથોલિક સંપ્રદાયમાં આજે તે મહત્વપૂર્ણ ભાગ લે છે. આર્ય તત્વજ્ઞાનમાં તેથી તદ્દન ઉલ્ટું છે. જીવનશોધનના પ્રશ્નથી જ તેના અંદર તત્વચિન્તનનો આરંભ થયો છે.

## આર્ય તત્વજ્ઞાનની ત્રણ શાખા

વૈદિક - બૌદ્ધિક અને જૈન. ત્રણેમાં સમાન રીતે જ વિશ્વચિંતન સાથે જીવનશોધનનું ચિંતન સંકલિત છે. મોક્ષના ઉદ્દેશથી જ આર્યતત્વજ્ઞાનનો પ્રારંભ થાય છે અને ઉપસંહાર પણ તેમાં જ થાય છે. દરેક દર્શનોને પોતાનો વિશિષ્ટ યોગમાર્ગ છે તથા જીવનશોધનના મૌલિક પ્રશ્નોની પણ સર્વ શાખામાં એકવાક્યતા છે, છતાં જે ભેદ છે, તે જડ - જગત અને ઈશ્વરના સ્વરૂપચિન્તન સંબંધમાં અને આચારના સ્થૂલ તથા બાહ્ય વિધિવિધાન અને સ્થૂલ રહનસહનમાં છે, પરન્તુ જીવનશોધન સાથે સંબંધ રાખવાવાળા મૌલિક પ્રશ્નો અને તેના ઉત્તરોમાં બિલકુલ ભેદ નથી.

કોઈ ઈશ્વરને માને યા નહિ, કોઈ પ્રકૃતિવાદી હો કે પરમાણુવાદી, કોઈ આત્મભેદ સ્વીકારે કે અભેદ, કોઈ આત્માને વ્યાપક અને નિત્ય માને કે તેથી વિપરીત,

કોઈ યજ્ઞ-યાગાદિ ક્રિયા ભક્તિ ઉપર ભાર આપે, કોઈ બ્રહ્મસાક્ષાત્કાર કે જ્ઞાનમાર્ગ ઉપર ભાર આપે, કોઈ મધ્યમમાર્ગ ઉપર તો કોઈ કઠોર ત્યાગમાર્ગ ઉપર આપે, પરન્તુ પ્રત્યેક પરંપરામાં નીચેના ચાર પ્રશ્ન સમાન છે:

દુઃખ, તેનું કારણ, દુઃખનાશ અને
દુઃખનાશનો માર્ગ તથા અંતિમ સાધ્યરૂપે મુક્તિ.

આ ચારે પ્રશ્નોનો ઉત્તર એકસરખો છે, પછી ભલે શબ્દભેદ હો અથવા સંક્ષેપ-વિસ્તાર હો. આર્યદર્શનની પ્રત્યેક પરંપરા જીવનશોધનના મૌલિક વિચારમાં અને તેના નિયમોના વિષયમાં બિલકુલ એકમત છે.

જૈનદર્શન કહે છે કે આત્મા સ્વાભાવિક રીતે શુદ્ધ તથા ચિદ્ઘન છે, અશુદ્ધિ-વિકાર કે દુઃખરૂપતા જે દેખાય છે, તે અજ્ઞાન અને મોહના અનાદિ પ્રવાહના કારણે છે. તેનો વિનાશ કરવા એકમાત્ર વિવેકશક્તિને વિકસિત, બાજુબાજુ રાગદ્વેષના સંસ્કારોને નાબૂદ કરવા જોઈએ. અજ્ઞાન અને મોહની પ્રબળતાનો કાળ બહિરાત્મદશા છે તથા મંદતાનો કાળ અંતરાત્મદશા છે. તે સમયે વિવેક-શક્તિના વિકાસ અને રાગ-દ્વેષની મંદતાના પ્રમાણમાં સાંસારિક પ્રવૃત્તિ અનાસક્તિવાળી રહે છે અને બાહ્ય

પ્રવૃત્તિ રહેવા છતાં અંતરથી નિવૃત્તિનું તત્ત્વ જ રહે છે.

જીવનશોધનની અંતિમ ભૂમિકા પરમાત્મદશાની છે.

જીવનશોધનની એ મીમાંસા બધા દર્શનોમાં સમાન છે કે: અવિવેક - મિથ્યાત્વ અને મોહતૃષ્ણા, એ જ સંસાર અથવા તેના કારણ છે તથા વિવેક - સમ્યગ્દર્શન અને વૈરાગ્ય, એ એ જ મોક્ષ અથવા તો મોક્ષના માર્ગ છે.

અન્ય દર્શનો સાથે જૈનદર્શનની સત્તત્ત્વવિષયક માન્યતા

(૧) માયાવાદીની જેમ જૈનદર્શન જગતને કેવળ ભાસ યા કાલ્પનિક નથી માનતું પણ જગતને સત્ય માને છે.

(૨) ચાર્વાકના મતની જેમ સત્તત્ત્વ એ કેવળ જડ અથવા સહજ ચૈતન્યરહિત નથી.

(3) શાંકર કે વેદાંતની જેમ સત્તત્ત્વ એ કેવળ ચૈતન્ય માત્ર પણ નથી, કિન્તુ અનાદિસિદ્ધ જડ તથા ચેતન - એવા બે સ્વતંત્ર પ્રકૃતિનો સ્વીકાર કરે છે. સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વ મીમાંસા અને બૌદ્ધો પણ તેમ જ માને છે.

(૪) જડ અને ચેતન દેશ અને કાળના પ્રવાહમાં સાથે રહેવા છતાં મૂળમાં બિલકુલ સ્વતંત્ર છે.

(૫) ન્યાય-વૈશેષિક-યોગની જેમ જૈનદર્શન જગતની રચના પાછળ ઈશ્વરીય સત્તાનો સ્વીકાર કરતાં નથી.

(૬) પ્રાચીન સાંખ્ય, પૂર્વમીમાંસા અને બૌદ્ધોના મતે જડ અને ચેતન - એ બે સત્પ્રવાહ ત્રીજા વિશિષ્ટ શક્તિના હસ્તક્ષેપ વિના જ પોતાની મેળે ચાલે છે. તેના ઉત્પત્તિ અથવા વ્યવસ્થાને માટે ઈશ્વર જેવી સ્વતંત્ર અનાદિસિદ્ધ વ્યક્તિનો સ્વીકાર કરતાં નથી.

(૭) જૈનદર્શન ન્યાય, વૈશેષિક અને બૌદ્ધોના મતે જડ સત્તત્ત્વને અનાદિસિદ્ધ - અનંત વ્યક્તિરૂપ સ્વીકાર કરે છે, તો પણ સાંખ્યના મતે તેનો એક વ્યક્તિરૂપ નહિ છતાં પ્રકૃતિગામી સહજ પરિણામવાદને અનંત પરમાણુ નામક જડ સત્તત્ત્વોમાં સ્થાન આપે છે.

(૮) વિશ્વની જે જે ઘટનાઓ કોઈની બુદ્ધિ કે પ્રયત્નને આભારી છે, તેના પાછળ ઈશ્વરનો નહિ તો પણ તે ઘટનાઓના પરિણામમાં ભાગીદાર બનનાર સંસારી જીવનો હાથ માને છે. જાણતાં કે અજાણતાં કોઈને કોઈ સંસારી જીવની બુદ્ધિ - પ્રયત્નનો હાથ હોય છે. પ્રાચીન સાંખ્ય-બૌદ્ધદર્શન પણ આની સમાન જ વિચારધારા ધરાવે છે.

(૯) વેદાંતના મતે જૈન ચેતન તત્ત્વને એક અને અખંડ નહીં પણ સાંખ્યયોગ, ન્યાય, વૈશેષિક, બૌદ્ધના મતે ચેતન તત્ત્વને અનેક વ્યક્તિરૂપ માને છે.

(૧૦) જૈનદર્શન માને છે કે બૌદ્ધોની જેમ સચેતન તત્ત્વ કેવળ પરિવર્તન પ્રવાહરૂપ નથી અને સાંખ્ય યા ન્યાય આદિની જેમ કેવળ કૂટસ્થ પણ નથી. મૂળમાં ધ્રુવ છતાં અનાદિ તથા અનંત હોવા છતાં દેશ અને કાળની અસર ધારણ કર્યા સિવાય રહેતો નથી, તેથી જડની જેમ જીવ પણ પરિણામીનિત્ય છે.

(૧૧) ઈશ્વર જેવી સ્વતંત્ર વ્યક્તિ ન માનવા છતાં જૈનો જીવમાત્રમાં ઈશ્વરના સમગ્ર ગુણોનો સ્વીકાર કરે છે. પ્રત્યેક જીવમાં ઈશ્વરત્વ છે, જીવ જો યોગ્ય દિશામાં પ્રયત્ન કરે, તો તેનો પ્રકટરૂપથી વિકાસ થઈ શકે છે. ઈશ્વરતત્ત્વને ભિન્ન સ્થાન ન હોવા છતાં જૈનદર્શન ઈશ્વરત્વની માન્યતા - ઉપાસનાનો સ્વીકાર કરે છે. જે જે જીવ કર્મવાસનાઓથી પ્રકટરૂપે મુક્ત થયાં છે, તે બધા સમાનભાવથી ઈશ્વર છે.

(૧૨) શાંકર તથા વેદાંતની જેમ જૈનદર્શન માને છે કે: જીવ સ્વયં બ્રહ્મ છે, સ્વયં ઈશ્વર અથવા પરમાત્મા છે. અન્ય કહે છે: જીવનો બ્રહ્મભાવ અવિદ્યાથી આવૃત્ત છે, કિન્તુ જૈન મતાનુસાર તે બ્રહ્મભાવ કર્મથી આવૃત્ત છે. તે આવરણ ખસવાથી પ્રકટરૂપથી બ્રહ્મભાવની જેમ પરમાત્મભાવ આવિર્ભાવ પામે છે.

(૨૩) જૈનધર્મના ૭ તત્ત્વોમાં જીવ, અજીવ તથા નિર્જરા
ઉપરાંત આસ્રવ - સંવર - બંધ - મોક્ષ, એ ૪ તત્ત્વ છે.
તેને 'ચારિત્રીય તત્ત્વ' કહે છે.

બૌદ્ધો તેને જ દુઃખ, દુઃખહેતુ, નિર્વાણ અને માર્ગ -
એમ ચાર આર્ય સત્યો કહે છે. સાંખ્યયોગ તેને જ
હેય, હેયહેતુ, હાન, હાનોપાય અને ન્યાય - વૈશેષિક તેને
સંસાર, મિથ્યાજ્ઞાન, અપવર્ગ અને તત્ત્વજ્ઞાન કહે છે
તથા વેદાંત દર્શન તેને જ
સંસાર - અવિદ્યા - બ્રહ્મસાક્ષાત્કાર - બ્રહ્મભાવના કહે છે.

(૨૪) યોગવાશિષ્ઠ ૭ અજ્ઞાન - ૭ જ્ઞાનની ભૂમિકા કહે છે.
સાંખ્યયોગ ક્ષિપ્ત - મૂઢ - વિક્ષિપ્ત - એકાગ્ર - નિરુદ્ધ કહે છે.
બૌદ્ધદર્શન આધ્યાત્મિક વિકાસક્રમને
પૃથગ્જન સ્રોતાપન્ન આદિ પાંચ સ્તર રૂપે વર્ણવે છે.
જૈનો તેને ચૌદ ગુણસ્થાનક કહે છે અથવા તો
બહિરાત્મ - અંતરાત્મ - પરમાત્મ, ૩ અવસ્થા કહે છે.

(૨૫) હવે એક પ્રશ્ન થાય કે સંસારથી મોક્ષ પર્યંતની
સ્થિતિ, તેનો ક્રમ અને કારણો સંબંધી ઐકમત્ય હોવા
છતાં પંથ પંથ વચ્ચે ભેદ શાથી? તેના મુખ્ય બે કારણઃ
તત્ત્વજ્ઞાન અને આચારની વિભિન્નતા.

આત્માને કોઈ એક માને કે અનેક, ઈશ્વરને કોઈ માને યા ન માને, એ બધું તત્ત્વચિન્તન સંબંધી વિચારણાના ભેદબુદ્ધિના તર-તમભાવ ઉપર નિર્ભર છે.

બાહ્ય આચારો અને નિયમોનો ભેદ આપણી બુદ્ધિ, રુચિ અને પરિસ્થિતિના ભેદમાંથી ઉત્પન્ન થયેલ છે.

કોઈ ગંગાસ્નાન - વિશ્વનાથના દર્શનમાં પવિત્રતા માને,
કોઈ બોધિગયા અને સારનાથમાં કૃતકૃત્યતા માને,
કોઈ શત્રુંજયની યાત્રામાં સફળતા માને,
કોઈ મક્કા અને કોઈ જેરૂસલેમમાં ધન્યતા માને, કોઈ અગ્યારશના ઉપવાસને, કોઈ આઠમ - ચતુર્દશીના વ્રતને અને કોઈ તપના બદલે દાન ઉપર ભાર આપે! બધા ભેદ પરંપરાગત ભિન્ન ભિન્ન સંસ્કારોના પોષણના, ગ્રહણ અને રુચિભેદના માનસિક વાતાવરણના લીધે અનિવાર્ય છે, તેથી બાહ્યાચાર અને બાહ્ય પ્રવૃત્તિનો ભેદ મટવો અશક્ય છે. ભેદની ઉત્પત્તિ અને પોષક આટલી સામગ્રી હોવા છતાં જીવનનું સત્ય કદી ખંડિત થતું નથી. તે તો જુદી જુદી રીતે, જુદી જુદી ભાષામાં અથવા તો જુદા જુદા રૂપમાં છે એ દર્શનોના અનુભવી તત્ત્વજ્ઞોના સર્વ અનુભવમાં એકસમાન રીતે જ પ્રગટ થાય છે.

(૨૬) સત્ય તો વસ્તુતઃ એક જ છે, છતાં
મનુષ્યની દૃષ્ટિ તેને એકરૂપમાં ગ્રહણ કરી શકતી નથી.
તે કારણે પરમ સત્યનું દર્શન કરવા માટે
માણસે પોતાની દૃષ્ટિમર્યાદાને વિકસિત કરવી જોઈએ.
તેમાં સત્યગ્રહણની સંભવિત સર્વ દૃષ્ટિઓને સ્થાન
આપવું જોઈએ. આ ઉદાત્ત અને વિશાળ ભાવનામાંથી
અનેકાંત વિચારસરણીનો જન્મ છે. એની યોજના વાદ-
વિવાદમાં જય મેળવવા, વિતંડાવાદની સાઠમારી કે દાવપેચ
ખેલવા કે શબ્દછલની શતરંજ ખેલવા માટે નથી,
કિન્તુ જીવનશોધના એક ભાગરૂપ વિવેકશક્તિને
વિકસિત કરવા માટે છે. અનેકાંતનો સાચો અર્થ સત્ય
દર્શનને લક્ષ્યમાં રાખી તેના સર્વ અંશો - ભાગોને એક
વિશાળ માનસ વર્તુળમાં યોગ્ય રીતે સ્થાન આપવું તે છે.
અનેકાંતને જીવનમાં વાસ્તવિક સ્થાન આપવા માટે
સંકુચિતતાઓ અને વાસનાઓની સાથે
વિગ્રહ ખેલવો પડે છે તથા બીજું જ નામ ધર્મ
અહિંસા - સંયમ અને તપનો આશ્રય છે.
(૨૭) વિવેકશક્તિના વધવા સાથે દૃષ્ટિમર્યાદા વધે છે,
પોતાની અંદર રહેલ સંકુચિતતાઓ અને વાસનાઓના
દબાણની સામે થવું પડે છે.

અનેકાંત વિચારની રીત અને દૃષ્ટિના પ્રશ્નની સાથે અહિંસાનો પ્રશ્ન ઊભો થાય છે. કોઈપણ વિકાર કે વાસના કે સંકુચિતતા ઊઠે, ત્યારે તેનાથી પરાભવ પામ્યા વિના બળપૂર્વક સામનો કરવો, એ અહિંસાનું તાત્પર્ય છે. તેનું જ બીજું નામ સંયમ, તપ, ધ્યાન, અધ્યાત્મ છે.

તે બધાં અહિંસાના જ પ્રકારો છે.

અહિંસા કેવળ આચાર જ નહિ, કિન્તુ શુદ્ધ વિચારના પરિપાકરૂપે અવતરિત જીવનોત્કર્ષક શુદ્ધ આચાર છે. અનેકાંતના સૂક્ષ્મ - વાસ્તવિકરૂપમાં ઉદ્ભવેલ બાહ્યાચાર શુદ્ધ આચાર છે. તેનો સંબંધ જેની સાથે નહિ, તેવા આચાર - વ્યવહારને જૈનદૃષ્ટિએ અહિંસાનું સ્થાન નહિ.

## જૈનદર્શને પ્રરૂપેલાં આત્મપોષક તત્ત્વો ક્યાં?

અનેકાંતના વિચારમાંથી વાસનાઓને વશ કરવા માટે

ઉત્પન્ન થયેલા વિવિધ આચારોને

જૈનશાસ્ત્રમાં આસ્રવ, નિરોધ, સંવર, સકામ નિર્જરા આદિ આત્મપોષક તત્ત્વ તરીકે કહેવામાં આવેલ છે.

૦

માનવીએ પ્રાપ્ત કરેલા જ્ઞાનનો ઇતિહાસ એટલે માનવીએ આજ સુધી કરેલી સર્વ ભૂલોનો ઇતિહાસ.

## મનસ્તત્ત્વના 32 ભેદ

4 વાક્શક્તિ - શબ્દ : પરા, પશ્યન્તી, મધ્યમા, વૈખરી.

5 ઇચ્છાશક્તિ : પરાકર્તૃત્વ - દાન, કારયિતૃત્વ - આદાન, ઉપકર્તૃત્વ - ઉપાદાન, પ્રતિકર્તૃત્વ - હાન, ઉદાસિતૃત્વ - ઉપેક્ષા.

4 જ્ઞાનશક્તિ - અર્થ : જ્ઞાતૃ, જ્ઞેય, જ્ઞપ્તિ તથા જ્ઞાન.

7 ક્રિયાશક્તિ : ઇષ્ટ, પૂર્ત, સ્વાધ્યાય, જપ, તપ, હુત, દાન.

4 કુંડલિની ભેદદશા : ઉન્નયન, લય, પરાવૃત્તિ, વિશ્રાન્તિ.

8 અષ્ટવર્ગ : માતૃકા = આ રીતે કુલ 32 ભેદ થયાં.

## આકાશતત્ત્વ - 36

શિવ - શક્તિ (2), ઈશ્વર - સદાશિવ (2),
અવિદ્યા - શુદ્ધવિદ્યા (2), માયા - રાગ (2),
કલા - કાલ (2), પુરુષ - પ્રકૃતિ - નિયતિ (3),
અહંકાર - બુદ્ધિ - મન (3), પંચમહાભૂત (5),
તન્માત્રા (5), જ્ઞાનેન્દ્રિય (5), કર્મેન્દ્રિય (5).
આમ કુલ મળીને 36 આકાશતત્ત્વ છે.

## વાયુતત્ત્વ - 27

પંચમહાભૂત (5), તન્માત્રા (5), અંતઃકરણ (4),
ઇંદ્રિય (10), પુરુષ - પ્રકૃતિ - કાલ (3).
આમ કુલ મળીને 27 વાયુતત્ત્વ છે.

## તૈજસતત્ત્વ - ૩૧

પંચમહાભૂત (5), તન્માત્રા (5),
કર્મેન્દ્રિય (5) તથા જ્ઞાનેન્દ્રિય (5).
વળી (૧૦) તેના વિષયો અને ૧ મન.
આમ કુલ મળીને 31 તૈજસતત્ત્વ છે.

## જલતત્ત્વ - ૨૬

પંચમહાભૂત (5), ઇંદ્રિય (10), વિષયો (10), મન (1).
આમ કુલ મળીને 26 જલતત્ત્વ છે.

## પાર્થિવતત્ત્વ - ૨૮

પંચમહાભૂત (5), તન્માત્રા (5), ઇંદ્રિય (10),
અંતઃકરણ (4) તથા પુરુષ, પ્રકૃતિ, કાળ, મહત્તત્ત્વ (4).
આમ કુલ મળીને 28 પાર્થિવતત્ત્વ છે.

## જ્ઞાન અને ક્રિયાનું માહાત્મ્ય

જીવરૂપી દડી કર્મરૂપી ગેડીએ કરીને
૪ ગતિ, ૨૪ દંડક અને ૮૪ લાખ યોનિમાં
અનાદિકાળથી પરિભ્રમણ કરે છે,
પરન્તુ સંસારનો અંત આવતો નથી.
જ્ઞાનરૂપી કુહાડી અને ક્રિયારૂપી પાવડા વડે
કર્મરૂપી રજને દૂર કરવાથી ભવનો અંત આવે છે.

## સાત નયોના ઉદાહરણો

### (૧) નૈગમનયનું ઉદાહરણ

કોઈ પુરુષ ડગલો સીવડાવવા દરજીને ત્યાં જતો હોય,
તે પહેલાં કાપડીયાની દુકાને જતાં મધ્યમાં
માર્ગે મળેલાં મિત્રને જો કહે કે 'હું ડગલા માટે જઉં છું';
તો તે કથન નૈગમનયથી ખરું જ છે,
કારણકે કાપડીયાને ત્યાંથી કપડું ખરીદીને પછી
તે કપડાનો ડગલો કરાવવાનો તેનો ઈરાદો છે.

### (૨) સંગ્રહનયનું ઉદાહરણ

કોઈ પુરુષ બાળકને કહે કે 'હું તને લાડુ જમાડીશ' તો
લાડુની સાથે દાળ - ભાત - શાક વગેરે સમજાઈ જાય છે,
તેથી સંગ્રહનયથી તે કથન ખરું છે.

### (3) વ્યવહારનયનું ઉદાહરણ

નિશ્ચયનયની વાત જાણીએ પૂરી આશ્રય કે વ્યવહારનો
આધાર લઈને કોઈને કહેવું હોય, તો તે વ્યવહારનય છે.
કોઈ કહે કે 'જીવને મારવાથી હિંસા થાય છે', કિન્તુ
નિશ્ચયથી જીવ તો મરતો નથી, માત્ર
શરીરથી જુદો જ પડે છે, તે વખતે જે દુઃખ થાય છે,
તેનું જ નામ મરણ અથવા હિંસા કહેલી છે.

(૪) ઋજુસૂત્રનયનું ઉદાહરણ

કોઈ શ્રાવકમાં જો સાધુના ગુણ હોય, તો તેને 'સાધુ' કહેવો, તે કથન ઋજુસૂત્રનયથી કહ્યું છે.

(૫) શબ્દનયનું ઉદાહરણ

નિક્ષેપના ચાર ભેદ છે : નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ. એ ચારના આધારે જે જોડવું, તે શબ્દનય છે.

(૬) સમભિરૂઢનયનું ઉદાહરણ

કાંઈક અંશ ઓછો હોય, ત્યારે તેને પૂર્ણ કહેવો, તે સમભિરૂઢનયથી સત્ય છે. દા.ત. અયોગિકેવલીને સિદ્ધ કહેવા.

(૭) એવંભૂતનયનું ઉદાહરણ

સ્ત્રી ઘડામાં પાણી ભરીને જતી હોય, ત્યારે જ તેને 'ઘડો' કહેવો, પરન્તુ ઘડો જ્યારે ખાલી પડ્યો હોય, ત્યારે તેને 'ઘડો' ન કહેવો, તે એવંભૂતનયથી સત્ય છે.

વિશુદ્ધ આરાધનાની પ્રાપ્તિના હેતુ

(૧) બહુશ્રુતોની ભક્તિ : ઉચિત અન્નપાનાદિ સંપાદન, પાદધાવન - ગ્લાનાવસ્થા - પ્રતિજાગરણાદિ. (૨) બહુમાન: ચિન્તા કામધેનુ - રત્નાદિ વસ્તુઓથી પણ અધિક ઉપકારકતાપરિણામ. (૩) સદ્ગુણ: આન્તરપ્રેમ - ઈર્ષ્યાપરિહાર. (૪) પ્રશંસા : ધન્ય છે, પુણ્ય ભાજન છે, ઈત્યાદિ.

## વિશુદ્ધ આત્મયોગની પ્રાપ્તિના કારણો

(૧) કલ્યાણમિત્રનો યોગ (૨) તથાવિધ કર્મવિપ્રહાણ (અનઘ)
ભવાન્તરોપાત્ત દૈવ પરિણતિ રૂપ.

અનઘ - પુણ્યાનુબંધિપણાંથી રૂડપણું ઘટાકારતા રૂપ.

(૩) તથાભવ્યત્વ - દ્રવ્યક્ષેત્રાદિ ભેદથી બીજાધાનાદિ રૂપ.

(૪) તથાપુરુષકાર યુક્ત અનંતર-પરંપર આદિ ભેદવાળા ફળનો રૂપ જીવ વીર્યોલ્લાસરૂપ ચરમ પુદ્ગલપરાવર્તવિશે સમુન્મીલિત. સર્વ ભવ્યોને તથાભવ્યત્વ હોય પણ તથાવિધ પુરુષકાર વિના પ્રકૃત કર્મવિપ્રહાણનો રૂપ થતું નથી.

કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત, પુરુષકાર કારણરૂપ એકેક સ્વતંત્ર મિથ્યાત્વ છે. સમુદિત સર્વે પરસ્પર અન્યોન્યવૃત્તિ તે સમ્યક્ત્વરૂપતાને પામે છે. પાંચ આંગળી એક પરસ્પર મળીને કવલ ગ્રહણ કરે છે, તેમ પંચ પરમેષ્ઠિ મળીને તેમને નમનારના પાપનો નાશ કરે છે. પંચભૂત મળીને એક શરીરની રચના કરે છે, તે પાંચ કારણ પરસ્પર પંચીકૃત થઈને કાર્યનિષ્પત્તિમાં રૂપ થાય છે. મદિરાના પાંચ અંગ મળીને એક મદશક્તિ ઉત્પન્ન કરે છે, સૂર્ય-ચંદ્રાદિ પાંચ ગ્રહો મળીને એક ગગનમંડળને પ્રકાશિત કરે છે, તેમ સર્વ કાર્યો પાંચ સમવાયનો આશ્રય લઈને ઉત્પન્ન થાય છે.

# કાળવાદ

કાલઃ પચતિ ભૂતાનિ કાલઃ સંહરતે પ્રજાઃ ।
કાલઃ સુપ્તેષુ જાગર્તિ કાલો હિ દુરતિક્રમઃ ॥ સ્મૃતિ:

કાળ ભવોને પકાવે છે, કાળ પ્રજાનો સંહાર કરે છે,
બધા સૂતાં હોય, ત્યારે પણ કાળ જાગે છે,
કાળ ખરેખર દુરતિક્રમ યા ઓળંગી ન શકાય એવો છે.

પ્રશ્ન : તે તે કાળે વૃક્ષાદિ થાય છે, નહિ પણ ઋતુ.
ઉત્તર : ઋતુનું કારણ પણ કાળ છે.
પ્રશ્ન : નિત્ય એકરૂપ છે, તેથી તેમાં ભેદ પડે નહિ.
ઉત્તર : ભેદ પડવા છતાં તે એક જ છે.
તેનો તેવો જ સ્વભાવ છે.
પ્રશ્ન : સ્વભાવ જુદો છે, માટે ભેદની સિદ્ધિ થાય છે.
ઉત્તર : વાયુમંડળાદિ કૃત વર્ષાદિ વિશેષ છે.
પ્રશ્ન : તેનો હેતુ શો ? ઉત્તર : કાળ એ જ તેનો હેતુ છે.
પ્રશ્ન : ઇતરેતરાશ્રય દોષ આવશે. કાળભેદે વાયુમંડળ આદિનો ભેદ તથા ગ્રહમંડળાદિના ભેદે કાળભેદ આવશે.
ઉત્તર : ભાવ કોઈ કારણે વર્ષાદિનો ભેદ છે.
પ્રશ્ન : કાળ એક જ કારણ છે, એ સિદ્ધાંત ન રહ્યો. કાળમાં ભેદનો સ્વીકાર કરવાથી અનિત્યતા આવશે.

ઉત્તર : તેના ઉત્પત્તિ - સ્થિતિ અને નાશમાં અપર કાળને કારણ માનીશું. એ વાદ અસત્ય છે, કારણકે ત્યાં પણ તે જ પ્રશ્નો ઉભા થશે, તેથી અનવસ્થાદોષ આવશે, વર્ષા આદિ કાર્યોની ઉત્પત્તિ જ નહિ થાય. વળી એકને જ કારણ નહિ મનાય. ક્રમયૌગપદ્યાદિ વિરોધ આવશે, માટે કાળ એ જ એક જગતનું કારણ નથી.

## સ્વભાવવાદ

સ્વભાવથી જ સર્વ ભાવો થાય છે, તે પણ બરાબર નથી.

(૧) સ્વાત્મનિ ક્રિયા વિરોધ.

(૨) અનુત્પન્નને સ્વભાવ હોય નહિ.

(3) ઉત્પન્નને સ્વભાવ હોય, તો એ પૂર્વે સ્વભાવ ન હોવા છતાં ઉત્પત્તિ થઈ, તેથી સ્વભાવ કારણ ન બન્યો.

(૪) 'કારણ વિના ભાવો થાય છે' એમ કહેવાથી સ્વભાવ કારણ નિમિત્ત જન્ય નિરપેક્ષતાથી સર્વદા નિરાશંસ સ્વભાવવાળા ભાવો બન્યાં, તેમાં પ્રત્યક્ષ વિરોધ છે, કેમકે પ્રત્યક્ષ અને અનુપલંભરૂપ અન્વય વ્યતિરેકથી બળાદિક તે તે કાર્યોનાં કારણ તરીકે નિશ્ચિત જ છે. જેના હોવાથી જે થાય, જેના વિરહથી જેનો વિરહ થાય, તે તેનું કારણ છે, તેથી સ્વભાવ એકાંતવાદ ટકતો નથી.

## નિયતિવાદ

સર્વ વસ્તુ તે તે નિયતરૂપે થતી હોવાથી નિયતિ એ જ કારણ છે. કહ્યું છે કે નિયતિના બળથી જે અર્થ શુભ કે અશુભ થવાનો હોય, તે મનુષ્યોને થાય જ છે. ઘણો પણ પ્રયત્ન કરવામાં આવે તો પણ જે નહિ જ થવાનું, તે થતું નહિ તથા જે થવાનું છે, તેનો નાશ થતો નથી. આ વાદ પણ બરોબર નથી, કેમકે તેમ માનવાથી શાસ્ત્રોપદેશની વ્યર્થતા સિદ્ધ થાય, કેમકે ઉપદેશ વિના પણ નિયત થનારાં અર્થો થવાના જ અને શાસ્ત્ર પ્રતિપાદિત શુભાશુભ ક્રિયાના શુભાશુભ કે ઇષ્ટાનિષ્ટ ફળનું નિરૂપણ અસત્ય ઠરે, કર્મના નિયમનો અભાવ થાય.

## કર્મવાદ

જગત વૈચિત્ર્યનું કારણ જન્માંતરમાં ઉપાર્જન કરેલ ઇષ્ટાનિષ્ટ ફળને આપનાર કર્મ જ છે.

તે માટે કહ્યું છે કે : પુરાકૃત કર્મનિધાનની જેમ જે જે ફળ આપવા તૈયાર થાય, ત્યારે ત્યારે તેને પ્રતિપાદન કરવાને ઉદ્યમ થયેલ મતિ હાથમાં રહેલાં દીપકની જેમ પ્રવૃત્તિ કરે છે, કર્માનુસારી મતિ જનને થાય છે, આ વાત પણ બરાબર નથી.

ઘટાદિના કારણ કુલાલાદિ પ્રત્યક્ષ સિદ્ધ છે. તેને છોડીને બીજું અદૃષ્ટ કારણ માનવું કે તેની કલ્પના કરવી, તેમાં અનવસ્થા પ્રસંગ છે, કારણકે તો પછી કોઈ જડપદાર્થ કાર્ય-કારણનો નિયમ રહેશે જ નહિ.

જગતની વિચિત્રતામાં કર્મ કારણ છે, પરન્તુ સ્વતંત્રપણે નહિ, કારણકે તે પણ કાળને આધીન છે. કર્મને એક સ્વભાવવાળું માનો તો વિચિત્રતા નહિ ઘટે, અનેક સ્વભાવવાળું માનો તો વિવાદ રહેતો નહિ, કેમકે કાલ-પુરુષ-સ્વભાવાદિને પણ જગતની વિચિત્રતાના કારણ તરીકે સ્વીકાર્યાં. અનેકતા લાવનાર હેતુઓ પોતા વિરુદ્ધ અન્યનો સ્વીકાર કર્યો, તેથી જ કર્મ એકાંતવાદ પણ યુક્તિ-વિચારને સહી શકતો નહિ.

## પુરુષવાદ

કેટલાંક એક પુરુષને જ સ્થિતિ, સર્ગ અને પ્રલયનો હેતુ માને છે અને તે પુરુષ પ્રલયકાળમાં જ્ઞાનાતિશયથી રહિત થતો નહિ. કરોળિયામાંથી જેમ તાંતણા, ચંદ્રકાન્તમાંથી જેમ જલ અને પીપળામાંથી જેમ અંકુરા, તેમ સર્વ લોકની ઉત્પત્તિનો તે હેતુ છે, એ પણ ઘટિત નહિ.

## પ્રેક્ષાપૂર્વકારિની પ્રવૃત્તિ પ્રયોજનવાળી હોય છે.

## જગતને કરવામાં શું પ્રયોજન છે?

ઈશ્વરની પ્રેરણાદિ - એમ કહો તો સ્વતંત્રતા નહિ રહે.
જીવોના ઉપકાર માટે - કહો તો અનુકંપા નહિ રહે.
જીવોના કર્મક્ષય માટે - કહેશો તો અપ્રેક્ષાપૂર્વકારિતા આવશે. દુઃખી જીવોને બનાવનારે તેના કર્મોને બનાવ્યાં અને તેના ક્ષય માટે નિર્જરાની પ્રવૃત્તિ પણ જો કરે, તો પોતે જ પોતાની કૃતિનો ક્ષય કરવા માટે પ્રયત્ન કર્યો કહેવાય, તે ઘટે નહિ. આમ કાલાદિ એકાંતવાદ પ્રમાણસિદ્ધ સાબિત થતાં નથી, માટે મિથ્યા જ છે. તે બધા અન્યોન્ય સાપેક્ષ અનિત્યાદિ એકાંતરહિત

અનેકાંત સ્વભાવ કાર્ય નિવર્તનપટુ માનવા,
તે પ્રમાણસિદ્ધ સમ્યગ્વાદ છે.

'બાહ્ય - અભ્યંતર સર્વ કાર્યોમાં કાલાદિ
પાંચે કારણોનો સમુદાય જનકત્વેન રહ્યો છે'
એમ સિદ્ધસેનપ્રભૃતિ સૂરિવરોએ કહ્યું છે.

તેઓ દુઃષમાદુઃષમ રૂપી અંધારી રાત્રીને વિષે ફેલાયેલ અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવાને દિવાકરતુલ્ય હતાં,
તેથી આ પાંચ સમવાય કહેવાય છે.

પાંચે સમવાય એકત્ર મળીને કાર્યમાં કારણ થાય છે, એ વાતને કેવળ શ્રુત અને ચિન્તાજ્ઞાનથી જ નહિ, પરન્તુ ભાવનાજ્ઞાનથી પણ ભાવિત કરવી. કહ્યું છે કે:

सुकृतं धनस्य बीजं व्यवसायः सलिलमथ धृतिर्नीतिः
फलमुपनीय नराणां तत्पाकमुपैति कालेन ॥

અર્થાત્: ધનનું બીજ સુકૃત છે, વેપાર એ બીજ માટે પાણી છે,
ધીરજ એ નીતિ છે અને
મનુષ્યોએ જે ફળ મેળવવાનું છે, તે કાળ વડે પકાવાય છે.
સુકૃત તે કર્મ છે, વ્યવસાય તે ઉદ્યમ છે,
બાકી કાળ, સ્વભાવ અને ભવિતવ્યતા પણ રહેલાં છે.

उत्पद्यते हि साऽवस्था देशकालामयान् प्रति ।
यस्यामकार्यं कार्यं स्यात् कार्य कार्यं च वर्जयेत् ॥

અર્થાત્: દેશ-કાળના રોગો પ્રત્યે તેવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જેમાં અકૃત્ય કૃત્ય થાય છે અને કરવા યોગ્ય હોય, તે છોડવા યોગ્ય થાય છે.

માટે જ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ-પુરુષ-અવસ્થા-ઉત્સર્ગ તથા અપવાદથી પરિશુદ્ધ-અદૂષિત કાર્ય કરવું.

कः कालः कानि मित्राणि को देशः कौ व्ययागमौ ।
कश्चाऽहं का च मे शक्तिरिति चिन्त्यं मुहुर्मुहुः ॥१॥
(પરિશિષ્ટ-૫)

सगुणमपगुणं वा कुर्वता कार्यजातं,
परिणतिरवधार्या यत्नतः पण्डितेन ।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥

અર્થાત્: સગુણ કે ગુણરહિત કાર્ય કરનારા પંડિત પુરુષે પ્રયત્નપૂર્વક પરિણતિ વિચારવી જોઈએ. અત્યંત ઉતાવળે વિચાર્યા વિનાના કરાયેલાં સૌ કર્મોનો હૃદયને બાળનારો શલ્યતુલ્ય વિપાક પ્રગટ થાય છે. તાત્કાલિક કાર્યસિદ્ધિ થવા છતાં તેના ઉત્તરોત્તર ફળ અને અનુબંધનો પ્રયત્નપૂર્વક વિચાર કરવો જોઈએ. આંબાની માંજરીને વિજળીના પ્રકાશનો સ્પર્શ ફૂલરહિત બનાવે, એવો જ તેનો સ્વભાવ છે, તેમ પરિશુદ્ધ આશયયોગ અતિ રૌદ્ર કર્મને પણ નિષ્ફળ બનાવે છે.

परिशुद्धाशययोगा उपस्थितवज्रकर्मोपक्रमे पुरुषकारो,
न पुनरन्यो धावनवल्गनादिरूपः । અર્થાત્:
શુદ્ધઆશય યોગ જ સાચો ખરેખર!
કર્મને નિષ્ફળ બનાવનારો પુરુષાર્થ છે. બાકી ક્રોધાદિક દોડવા - કૂદવા વગેરે રૂપ પુરુષાર્થ કલ્યાણભૂત નથી. કર્મને દૈવ કહે છે અને આત્મવીર્યને પુરુષકાર કહે છે.

## દૈવ - પુરુષકારવાદ

સૂત્રધાર વગેરે કાષ્ઠ - પાષાણાદિની પ્રતિમાદિ ફળ
પ્રતિયોગ્યતાને પ્રત્યક્ષાદિથી નિર્ણીત કરે છે, તેમ દિવ્યદર્શી
પુરુષો કર્મનું ભાવિફલયોગ્યત્વ આગમાદિથી નિશ્ચિત કરે છે.
યથા હિ योग्यमपि दारु, न स्वयमेव प्रतिमात्वेन
परिणमति, किन्तु पुरुषकारादेव एवं पुरुषकारापेक्षं
दैवमपि स्वफल - कारणमिति । અર્થાત્:
કાષ્ઠ પોતાની યોગ્યતાથી પ્રતિમા બનાવે,
તો બધા કાષ્ઠની કેમ બનતી નથી?
ન બનવાથી યોગ્ય કાષ્ઠને પણ અયોગ્ય કહેવું પડશે.
પુરુષકારના અભાવે પ્રતિમા ન બને, તો પણ
પ્રતિમાયોગ્ય કાષ્ઠને યોગ્ય કહેવાય જ છે. જો કર્મ
પુરુષકારને ખેંચનાર કહેશો, તો અધ્યવસાયના ભેદથી
ક્રિયાફળમાં ભેદ પડે છે, એ સિદ્ધાંત નહિ રહે. કહ્યું છે:
अभिसन्धेः फलं भिन्नं अनुष्ठाने समेऽपि हि ।
परमोऽतः स एवेह वारीव कृषिकर्मणि ॥ અર્થાત્:
અનુષ્ઠાન સમાન હોય તો પણ અભિસન્ધિ કે આશય
જુદો હોય તો ફળ જુદું મળે. જેમ રીતે ખેતી કામમાં
પાણી ઓછું - વત્તું હોય, તો ફળમાં ફેર પડે.

એ <u>નિશ્ચયનો મત છે કે</u> :
દૈવ અને પુરુષકાર ઉભયનો
સ્વભાવ પરસ્પર અનુવર્તન દ્વારા કાર્ય કરનારો છે.
વ્યવહાર - 'આ દૈવકૃત છે અને આ પુરુષકારકૃત છે'
એમ વિભાગ વડે પ્રવર્તતો દેખાય છે.
તે ઉભયનો તથાસ્વભાવ હોવા છતાં
ગૌણ - મુખ્ય, એવા ભાવે નિરૂપણ કરે છે.
ઉત્કટ રસથી ઉપાર્જન કરેલ કર્મ અલ્પ પ્રયાસે
રાજસેવાદિ વડે ફળીભૂત થતું દેખાય છે, તે દૈવકૃત છે.
જે બહુપ્રયાસે ફળીભૂત થાય, તે પુરુષકારકૃત કહેવાય
અથવા જ્યાં કાર્યસિદ્ધિ અલ્પ હોય અર્થાત્
કર્મનો ભાગ અલ્પ હોય અને પુરુષકારનો અધિક હોય,
ત્યાં પુરુષકાર સાધ્ય કહેવાય.
જ્યાં એથી વિપરીત હોય, ત્યાં કર્મકૃત કહેવાય છે.
નિર્વાત સુસ્થાનમાં નિહિત દીપક
જેમ પ્રકાશની સાથે સાથે કજ્જલ અને
કજ્જલ વડે નેત્રનિર્મળતાદિ
કાર્યો ઉત્પન્ન કરે છે, તેમ પરિશુદ્ધ આરાધના વડે
દેશવિરત્યાદિ ઉત્તરોત્તર અધિક ધર્મસ્થાનો પ્રાપ્ત થાય.

एएसिं दव्वाण, भावाण जणण - जोग्गयाए उ ।
छेयावि हु जं सुद्धा, बीआहाणेण पुण्णफला ॥ (પરિશિષ્ટ-૬)

## પ્રભુની આજ્ઞાનું બહુમાન કેવું છે?

(૧) મિથ્યાત્વરૂપ પર્વતને ભેદવા વજ્રતુલ્ય.

(૨) અવિરતિરૂપ વનને બાળવા વહ્નિતુલ્ય.

(3) પ્રમાદરૂપ વાદળને વિખેરવા પવનતુલ્ય.

(૪) કષાયરૂપ દાવાનળને શમાવવા મેઘતુલ્ય.

(૫) યોગરૂપ અંધકારને નિવારવા સૂર્યતુલ્ય.

| | | |
|---|---|---|
| ગોવાળ | અર્થનું આલોચન | પ્રવચન આરાધના |
| સારથિ | ગુણનો રાગ | સન્માર્ગની દૃઢતા |
| નાવિક | પ્રાપ્તિનું વિસ્મય | કર્તવ્યતાનો નિશ્ચય |
| સેનાની | ભવનો ભય | શુભ આશયની વૃદ્ધિ |
| નાયક | ભાવની વૃદ્ધિ | સાનુબંધ શ્રદ્ધા |
| | | શુભાનુષ્ઠાનની પ્રાપ્તિ. |

| | |
|---|---|
| દોષોનો નાશ | જ્ઞાનાવરણનો ઉદય |
| આવરણોનો વિલય | જ્ઞેયની ગહનતા |
| બુદ્ધિનું તારતમ્ય | મતિની મંદતા |
| જ્ઞાનની અપ્રાપ્યકારિતા | આચાર્યનો વિરહ |
| શાસ્ત્રની અવિસંવાદિતા | હેતુદૃષ્ટાંતનો અસંભવ. |

## સામાયિક ઉપર નયવિચાર

(૧) સંગ્રહનયથી દ્રવ્યથી એક અને અખંડિત સદા શુદ્ધ સમતાસ્વરૂપઆત્મા - આ નયે સર્વ જીવ સામાયિકમય છે.

(૨) નૈગમ અને વ્યવહારનયથી સામાયિકનું સ્વરૂપ.

(૩) ઋજુસૂત્ર શિથિલની ઉપયોગશૂન્ય આચરણાને નહીં, ઉપયોગવાન આચારસંપન્નની સામાયિકને જ માને.

(૪) શબ્દનય સંયતને સામાયિક માને.

ચોથે ગુણઠાણે ઉપયોગ રહી સ્વરૂપને અભિન્ન માને.

(૫) સમભિરૂઢનય અપ્રમત્ત ગુણસ્થાને સામાયિક માને.

(૬) એવંભૂતનય કેવલીને સામાયિક માને.

°

True religion is not taught like history or mathematics.
It is transmitted like light or heat.
Sex is nothing but potential religion.
Use the same energy for a higher purpose & you'll attain enlightenment.

°

વિચાર ધીરે ધીરે પાકે છે અને
અનુભવની સમૃદ્ધિ જેટલી વધે, તેટલી ચિંતન ફળદ છે.

# ઉપદેશ રહસ્ય

(૧) नत्वा स्वाभेदेनांतर्भूतध्यातृध्येयभावेन प्रणिधाय ।
સ્તુતિ: નમન કરી એટલે કે ધ્યાતા-ધ્યેયનો ભેદ ગૌણ બને, તે રીતે આત્મિક અભિન્ન ભાવે પ્રણિધાન કરીને.

(૨) હિંસાનો હેતુ અયતના, હિંસાનું સ્વરૂપ પ્રાણ-વ્યપરોપણ, હિંસાનું ફળ પાપકર્મના બંધથી અર્જિત દુ:ખ.

(૩) અહિંસાનો હેતુ યતના, અહિંસાનું સ્વરૂપ પ્રાણ અવ્યપરોપણ, અહિંસાનું ફળ આત્યન્તિક સુખલાભ.

(૪) શુદ્ધ પરિણામ શ્રુતોપયોગથી થાય છે, તેમ રીતે માર્ગાનુસારિતાથી આહિત શુભોઘસંજ્ઞાથી ય થાય છે. ઓઘસંજ્ઞાથી પણ ગુરુ, ગુરુકુલવાસ, શાસ્ત્ર અને શાસ્ત્રકાર પર બહુમાનભક્તિનો પરિણામ થતો દેખાય છે.

(૫) સુગુરુસેવાથી શિષ્યોને સૂત્રાર્થની વિશુદ્ધિ થાય છે.
तत्प्रसादादवाप्ताभ्याः સૂત્રાર્થની શુદ્ધિ એ જ પ્રભુની પરમ ઉત્કૃષ્ટ આજ્ઞા છે. સૂત્રાર્થમાં પણ અર્થ બળવાન છે.

सूत्रादप्यर्थे विधिना मंडली-
करणादिरूपेण दृढो यत्नः कर्तुं युक्तः ।

(૬) કેવલ સૂત્ર મૂક છે અને અર્થ એ પ્રકટ જ્ઞાન છે.
તે અર્થ ચાર પ્રકારનો છે:

(a) પદાર્થ : યથાશ્રુતાર્થ, જેનાથી અચાલિત,
અપ્રત્યવસ્થાપિત સામાન્યરૂપ અર્થ જણાય.
(b) વાક્યાર્થ : ચાલના (c) મહાવાક્યાર્થ : પ્રત્યવસ્થાપના
(d) ઐદંપર્યાર્થ : તાત્પર્યાર્થ.
(૭) શત્રુના લક્ષ્યથી લાગેલ માર્ગ ભૂલેલ પુરુષવત્.
(a) પુરુષમાત્ર દર્શનરૂપે - પદાર્થ.
(b) શત્રુ વેષ લઈ દર્શનરૂપે - વાક્યાર્થ.
(c) બાલાદિથી પ્રામાણિત પુરુષાવગાહરૂપે - મહાવાક્યાર્થ.
(d) પૂછવાલાયક શુદ્ધ અધિકારીરૂપે - ઐદંપર્યાર્થ.
(૮) આ વૃક્ષ છે. તે આમ્ર છે કે નિંબ છે?
આમ્ર લેવું જોઈએ. આમ્ર માટે પ્રવૃત્તિ થાય છે.
પદાર્થજ્ઞાન વાક્યાર્થ પ્રતિ અને તે મહાવાક્યાર્થ પ્રતિ
અને તે ઐદંપર્યાર્થ પ્રતિ કારણભૂત છે.
એકેકથી ઉત્તર સાકાંક્ષ બોધ ચરમથી નિરાકાંક્ષ બને છે.
(૯) (a) સર્વે જીવો ન હણવા - પદાર્થ.
(b) ચૈત્ય ગૃહસ્થોએ બંધાવવું કે નહિ? અથવા
સાધુઓએ લોચ કરવો કે નહિ? - વાક્યાર્થ.
(c) અવિધિએ કરવાથી દોષ આ હિંસાની આપત્તિ -
વિધિપૂર્વક અસત્ પ્રવૃત્તિની નિવૃત્તિના પરિણામથી
હિંસાના અનુબંધનો નાશ થાય, માટે વિધિથી જ કરવા.

(d) ધર્મે આજ્ઞા એવ સારઃ | તે વિના
ધર્મબુદ્ધિ કરાયેલ બુદ્ધિ નિરવદ્ય કાર્ય પણ નિષ્ફલ છે.

(૧૦) સચિત્ત - અચિત્ત ગ્રન્થનો ત્યાગ કરવો - પદાર્થ.

મુનિએ વસ્ત્રાદિ રાખવાં કે નહિ? અથવા
રજોહરણની જેમ વસ્ત્ર પણ ગ્રન્થ છે - વાક્યાર્થ.

વસ્ત્રાદિનું ગ્રહણ તત્ત્વથી અધિકરણ ત્યાગરૂપ છે.
આર્તધ્યાનાદિના પરિહાર માટે જરૂરી છે. અગ્રહણના
પરિણામને પુષ્ટ કરે ગ્રહણ પણ અગ્રહણ છે - મહાવાક્યાર્થ.

સર્વજ્ઞ આજ્ઞા એ જ સાર છે - ઐદંપર્યાર્થ.

(૧૧) તપ અને ધ્યાન કરવા યોગ્ય છે.

સમર્થ - અસમર્થ આદિનો વિભાગ કર્યા વિના
ચોથથી છઠ્ઠ - અટ્ઠમાદિ મોક્ષ માટે થાય છે - પદાર્થ.
શક્તિના અતિક્રમથી થતાં તપ - ધ્યાનાદિ કષ્ટાનુષ્ઠાન
આર્તધ્યાનમય હોવાથી તિર્યંચાદિ અશુભ જન્મનો હેતુ છે,
તેથી તે કરવા, તે ન કરવા બરાબર છે - વાક્યાર્થ.

બાલવૃદ્ધ: તુચ્છ - અસમર્થ, અગીતાર્થ - અજ્ઞાન,
આવશ્યક આદિ હાનિકારક. आगमानुल्लंघनेन न दोषः |
મહાવાક્યાર્થ : શરીરને પીડા, ઇંદ્રિયોને હાનિ ન થાય
અને ધર્મધ્યાનની વૃદ્ધિ થાય, તે રીતે તપ - ધ્યાન કરવાં.

ઐદંપર્યાર્થ: સર્વજ્ઞ આગમનીતિ જ ઇષ્ટ છે તથા તે જ અધિકારી - અનધિકારી આદિ વિભાગને જણાવનાર છે.

(૧૨) પદાર્થ: દાનની પ્રશંસા અને દાનનો નિષેધ - બંને મહાપાપના હેતુ છે.

પ્રશંસાથી વધની અનુમતિ - નિષેધથી વૃત્તિનો છેદ.

વાક્યાર્થ: પાત્રાપાત્રાદિ વિષયક દાનનું વિધાન અને નિષેધ કરનાર ઉપદેશ વગેરે નહિ કરી શકાય.

ધર્મસ્થાદિ પદં દાનં = પ્રશંસા.

બીજું કથોપરે ક્રિપ્તં = નિષેધ. અપાત્રમાં દાન નિષ્ફળ છે, માટે આ વચનનો વિષય વિશિષ્ટ હોવો જોઇએ.

સિદ્ધાંતવિહિત દાનનો નિષેધ કે પ્રશંસા લેશમાત્ર દોષનું કારણ નથી, વિહિત દાનવ્યાપાર એ સત્પ્રવૃત્તિરૂપ છે. તેમાં હિંસારૂપતા નથી, તેથી તેની પ્રશંસામાં હિંસાના અનુમોદનનો પ્રસંગ નથી, કિન્તુ સુકૃતાનુમોદન થાય છે.

મહાવાક્યાર્થ: નિષિદ્ધ દાનવ્યાપાર અસત્પ્રવૃત્તિરૂપ છે, તેથી નિષેધ કરવામાં વૃત્તિછેદનો પરિણામ ન હોવાથી અંતરાય ઉપાર્જન થતો નથી, કિન્તુ પરહિત માટે જ પ્રવૃત્તિ થતી હોવાથી અંતરાય કર્મનો છેદ થાય છે. આગમ કહે છે: સંસ્તરણમાં સુપાત્રને શુદ્ધ ભક્તાદિનું દાન તથા અસંસ્તરણમાં અશુદ્ધ ભક્તાદિનું દાન આપવું.

એ રીતે કુપાત્રાદિને દાન નિષેધ્યું છે, પરન્તુ
અનુકંપા દાનનો કોઈ સ્થળે નિષેધ કર્યો નથી.
ઐદંપર્યાર્થ: આગમાર્થનું અનુલ્લંઘન એ જ મોક્ષનું કારણ
અને આજ્ઞાનું યથાવત્ પાલન કરવાની પરિણામ -
એ જ ધર્મનું સર્વસ્વ છે.
(૯૩) આમ પ્રત્યેક સૂત્રનું વ્યાખ્યાન કરવાથી સમ્યગ્ જ્ઞાન
થાય છે. નિરાકાંક્ષ પ્રતીતિનું કારણ વ્યુત્પન્નને થાય છે.
આમ શ્રુતચિંતાભાવનાનાં ક્રમે જ્ઞાન પરિપક્વતાને પામે છે.
વિપરીત અભિનિવેશરહિત શ્રોતાને શ્રુતમાત્ર થાય છે
અને અપ્રામાણ્ય જ્ઞાનાસ્કંદિત શ્રુતજ્ઞાન માત્ર થાય
પણ ચિન્તાભાવના વિના તે પૂર્ણ થતું નથી. વિપરીત
અભિનિવેશવાળા શ્રોતાને તે અજ્ઞાનપણે પરિણમે છે.

વિરુદ્ધત્વેનાપ્રામાણ્યજ્ઞાનાસ્કંદિતત્વાત્ ।

અર્થાત્: વિરુદ્ધપણાથી અપ્રમાણ્ય જ્ઞાનથી યુક્ત છે.
(૯૪) વાક્યાર્થાદિ જ્ઞાન મતિરૂપ છે, તો પછી પૂર્ણતાને કેવી
રીતે પામે? શબ્દ પ્રયોગ મતિ શ્રુતજ્ઞાનની અંદર જ
સમાવેશ પામે છે. જેટલો કાળ શ્રુતવ્યાપાર હોય, તેટલો
કાળ શ્રુતોપયોગ જ ગણાય, કેમકે તેની સામગ્રી બળવાન છે.
તો શ્રુતનિશ્રિત મતિજ્ઞાન કાળે પણ શ્રુત માન્યું નથી,
કેમકે તે વખતે મતિની સામગ્રી બળવાન છે.

(૨૫) પદાર્થ - વાક્યાર્થાદિના ભેદથી ૪ પ્રકારે સૂત્રની વ્યાખ્યા જણાવી, એનાથી ઉત્પન્ન થતું તત્ત્વજ્ઞાન ગુણાન્વિત છે, તેથી શુદ્ધ આરાધકયોગનો લાભ થાય છે, જે ઇષ્ટપ્રાપ્તિનો પરમ હેતુ છે, કેમકે સેંકડો પ્રતિબંધ છતે પણ તે તે દ્રવ્ય-ક્રિયાદિને અનુકૂલ-અનુરૂપ પ્રવૃત્તિ કરવાથી, અન્ય કાર્યોને વિરોધ ન પહોંચાડવાથી સાધ્યસિદ્ધિ નિર્વિઘ્ન બને તથા ઘણાંઓને તેઓના લાભને અનુરૂપપણે માર્ગપ્રદાન ઉપરાંત બીજાધાનાદિ કરવા દ્વારા સાનુબંધ પ્રવૃત્તિનો હેતુ થાય છે, એટલા માટે જ્ઞાનીના વચનાનુસાર પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૨૬) જ્ઞાની અલ્પ છે, તેથી એવો ભય ધારણ કરવો નહિ કે થોડાં જ મળશે તેનો લાભ લઈ શકશે અથવા તો ધર્મ કરનારાઓની સંખ્યા ઘટી જશે, કારણ કે આ લોકમાં પણ રત્નનો વ્યાપાર થોડાંઓ જ કરે છે.

અલ્પ પણ જ્ઞાનીઓ વડે ગ્રહણ કરાવેલો ધર્મ
ઘણું કાર્ય કરનારો હોવાથી
તત્ત્વથી બહુ પરિગૃહીત છે, એમ માનવું.
વિવેકપૂર્વકત્વ એ ધર્મનું માપ છે.
બહુપરિગૃહીતત્વ એ ધર્મની કસોટી નથી.

(૨૭) રત્નના વ્યાપારની જેમ ધર્મવ્યાપારથી પણ ઘણું મળે છે, તેથી જ્ઞાની દ્વારા પરિગૃહિત ધર્મ એ બહુપરિગૃહિત છે, માટે તેને વિષે જ ઉદ્યમ કરવો.

(૨૮) ધર્મનો ઉપદેશ કરવા છતાં 'દુષ્કર હોવાથી તે કોણ કરશે?' એમ પણ ન કહેવું. સંસારથી ભયભીતને માટે મોક્ષની ઉત્કટ ઇચ્છા હોવાથી મોક્ષના ઉપાયની દુષ્કરતા તેને લાગતી નથી.

(૨૯) જે વસ્તુ અનધિકારીને દુષ્કર છે, તે જ અધિકારીને દુષ્કર નથી. અપરિણત જીવ સંશય આદિ દ્વારા મોક્ષના ઉપાયપણે સમ્યગ્જ્ઞાન ન થવાથી ધર્મ કરતો નથી, તેમ સંશયાદિથી રહિત જીવ પણ નિકાચિત કર્મના ઉદયથી ધર્મને કરી શકતો નથી. મિથ્યાત્વમોહની જેમ જ ચારિત્રમોહનો ઉદય પણ ધર્મને પ્રતિબંધક છે.

(૩૦) જિનોપદેશ અપ્રમાદ (વીર્યઅનિગૂહન) સાર છે, કેમકે તેમાં અપ્રમાદને જ પ્રત્યેક સ્થળે આગળ કરેલ છે. જે જેટલાં ધર્મને યોગ્ય છે, તેને તેટલી જ માત્ર પ્રવૃત્તિ કરાવવાથી જિનોપદેશ ચરિતાર્થ થાય. અપુનર્બંધકાદિને સામાન્ય ઉપદેશ, સમ્યગ્દૃષ્ટિને તેને અનુરૂપ, કેટલાંક દેશવિરતિને યોગ્ય અને કેટલાંક ચારિત્રમોહથી રહિતને અપ્રમત્તતારૂપ પ્રવૃત્તિની દેશના છે (પ્રમાદ = વીર્યગોપન).

(૨૯) **ભવસ્વરૂપનો વિચાર**

(૧) કલ્યાણમિત્રોનો યોગ (૨) જિનવચનનું શ્રવણ (૩) શ્રુતાર્થ અવિસ્મરણાર્થે ધારણા (૪) સ્વવ્યતિરિક્ત જીવો ઉપર ઉપકાર (आयतिहितानुकूलो व्यापार-स्तस्य स्वोपकारानुबन्धप्रधानत्वात्) (૫) પરપીડાનો પરિહાર (परपीडापरिहार-परिणामस्यैव स्वपीडापरिहार-फलकत्वात्) (૬) કામભોગાસક્તિનો ત્યાગ (संकल्प-निरासे एव कामनिरासात्) (૭) ભવસ્વરૂપનો વિચાર

વિદ્યુત્[૧], સ્વપ્ન[૨], નાટકવત્[૩], તુષખંડન[૪], જલમંથન[૫], દુ:ખસાગર[૬], મધુલિપ્તખડ્ગધારા[૭] તથા બાળધૂલીગૃહવત્ છે.

(૮) પૂજ્યપૂજા, અનિન્દા, લોકાનુવૃત્તિ (૯) ગુણનો રાગ (औदार्य-दाक्षिण्यादि-गुणबहुमानो कुतोऽपि वैगुण्यात् स्वयं गुणानुष्ठानासामर्थ्येऽपि हि निबिडगुणानुराग-वशात्तदनुष्ठानफलवन्तो भवन्ति जन्तवः।)

(૧૦) નિર્ગુણમાં માધ્યસ્થ્ય (तत्प्रशंसानिन्दयोरुभयतः पापारम्भानुबन्धित्वात्) (૧૧) કુશીલ સંસર્ગનો ત્યાગ (आलापसंवासादि लक्षणसंसर्गो दोषसंक्रान्ति-निमित्तत्वात्।)

(૧૨) સર્વ અનર્થનું મૂળ એવા અષ્ટપ્રકાર પ્રમાદનો ત્યાગ

(૧૩) સતત આત્મસ્વરૂપની ભાવના

(स्वस्थता कालौचित्येनापकृष्टाध्यात्मध्यानस्यैवोत्कृष्टा-
ध्यात्मध्यानहेतुत्वात् दलवृद्धेरेवोत्कर्षांगत्वात्)

(२१) देहादावहंकारादि - विधानमस्तानविजृंभितकूटस्थ -
स्वभावोऽहं कथमाद्रिये विकारनिमित्तं परद्रव्यम्?

આરાધ્યારાધક ભાવાદિક આદિ સૂત્રોના અર્થનું પર્યાલોચન, ઉપદેશક ભગવાનને વિષે યથાસ્થિત પરહિતોપદેશકત્વ ગુણ, સૂત્રોને વિષે અન્ય સમય વિલક્ષણ, સુનિશ્ચિત પ્રામાણ્યકત્વ ગુણ, અર્થોને વિષે અપવર્ગૈકફલકત્વાદિ ગુણે ઉપર બહુમાન, અપ્રાપ્તપૂર્વનો હર્ષ, વિધિભંગનો ભય.

(૨૨) <u>દ્રવ્યક્રિયા ભાવક્રિયાનું કારણ કેવી રીતે બને છે?</u>

(a) ગુરુપારતંત્ર્ય (b) અસદ્ગ્રહનો ત્યાગ

(c) આનુષંગિક કષાયનિરોધ, ઔચિત્યપણું પાલન, જિનપૂજાદિ પરિણામ દ્વારા માર્ગાનુસારીભાવની પ્રાપ્તિ.

(૨૩) ભાવસ્તવના આરાધન પ્રત્યે ઉપયોગપ્રધાનતા કારણ છે અને ઉપયોગની પ્રધાનતા પ્રતિ અસદ્ગ્રહનો ત્યાગ વગેરે માર્ગાનુસારીભાવો કારણ છે. ઉપયોગ એટલે અર્થાલોચન, ગુણરાગ, ભવભય, હર્ષ - પ્રમોદ આદિ.

તદ્ગતચિત્ત ને સમયવિધાન, ભાવવૃદ્ધિ ભવભય અતિઘણો,
વિસ્મયપુલકપ્રમોદપ્રધાન, લક્ષણ એ છે અમૃતક્રિયા તણો.

(૨૪) નમસ્કાર એ અનુમોદનસ્વરૂપ છે.

અનુમોદન અને પ્રમોદ - બે પર્યાય શબ્દો છે.

अनु - पश्चात् मोदनं । प्र - प्रकर्षेण मोदनं । आकृतिः

અનુ = પાછળથી ખુશ થવું તે અનુમોદન.

પ્ર = પ્રકર્ષથી = વધારે ખુશ થવું તે પ્રમોદ.

ગુણ જોઈને પહેલાં કે પછી ખુશ થવું, ઉત્કૃષ્ટપણે રાજી થવું, તે અનુમોદન + પ્રમોદ છે. નમસ્કાર તેનો સૂચક છે. હૃદયમાં અનુમોદના કે પ્રમોદ ન હોય, જેને નમવામાં આવે, તેના ગુણ ઉપર પક્ષપાત ન હોય, તે જે માર્ગે ગયા હોય, તે માર્ગે જવાની વૃત્તિ ન હોય, તેમણે કહ્યું હોય, તે પાળવાની ઈચ્છા કે જિજ્ઞાસા સુદ્ધાં ન હોય, તો તેઓને કરેલો નમસ્કાર એ જુઠ્ઠો છે - સાચો નહિ, દ્રવ્ય નમસ્કાર છે, ભાવનમસ્કાર નહિ. પહેલા ગુણનો પક્ષપાત, એ પક્ષપાત સહિત સાચો નમસ્કાર આવે ક્યારે?

ગુણનો પક્ષપાત એ ગુણી પ્રત્યે શ્રદ્ધા માંગે છે. ગુણીમાં ઉત્તમપણાંની બુદ્ધિ એ જ સાચી શ્રદ્ધા છે. જ્યાં સુધી જેને નમવામાં આવે છે, તેના ગુણીમાં ઉત્તમ બુદ્ધિ નહિ, તે ગુણી આદરવા અને આચરવાલાયક છે, એવો આદર નહિ, એ ગુણીને જીવનમાં લાવવા પ્રત્યે

ઉદાસીનતા છે, ઉપેક્ષાબુદ્ધિ કે ભેદબુદ્ધિ છે, ત્યાં શુદ્ધ સાચો નમસ્કાર - ભાવનમસ્કાર ક્યાંથી હોય?

(૨૫)ભાવનમસ્કારનું પ્રથમ પગથિયું = ગુણીમાં ઉપાદેયબુદ્ધિ.

૫ પરમેષ્ઠિઓને જે ગુણ પ્રાપ્ત થયાં છે, તેના ચિંતન ચિન્તામણિ અને કામધેનુ કરતાં પણ અધિક છે, એવો ખ્યાલ ન આવે, એનું સાચું ભાન ન હોય, ત્યાં શુદ્ધ ભાવનમસ્કાર આવી શકતો નથી. આજે તો મોટે ભાગે જેને નમવામાં આવે છે, તેના ગુણોનું ભાન નથી. ભાન છે, તેને ઉપાદેયબુદ્ધિને બદલે ઉપેક્ષાબુદ્ધિ છે કે આગળ વધીને કહીએ તો ભેદબુદ્ધિ રહેલ, તેવી વર્તાય છે. પરમેષ્ઠિઓએ ૫ વિષય ત્યાગ્યાં છે, ૪ કષાય જીત્યાં છે, ૫ મહાવ્રતોમય અને ૫ આચારોમય તેમનું જીવન છે, ૮ પ્રવચનમાતા અને ૧૮૦૦૦ શીલાંગરથના તેઓ ધોરી છે, તેમાંની કોઈપણ વસ્તુ ઉપર જેને પ્રેમ કે આદર નથી, મેળવવાની કે જાણવાની પણ ઇચ્છા કે દરકાર નથી, તેઓનો નમસ્કાર ભાવનમસ્કાર કેવી રીતે બની શકે?

(૨૬)નમસ્કારને ભાવનમસ્કાર બનાવવા માટે ગુણના બહુમાનરૂપ ભાવ જોઈએ. બીજ વાવ્યા વિના ધાન્ય કદી ય ઊગે નહિ, તેમ ગુણ ઉપર બહુમાનરૂપી બીજનું

આધાન કે વાવેતર કર્યા વિના ગુણપ્રાપ્તિ અને તેના ફળરૂપે મોક્ષપ્રાપ્તિરૂપી ધાન્ય ક્યાંથી ઉગશે? ગમે તેટલી વૃષ્ટિ થાય અને ભૂમિ ગમે તેટલી શુદ્ધ હોય પણ બીજ વાવ્યા વિના હજાર ઉપાયોએ ય ધાન્ય ઉગી શકે નહિ.

વપનં ધર્મબીજસ્ય સત્પ્રશંસાદિ ।

સત્પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા -

એ જ ધર્મબીજનું સાચું વપન છે.

પરમર્ષિઓમાં રહેલાં એક એક ગુણને ચિન્તામણિથી
અધિક માનો, કામધેનુથી અધિક માનો,
કલ્પવૃક્ષથી અધિક માનો, કામકુંભથી અધિક માનો,
કેમ કે તે બધામાં ઇચ્છા પૂરવાનું અને ચિન્તા ચૂરવાનું
જે સામર્થ્ય છે, તેથી તો કંઈ ગુણું અધિક સામર્થ્ય,
સાચા ગુણો અને તેના બહુમાનમાં રહેલું છે અથવા
કહો કે ચિન્તામણિ આદિમાં જે સામર્થ્ય આવે છે,
તે સામર્થ્ય તેમનું પોતાનું નહિ પણ ગુણબહુમાનના
ભાવથી બંધાયેલા અચિન્ત્ય સામર્થ્યવાળા પુણ્યનાં છે.

પુણ્ય અચિન્ત્ય સામર્થ્યવાળું છે,
તે ગુણબહુમાનના ભાવથી ઉપાર્જન થાય છે,
તેથી તે ચિન્તામણિ - કામધેનુથી અધિક છે.

(૨૭) નવકારનું પુનઃ પુનઃ રટણ અનેકગણું પુણ્ય વધારે છે અને ઘણાં ઘણાં પાપનો નાશ કરે છે - કઈ રીતે ?

નવમું પાપસ્થાન લોભ અને અઢારમું મિથ્યાત્વશલ્ય - એ બે પાપ બધાં પાપોમાં સૌથી મોટાં ગણાય છે, તે બંનેનો નાશ એક જ નવકારથી સધાય છે, કેમકે તે તુચ્છ લોભનો શત્રુ છે તથા બધામાં મુક્તિના સુખનો લોભ જગાડે છે. પાપને પાપ નહિ માનવારૂપ અને પુણ્યને પુણ્ય નહિ માનવારૂપ જડતાનો નાશ કરીને નવકાર શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ ઉપર પ્રેમ પેદા કરે છે.

શુદ્ધતત્ત્વનો પ્રેમ અને મુક્તિસુખનો લોભ - એ બંને નવમા અને અઢારમા પાપના પ્રતિપક્ષી છે. નમસ્કાર એ સન્માનનું દાન છે, જે સૌ દાન કરતાં ચઢીયાતું દાન છે. તે જે આપે, તેને પુણ્ય ખૂટતું નથી તથા તેનામાં પાપ પ્રવેશી શકતું નથી, કેમકે સન્માનને પાત્ર વ્યક્તિનું સન્માન કરવું, એ જ માનવજન્મનો લ્હાવો છે. એક ધર્મના કારણે જ મનુષ્ય દેવ કરતાં ય મોટો છે, પશુઓ કરતાં ચઢીયાતો છે.

(૨૮) પશુઓ ૧૧ વ્રત પાળી શકે છે, બારમું વ્રત પાળી શકતાં નથી, કારણકે તે અતિથિ-સાધુને શુદ્ધ વસ્તુના દાનરૂપ વ્રત છે.

સાધુઓ-સુપાત્રોને દુનિયાની ધનસંપત્તિની દરકાર નથી.
તેમને ધર્મનાં સાધનરૂપ દેહને ધારણ કરવા માટે જરૂરી
અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, રજોહરણ
કંબલાદિ શુદ્ધ, નિર્દોષ અને અલ્પ મૂલ્યવાળી વસ્તુની
જ જરૂર હોય છે, તે જેમ તિર્યંચો નથી આપી શકતાં,
તેમ દેવો પણ નથી આપી શકતાં.

દેવો રત્નના ભંડાર આપી શકે પણ તે કાંઈ ધર્મનાં
સાધન નથી કે જેને સત્પાત્ર વ્યક્તિઓ ગ્રહણ કરે!
સત્પાત્ર વ્યક્તિઓને જીવનને ધારણ કરવા આવશ્યક
વસ્તુઓનું દાન કેવળ મનુષ્ય જ કરી શકે છે, તેથી
દાનધર્મના કારણે જ મનુષ્ય દેવોથી મોટેરો મનાય છે.

(૨૯) દાન અન્નનું પણ છે અને વસ્ત્રનું પણ છે.

જીવન જીવવા માટે અનિવાર્ય એવી જે પાંચ વસ્તુ
વિના મોટા ત્યાગીને પણ ચાલી શકતું નથી, તે છે:
અન્ન, જળ, વસ્ત્ર, આસન અને શયન. એ પાંચ મળ્યાં
પછી છઠ્ઠી વસ્તુની જરૂર નથી, તો પણ ધર્મ સાધવા
માટે જેની વચ્ચે રહીને ધર્મ સાધવો છે, તે જનસમૂહ
જો ધર્મ પ્રત્યે સંદિગ્ધ, ઉપેક્ષા કે ઉદાસીન કે દ્વેષ કે
વિરોધ વૃત્તિવાળો હોય, તો તે ધર્મ સાધી શકાતો નથી,

તેથી ધર્મસાધનાને અવિચ્છિન્ન રાખવા માટે એક એવા વર્ગની જરૂર છે કે જે ધર્મના સાધક ઉદાસીન અથવા વિરોધી ન હોય, પરન્તુ મનથી - વચનથી અને કાયાથી અનુકૂળ વૃત્તિવાળો હોય. અન્નાદિ દાન આપનારા કરતાં પણ કોઈ અપેક્ષાએ ધર્મને સાધનાર પ્રત્યે મન - વચન - કાયાથી અનુકૂળપણે વર્તનારનું પુણ્ય વધી જાય છે, કેમકે તે વિના ચિત્તસમાધિ રહેતી નથી, ધર્મ કરવા પ્રત્યેનો ઉત્સાહ ટકતો નથી, ધર્મ કરવા માટે જે અંતરંગ બળ અથવા ટેકો મળવો જોઈએ, તે મળી શકતાં નથી. તિર્યંચો કદાચ સમજ ધરતું હોય, તો મનથી અનુકૂળ રહી શકશે, પરન્તુ વચન અને કાયાથી અનુકૂળ વર્તન કરવા માટે તેમની પાસે સાધન નથી, દેવો પાસે મન - વચન બંને હોવા છતાં કાયાથી અનુકૂળ વર્તન કરવાની તેમને સગવડ નથી, વચનથી પણ મનુષ્ય જેટલી અનુકૂળતા નથી, તેથી એ ત્રણ પ્રકારના પુણ્યની ઉત્કૃષ્ટ સામગ્રી માનવને જ વરેલી છે. છેલ્લું પુણ્ય નમસ્કાર છે, તેમાં બે હાથ જોડી, માથું નમાવી, સન્માન માત્ર કરવાનું છે એટલું જ નહિ પણ સર્વસ્વનું સમર્પણ કરવાનું છે, તે કરવાની તાકાત પણ કેવળ મનુષ્યને જ વરેલી છે.

સર્વસ્વ સમર્પણ કરવાના ભાવપૂર્વક થતું
નમસ્કારનું દાન એ છેલ્લું પણ
સર્વોત્કૃષ્ટ પુન્ય ઉપાર્જન કરવાનું સાધન છે.
જીવનમાં જો આ બુદ્ધિપૂર્વક ભાળો અને કોઈ નમસ્કાર
પંચ પરમેષ્ઠિઓને આપવામાં આવે, તે દ્વારા તેમનું
હાર્દિક સન્માન કરવામાં જ જીવનનો સારભૂત ભાગ
જો ગાળવામાં આવે, તો ભાગ્યશાળીપણાંમાં
માનવ તો દેવથી પણ ક્યાંય ચઢી જાય.

(30) ભાવનમસ્કાર એટલે સર્વોત્કૃષ્ટ પુરુષોને
તેમના સર્વોત્કૃષ્ટ ગુણોને હૃદયમાં રાખીને
આપવામાં આવતું સન્માનનું દાન.
એ દાન કેવળ અન્ન - વસ્ત્ર વગેરે
ભૌતિક વસ્તુઓ પૂરી પાડવા રૂપ જ માત્ર નહિ પણ
પોતાને મળેલ મોંઘી એવી જિંદગીની દરેક ક્ષણ
તેમની આજ્ઞાના પાલન ખાતર પસાર કરવાની વૃત્તિ.
દ્રવ્યનમસ્કાર એટલે સંશય - વિપર્યય અને
અનધ્યવસાયપૂર્વક થતો નમસ્કાર. ઉપયોગશૂન્યપણે
થતો સમ્યદૃષ્ટિનો નમસ્કાર અનધ્યવસાયરૂપ છે તથા
ફલના સંશયપૂર્વક થતો નમસ્કાર મિથ્યાદૃષ્ટિનો છે.

લૌકિક ફળના લોભે લોકોત્તર પુરુષોને થતો અને લોકોત્તર લાભ માટે થતો લૌકિક પુરુષોનો નમસ્કાર એ વિપર્યાસરૂપ છે. ભાવનમસ્કારમાં એ બન્ને દોષ નથી, કારણ કે તે લોકોત્તર ફળ માટે લોકોત્તર પુરુષોને ફળ મળવાની સચોટ શ્રદ્ધા અને ઉપયોગ સહિત હોય છે. નમસ્કાર ક્રિયા કરતી વખતે તેનો ઉપયોગ નમસ્કારને છોડીને અન્ય હોતો નથી, વળી ઉપાદેયબુદ્ધિ હોવાથી તે શ્રદ્ધા સહિત હોય છે, મુક્તિરૂપી પરમ અને ચરમ ફળ મેળવવાનો મનોરથ હોવાથી ઉત્સાહ અને વીર્યોલ્લાસ સભર હોય છે. ચિંતામણિ અને કલ્પવૃક્ષના સેવન કરતાં ય નમસ્કારની ક્રિયાના સેવનમાં વધુ આદર છે. ધરાંગણે કલ્પવૃક્ષ વાવવાની કે કામધેનુ ગાય બાંધવાની ક્રિયા કરતાં ય આ ક્રિયા તેને મન વધુ મહત્ત્વની લાગે.

(39) કોઈપણ જીવના સુખનો નાશ કરવો તે હિંસા, તેથી પાપ બંધાય. કોઈપણ જીવના દુઃખનો નાશ કરવો તે દયા, તેથી પુણ્ય બંધાય. વિષયો ઇચ્છાનુકૂળ વર્તે,

તે પુણ્યનો ઉદય કહેવાય, તેથી રતિ થાય.

વિષયો ઇચ્છાથી પ્રતિકૂળ વર્તે,

તે પાપનો ઉદય કહેવાય, તેથી અરતિ થાય.

પાપબંધના અઢારે પ્રકારમાં હિંસા અનુસ્યૂત છે, પછી તે જૂઠ હો, અબ્રહ્મચર્ય હો કે મિથ્યાદર્શન શલ્ય હો. હિંસા એટલે કોઈપણ જીવના સુખનો નાશ, પછી તે સ્વજીવ હો કે પરજીવ! જીવાત્માના સુખનો નાશ કરવાની ક્રિયા મનથી, વચનથી અથવા કાયાથી, ઉપરાંત કરવા - કરાવવા કે અનુમોદવા વડે થાય, તે હિંસા છે. ક્રિયા કરવાનાં સાધન ત્રણ છે : મન - વચન - કાયા. તેને વિસ્તારવાના યા તેના વ્યાપારને ફેલાવવાના સાધન પણ ત્રણ છે : કરવું, કરાવવું અને તેને અનુમોદવું. એમ પ્રત્યેક યોગ અને કરણના પરસ્પર સંબંધથી ૪૯ ભાંગા થાય છે, તેને ત્રણ કાળથી ગુણવા વડે ૧૪૭ ભાંગા થાય છે. સાવદ્ય વ્યાપાર કે નિરવદ્ય વ્યાપાર ૧૪૭ પ્રકારનો છે, તેને સેવવાથી કે પરિહરવાથી અનુક્રમે હિંસા અને અહિંસાની ઉત્પત્તિ છે. હિંસા પાપબંધનો હેતુ છે, જ્યારે અહિંસા એ પુણ્યબંધનો હેતુ છે. કહ્યું છે કે :

'પરોપકારઃ પુણ્યાય, પાપાય પરપીડનમ્ ।'

(૩૨) પરપીડન ૧૮ પ્રકારે થાય છે, એ અઢારે પ્રકારોમાં હિંસા અનુસ્યૂત છે અને પર ઉપર ઉપકાર નવ પ્રકારે થાય છે અને એ નવે પ્રકારોમાં અહિંસા અનુસ્યૂત છે.

જગતના સુખનો નાશ કરવાની ક્રિયા તે હિંસા છે તથા
જગતના દુઃખનો નાશ કરવાની ક્રિયા તે દયા-અહિંસા છે.
તેવી જ રીતે જગતને દુઃખ દેવાની ક્રિયા તે હિંસા છે
અને જગત જીવને સુખ દેવાની ક્રિયા તે અહિંસા છે.
જગતના સુખનો નાશ અને દુઃખની ઉત્પત્તિ તથા
જગતના દુઃખનો નાશ અને સુખની ઉત્પત્તિ - જે જે
ક્રિયાદિ થાય, તે તે સર્વ ક્રિયાને શાસ્ત્રોમાં અનુક્રમે
સાવદ્ય અને નિરવદ્ય તરીકે સંબોધેલ છે,
પછી તે દુઃખ-સુખ સ્વવિષયક હો કે પરવિષયક હો.
ઈર્યાપથિકી પ્રતિક્રમણમાં જીવના ૫૬૩ ભેદ,
તેને દશ પ્રકારે પરિતાપ, તેને ૩ કરણ, ૩ યોગ,
૨ રાગ-દ્વેષ, ૩ કાળ તથા ૬ની સાક્ષી વડે ગુણવાથી
૫૬૩ x ૧૦ x ૩ x ૩ x ૨ x ૩ x ૬ = ૧૮,૨૪,૧૨૦ આવે.
(33) પાપ એ અધર્મ છે, પુણ્ય એ ધર્મ છે.
હિંસાદિ અધર્મના હેતુ છે, અહિંસાદિ ધર્મના હેતુ છે.
નરકાદિ અધર્મના ફળ છે, સ્વર્ગાદિ એ ધર્મના ફળ છે.
એ વાત સમજ્યાં પછી એ જ જાણવાનું બાકી રહે છે કે
ધર્મ અને અધર્મનું સ્વરૂપ શું છે?
રૂપવતીનો હેતુ કૃષિ-વાણિજ્યાદિ, ફળ ઐહિક સાધન-

સામગ્રી તથા સ્વરૂપ લાચારપણું, પીડાપણું, ચીકણાપણું છે,
તેમ ધર્મના હેતુ તરીકે અહિંસાપ્રધાન સદનુષ્ઠાન,
ફળ તરીકે આ ભવ - પરભવનાં સુખ અને
સ્વરૂપ તરીકે જ્ઞાન - દર્શન - ચારિત્રજનિત વિશુદ્ધિ છે.
અધર્મના હેતુ તરીકે હિંસાપ્રધાન અસદનુષ્ઠાન,
ફળ તરીકે આ જન્મ - પરજન્મનાં દુઃખ અને સ્વરૂપ
તરીકે અજ્ઞાન, અવિવેક તથા અત્યાગજનિત સંક્લેશ છે.

(૩૪) સંક્લેશ = રાગદ્વેષ, મોહ, અભિષ્વંગ, અરૂચિ, અવિવેક.
રાગ = અનુકૂળતાના સંયોગની ઇચ્છા.
દ્વેષ = પ્રતિકૂળતાના વિયોગની ઇચ્છા.
અવિવેક = અનુકૂળતા અને પ્રતિકૂળતાના સંયોગ તથા
વિયોગના હેતુસંબંધી અવિચાર - ઇચ્છા,
એ જ સંક્લેશ અને નિરીહતા એ જ વિશુદ્ધિ.

સ્વેચ્છા એ જ અધર્મનું લક્ષણ છે. સ્વેચ્છાનો નિગ્રહ
અને નિયમન તથા સર્વેશ્વરની ઇચ્છાને જ સમર્પણ
અને ભાવાર્પણ એ જ ધર્મનું લક્ષણ છે. સ્વેચ્છાત્યાગમાં
અને સનાતન આજ્ઞાના સ્વીકારમાં ધર્મ છે. સનાતન
આજ્ઞાનું જ્ઞાન વીતરાગના વચનથી થાય છે, તેથી એ જ
આજ્ઞાનું નિયામક છે, તેનું ગ્રહણ + આસેવન = ધર્મમૂળ.

## (૩૫) પૂ. હરિભદ્રસૂરિજીના મુખ્ય પાંચ ગુણ

હરિભદ્રના પૂર્વવર્તી અને સમકાલીન એવા જૈન તથા જૈનેતર વિદ્વાનો ઘણાએ છે કે જેમની વિચારસૂક્ષ્મતા, વક્તવ્યની સ્પષ્ટતા અને બહુશ્રુતતા તથા તાર્કિકતા એ હરિભદ્રસૂરિજી કરતાં પણ ચડી જાય. એવા જ વિશિષ્ટ વિદ્વાનોની સમર્થ કૃતિઓના અધ્યયન અને પરિશીલનને આધારે જ હરિભદ્રનું માનસિક-આધ્યાત્મિક વ્યક્તિત્વ ઘડાયેલું છે, છતાં હરિભદ્રે જે ઉદાત્ત દૃષ્ટિ, અસાંપ્રદાયિક વૃત્તિ અને નિર્ભય નમ્રતા પોતાની કૃતિ ચર્ચાઓમાં દાખવ્યા છે, તેવા તેમના પૂર્વવર્તી કોઈ જૈન-જૈનેતર વિદ્વાને બતાવેલા ભાગ્યે જ દેખાય છે! તેમની દૃષ્ટિ અને વૃત્તિમાં પાંચ ગુણ તરી આવે છે:

(a) પ્રથમ ગુણ છે સમત્વ

આધ્યાત્મિકતાનું પરમ લક્ષ્ય સમભાવ યા નિષ્પક્ષતા છે.

(b) બીજો ગુણ છે તુલના

પરિભાષા ભેદ કે નિરૂપણ ભેદ હોવા છતાં પણ કોઈપણ મંતવ્ય પરસ્પર સામ્ય ધરાવે છે, તે એમણે સ્વપર મતની તુલના દ્વારા અનેક સ્થળે દર્શાવ્યું છે. એ તુલનામાં કોઈપણ મતને અન્યાય ન થઈ જાય, એવી પાપભીરુવૃત્તિ તેમણે દાખવી છે.

(c) <u>ત્રીજો ગુણ છે બહુમાનવૃત્તિ</u>

પરવાદી મતાવલંબી જુદા પડવા છતાં તેમનાં પ્રત્યે જે વિરલ બહુમાન અને આદર તેઓ દર્શાવે છે, તે આધ્યાત્મિક ક્ષેત્રમાં વિરલ છે.

(d) <u>ચોથો ગુણ છે નિર્ભય તટસ્થવૃત્તિ</u>

પરવાદીઓ કે પરંપરાઓ સાથેના વ્યવહારમાં જે તટસ્થવૃત્તિ અને નિર્ભયતા તેઓશ્રી દર્શાવે છે, તેવી જ સ્વપરંપરા પ્રત્યે કેટલાંક મુદ્દાઓ રજૂ કરવામાં દર્શાવે છે.

(e) <u>પાંચમો ગુણ છે અંતર સાંધવાનો કીમિયો</u>

વિદ્વાનો જ્યારે ચર્ચામાં ઉતરે છે, ત્યારે વિજિગીષા અને સ્વપરંપરાને શ્રેષ્ઠ સ્થાપવાની ભાવના મુખ્યપણે રહે છે, તેથી સંપ્રદાય - સંપ્રદાય વચ્ચે અને એક જ સંપ્રદાયના વિવિધ ફાંટાઓ પ્રત્યે મોટું માનસિક અંતર ઊભું થાય, એને લઈને પરપક્ષમાં રહેલા ગ્રાહ્ય કરવા જેવા ઉદાત્ત વસ્તુઓ પણ કોઈ ભાગ્યે જ ગ્રાહ્ય કરે છે અને માત્ર પરિભાષાઓની શુષ્ક વ્યાખ્યાઓ તથા શાબ્દિક સાઠમારીઓના આવરણમાં જ સત્ય ગૂંગળાઈ જાય છે. હરિભદ્રે પોતાના દર્શન અને યોગગ્રન્થોમાં એવી શૈલી સ્વીકારી કે જૈન પરંપરાના મૌલિક ગણાય, એવા

સિદ્ધાંતો જૈનેતરો પણ માન્ય કરે અને
બૌદ્ધ અથવા વૈદિક પરંપરાનાં અનેક મંતવ્યો કે સિદ્ધાંતો
જૈન પરંપરા પણ માન્ય કરે.
વિરોધી ગણાતાં એવા સંપ્રદાયો વચ્ચે બની શકે તેટલું
અંતર ઘટાડવાનો યોગાગમ માર્ગ હરિભદ્રે વિકસાવ્યો છે.

(35) પુણ્ય બાંધવાના નવ પ્રકાર નીચે પ્રમાણે છે:

સુપાત્રને અન્ન, જલ, વસ્ત્ર, સ્થાન, આસન,
મન વડે શુભ વિચારો, વચન વડે ગુણસ્તુતિ, શરીર વડે
સેવાશુશ્રૂષા અને ભાવ વડે વંદન નમસ્કારાદિ કરવા તે.

જલ કરતાં વરાળ, વરાળ કરતાં વિજળી વધારે બળવાન છે.
પવન જોઈ શકાતો નથી પણ જાણી શકાય છે,
તેમ વિજળીના તારમાં રહેલી વિજળી જોઈ શકાતી નથી
પણ તેના અદ્ભુત કાર્યો જાણી શકાય. સ્થૂલ કરતાં
સૂક્ષ્મની શક્તિ અચિન્ત્ય છે: પૃથ્વી કરતાં પાણી, તેના
કરતાં અગ્નિ અને તેથી અધિક વાયુ અને તેથી અધિક
આકાશની શક્તિ કરતાં શબ્દની શક્તિ વધારે છે,
કારણ કે શબ્દ વધુ સૂક્ષ્મ છે.

સારા પવન-પાણી મળે, પરંતુ શબ્દ સારાં ન મળે તો?
પવનના બદલે બફારો રહે અને પાણીના બદલે તૃષાની

મોડા હોય પ્રભુ જો સુંદર શબ્દ સાંભળવા મળતાં હોય,
તો પ્રભુ મહાપુરુષ જે રીતિએ સુખનો અનુભવ કરે છે,
તે જ શબ્દની સૂક્ષ્મતાને સૂચવે છે.

તેની અસર ચિત્ત સુધી પહોંચે છે, તેથી જ
શાસ્ત્ર અને મંત્રોનું આત્મશોધ માટે મહત્ત્વ અંકાય છે.

(37) મુચ્છા પરિગ્ગહો વુત્તો ।

પરિગ્રહનું આ નિષ્કૃષ્ટ લક્ષણ છે. એનો અર્થ એટલો જ
કે શાસ્ત્રવિહિત મુનિજીવનમાં સંયમસાધના માટે જરૂરી
ઉપકરણો પર મૂર્છાનો અભાવ એ અપરિગ્રહ છે, નહિ
કે પરિગ્રહનો વિસ્તાર કરવા છતાં મૂર્છાથી રહિતપણું!
પરિગ્રહનો વિસ્તાર એ જ તત્ત્વતઃ મૂર્છાનો વિસ્તાર.

(38) Virtue is a means between two vices.
જેમ કે ઉડાઉપણું અને કંજૂસપણું - એ બે દુર્ગુણોની
વચલી અવસ્થા અર્થાત્ કરકસરપણું એ સદ્ગુણ છે, એમ
અતિનિષેધ - અતિસેવનનો મધ્યમમાર્ગ યાને યથાશક્તિ
સદ્ગુણરૂપ છે, એમ સ્યાદ્વાદન્યાયપૂત શ્રેષ્ઠ માર્ગ છે.

(39) જે બધા વચ્ચે તટસ્થ - સમન્વયકારી છે, તે જૈન
સમાજરૂપી યંત્રમાં ઘર્ષણ ન થાય, તે માટે તેલના સ્થાને
જૈન સ્યાદ્વાદ છે, એ સમન્વયવાદ છે, તટસ્થતાવાદ છે.

(૪૦) દુઃખનું કારણ વસ્તુ નથી, વસ્તુ સાથે આપણો - મારાંપણાનો સંબંધ છે, જે કલ્પિત છે. દુઃખ આપનારાં આ સંબંધોને જ કાપી નાંખો. હાથમાં રહેલો અંગારો, જો બાળે છે, તો તેનાથી બચવા સહેલો - સાચો - ખાત્રીલાયક ઉપાય એક જ છે કે તે અંગારાને તુરત જ ફેંકી દેવો. અહીં પણ દાહ આપનાર, દુઃખ તથા પીડા દેનાર કોઈ બાહ્ય પદાર્થ કે પ્રાણી નથી, કિન્તુ પોતાના જ મનમાં છૂપાયેલા વાસના, ઇચ્છા, મોહ છે. તેને ફેંકી દો, એટલે તમારા બનાવો એમ બીજાને પીડાકારક બનતાં નથી, તેમ તમને પણ પીડાકારક બનશે નહિ અથવા એમ બીજાના બનાવો તમને પીડાકારક થતાં નથી, તેમ તમારા બનાવો પણ તમને પીડાકારક થશે જ નહિ. પીડાકારકપણું બનાવોમાં નથી, તેને પોતાના માનવામાં છે. પોતાપણાંનો સંબંધ પીડાકારક છે. એ સંબંધ કપાયા વિના પીડા કપાતી નથી. હુંપણું, મારાપણું, મદ, માન, અહંકાર-મમકાર, આ બધી આંતરિક વૃત્તિઓ છે અને તે જ ખોટાં - હકીકતમાં નથી, તેવા સંબંધોને બાંધે છે, રાગ, દ્વેષ, આસક્તિની ભાવનાઓ પેદા કરે છે અને એ ભાવનાઓ જ દુઃખનું મૂળ છે.

(૪૧) આત્મીકરણ - મોહક્ષય ધર્મહેતુપ્રસાધનમ્ ।

ધર્મના હેતુનું મુખ્ય સાધન = મારાંપણાની પકડનો ત્યાગ.
તે ત્યાગનું સાધન બાહ્યપરિગ્રહ, જે આંતરમૂર્છાનો હેતુ છે,
તેથી મૂર્છાનો ત્યાગ જે અભિષ્ટ છે, તેણે
મૂર્છા ઉત્પન્ન કરનારા પદાર્થોનો ત્યાગ કરવો જ જોઈએ.
મમત્વ પરિણામનો ત્યાગ થયાં પછી ગમે તેવો બનાવ-
પછી તે હર્ષનો હોય કે શોકનો, માનનો કે અપમાનનો,
લાભનો કે નુકસાનનો, હારનો કે જીતનો બનાવ હોય,
ચિત્તની શાંતિનો લેશ પણ ભંગ થતો નથી.
ચિત્તની અશાંતિને પેદા કરનાર કોઈ બાહ્ય વસ્તુ નથી,
કિન્તુ અંતરંગ અહંત્વ - મમત્વ છે, તેનો પરિણામ છે,
જેનો ત્યાગ વિવેક અર્થાત્ જ્ઞાનના બળથી જ થઈ શકે છે,
તેથી દુ:ખના નિવારણનો ખરો ઉપાય મોટે - મમતાના
કારણરૂપ અજ્ઞાનનું નિવારક તત્ત્વજ્ઞાન/સાચું જ્ઞાન છે.
અજ્ઞાન એ દુ:ખ - જ્ઞાન સુખ છે, તેનું આ રહસ્ય છે.
Ignorance is curse, knowledge is bliss.
મારાંપણાનો સંબંધ છેવટે મનથી પણ છોડવા લાયક છે.
મન ઉત્પથગામી બને, ત્યારે તેની સાથે મમત્વબુદ્ધિ
છોડો. સત્પથગામી બને, ત્યારે તેની સાથે સંબંધ બાંધો.

## (૪૨) પ્રત્યેક વસ્તુ સ્વરૂપથી કેવા છે?

વસ્તુમાત્ર સ્વરૂપે સત્ તથા પરરૂપે અસત્ છે, દ્રવ્યથી નિત્ય તથા પર્યાયથી અનિત્ય, સામાન્યથી એક તથા વિશેષથી અનેક, શબ્દથી વાચ્ય તથા અર્થથી અવાચ્ય.

બહારથી જગત સ્થૂલ દૃષ્ટિગ્રાહ્ય અને
અંદરથી જગત સૂક્ષ્મ દૃષ્ટિગ્રાહ્ય.

બહારથી જગત ઈંદ્રિયગ્રાહ્ય, અંદરથી જગત વિચારગ્રાહ્ય.
બહારથી જગત મનગ્રાહ્ય, અંદરથી જગત બુદ્ધિ ગ્રાહ્ય.
બહારથી પોતાની - અંદરથી પારકી અથવા તેથી વિરુદ્ધ.
બહારથી એક - અંદરથી અનેક અથવા તેથી વિરુદ્ધ.
બહારથી નિત્ય - અંદરથી અનિત્ય યા તેથી વિરુદ્ધ.
બહારથી દુઃખદાયી - અંદરથી સુખદાયી યા તેથી વિરુદ્ધ.

બહારથી સુંદર, તે અંદરથી અસુંદર છે.
બહારથી લાવણ્ય, તે અંદરથી મનોહર છે.
બહારથી કુશલ, તે અંદરથી અકુશલ છે.
બહારથી સત્ય, તે અંદરથી અસત્ય છે.
બહારથી શુદ્ધ, તે અંદરથી અશુદ્ધ છે.
આમ સ્થૂલ દૃષ્ટિ તથા સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં
વસ્તુઓ અલગ અલગ સ્વરૂપે દેખાય છે.

(૪૩) દુ:ખનું બાહ્ય કારણ પ્રસંગ - વ્યક્તિ - પદાર્થ છે,
દુ:ખનું અંતરંગ કારણ સ્વદોષ છે.
સ્વજનવિયોગનું દુ:ખ એ સ્વાર્થ છે, ધનનાશનું દુ:ખ એ લોભ છે તથા અપમાનનું દુ:ખ માન (અભિમાન) છે.

(૪૪) દાન એ ધર્મનું પ્રથમ પગથિયું છે. બીજાના અનુગ્રહ માટે પોતાની વસ્તુનું વિસર્જન ત્યાગ, તેને દાન કહે છે. દાનનો હેતુ મૂર્છાનો ત્યાગ છે અને બીજાનો ઉપકાર છે.

પરવસ્તુનો સંબંધ જ્યાં સુધી મટશે નહિ,
ત્યાં સુધી તે પરવસ્તુ પરના જ ઉપકાર માટે વપરાય,
તેમાં જ તે સર્વ પરવસ્તુઓની સાર્થકતા છે.

નાશવંત વસ્તુમાંથી પણ અવિનાશી સુખ મેળવવાનો ઉપાય દાનધર્મ, માટી સાટે સોનું ખરીદવાનો વહેપાર છે.

દાનનો અધિકાર કેવળ મનુષ્યને છે. દાનના સર્વોત્તમ પાત્ર પણ મનુષ્યો છે. દાન દેવા લાયક સર્વોત્તમ વસ્તુઓ પણ મનુષ્ય પાસે જ છે. દાન દેવાની વિધિ પણ કેવળ મનુષ્યને આધીન છે. વિધિપૂર્વકનું દાન એ જ્ઞાન, શ્રદ્ધા, સત્કાર અને ઔચિત્યપૂર્વકનું હોય છે. આપવા લાયક પાત્રનું જ્ઞાન, તેના ઉપર યથાયોગ્ય શ્રદ્ધા, સત્કાર અને આપવા લાયક વસ્તુના ઔચિત્યનૌચિત્યનો વિવેક પણ મનુષ્યને હોય છે. સર્વોત્તમ દાન નમસ્કારનું દાન છે.

મહાત્માની સર્વોત્તમ ચાહના સત્કાર - સન્માનની હોય છે,
બાકી બધી જ ચાહના ગૌણ હોય છે.
સન્માનપૂર્વકની સ્વલ્પ વસ્તુ પણ મહાત્માને પ્રિય છે.
અનલ્પ વસ્તુ પણ અસત્કારપૂર્વક કે અસન્માનપૂર્વક
મનુષ્ય ચાહતો નથી. ચાહે તો તે મનુષ્યત્વને ચૂકે છે.
મનુષ્યનું મનુષ્યત્વ અનિચ્છિત વસ્તુ ન ચાહવામાં છે,
ન માંગવામાં - નિષેધ કરવામાં છે. મનુષ્યત્વનું સંરક્ષણ
આપવાથી થાય છે, માંગવાથી નહિ. સર્વોત્તમ વસ્તુઓને
સર્વોત્તમ પાત્રને સર્વોત્તમ ભાવપૂર્વક આપવા, તે સર્વ
પુણ્યનું કારણ છે, સર્વ પાપનું નિવારણ છે, સર્વ
સજ્જનોને આનંદદાયક છે, સર્વ દુર્જનોને ખેદકારક છે.
સર્વ ભૂત - પ્રાણીઓને અનુકૂળ કરનાર છે, સર્વ કુદૃષ્ટ
વસ્તુઓની કુદૃષ્ટતા અને અધમતાનું નિવારણ કરનાર છે.
(૪૫) શબ્દની પાછળ અર્થ, અર્થની પાછળ ભાવ,
ભાવની પાછળ લક્ષ્ય - ઉદ્દેશ - રહસ્ય રહેલું છે અને
લક્ષ્યની પાછળ નિત્ય સત્ય રહેલું છે.
(૪૬) આકૃતિની પાછળ પ્રકૃતિ, પ્રકૃતિની પાછળ કર્તા,
કર્તાની પાછળ કામ રહેલ છે અને
કામની પાછળ અકામ, અસંગ, સર્વ પ્રકાશક રહેલ છે.

(૪૭) પ્રતિજ્ઞા - જીવનનું પુસ્તક વાંચતાં શીખવું જોઈએ,
વીરે મળેલ માનવજીવન અને
તેમાં વરેલ શક્તિઓ સ્વરૂપ ધર્મ - સાર્થક બને.

(૪૮) ધર્મમાર્ગના ત્રણ બોધપાઠ

ધર્મમાર્ગનો પહેલ પહેલો બોધપાઠ છે પોતાના દોષોનું નિરીક્ષણ અને સંશોધન. બીજો બોધપાઠ બીજાના ગુણોનો આનંદપૂર્વક સ્વીકાર અને તે મેળવવાનો પ્રબળ પુરુષાર્થ.

એ બે બોધપાઠના પાયા ઉપર ત્રીજો બોધપાઠ સર્વ દોષરહિત અને સર્વ ગુણસહિત એવા પરમ પુરુષોની સર્વ ભાવે શરણાગતિ છે, એ શરણાગતિને પરિપૂર્ણ કરવા માટેની સતત ઝંખના તથા સાધના છે.

(૪૯) અધર્મમાર્ગનું તેથી વિપરીત છે.

આત્મનિરીક્ષણની વૃત્તિનો સર્વથા અભાવ અને પોતાની જાતને સર્વગુણસંપન્ન તથા બીજાઓને સર્વ દોષયુક્ત માની મન - વચન - કાયાની શક્તિઓનો અસદુપયોગ અને તેના પાયા ઉપર નિંદાના રસમાં તરબોળ બનેલાં લોકોની શરણાગતિ. તેવા લોકોને રીઝવવા માટેની સતત કાળજી અને પ્રયત્ન - એ આ ધર્મમાર્ગથી વિપરીત માર્ગ છે - પરમ અધર્મમાર્ગ છે.

(૫૦) હુંપણાનો ભાવ - અહંભાવ એ ચિત્તમાં ભિન્નતા, કલેશ, ભય અને શોકની લાગણીઓને સતતપણે પેદા - ઉત્પન્ન કર્યા જ કરે છે.

'હું સુખી થાઉં - હું ગુણી બનું અને
હું દુઃખી ન થાઉં - હું દોષિત ન ગણાઉં,'

તેમાં ઉત્પન્ન થતાં સંસ્કારોનું નિવારણ કરવાની માનસિક જડીબુટ્ટી એક જ છે - અને તે છે:
હું ના સ્થાને તું તથા અહંના સ્થાને સર્વ. તું સુખી થા, તું ગુણી બન, તું દુઃખથી છૂટ, તું દોષરહિત બન અથવા સર્વ સુખી - દોષરહિત - દુઃખરહિત - ગુણસહિત થાઓ. બીજાના સુખની ચિંતા, પરદુઃખ દૂર કરવાનો પ્રયત્ન, બીજાના દોષ પ્રત્યે ઉદાર - ગુણ પ્રત્યે આદરવાળા બનવું, એ સુખી થવાનો, દુઃખરહિત થવાનો, ગુણી બનવાનો, અને દોષરહિત થવાનો રાજમાર્ગ છે.

'બધા મારી ચિંતા કરો, મારી પ્રશંસા કરો, મારાં દોષને ખમા ખાઓ, મારાં દુઃખને દૂર કરો,' તેના સ્થાને 'હું બધાની ચિંતા કરું, હું ગુણીની પ્રશંસા કરું, હું બીજાનાં દુઃખો ટાળું, બીજાના દોષો ખમા ખાઉં' - એમ સર્વત્ર હુંને છોડીને તું, અહંને છોડીને સર્વ અથવા અર્હંને સ્થાન આપવાથી ચિત્તમાં શાંતિનો અનુભવ થાય છે.

(૫૪) સત્ય એ સ્વરૂપથી સત્ - પરરૂપથી અસત્ છે,
સત્ય એ દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે,
સત્ય એ જાતિથી એક અને વ્યક્તિથી અનેક છે,
સત્ય એ શબ્દથી વાચ્ય અને અર્થથી અવાચ્ય છે, તેથી
સત્યનું સાંગોપાંગ પાલન કરવા માટે
અહિંસા, સંયમ, તપના આશ્રય અનિવાર્ય થઈ પડે છે.
પરરૂપે અસત્ હોવાના કારણે જગતને મારી અથવા
જગતને ભોગવવા - ખાઈ શકાતો નથી. ખાતી વખતે કે
ભોગવતી વખતે કે જગતનો નાશ કરતી વખતે
સ્વરૂપથી સત્ હોવાના કારણે પોતે જ દુઃખાય છે,
ભોગવૃત્તિ અને ભક્ષણવૃત્તિ વડે પોતાનો જ નાશ કરે છે.
પર્યાયથી અનિત્ય હોવાના કારણે તેના પર રાગવૃત્તિ અને
દ્રવ્ય નિત્ય હોવા છતાં તેનો નાશ થવાની ભયવૃત્તિ
નિરર્થક ક્લેશને પેદા કરે છે. વ્યક્તિથી ભિન્ન હોવા
છતાં જગત સર્વ સંસારી જીવો પ્રત્યે મમત્વ અને
જાતિથી અભિન્ન હોવા છતાં પરમાત્મતત્ત્વ પ્રત્યે
અવિશ્વાસ - અશ્રદ્ધા અને અભક્તિ, એ
પરમાત્મપદ પામવાની પોતાની શક્તિના પ્રત્યે ઉપેક્ષા
એ જ ભવભ્રમણનું મુખ્ય કારણ છે.

શબ્દથી વાચ્ય છતાં જિનવચનોનો અનાદર અને અર્થથી અવાચ્ય છતાં સાંસારિક પદાર્થો પ્રત્યે રાગની તીવ્રતાનો ભાવ - એ બન્ને અજ્ઞાન અને અવિવેક, મિથ્યાત્વ અને અસદ્ગ્રહને પોષનારું થાય છે, તેથી જ જીવ અનેકાનેક પ્રકારના વ્યર્થ ક્લેશોને અનુભવે છે. તે બધાથી મુક્ત થવાનો ઉપાય એક જ છે અને તે

સત્યને સ્યાદ્વાદનયથી પરિપૂર્ણ જાણીને એ જ્ઞાનના પ્રકાશમાં સત્યપૂર્ણ જીવન જીવવું, એ જ બધી કળાઓમાં શિરોમણિ - જીવન જીવવાની કળા છે.

*That is art of spiritual living.*

મર્યાદિત વ્યક્તિત્વનું ઉલ્લંઘન કરવું - તેના પર જવું, એનો અર્થ એવો નથી કે વ્યક્તિત્વને નાબૂદ કરી તેનું સામૂહીકરણ કરવું અથવા તેને ધૂળમાં વિલીન કરવું. અર્વાચીન સામ્યવાદ જે રીતે વ્યક્તિગત વિલક્ષણતાને કચડી નાંખવામાં માને છે, તેમ નિરંકુશ વ્યક્તિવાદ

સામુદાયિક હિત તરફ ઉદાસીનતા દાખવે છે - આ બન્ને દૃષ્ટિઓમાં ખામીઓ છે. અતિક્રમણ કરવાનો ખરો અર્થ એ છે કે આપણે અહંતાનો, આપણા મન અને શરીર જોડેના તાદાત્મ્ય સંબંધનો ત્યાગ કરવો.

તેમની પીડમાં, તેમની આસપાસ અને તેમની અંદર
રહેલ ભગવાનનું અનંત તત્ત્વ જોડે અનુસંધાન કરવું તથા
તેમાં નિષ્ઠા બાંધીને વ્યવહાર કરવો.
મન, પ્રાણ, શરીરમાંથી વ્યક્તિગત ચેતના બહાર નીકળે છે,
એટલે આપોઆપ સમષ્ટિ ચેતના જોડે એકતા અનુભવે છે.
આમાં વ્યક્તિત્વનો ઉચ્છેદ થતો નથી,
તે કાયમ રહે છે પરંતુ આ અવસ્થામાં તે
પરાશક્તિના એક સુનિશ્ચિત કેન્દ્ર તરીકે કામ કરે છે.
જગતના સર્વ ધર્મો પરમાત્મા અર્થાત્
પરમતત્ત્વના અસ્તિત્વમાં માને છે. વિશ્વને ઉત્પન્ન,
સંચાલન, રક્ષણ, સંહાર કરનાર એક અતુલ શક્તિ છે,
તે શક્તિ અનંત છે તથા તે અનંત શક્તિનું
અન્ય કારણ ન હોવાથી તે નિરાકાર છે, તે પોતાના
અસલ સ્વરૂપમાં કાયમ સ્થિર રહે છે, માટે નિર્વિકાર છે.
જગતને ઉત્પન્ન કરે છે, લય કરે છે, પોષણ કરે છે,
તેથી સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે.
તેનાથી અતિરિક્ત બીજો પદાર્થ નથી,
તેથી જગત આ શક્તિનું જ પ્રત્યક્ષ છે.
આ વિચાર સર્વને સ્વીકાર્ય છે.

બીજો સર્વોત્કૃષ્ટ વિચાર છે તે પરમાત્મદર્શનનો,
પરમાત્માની શક્તિના અનુભવનો.

મનસાતીત અવસ્થામાં દાખલ થઈને પરમાત્માનો
અપરોક્ષાનુભવ કરવાની શક્તિ પ્રત્યેક પ્રાણીમાં છે.
જો આ ભાવનાને ન સ્વીકારવામાં આવે,
તો તો ધર્મને સ્થાન જ રહેતું નથી.
આ અપરોક્ષ અનુભૂતિથી જ દિવ્યતાની પ્રાપ્તિ અને
પ્રકૃતિના બંધનમાંથી મુક્તિ મળી શકે છે.
જે નિત્ય સુખની ઝંખના સર્વત્ર દેખાય છે, તેની
પ્રાપ્તિનો રસ્તો આ સિવાય બીજો કોઈ છે જ નહિ.
પરિવર્તનશીલ શરીર અને મનને આધારે રહીને
સનાતન સુખ કદાપિ મળી શકે જ નહિ.
સામાન્ય બુદ્ધિ પણ આ સત્યને ગ્રહણ કરી શકે છે.
સર્વ ધર્મના સંસ્થાપકોએ આ અનુભવ કર્યો છે,
તેથી તેમના વચનોમાં પ્રચંડ શક્તિ રહે છે અને
કરોડો મનુષ્યો હજારો વર્ષો સુધી તેમને માને છે.

ત્રીજો સર્વોત્કૃષ્ટ વિચાર ચિત્તની શુદ્ધિનો છે.

પરમાત્મદર્શન અને નિત્ય સુખ મેળવવું હોય, તેણે
સર્વ નાશવંત પદાર્થો પ્રત્યે આસક્તિ છોડવી જોઈએ.

આસક્તિ આવે એટલે ક્ષણભંગુર પદાર્થો મેળવવાની તુચ્છ વાસનાઓ જાગે અને મન તેમાં ફસાતાં પશુતા, દીનતા અને દુઃખતા પણ અવશ્ય આવે જ. ચિત્તશુદ્ધિ એટલે સર્વ વિનાશ પામે તેવા - દૃશ્યમાન વસ્તુઓ તરફ આસક્તિનો સંપૂર્ણ અભાવ. આ થાય, એટલે સંયમ આપોઆપ આવે, મન નિર્મળ થાય અને પરમાત્મદર્શનની યોગ્યતા પ્રગટે.

ઈશ્વરદર્શનાર્થે મુખ્ય ત્રણ માર્ગો કયા?

ઈશ્વરના પ્રત્યક્ષ દર્શનને માટે ચિત્તવિશુદ્ધિ ઉપરાંત અહંકારના વિસર્જનની અનિવાર્યપણે આવશ્યકતા છે. આ ધ્યેયની સિદ્ધિ માટે મનની ૩ શક્તિઓ ઉપરથી મુખ્ય ત્રણ માર્ગો છે: જ્ઞાન, ભાવ અને ક્રિયા યા જ્ઞાનમાર્ગ, ભક્તિમાર્ગ અને કર્મમાર્ગ.

મન એક જ છે, તેમાં આ સર્વ શક્તિઓ રહેલી છે પણ સામાન્ય રીતે એકનું જ પ્રાધાન્ય હોય છે, તેથી બધા મનુષ્યોને એક જ માર્ગ અનુકૂળ ન આવી શકે. ભક્તિ અને ધ્યાનને સામાન્ય રીતે સર્વ ધર્મોમાં વિશિષ્ટ મહત્ત્વ છે, છતાં આ ત્રણે રસ્તાઓ - માર્ગો દ્વારા સંસિદ્ધિ મેળવી શકાય છે - એ સર્વમાન્ય વાત જ છે.

## ૯૦ વિચારકણિકા

(૧) પોતાનામાં ભવ્યત્વપણાંની શંકા હોય, તેને પણ મોક્ષ અવશ્ય મળે પણ કાળનો નિયમ નહિ.

(૨) જેને મોક્ષ 'પણ' જોઈએ, તેને એક પુદ્ગલ પરાવર્તમાં મોક્ષ મળે.

(૩) જેને મોક્ષ 'જ' જોઈએ, તેને ૭-૮ ભવમાં મળે.

(૪) 'મને મોક્ષ મળે' એવી ઇચ્છા અથવા 'મને મોક્ષ મળશે કે કેમ?' એવી શંકા એ મોક્ષ આપવા સમર્થ છે. 'મને મોક્ષ મળશે કે નહિ?' એવી શંકા પણ મોક્ષ અને સંસારના ઈચ્છાનિચ્છાપણાંના સાબિત જ સંભવે છે.

(૫) વ્યાખ્યાતાના મુખ્ય પાંચ ગુણો

(a) સાધના (b) સાત્વિકતા (c) ભાષા ઉપર પ્રભુત્વ (d) બહુશ્રુતતા તથા (e) ભાવ અને ભાષાની એકતા અથવા બોધશક્તિ, વચનશક્તિ, વિષયપ્રભુત્વ તથા ભાવ અને ભાવનાનો પ્રકર્ષ.

(૬) પાંચ પ્રકારના દેવ

(I) નરદેવ : રાજા (II) ધર્મદેવ : સાધુ - શ્રમણો (III) દ્રવ્યદેવ : શ્રાવક (IV) ભાવદેવ : ચાર નિકાય દેવ (V) દેવાધિદેવ : તીર્થંકર દેવ.

(૭) જેને પગે ખરી તે શાકાહારી, જેને પગે પંજા તે છે માંસાહારી, જે મૂકે ઈંડાં તેનો ખાનને સ્થાને માંડાં અને જેને થાન - તેનો બહુદૂર રહેજે ખાન.

(૮) પોતાના સુખની ખાતર બીજાનો નાશ કરે,
તે કહેવાય અસત્ય - જંગલી - અસંસ્કૃત.
પોતે જીવે અને બીજાને જીવવા દે, તે અર્ધસંસ્કૃત.
પોતે જીવે - બીજાને ય જીવાડે, તે સત્ય સંસ્કૃત.
બીજાને જીવાડવા પોતે જીવે, તે પૂર્ણ સત્ય સંસ્કૃત.

(૯) પ્રેમ અને વાત્સલ્ય - એ સ્વાભાવિક છે,
સંકુચિત અને ઝઘડો - એ વિકૃતિ છે.
વાત્સલ્ય - તેનું સંગીત સદા ગુંજતું રહે છે, તેથી તેમાં કોઈને આશ્ચર્ય થતું નથી. જ્યાં ભેદ પડે છે, ત્યાં જ માણસને આશ્ચર્ય લાગે છે.

પાણી શાથી ગરમ છે? એવો પ્રશ્ન થાય છે પણ પાણી શાથી શીતળ છે? એવો પ્રશ્ન કોઈ કરતું નથી.

(૧૦) વાત્સલ્યભર્યું જીવન એ કુસુમથી પણ કોમળ અને વજ્રથી પણ કઠોર છે. સત્ય અને સંસ્કૃત માનવ સ્વભૂલને નાની નહિ સમજે, બીજાની ભૂલને મોટી નહિ સમજે. બીજાના પહાડ જેવા દોષોને રાઈ જેવા અને પોતાના રાઈ જેવા દોષોને પહાડ જેવા માને.

(૨૧) 'બિલાડી આવી - નાસી જવું' એમ રટતો પોપટ એ બિલાડીના મુખમાં પડશે, તેમ 'ખામેમિ સવ્વ જીવે।' એ લક્ષ વિનાના શબ્દ બોલનાર પરનિંદા રૂપી બિલાડીના મુખમાં સરી પડે છે.

(૨૨) ધર્મ એ લહાતરનો, પંડિતાઈનો, વાદવિવાદ કે જય - પરાજયનો વિષય નથી, કિન્તુ આત્મશુદ્ધિ એ સમજવાનો અને વિચારવાનો વિષય છે.

(૨૩) આ જિનમતની તપશ્ચર્યા પુનમના ચંદ્ર જેવા પાપશોષક અને મધ્યાહ્નના સૂર્ય જેવા પાપદાહક છે, ઉન્નત જીવનની અજોડ ચાવી છે.

(૨૪) એકાંત બુદ્ધિગામિતા એ સઘળા ઝઘડા અને બખેડાનું મૂળ છે. દરેક પળે બુદ્ધિનો કાંટો માંડી બેસશો, તો કાંઈ સિદ્ધિ જ ન થાય, શ્રદ્ધામાં એક પ્રકારની સરળતા અને શક્તિ રહેલી છે, તેનાથી વંચિત રહેવાય અને બુદ્ધિના વિલાસમાં ખૂંપેલો મનુષ્ય મોક્ષના દરવાજા સુધી પહોંચી ન શકે.
બુદ્ધિનું કામ બંધન ઊભા કરવાનું છે. બુદ્ધિવાદી પહેલાં તો માને નહિ, માને તો યથાર્થસ્વરૂપ કળી શકે નહિ, કળે તો પણ એ દિશામાં પ્રવૃત્તિ કરી શકે નહિ.

(૯૫) આસ્તિક કોણ છે?

જે મહાવીર પોતે છે, તે કરતાં વધારે ઉન્નત સ્થિતિ અસ્તિત્વમાં છે, એમ માને અને તેને મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ, એમ કહે છે, તે આસ્તિક છે.

નાસ્તિક કોણ છે?

જે ઈશ્વરને માનતો હોય, મંદિરમાં પૂજા કરતો હોય, છતાં કાંઈ કરતો ન હોય તે. શ્રદ્ધા એ જ સાચું બળ છે.

(૯૬) જીવનું લક્ષણ જ્ઞાન નહિ પણ ઉપયોગ છે, કારણ કે દર્શનઉપયોગ વખતે જ્ઞાનોપયોગ હોતો નથી, છદ્મસ્થનો ઉપયોગકાળ અંતર્મુહૂર્ત, કેવળીનો એક સમય.

(૯૭) મૈત્રીભાવનાનું સાધ્ય 'કર્મરહિત બનો' એ છે અને શાસનરસી ભાવનાનું સાધ્ય 'સાધનયુક્તતા' છે.

(૯૮) ધર્મ ઈશ્વરની શ્રદ્ધા જ નીતિપરાયણ રહેવાનું બળ આપે છે, શ્રદ્ધા જ સાચો માનવી બનાવે છે અને શ્રદ્ધા જ પરમ શાંતિ અને સંતોષ આપે છે.

(૯૯) નામ - શબ્દમાં તેનો અર્થ બતાવવાના સામર્થ્યને જેમ 'શક્તિ' કહે છે, તે રીતે રૂપમાં પણ ભગવાનને આકર્ષિત કરવાના સામર્થ્યને 'શક્તિ' જ કહેવાય છે. આમ શબ્દમાં અને રૂપમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે.

(૨૦) શબ્દમાં અર્થને કહેવાની શક્તિ છે અને
રૂપમાં ગુણોને ખેંચવાની શક્તિ છે. મિથ્યા અને
વિનશ્વર નામ-રૂપ પ્રત્યે અવિદ્યાજનિત આસક્તિને
નિવારવાની શક્તિ પરમેષ્ઠીઓના નામરૂપમાં રહેલી છે,
તેથી તેનો આશ્રય લેવો સર્વદા હિતકર છે.

(૨૧) કપડાંથી કોઈ મહાત્મા 'મહાત્મા' નથી કહેવાતો.
સાચી મહાત્માઈ તો છે સંતોષમાં, મનની શાંતિમાં.
સજ્જન લોકો કોઈનું શું પહેર્યું છે, તે નથી જોતાં,
પરન્તુ તેનું દિલ કેવું છે, તે જુએ છે.

(૨૨) 'મારી જીંદગીનો આજે છેલ્લો દિવસ છે'
એ વિચાર મનની શાંતિને ખેંચી લાવે છે.

(23) How to stop worrying / start living?
Answer: Pray regularly.
Read the scriptures daily.
Try to Keep the presence of God
before you by doing dhyana and
practising truth and Love.
To be truly good, one must have
faith in the goodness of others.

(૨૪) જ્યાં સુધી આપણા દિલમાં શાંતિ નહિ,
ત્યાં સુધી દુનિયામાં શાંતિની સ્થાપના શક્ય નહિ.

(૨૫) અંતઃકરણની શાંત અને સમાહિત અવસ્થા -
તે જ વાસ્તવિક રીતે પરમેશ્વરપૂજન છે.

(૨૬) અસંતોષીને આંગણે કલ્પવૃક્ષ હોય, તો તે પણ
અસંતોષની આગને કારણે બાવળીઓ બની જાય છે,
સંતોષીને આંગણે ઊગેલો બાવળીઓ સંતોષસુધાસિંચનને
કારણે બાવળીઓ મટીને કલ્પવૃક્ષ બની રહે છે.

(૨૭) જબરાં જે વાત જુસ્સાથી કરે છે,
તેની તે જ વાત નબળા માનવી ગુસ્સાથી કરે છે.

(૨૮) <u>મહાપુરુષના અંતરમાં બે ઇચ્છા પ્રધાન છે:</u>
એક વર્તમાનમાં છે, તે ત્યાગ કરવાની - આપી દેવાની
અને બીજી પ્રધાન ઇચ્છા છે:
પોતાનું મૂળ સ્વરૂપ મેળવવાની - વિભાવને છોડવાની,
સ્વભાવને પામવાની. જ્યાં સુધી તેની આ બે ઇચ્છા
સિદ્ધ ન થાય, ત્યાં સુધી તેને ક્ષણવારનું પણ ચેન
નહિ. એ બેચેનીને ટાળવાના સાચા ઉપાય તરીકે જ
નવકાર અને કરેમિ ભંતે છે.
એકમાં છે સમર્પણ, બીજામાં છે તે સમત્વ.

(૨૯) પદાર્થમાત્ર સ્વભાવ તરફ ગમન કરે છે અને
પ્રત્યેક પદાર્થ વિભાવથી છૂટવા પ્રયત્નશીલ છે.
આત્મપદાર્થનો પણ તે જ સ્વભાવ છે.
નવકાર તેને વિભાવને છોડાવવામાં સહાયક બને છે,
સામાયિક તેને સ્વભાવ પ્રાપ્ત કરવામાં મદદગાર થાય છે.
નવકાર એ વિભાવનું દાન છે અને
સામાયિક એ સ્વભાવનું પૂજન છે.

(૩૦) મુસીબતો માનવને મહાન બનવાની ઉત્તમ તક દે છે.

(૩૧) અહિંસા અને સત્યરૂપી ધર્મની સેનાની
મોખરે નિર્ભયતા અને પાછળ નમ્રતા છે અર્થાત્
આગળથી આવતાં દુશ્મનોને ઠેલવા નિર્ભયતા જોઈએ
અને પાછળથી આવતાં હુમલાઓને રોકવા નમ્રતા જોઈએ.
નિર્ભયતાના સ્થાને સામાયિક - નમ્રતાના સ્થાને નવકાર.
સત્યની સેનાનાં સ્થાને શ્રુતધર્મ છે તથા
અહિંસાની સેનાનાં સ્થાને ચારિત્રધર્મ છે.

(૩૨) અંધકારને શાપ દીધા કરવો, તે કરતાં નાનો સરખો
પણ એક દીવો પ્રગટાવવો, એ વધારે ઈચ્છવા યોગ્ય છે.

(૩૩) અભિવ્યક્તિને પરિપૂર્ણ કરવાને માટે
પરમાત્માની અનુભૂતિ અપરિહાર્ય છે.

(34) આ જગતમાં સૌથી સહેલામાં સહેલું કાર્ય
બીજાને પ્રતિબોધ કરવો તે છે અને સૌથી
અઘરામાં અઘરું કાર્ય પોતાને પ્રતિબોધ કરવો તે છે.
પાંડિત્યની પરાકાષ્ઠા પરોપદેશથી નહિ પણ સ્વોપદેશથી છે.

(35) બધી વસ્તુ છોડ્યા પછી પણ હું અને તું -
એ બે વસ્તુનો ત્યાગ કરવો અતિદુષ્કર છે.
'હું' એ રાગસ્વરૂપ છે તથા 'તું' એ દ્વેષસ્વરૂપ છે.
હું અને તું - એ બેનો ભેદ પાડનાર કર્મત્વ છે.
એ ભેદને તોડનાર આત્મત્વ છે. આત્મત્વની દૃષ્ટિએ કોઈ
ભેદ રહેતો નથી, કર્મકૃતભેદનો વિલય થઈ જાય છે.

(36) આત્માની પરિષ્કૃતિનું આવિષ્કરણ કરવાનાં સાધનો
સાહિત્ય, સંગીત, કલા અને કવિતા છે. આ માધ્યમો
દ્વારા માનવ અવિદ્યામાંથી અનંતજ્ઞાન તરફ, અલ્પશક્તિ
-મત્તામાંથી અખૂટ શક્તિના ભંડાર તરફ અને દુઃખ-શોક
મિશ્રિત દ્વન્દ્વોમાંથી શાશ્વત આનંદ તરફ પ્રયાણ કરે છે.

(37) સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં જે અને જેટલો
ઘોર અન્યાય આજે પ્રવર્તે છે, તેનું મુખ્ય કારણ
મનુષ્યના વ્યવહારમાં ઉપયોગી એવા સઘળાં પદાર્થોનું
મૂલ્ય ખૂબ વધારે પડતું આંકવામાં આવે છે, તે છે.

(૩૮) માનવજીવનની બે પ્રાકૃતિક જરૂરિયાતો છે:
શરીરનિર્વાહ અને આત્મસંરક્ષણ, કિન્તુ એની વૃત્તિમાં
જ રચ્યાંપચ્યાં રહેવું, એ બુદ્ધિપ્રધાન માનવ માટે શક્ય
નહિ, સ્પૃહણીય પણ નહિ, એ તો કોરી પશુતા જ છે.

(૩૯) માનવને સ્થૂલજીવનની જરૂરિયાતોની સાથે સાથે
પ્રાણની તથા ચિત્તની તૃપ્તિ પણ જોઈએ છે.
મનુષ્યમાં સ્વમાન, સ્વતંત્રતા, સમાનતાપોષક અને
સમાનતાવર્ધક વાતાવરણની જે તીવ્ર ઇચ્છા રહેલ છે,
તે પણ અવશ્યપણે તૃપ્ત થવા જ જોઈએ.

(૪૦) બુદ્ધિની ઉપરના ભાગમાં આધ્યાત્મિકતા આવેલી છે
પણ આ શક્તિ સમજનાર મનુષ્યો જગમાં થોડાં રહેલ છે.

(૪૧) માનવવિકાસનું મુખ્ય સાધન બુદ્ધિ બે પ્રકારે છે:
તર્ક અને કલ્પના અર્થાત્ Brain and Heart.
તર્કની દિશામાં ગતિ કરતાં વિજ્ઞાન - તત્વજ્ઞાન વગેરે
વિચારપ્રધાન વિષયોનો વિકાસ થાય, કલ્પનાની દિશામાં
ગતિ કરતાં કવિતા, કલાદિ ભાવનાપ્રધાન વિચાર જન્મે.
કલા, કવિતા અને ભાવનાત્મકતાનું સ્થાન માનવની
ઉન્નતિમાં તર્કપ્રધાન શાસ્ત્રો જેટલું જ છે, છતાં તેની
અસર સૂક્ષ્મ હોવાથી બાહ્ય દૃષ્ટિએ એની કદર દેખાતી નથી.

(૪૨) મનુષ્યને દિવ્ય જીવન સંપાદન કરવામાં તર્કપ્રધાન બુદ્ધિ કરતાં અંતઃકરણની વિમળતા અને સ્થિરતાની વધારે પ્રમાણમાં આવશ્યકતા છે.

સાહિત્ય, તત્ત્વજ્ઞાન, કવિતાની માફક ચિત્ર, શિલ્પ, નૃત્ય, સ્થાપત્ય, સંગીતાદિ કળાઓનો મુખ્ય ઉદ્દેશ આ જ છે.

(૪૩) ચિત્તને વિશુદ્ધ કરવામાં બહુ કળા અગત્યનો ફાળો આપે છે, કારણકે ભાવતંત્ર ઉપર તેની પ્રબળ અસર હોય છે. જીવનમાં રહેલાં ભાવોની વિવિધતાના સાક્ષિ તરીકે આસ્વાદન કરાવવાની શક્તિ કળામાં હોય છે.

(૪૪) ચિત્રો ભાવનાઓને નિશ્ચળ શાંતિ આપે છે અને આપણે સ્થિર અવસ્થામાં કેટલો આનંદ મળે છે, તેનો અનુભવ કરાવે છે. સંગીત ઊર્મિઓને સંવાદાત્મક ગતિ આપે છે અને પ્રત્યેક ભાવોમાં રહેલ વિશિષ્ટ આનંદની અનુભૂતિ કરાવે છે. ભાવનાઓની વિશુદ્ધિ એ માનવના સંસ્કારી જીવનનું અનિવાર્ય અંગ છે તથા માનવસંસ્કૃતિના વિકાસ અગત્યનું સાધન છે.

(૪૫) બુદ્ધિના બે પ્રકારો છે: પરા અને અપરાબુદ્ધિ. પરાબુદ્ધિમાં જ્ઞાનશક્તિ-કલ્પનાશક્તિ-સર્જનશક્તિનો ઉદય થાય છે. અપરાબુદ્ધિ તર્કપ્રધાન હોય છે, તેમાં પૃથક્કરણ અને પરામર્શ કરવાની શક્તિ હોય છે.

પહેલાં પ્રકારની બુદ્ધિનો વિકાસ સાધવામાં કળા, સંગીત, સાહિત્ય વગેરે સાધનો અત્યંત ઉપયોગી થઈ પડે છે. અપરાબુદ્ધિમાં તર્ક, વિવેચન વગેરેનો ઉપયોગ થાય છે.

(૪૬) કળા, કવિતા વગેરે ઉચ્ચ સંસ્કારપોષક વસ્તુઓના સેવનથી માનવચિત્ત સૂક્ષ્મ - પારદર્શક બને છે અને દરેક સર્જનના રહસ્યને પકડવાની શક્તિ સંપાદન કરે છે. અપરાબુદ્ધિ વિષયોની આસપાસ ઘુમ્યાં કરે છે અને પરાબુદ્ધિ વિષયોના હાર્દમાં પ્રવેશ કરે છે.

(૪૭) જ્ઞાની પુરુષો કહે છે કે...

આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ ।
બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥૧॥
ઇંદ્રિયાણિ હયાન્યાહુર્વિષયાંસ્તેષુ ગોચરાન્ ।
આત્મેન્દ્રિય - મનો યુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ ॥૨॥

અર્થાત્: આત્મા રથનો માલિક, શરીર રથ, બુદ્ધિ સારથિ, મન લગામ, ઇંદ્રિયો ઘોડા, વિષયો એનો પ્રદેશ, જાણવો. ઇંદ્રિય-મન વડે આત્મા ભોક્તા છે, એમ જ્ઞાનીપુરુષ કહે છે.

(૪૮) ઊર્ધ્વમૂલમધઃ શાખં અશ્વત્થં પ્રાહુરવ્યયમ્ ।

અર્થાત્: આ શરીર મૂળ ઉપર અને ડાળીઓ નીચે - એવા 'અશ્વત્થ' નામના વૃક્ષ જેવું છે.

## (૪૯) માનવની આધ્યાત્મિક સત્-તા કઈ છે?

માનવની બુદ્ધિ અને બુદ્ધિએ ઘડેલાં વાદોથી, તેના મન, કલ્પના અને આદર્શોના રચેલાં ઘટકો, રૂપકો અને ઘડતરોથી, તેના ઊર્મિઓથી અને લાગણીઓના અનુભવોથી, તેના પ્રાણની કામનાઓ અને વાસનાઓ ઉપરાંત ઇચ્છાઓ, વૃત્તિઓ અને તેના કાર્યોથી પણ સ્વતંત્ર એવી માનવની એક આધ્યાત્મિક સત્-તા છે. માનવની હૃદયરૂપી ગુફામાં નિહિત એક ધ્રુવ જ્યોતિ છે. એના અંતરમાં જોડેલો કોઈ દેવ છે, તે અસલ વસ્તુ છે,

તે જ માનવનું સત્ય સ્વરૂપ છે.

એની ખોજ કરવી, એ માનવજીવનનો પરમ ઉદ્દેશ છે. એ ખોજમાં સહાયક થવાના સાધન તરીકે જીવનનો ઉપયોગ કરવો, એમાં જ સાર્થકતા છે. અંતર્નિહિત દિવ્યતાને જીવનમાં પ્રગટ કરવી, પૂર્ણ ઉચ્ચ દિવ્યતા સહિતના જીવનને જ પ્રગટાવવું, એ માનવજાતિનું લક્ષ્ય છે. આ દર્શનમાંથી આપણી પ્રજાને અજ્ઞાનમાંથી જ્ઞાન પ્રત્યે, અસત્યમાંથી સત્ય પ્રત્યે તથા માનવતામાંથી દિવ્યતા પ્રત્યે આરોહણ કરવાની પ્રેરણા એના ઋષિ માનવના સમગ્ર ઇતિહાસના પટમાં મળ્યાં કરી છે.

(૫૦) સમુદ્રકિનારાના ખડકો ઉપર મોજાંઓ હંમેશાં અથડાયાં કરે છે. એ પ્રકારથી ખડકોને કાંઈ થતું નથી. તમારા હૃદયને પણ તમે એવું જ બળવાન બનાવો. જ્યાં સુધી અપ્રિય પણ બનાવ તમારા વિનય, ઉદારતા, સ્વાવલંબન વગેરે ઉપર પોતાનો ખરાબ પ્રભાવ ન જમાવે, ત્યાં સુધી એને વિપત્તિ માનવી જ ન જોઈએ.
સ્વચ્છ હૃદય જ સૌથી વધુ આનંદપ્રદ રહે છે.
વિપત્તિને વિપત્તિ ન માનો, એ સહન કરવાની શક્તિ જે તમારામાં છે, તેને તમારું મોટું ભાગ્ય સમજો.

(૫૧) વિપત્તિ સહન કરવાની શક્તિ ચારિત્ર્યના બળમાંથી અને ચારિત્ર્યબળ શ્રદ્ધા અને જ્ઞાનમાંથી બને છે. એ જ્ઞાનનું ટૂંકમાં સ્વરૂપ વસ્તુને જે રીતે છે, તે રીતે ઓળખવી તે છે. તત્ત્વજ્ઞાનનું પ્રથમ પગથિયું છે: વસ્તુ સ્વરૂપથી સત્ - પૂર્ણ છે, પર રૂપથી અસત્ - શૂન્ય છે. તત્ત્વજ્ઞાનનું બીજું પગથિયું છે: વસ્તુ દ્રવ્યથી અવિનાશી, પર્યાયથી ક્ષણિક છે, એમ સમજવું. તત્ત્વજ્ઞાનનું ત્રીજું પગથિયું છે: વસ્તુ કોઈ ધર્મથી સદૃશ અને કોઈ ધર્મથી વિસદૃશ છે, એમ સમજવું. વસ્તુ પૂર્ણરૂપે અવાચ્ય છતાં કોઈ રૂપે વાચ્ય પણ છે, એ સમજણનું ચોથું પગથિયું છે.

(૫૨) તત્ત્વજ્ઞાનના આ સાર પાઠો જેણે પ્રાપ્ત થયાં છે,
તેને કોઈ વિપત્તિ વિવશ કરી શકતી નથી,
કેમકે સઘળી વિપત્તિઓને પી જવાની તાકાત
આ ૪ વાતના સમ્યગ્ બોધમાંથી મળી રહે છે, જેમકે:

(I) દુઃખનું મૂળ જે પરાશા,
તે પરરૂપથી - શૂન્યપણાંના જ્ઞાનથી નાશ પામે છે.

(II) દુઃખનું મૂળ જે અભાવનું ભાન,
તે સ્વરૂપથી - પૂર્ણપણાંના જ્ઞાનથી વિલય પામે છે.

(III) વસ્તુના અવિનાશીપણાંના જ્ઞાનથી શોક અને
વસ્તુના વિનાશીપણાંના જ્ઞાનથી મોહ નાશ પામે છે.

(IV) વસ્તુના સદેશપણાંના જ્ઞાનથી નિરાશા અને
વસ્તુના વિસદેશપણાંના જ્ઞાનથી પરાશા નાશ પામે છે.

(V) વસ્તુની વાચ્યતાના જ્ઞાનથી અજ્ઞાન અને
અવાચ્યતાના જ્ઞાનથી અહંકાર નાશ પામે છે.

આ રીતે દુઃખના મૂળમાં રહેલ પરાશા - નિરાશા,
શોક - મોહ, અજ્ઞાન - અહંકાર, ભય - ચિંતા વગેરેનો
વિનાશ વસ્તુના વાસ્તવિક જ્ઞાનથી ચાલ્યાં જાય છે.

(૫૩) રતિ મોહનીયકર્મનો વિલય ક્ષણિકતાના બોધથી,
અરતિ મોહનીયકર્મનો વિલય સ્થિરતાના બોધથી,

ભય પરિણામધર્મનો વિલય સ્વરૂપસત્તાના બોધથી,
શોક પરિણામધર્મનો વિલય પરરૂપ અસત્તાના બોધથી,
રાગ પરિણામધર્મનો વિલય વિસદૃશતાના બોધથી,
દ્વેષ પરિણામધર્મનો વિલય સદૃશતાના બોધથી,
વેદ પરિણામધર્મનો વિલય વાચ્યતાના બોધથી,
મિથ્યાત્વ પરિણામધર્મનો વિલય અવાચ્યતાના બોધથી
ક્રોધ, માન, માયા, લોભનો વિલય સદ્દસત્વના બોધથી જ
સ્વયંમેવ થઈ જાય છે. Knowledge is power.
(૫૪) ભક્તિ એટલે નિષ્ઠા.
(૫૫) ભારતની અંદર સંખ્યાનું સ્થાન તો અઢારનું જ છે
અને તે સંખ્યા પર તેઓ પરાર્ધ સુધી હિસાબ કરે છે.
(૫૬) આ જગતમાં કોઈપણ ભાષા સંસ્કૃત જેટલી પરિપૂર્ણ
નથી. સંસ્કૃત જેટલાં ક્રિયાપદો કોઈ અન્ય ભાષામાં નથી.
(૫૭) સંસ્કૃત સર્વ ભાષાની જનની છે.
(૫૮) દરેકે પોતાને ઉપયોગી કાર્યમાં લાગી જવું જોઈએ.
એ જ વડીલોની સાચી ભક્તિ છે.
વડીલોની સાચી ભક્તિમાં જ પ્રવચનની આરાધના,
સન્માર્ગની દૃઢતા, કર્તવ્યતાનો નિશ્ચય,
શુભભાવની વૃદ્ધિ અને સાનુબંધ શુભાનુષ્ઠાનની પ્રાપ્તિ છે.

(૫૯) યુરોપના સર્વ પ્રથમ તત્ત્વજ્ઞાની પ્લેટો અને ગણિતશાસ્ત્રી પાયથાગોરસ - આ બન્નેએ દર્શનશાસ્ત્રોનો અભ્યાસ આપણાં ભારતીય ગુરૂ પાસે રહીને કર્યો હતો.

(૬૦) માગણી અને ભાગણી વચ્ચે તફાવત

માગણી મન-બુદ્ધિથી થાય છે, તેથી પરિમિત છે. ભાગણી આત્માથી થાય, માટે અપરિમિત ફળને આપનારી થાય છે. શ્રેષ્ઠ પદાર્થો તરફ ભાગણી બતાવવા જોઈએ, પરન્તુ માગણી ન કરવી જોઈએ, કારણકે માગણીમાં માયા છે - મિથ્યાત્વ છે - નિદાન છે, જ્યારે ભાગણીમાં સરળતા - સમ્યક્ત્વ - નિરાશંસ ભાવ છે.

(૬૧) શારીરિક ક્રિયાને માનસિક ભાવ સાથે સંબંધ છે અને માનસિક ભાવોને શારીરિક ક્રિયાઓ સાથે સંબંધ છે.

(૬૨) વક્તવ્ય કરતાં મૌનનું, વાંચન કરતાં વિચારનું, પ્રવૃત્તિ કરતાં નિવૃત્તિનું મહત્ત્વ વધારે છે, કારણકે આત્મબળ વધારે વાપરવું પડે છે, તેથી પ્રગટ પણ વધારે થાય છે.

(૬૩) બળવાન થવા ખાવું, તેના કરતાં પચાવવું વધારે ફળવાન છે, ધનવાન થવા માટે કમાવા કરતાં બચાવવું, વિદ્વાન થવા માટે વાંચવા કરતાં વિચારવું અને ધર્માત્મા થવા બોલવા કરતાં આચરવું વધારે ફળવાન છે.

(૬૪) ભાવ વિનાના દાનાદિ નિષ્ફળ કારણ છે, કારણ કે તેની પાછળ વિચાર નથી. દાનાદિ વિનાનો ભાવ એ શુષ્ક કારણ છે, તેની પાછળ આચાર - વિચાર નથી.

(૬૫) કોઈની પણ હિંસા ન કરવી. સર્વના પણ સુખની -હિતની ચિંતા કરવી. તેવું જ જ્ઞાન અધ્યયન મેળવવું. તેવી ક્રિયાને આચરવી. તેને અનુરૂપ નયજ્ઞાન માનવું.

(૬૬) તીર્થંકરોનું તીર્થંકરત્વ સર્વ જીવોના કલ્યાણની ભાવનામાંથી ઉત્પન્ન થયેલું છે, તેથી સર્વ જીવોના કલ્યાણ અને જીવોના સુખની ભાવના એ જ તીર્થંકરોની આજ્ઞાનો સાર છે.

(૬૭) તીર્થંકરોની આજ્ઞાના પાલન માટે અધિકારી થવું હોય, તો તેણે તે આજ્ઞાનું જ્ઞાનગ્રહણ અધ્યયન દ્વારા મેળવવું જોઈએ અને પછી તેનું મન - વચન - કાયાથી પાલન કરવું જોઈએ. સર્વ તીર્થંકરો એ ભાવવૈદ્ય છે. કર્મરોગથી રીબાતાં સંસારી જીવોને તે રોગથી મુક્ત થવા માટે તીર્થંકરોની આજ્ઞાનું પાલન એ જ પરમ ઉપાય છે. રોગીને નિરોગી થવા પોતાની ઈચ્છાનો ત્યાગ કરીને વૈદ્યની ઈચ્છાનુસાર જીવન જીવવાનો પ્રયત્ન, એ ધર્મ છે. વૈદ્યની આજ્ઞા - ઈચ્છા જ દર્દી માટે સાજા થવાનો ઉપાય.

(૬૮) ઇચ્છા એ જ અધર્મ, આજ્ઞા એ જ ધર્મ.
જ્યાં સુધી આપણી ઇચ્છારૂપી અધર્મની સત્તા છે,
ત્યાં સુધી આજ્ઞારૂપી ધર્મની આવશ્યકતા છે.

(૬૯) બહારથી ભોગી - અંદરથી યોગી.
બહારથી યોગી - અંદરથી ભોગી.
બહારથી દ્રવ્યકર્મ - અંદરથી ભાવકર્મ.

(૭૦) આજ્ઞામાં ધર્મ છે - આપણી ઇચ્છામાં નહિ.
આજ્ઞા પણ એક પ્રકારની ઇચ્છા છે.
તીર્થંકરો - ગણધરોની કે વિશ્વની મહાસત્તાની ઇચ્છા મુજબ જ જીવન ઘડવા પ્રયત્ન કરવો, તેનું નામ ધર્મ.

(૭૧) 'આજ્ઞા' એટલે તીર્થંકરોની ઇચ્છા.
પોતાની અપ્રશસ્ત ઇચ્છાનુયાયીવીર્યના ઉપયોગની હાનિથી બચવા તીર્થંકરોની ઇચ્છારૂપ આજ્ઞાનુયાયીવીર્યના ઉપયોગનો અભ્યાસ પાડવો અત્યંત આવશ્યક છે, તેથી ધર્મ શબ્દનો ઐદંપર્યાર્થ આજ્ઞાપાલનનો અધ્યવસાય છે.

(૭૨) ધર્મમાં આજ્ઞા એ જ સાર છે.

(૭૩) રુચિ અનુયાયી વીર્ય, ઇચ્છાનુયાયી વીર્ય, આજ્ઞાનુયાયી વીર્ય - એ નિયમ છે.
રુચિ તત્ત્વની પણ હોય, અતત્ત્વની પણ હોય.

ઇચ્છા પ્રશસ્ત પણ હોય, અપ્રશસ્ત પણ હોય,
પરન્તુ આજ્ઞા તો પ્રશસ્ત જ હોય, તેથી
પોતાની રુચિ કે ઇચ્છાને પ્રભુની આજ્ઞા મુજબ જ
વર્તવા માટે - કેળવવા માટે શાસ્ત્રકારોનો ભાર છે.

(૭૪) પોતાની શક્તિને ગોપવનારને તે શક્તિ ફરી વાર
મળતી નથી. આજ્ઞાપાલન ખાતે શક્તિ ન ફોરવનાર
અન્ય સ્થળે શક્તિ ફોરવે છે, તે ધર્મમાર્ગે હોય,
તો પણ તે મરીને ફાળે જાય છે.

(૭૫) શુભક્રિયા એ પુણ્ય છે, અશુભક્રિયા એ પાપ છે.
તેની પાછળ આત્મકલ્યાણનો ભાવ એ ધર્મ છે અને
આત્મકલ્યાણનો અભાવ એ અધર્મ છે.

(૭૬) પાપપ્રવૃત્તિ ગમે તેટલી હોય, તો પણ કાયમ ટકી
રહેનારી નથી. ધર્મ ગમે તેટલો નાનો હોય, તો પણ
તે ધર્મ કદી પણ ચાલ્યો જનારો નથી.

(૭૭) ભયભીતતા મનુષ્યને પ્રથમ અસ્વસ્થ બનાવીને
પછી વિવેકહીન કરી મૂકે છે, પરિણામે સર્વનાશ સર્જાય છે.

(૭૮) સંન્યાસીએ સન્માનને ઝેર જેવું ગણવું,
પોતાના અપમાનને અમૃત જેવું ગણવું અને
કોઈ પણ જીવની સાથે વેર ન બાંધવું.

(૭૯) ખરેખરી વૈરાગ્ય ઉત્પન્ન થાય,
ત્યારે જ સંન્યાસ લેવો, નહિ તો ગૃહસ્થાશ્રમમાં રહેવું.
(૮૦) ધનની મહત્તા અને વ્યર્થતા દર્શાવતાં કહ્યું છે કે:
ધનમાં જ સુખ છે, અન્ય પદાર્થમાં સુખ નથી.
પરમાત્માની કૃપાથી જ ધનનો મહિમા સમજ શકાય છે.
(૮૧) શૈવદર્શનના ત્રણ પદાર્થો: પતિ, પશુ અને પાશ છે.
(૮૨) સ્વચ્છ ભક્તિના દશ પ્રકારો છે.
તામસ, રાજસ, સાત્વિક. દરેકના પાછાં ત્રણ પ્રકાર છે:
જઘન્ય, મધ્યમ, ઉત્તમ. ૧૦મો પ્રકાર ઉત્તમોત્તમા ભક્તિનો છે.
(૮૩) ક્ષમા માગવા સહેલી છે, પરન્તુ આપવા મુશ્કેલ છે.
(૮૪) વિવેકને અનુભવીઓએ દશમું નિધાન કહ્યું છે.
(૮૫) ગિરનાર માહાત્મ્ય
હિમાલયના એવરેસ્ટ પર્વતની ઊંચાઈ છે ૨૯૦૦૦ ફીટ.
અર્બુદાચલ ૫૬૫૦ ફીટ, સમ્મેતશિખર ૪૫૦૦ ફીટ,
શત્રુંજય ૧૯૭૭ ફીટ અને ગિરનાર ૩૬૬૬ ફીટ ઊંચો છે.
ઉજ્જયંત પર્વત ચાર નહી - ચાર ડુંગરાઓથી વીંટાયેલો છે.
ગિરનાર પર્વત પ્રતિદિન ૧ મણ સુવર્ણ આપતો નથી,
ટાલ પહુ ૧ શેર સોનું આપે છે.
વઢવાણથી ૧૫૮ ૧/૨ માઈલ, ભાવનગરથી ૧૨૫ ૩/૪ માઈલ છે.

(૬) સંસર્ગવિદ્યાકુશળ - બધાંની સાથે ભળી જવું.
મનોનુકૂલવાદી - બધાંને ગમે એવું બોલવું.
રક્ષતાં સૌહૃદં તસ્માત્ - બધાં સાથે સંપીને રહેવું.

(૭) અહિંસા - સંયમ - તપનો આગ્રહ શાથી?

અનેકાંતને જીવનમાં વાસ્તવિક સ્થાન આપવા માટે
સંકુચિતતાઓ અને વાસનાઓની સાથે
જે પ્રકારનો વિગ્રહ ખેલવો પડે છે,
તેનું જ નામ અહિંસા, સંયમ અને તપનો આગ્રહ છે.

(૮) માનવોએ પ્રાપ્ત કરેલાં જ્ઞાનનો ઈતિહાસ એટલે
માનવોએ આજ સુધી કરેલી ભૂલોનો ઈતિહાસ.

(૯) પાંચ રાત્ર (જ્ઞાન) એટલે...
તત્ત્વ, મુક્તિ, ભક્તિ, યોગ અને ઇંદ્રિયોના વિષયો.
'રાત્ર' એટલે અંધકાર, અજ્ઞાન અને
તેનો પાક - નાશ કરનાર શાસ્ત્ર એટલે પાંચ રાત્ર.
રાત્રિએ અંધકારમાં ભૂલાભટકાયેલ શરણ્ય ભક્તિસૂત્રો છે.

(૧૦) શાંડિલ્ય ભક્તિસૂત્રોમાં ભક્તિની ચર્ચા
તત્ત્વજ્ઞાનની ભૂમિકાએ કરવામાં આવી છે.
નારદસૂત્રોમાં હૃદયના ભાવની - પ્રેમની ભૂમિકાએ
ભક્તિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

નારદના ભક્તિસૂત્રોનો ઉપદેશ આ પ્રમાણે છે:
ઈશ્વર ઉપર પ્રેમ રાખવો, એનું નામ 'ભક્તિ'.
આ ભક્તિ અમૃતરૂપ છે અને તે મેળવવાથી
મનુષ્યને અમરતા અને તૃપ્તિ મળે છે.
ભગવાન ઉપર પ્રેમ થાય, ત્યારે બાહ્ય પદાર્થોમાં
રસ પડતો નથી અને કોઈના ઉપર દ્વેષ રહેતો નથી.
ભક્તિના રસથી ભક્ત આત્મા સ્વયં રામ બને છે.
ભગવાનની ભક્તિ લૌકિક અને વૈદનો ત્યાગ કરવાથી-
નિરોધથી સિદ્ધ થાય છે. આ ભક્તિને અનન્ય ભાવથી
કરવાની હોય છે, તેથી પ્રભુ વિના અન્ય પદાર્થોનો ત્યાગ
કરવાનો, અન્યાશ્રયનો ત્યાગ કરવાની આવશ્યકતા રહે છે.
લૌકિક અને વૈદમાં ભગવાનને અનુકૂળ પડે, એવા રીતે
કર્મ કરવાનાં હોય. ભગવાનને જે વસ્તુ ન ગમતી હોય,
તે વસ્તુ તરફ ઉદાસીનતા સેવવા. ભગવાન ઉપર પ્રેમ
થયાં પછી પણ ભગવાનને અનુકૂળ શાસ્ત્રોક્ત કર્મો
કરીને શાસ્ત્રનું રક્ષણ કરવું, નહીં તો પતિત થવાય છે.
વ્યાસનો મત છે: ભગવાનની પૂજામાં આસક્તિ રાખવી,
એનું નામ ભક્તિ છે, જ્યારે ગર્ગાચાર્ય કહે છે કે:
ભગવાનની કથા વિગેરેમાં આસક્તિ રાખવી, એ ભક્તિ.

શાંડિલ્ય ઋષિના મતે આત્મરતિના અવિરોધી પદાર્થમાં
આસક્તિ એ ભક્તિ. પણ નારદના અભિપ્રાયે આપણાં
સર્વ કર્મો ભગવાનને અર્પણ કરવાં અને ભગવાનનું
થોડું પણ વિસ્મરણ થતાં વ્યાકુળતા થવી, એ ભક્તિ.
દાખલા તરીકે વ્રજનાં ગોપીજનો.

આ ભક્તિમાં ભગવાનનું માહાત્મ્ય ભૂલી ન જવું જોઈએ.
એ ભગવાનનું માહાત્મ્ય જાણ્યા વિના તેમના ઉપર
પ્રેમ કરવામાં આવે, તો જારના પ્રેમ જેવો તે પ્રેમ ગણાય
અને જારના પ્રેમમાં પ્રિયતમના સુખથી સુખ મળતું નથી.
આ પ્રેમરૂપ ભક્તિ એ કર્મ, જ્ઞાન અને
યોગથી પણ અધિક છે, કારણ કે તે ફળરૂપ છે.

પ્રભુને અભિમાન ગમતું નથી, પરન્તુ દીનતા ગમે છે.
કેટલાંક આચાર્યો જ્ઞાનને ભક્તિનું સાધન માને છે, જ્યારે
બીજા કેટલાંક આચાર્યો એમ માને છે કે
જ્ઞાન અને ભક્તિ - બંને પરસ્પર ઉપકારક છે.
સનત્કુમાર વગેરે આચાર્યો અને નારદ પોતે પણ એમ
માને છે કે ભક્તિ ફળરૂપ છે. ભગવાનની આ ભક્તિ
વિષય અને દુઃસંગનો ત્યાગ કરવાથી ઉત્પન્ન થાય છે
અને અખંડ ભજનથી સિદ્ધ થાય છે.

ભક્તિમાં પણ ભગવાનના ગુણોનું શ્રવણ અને કીર્તન સ્મરણ ભક્તિ પ્રકટ થાય છે. આ સૌ ભક્તિનાં સાધનો છે પણ મુખ્ય સાધન તો મહાપુરુષોની કૃપા છે અથવા તો ભગવાનની થોડી કૃપા પણ છે, પરંતુ આ મહાપુરુષોનો સમાગમ બહુ દુર્લભ છે. ભગવત્કૃપાથી જ સત્પુરુષોનો સમાગમ થાય છે. ભગવાન અને ભક્તમાં ભેદ નથી, કારણકે સાધુપુરુષો એ ભગવાનનું હૃદય છે અને ભગવાન એ સાધુઓનું હૃદય છે.

વળી દુષ્ટ પુરુષોનો અવશ્ય ત્યાગ કરવા જે સત્સંગ કરે છે, તે ભગવાનની માયાને તરી જાય છે. જે લોકો એકાંતમાં રહે છે, લૌકિક બંધનો તોડી નાખે છે, સત્ત્વ વિગેરે ત્રણ ગુણોની પેલી પાર જાય છે અને યોગક્ષેમનો ત્યાગ કરે છે, તે પણ માયાને તરી જાય છે. જે મહાત્મા કર્મના ફળનો અને કર્મનો ત્યાગ કરે છે તથા સુખદુઃખના દ્વન્દ્વથી મુક્ત થાય છે, જે વેદોનો પણ ત્યાગ કરે છે અને ભગવાનમાં એકધારો પ્રેમ રાખે છે, તે પોતે માયાને તરી જાય અને બાળકોને તરાવે છે. ભગવાન ઉપરના પ્રેમનું સ્વરૂપ વર્ણવી શકાય એવું નથી. આ પ્રેમ રાખનારા મહાત્માઓ બહુ ઓછાં હોય છે.

ભગવાન ઉપરના પ્રેમને કારણે તેનો ભક્ત ફક્ત
ભગવાનનું જ સ્મરણ કરે છે, તેમની જ કથા કરે છે
અને રાત - દિવસ તેમનું જ ચિન્તન કરે છે.
નારદનો આ ઉપદેશ છાન્દોગ્ય ઉપનિષદમાં સનત્કુમાર
પાસેથી તેમને મળેલાં ઉપદેશ સાથે સરખાવવા જેવો છે
(છા.ઉ.૭૨૪૧). ભક્તિનું સાધન બાકી બધાં સાધનોની
સરખામણીમાં બહુ સરળ છે. ભક્તિ થકી શાંતિ અને
પરમાનંદ મળે છે. જેમણે પોતાના આત્મા ઉપરાંત
લૌકિક - વૈદિક કર્મો પ્રભુને સમર્પિત કરેલાં છે,
તેમને લોકહાનિની ચિંતા કરવાની રહેતી નથી.
જ્યાં સુધી ભક્તિ સિદ્ધ ન થાય, ત્યાં સુધી
લોકવ્યવહારનો ત્યાગ ન કરવો, પરન્તુ
નિષ્કામ ભાવથી ભક્તિનાં સાધનો કરવાં.
સ્ત્રી, ધન, નાસ્તિક અને શત્રુ -
એ ચારનાં ચરિત્રો ભક્તે સ્મરણ કરવાં નહિ.
ભક્તે અભિમાન અને દંભનો ત્યાગ કરવો અને બધાં
કર્મો પ્રભુને સમર્પ્યા પછી પણ જો કામ, ક્રોધ, અભિમાન
વિગેરે થાય, તો તે બધું ભગવાનને વિષે જ કરવું.
આની સાથે ભાગવતનો અભિપ્રાય સરખાવવા જેવો છે.
(૧૦.૨૯.૧૫)

તેમ ભક્તોએ હંમેશાં દાસ્યભાવથી અથવા
કાંતાના ભાવથી ભગવાન ઉપર પ્રેમ કર્યા જ કરવો.
બધા ભક્તો ગદ્ગદ્ થઈ, રોમાંચ અને
અશ્રુઓ સાથે પરસ્પર ભગવાનની વાતો કરે છે,
પોતાના કુળને અને પૃથ્વીને પવિત્ર કરે છે.
આવા ભક્તો તીર્થોને, કર્મોને અને શાસ્ત્રોને વધારે
પવિત્ર બનાવે છે, કારણ કે તેઓ ભગવન્મય હોય છે.
આવા ભક્તો જોઈને પિતૃઓને આનંદ થાય છે,
દેવતાઓ નાચે છે અને પૃથ્વીને આધાર મળે છે.
ભક્તોમાં જાતિ, વિદ્યા, રૂપ, કુળ, ધન અને
ક્રિયા વગેરે કોઈપણ દૃષ્ટિથી ભેદ હોતો નથી.
વૈષ્ણવ શાસ્ત્રોમાં જે ૬૪ અપરાધ દર્શાવવામાં આવ્યા છે,
તેમાં જાતિભેદબુદ્ધિને એક અપરાધ ગણાવવામાં આવ્યો છે.
બધા ભક્તો ભગવાનના સંબંધવાળા - ભગવદીય છે,
તેથી તેઓમાં જાતિ વિગેરેનો ભેદ હોવો જોઈએ નહિ.
ભક્તોએ કોઈની સાથે વાદ-વિવાદ કરવો નહિ, કિન્તુ
ભક્તિશાસ્ત્રોનું મનન કરી ભક્તિનો વધારો કરે, એવાં
કર્મો કરવાં. અનુકૂળ સમયની રાહ જોતાં અડધી ક્ષણ
પણ ભગવાનના ભજન વિનાની નકામી ન ગાળવી.

ભક્તો રોજે રોજ અહિંસા, સત્ય, શૌચ, દયા, આસ્તિક્ય
વિગેરેનું પાલન કરવું. સદા - સર્વદા, સર્વ ભાવથી,
ચિંતા કર્યા વિના ભગવાનનું જ ભજન કર્યા કરવું.
શ્રી વલ્લભાચાર્યએ પણ આવો જ ઉપદેશ કરેલો છે.
ભગવાનની પ્રેમપૂર્વક અનન્ય ભાવથી ભક્તિ કરવાથી
અને તેમના ગુણોનું કીર્તન કરવાથી ભગવાન
પોતે જ પ્રકટ થાય છે અને ભક્તોને પોતાના
સ્વરૂપનો અનુભવ કરાવે છે, તેથી ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે.

ભક્તિના અગ્યાર પ્રકારો

ગુણમાહાત્મ્યાસક્તિ, રૂપા, પૂજા, સ્મરણ,
દાસ્ય, સખ્ય, કાંતા, વાત્સલ્ય, આત્મનિવેદન,
તન્મયતા અને પરમ વિરહાસક્તિ.

આમ ભક્તિમાર્ગ એ આચાર્યનો એકમતે અભિપ્રાય છે.
શ્રી નારદ મુનિએ પોતાના 'નારદસૂત્ર' ગ્રન્થના સૂત્રોમાં
શિવજીનો ઉપદેશ (શિવાનુશાસન) અથવા
સૌનું કલ્યાણ કરનારો ઉપદેશ વર્ણવ્યો છે, તેમાં
જેને - જે ભક્તોને વિશ્વાસ હશે, તે પ્રિયતમ પ્રભુને
- ભગવાનને પ્રાપ્ત કરશે, એમ સ્પષ્ટ ભાખ્યું છે.
આ છે નારદનો ઉપદેશ.

## Forgiveness

until faith subjugates fear,
there is no assurance that our
tomorrows will be better than today.
One of the worst dragons that devil
us, which must be destroyed or it will
destroy us, which will forever devour
our health and happiness until we
rid ourselves of it, is unforgiveness
- unforgiveness of ourself and others.
Forgive & you can be happy again.
Forgiveness is giving love for hatred.
Forgive and you free your
body of many types of illness.
Forgive and you restore harmony.
To err is human, to forgive divine.
Forgiveness frees you to live life
lovingly and joyously. Forgive before
you pray, so that it is answered.

Forgiveness is an ornament of the strong. It is soul's divine quality.
There are two ways of killing:
one by means of a bullet and
another by forgiveness.
The later one is more powerful.
It subdues a man
and purifies the mind.
Pardon all who insult you.
Forgive also your juniors and all of your subordinates. Forgiveness means entertaining no thought of inflicting punishment to the one, who has wronged us.
Forgiveness is a way of release, a mental letting go of every thought and feeling of fear, anxiety, worry, selfishness, greed, hurt, injustice or disappointment.

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૨)**
સર્વ ન્યાયયુક્ત છે, કારણકે યુક્તિપૂર્વકનું છે. 'મારી માયા દૂર કરવાની છે', આવું બોલે એના માટે પછી ખરેખર કોઈ કાર્ય ન થઈ શકે એવું નથી અર્થાત્ તે મોક્ષપ્રાપ્તિનો પુરૂષાર્થ કરી શકે છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૧૦૦)**
પ્રજ્ઞાનો અતિશય ક્યાંક વિશ્રામ અથવા તો પરાકાષ્ઠા પામે છે, કારણકે અતિશય છે. પરિમાણના અતિશયની જેમ.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૨૧)**
એને વિષયતૃષ્ણા થતી નથી, દ્રષ્ટિસંમોહ પણ થતો નથી, ધર્મરૂપી પથ્ય ભોજન પ્રત્યે અરુચિ થતી નથી અને પાપી એવી ક્રોધની ખણજ પણ આવતી નથી.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૧૨૫)**
કેવલજ્ઞાનવાળા, સંપૂર્ણ કર્મક્ષય કરેલા, શાશ્વત આનંદમાં મગ્ન એવા તે પરમાત્મા જય પામે છે. હંમેશા હૃદયકમલની અંદર દર્શન કરવામાં આવે, તો પ્રસન્ન થયેલાં તે મોક્ષલક્ષ્મીને આપે છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૧૫૨)**
ક્યો કાળ છે? કોણ મિત્રો છે? ક્યો દેશ છે? આવક અને જાવક કેટલી છે?
હું કોણ છું? મારી શક્તિ કેટલી છે? આ બધું વારંવાર વિચારવું જોઈએ.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૧૫૬)**
આ = અપુનર્બંધકથી સર્વવિરતિ સુધીના જીવોનું દ્રવ્ય આજ્ઞાનું પાલન એ ભાવાજ્ઞાને જન્માવવાની લાયકાતવાળું હોવાથી તે દ્રવ્યાજ્ઞા નાનકડી હોય, તો પણ બીજાધાન વડે શુદ્ધ થયેલી સંપૂર્ણ ફલને આપનારી છે.

# હિરણ્યગર્ભ રૂપી નાદનો સાદ

સમગ્રતાથી થતાં પ્રત્યેક કાર્યમાં અનંત ઉલ્લાસ અને ઉજાસ - એમ બંને હોય છે, એમ પ્રતીત થયું છે આ અક્ષયપાત્રોના કાર્યમાંથી પસાર થતાં! વળી એક ગેરસમજનું ય જ્ઞાન થયું છે કે બધું જ આધ્યાત્મિક અને અલૌકિક અજ્ઞાતને સીમાડે જ હોય, તેવું નથી! એ ગેરસમજ સેવવાથી તો સાવ નિકટ... સાવ નજીક... સાવ સહજ... આપણી જ અંદર દેખવાનું ચૂકી જઈ શકીએ છીએ! ક્ષિતિજની પારથી પ્રગટેલા કોઈ પુણ્યોદયે પારસમણિ જેવા ગુરૂ મહારાજની જ્યોતિર્મયી હસ્તાક્ષરમંડિત અનુપ્રેક્ષાઓના ઓજથી તગતગતી રરજ રોજનીશીઓ સાંપડી, જેના માધ્યમે અસ્તિત્વના આખરી સત્ય સુધી પહોંચાય તેમ છે, તેની જાણ થઈ! આ શબ્દો નિર્માયા નથી, અવતર્યા છે, નહીંતર આપણા સૂક્ષ્મતમ ભાવજગત સુધી એ સંવેદનાઓ કઈ રીતે પહોંચી શકે?

પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિજી મહારાજ તથા ગ્રંથશ્રેણીના એકમેવ અર્થસારથિશ્રી સી.કે.મામાએ આ શ્રુતતીર્થની આટલી માંગ છતાં બહુ ઓછી પ્રતો છપાવવાની સંમતિ અર્પવા પાછળનું કારણ દર્શાવતાં સૌ પ્રથમ ભાગમાં જ જણાવેલ કે અધ્યાત્મની આ વિરાસતને ઝીલવા સુવર્ણપાત્રો ય જોઈએ ને? આજે ૬૫ ભાગની પૂર્ણાહૂતિએ ઉત્તમથી સર્વોત્તમ થતી જતી જીવનયાત્રામાં આપણે આ અક્ષયપાત્રોનું મનન-મંથન-આચરણ કરી સુવર્ણપાત્ર બની શકીએ, એવા મનોરથ છે. ૐકાર જો આદિ અક્ષર ગણાય, તો અક્ષરબ્રહ્મનું આ વર્ણાત્મક રૂપ અંતિમ અક્ષર માની શકાય તેવું અમૃતમય છે! સુપેરે નિરૂપાયેલ હિરણ્યગર્ભ રૂપ આ નાદ સૌને તુરીયાવસ્થા સુધી પહોંચાડે અને તેને ય અતિક્રમીને અતિતુર્ય એવું પરબ્રહ્મ પદ પમાવે, તેવી જ્ઞાનની દેવી અનાહિતાને પ્રાર્થના સહ... વંદન.

**ભારતી દિપક મહેતા**

॥ શુભમ્ ભવતુ ॥



ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૭૮ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# જાપ કરવાના મુખ્ય પ્રકાર




માનસ: શાંતિ કાર્ય માટે ઉપયોગી એવા આ શ્રેષ્ઠ ઉત્તમ જાપને હોઠ બંધ રાખી મનમાં જ કરવા.

ઉપાંશુ: મધ્યમ કાર્ય માટે ઉપયોગી એવા આ મધ્યમ જાપને હોઠનો ફફડાટ સંભળાય નહિ તેમ કરવા.

ભાષ્ય: સ્વકાર્ય માટે ઉપયોગી એવા આ જાપને તાલબદ્ધ શુદ્ધ ઉચ્ચારથી સૌ સાંભળી શકે તેમ કરવા.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in